Extra Ordinary Part - I / 1998

Extra No.	Date	Department
Extra No.1	01-01-1998	Revenue department
Extra No.2	02-01-1998	Revenue department
Extra No.3	03-01-1998	Home department
Extra No.4	03-01-1998	Revenue department
Extra No.5	05-01-1998	Revenue department
Extra No.6	08-01-1998	Revenue department
Extra No.7	09-01-1998	Revenue department
Extra No.8	09-01-1998	Revenue department
Extra No.9	12-01-1998	Revenue department
Extra No.10	12-01-1998	Revenue department
Extra No.11	13-01-1998	Revenue department
Extra No.12	16-01-1998	Revenue department
Extra No.13	16-01-1998	Revenue department
Extra No.14	16-01-1998	Revenue department
Extra No.15	16-01-1998	Revenue department
Extra No.16	17-01-1998	Revenue department
Extra No.17	17-01-1998	Revenue department
Extra No.18	20-01-1998	Revenue department
Extra No.19	20-01-1998	Revenue department
Extra No.20	21-01-1998	Revenue department
Extra No.21	27-01-1998	Revenue department
Extra No.28	29-01-1998	Revenue department
Extra No.29	29-01-1998	Revenue department
Extra No.33	02-02-1998	Revenue department
Extra No.34	02-02-1998	Revenue department
Extra No.35	04-02-1998	Revenue department
Extra No.36	04-02-1998	Revenue department
Extra No.37	05-02-1998	Revenue department
Extra No.38	07-02-1998	Revenue department
Extra No.39	09-02-1998	Revenue department
Extra No.40	09-02-1998	Revenue department

Extra Ordinary Part - I / 1998

Extra No.	Date	Department
Extra No.41	10-02-1998	Revenue department
Extra No.42	10-02-1998	Revenue department
Extra No.43	10-02-1998	Revenue department
Extra No.44	11-02-1998	Revenue department
Extra No.45	11-02-1998	Revenue department
Extra No.60	26-02-1998	Revenue department
Extra No.61	27-02-1998	Revenue department
Extra No.62	02-03-1998	Revenue department
Extra No.63	03-03-1998	Revenue department
Extra No.64	03-03-1998	Revenue department
Extra No.65	04-03-1998	Revenue department
Extra No.66	04-03-1998	Revenue department
Extra No.67	05-03-1998	Revenue department
Extra No.68	07-03-1998	Revenue department
Extra No.69	09-03-1998	Revenue department
Extra No.70	11-03-1998	Revenue department
Extra No.71	12-03-1998	Home department
Extra No.72	12-03-1998	Revenue department
Extra No.73	12-03-1998	Revenue department
Extra No.74	12-03-1998	Revenue department
Extra No.75	12-03-1998	Revenue department
Extra No.76	16-03-1998	Revenue department
Extra No.77	16-03-1998	Revenue department
Extra No.78	16-03-1998	Revenue department
Extra No.79	18-03-1998	Revenue department
Extra No.80	19-03-1998	Revenue department
Extra No.81	19-03-1998	Revenue department
Extra No.82	19-03-1998	Revenue department
Extra No.83	20-03-1998	Revenue department
Extra No.84	21-03-1998	Revenue department
Extra No.85	24-03-1998	Revenue department

Extra Ordinary Part - I / 1998

Extra No.	Date	Department
Extra No.86	26-03-1998	Revenue department
Extra No.87	26-03-1998	Revenue department
Extra No.88	27-03-1998	Revenue department
Extra No.89	30-03-1998	Revenue department
Extra No.90	31-03-1998	Revenue department
Extra No.91	02-04-1998	Revenue department
Extra No.92	02-04-1998	Revenue department
Extra No.93	03-04-1998	Revenue department
Extra No.94	07-04-1998	Revenue department
Extra No.95	07-04-1998	Revenue department
Extra No.96	13-04-1998	Revenue department
Extra No.97	13-04-1998	Revenue department
Extra No.99	15-04-1998	Revenue department
Extra No.100	27-04-1998	Revenue department
Extra No.101	29-04-1998	Revenue department
Extra No.102	29-04-1998	Revenue department
Extra No.103	29-04-1998	Revenue department
Extra No.104	06-05-1998	Revenue department
Extra No.105	06-05-1998	Revenue department
Extra No.106	06-05-1998	Revenue department
Extra No.108	11-05-1998	Revenue department
Extra No.109	12-05-1998	Revenue department
Extra No.110	12-05-1998	Revenue department
Extra No.112	16-05-1998	Revenue department
Extra No.114	22-05-1998	Revenue department
Extra No.115	22-05-1998	Revenue department
Extra No.116	25-05-1998	Revenue department
Extra No.117	26-05-1998	Revenue department
Extra No.118	30-05-1998	Revenue department
Extra No.119	03-06-1998	Revenue department
Extra No.120	04-06-1998	Revenue department

Extra Ordinary Part - I / 1998

Extra No.	Date	Department
Extra No.121	04-06-1998	Revenue department
Extra No.122	04-06-1998	Revenue department
Extra No.123	05-06-1998	Revenue department
Extra No.124	05-06-1998	Revenue department
Extra No.125	06-06-1998	Revenue department
Extra No.126	08-06-1998	Revenue department
Extra No.127	08-06-1998	Revenue department
Extra No.128	20-06-1998	Revenue department
Extra No.129	22-06-1998	Revenue department
Extra No.130	23-06-1998	Revenue department
Extra No.131	23-06-1998	Revenue department
Extra No.132	24-06-1998	Revenue department
Extra No.133	25-06-1998	Revenue department
Extra No.134	25-06-1998	Revenue department
Extra No.135	29-06-1998	Revenue department
Extra No.136	29-06-1998	Revenue department
Extra No.137	29-06-1998	Revenue department
Extra No.138	30-06-1998	Revenue department
Extra No.139	01-07-1998	Revenue department
Extra No.140	01-07-1998	Revenue department
Extra No.141	02-07-1998	Revenue department
Extra No.142	04-07-1998	Revenue department
Extra No.143	06-07-1998	Revenue department
Extra No.144	06-07-1998	Revenue department
Extra No.145	06-07-1998	Revenue department
Extra No.146	07-07-1998	Revenue department
Extra No.147	09-07-1998	Revenue department
Extra No.148	11-07-1998	Revenue department
Extra No.149	16-07-1998	Revenue department
Extra No.150	17-07-1998	Revenue department
Extra No.151	18-07-1998	Revenue department

Extra Ordinary Part - I / 1998

Extra No.	Date	Department
Extra No.152	18-07-1998	Revenue department
Extra No.153	18-07-1998	Revenue department
Extra No.154	18-07-1998	Revenue department
Extra No.155	18-07-1998	Revenue department
Extra No.156	20-07-1998	Revenue department
Extra No.157	23-07-1998	Revenue department
Extra No.158	24-07-1998	Revenue department
Extra No.159	24-07-1998	Revenue department
Extra No.160	28-07-1998	Revenue department
Extra No.161	30-07-1998	Revenue department
Extra No.162	03-08-1998	Revenue department
Extra No.163	03-08-1998	Revenue department
Extra No.164	04-08-1998	Revenue department
Extra No.165	05-08-1998	Revenue department
Extra No.166	05-08-1998	Revenue department
Extra No.167	10-08-1998	Revenue department
Extra No.168	10-08-1998	Revenue department
Extra No.169	10-08-1998	Revenue department
Extra No.170	10-08-1998	Revenue department
Extra No.171	17-08-1998	Revenue department
Extra No.172	18-08-1998	Revenue department
Extra No.173	20-08-1998	Revenue department
Extra No.174	20-08-1998	Revenue department
Extra No.175	24-08-1998	Revenue department
Extra No.176	27-08-1998	Revenue department
Extra No.177	27-08-1998	Revenue department
Extra No.178	27-08-1998	Revenue department
Extra No.179	28-08-1998	Revenue department
Extra No.180	31-08-1998	Revenue department
Extra No.181	01-09-1998	Revenue department
Extra No.182	05-09-1998	Revenue department

Extra Ordinary Part - I / 1998

Extra No.	Date	Department
Extra No.183	05-09-1998	Revenue department
Extra No.184	08-09-1998	Revenue department
Extra No.185	09-09-1998	Revenue department
Extra No.186	10-09-1998	Revenue department
Extra No.187	10-09-1998	Revenue department
Extra No.188	11-09-1998	Revenue department
Extra No.190	16-09-1998	Revenue department
Extra No.193	18-09-1998	Revenue department
Extra No.195	19-09-1998	Revenue department
Extra No.198	21-09-1998	Revenue department
Extra No.204	24-09-1998	Revenue department
Extra No.212	05-10-1998	Revenue department
Extra No.213	06-10-1998	Revenue department
Extra No.214	06-10-1998	Revenue department
Extra No.215	06-10-1998	Revenue department
Extra No.216	09-10-1998	Revenue department
Extra No.217	09-10-1998	Revenue department
Extra No.218	12-10-1998	Revenue department
Extra No.219	14-10-1998	Revenue department
Extra No.220	14-10-1998	Revenue department
Extra No.222	15-10-1998	Revenue department
Extra No.223	15-10-1998	Revenue department
Extra No.224	16-10-1998	Revenue department
Extra No.231	29-10-1998	Revenue department
Extra No.232	30-10-1998	Revenue department
Extra No.233	02-11-1998	Revenue department
Extra No.234	02-11-1998	Revenue department
Extra No.235	03-11-1998	Revenue department
Extra No.236	03-11-1998	Revenue department
Extra No.237	05-11-1998	Revenue department
Extra No.238	05-11-1998	Revenue department

Extra Ordinary Part - I / 1998

Extra No.	Date	Department
Extra No.239	05-11-1998	Revenue department
Extra No.240	06-11-1998	Revenue department
Extra No.241	06-11-1998	Revenue department
Extra No.242	07-11-1998	Revenue department
Extra No.243	07-11-1998	Revenue department
Extra No.244	07-11-1998	Revenue department
Extra No.245	10-11-1998	Revenue department
Extra No.246	12-11-1998	Revenue department
Extra No.247	13-11-1998	Revenue department
Extra No.248	16-11-1998	Revenue department
Extra No.249	17-11-1998	Revenue department
Extra No.250	21-11-1998	Revenue department
Extra No.251	25-11-1998	Revenue department
Extra No.252	27-11-1998	Revenue department
Extra No.253	30-11-1998	Revenue department
Extra No.254	30-11-1998	Revenue department
Extra No.255	01-12-1998	Revenue department
Extra No.258	07-12-1998	Revenue department
Extra No.259	08-12-1998	Revenue department
Extra No.260	10-12-1998	Revenue department
Extra No.261	14-12-1998	Revenue department
Extra No.263	18-12-1998	Revenue department
Extra No.264	19-12-1998	Revenue department
Extra No.265	21-12-1998	Revenue department
Extra No.266	23-12-1998	Revenue department
Extra No.267	24-12-1998	Revenue department
Extra No.268	29-12-1998	Revenue department
Extra No.269	31-12-1998	Revenue department

Extra No 1

REGISTERED No. G-BA-4-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, JANUARY 1, 1998 / PAUSA 11, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) અન્વયેનો હુકમ

અવલોકનમાં લીધાં :—

૧. આ કચેરીના જાહેરનામા નં. પીઓએલ : રાહદારી નિયંત્રણ/૫૨૦૫/૯૭, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૧૯૯૭.

સુધારા હુકમ

નંબર પીઓએલ /૨૮૧/૯૭.—આમુખ (૧) થી ખેડા જિલ્લાની મહેસૂલી સરહદમાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર. ૮ ઉપરથી પસાર થતા વાહનો માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) અન્વયે મહત્તમ ગતિમર્યાદા નક્કી કરતું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. તે પૈકી આવશ્યક સેવા માટેના વાહનો માટે નીચે મુજબ અપવાદ રાખવા હુકમ કરવામાં આવે છે.

(૧) દર્દી સાથેની એમ્બ્યુલન્સવાન (૨) ફાયર ફાયટર (૩) પાયલોટીંગ કાર અને (૪) કટોકટીની ફરજો બજાવતા ફરજ પરના અગત્યના વાહનો.

બાકીનો હુકમ યથાવત રહેશે.

આજ તારીખ ૨૪મી ડીસેમ્બર ૧૯૯૭ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

...ED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 2 REGISTERED No. G-B-A-14-E

Ⓒ

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, JANUARY 2, 1998 / PAUSA 12, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ફ) અન્વયેનો હુકમ

નં. પીઓએલ/૫૩૦૦/૭.—જિલ્લા પોલીસ વડાશ્રી ખેડાએ તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૭ના પત્ર નં. સીબી-૩ વા. ફા. પ્રે ૨૦૪૭૩ થી પોલીસ કર્મચારીઓની સને-૧૯૯૭ના વર્ષની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૮ સુધી ખેડા કેમ્પ ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખેલ હોવાથી આ દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના પગલાંરૂપે આ ફાયરીંગ બટ વિસ્તારમાં અવર-જવર બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, જયંત પરીમલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ફ) થી મ . મળેલ સત્તાની રૂઈએ ખેડા કેમ્પ ખાતેના ફાયરીંગ બટ ખાતે ફાયરીંગ કેમ્પ દરમ્યાન મનુષ્યો, જાનવરો વિગેરેને જાનહાની ન થાય તે માટે ઉકત સ્થળ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાંત) અવર-જવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટમાં ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહીં તથા પોતાના આશ્રિત પશુઓને સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગ્યામાં પશુઓ અવર-જવર ન કરે તેની તકેદારી રાખવી.

ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન કેમ્પમાં કોઈ મનુષ્ય તથા પશુઓ પ્રવેશ ન કરે તેની તકેદારી માટે જિલ્લા પોલીસ વડાશ્રી ખેડા (૭) નાએ ફાયરીંગ કેમ્પના આજુબાજુંના વિસ્તારમાં પોલીસ ગાર્ડ મુકવાની રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જયંત પરીમલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા.

Supple. C. G. I—Extra—2/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 3

REGISTERED No. G-BA-14-E.

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, JANUARY 3, 1998 / PAUSA 13, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૩ (૧) (યુ) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસ. બી. / ઉગપક / જાહેરનામું / ૫૮૬૯/૯૭.— મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩ પેટા કલમ (૧) (યુ) નીચે મળેલ અધિકારની રૂએ હું, આર. એમ. એસ. બ્રાર, (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર આથી નીચે પ્રમાણે હુકમ કરું છું.

(૧) જાહેર માર્ગો ઉપર વાહન વ્યવહારને અડચણ ન થાય અથવા તો દારૂખાનું ફોડવાથી રાહદારીઓને ઈજા કે નુકશાન ન પહોંચે તેવા વિસ્તારમાં

(૨) કોઈ ધાર્મિક સ્થાનો નજીકના ૧૦૦ મીટર વિસ્તારમાં

(૩) પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવા પદાર્થોથી રસાયણિક કારખાનાઓ આવેલ હોય તેવા વિસ્તારના ૧૦૦ મીટર વિસ્તારમાં

(૪) હોસ્પિટલ, શાળા, કોલેજ શૈક્ષણિક કાર્ય કરતી સંસ્થાઓની આસપાસના ૧૦૦ મીટર વિસ્તારમાં

(૫) રાતના કલાક ૨૩-૦૦ થી બીજે દિવસે સવાર ક. ૭-૦૦ દરમ્યાન વડોદરા પોલીસ કમિશનર રેટના તમામ વિસ્તારોમાં કોઈપણ ઈસમે કોઈપણ જાતનું દારૂખાનું ફોડવું નહી કે તેવું નિર્દેશન કરવું નહી.

સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હરણી એરોડ્રામની ફરતી ફેન્સીંગ તારની વાડ થી ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઈપણ ઈસમે હવાઈ રોકેટ કે જે આકાશ તરફ ઉડે તેવા ફટાકડા કે દારૂખાનું ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ બોમ્બે પોલીસ એકટની જોગવાઈ અનુસાર શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

આ હુકમનો અમલ તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૭ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાલુ રહેશે.

મેં આજ તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૭ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબનો હુકમ.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું / ૫૯૨૪ / ૯૭.— વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના નીચેનાં વિસ્તારોમાં સુલેહ શાંતિ જાળવવાની જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે, હું, આર.એમ.એસ. બ્રાર (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૭નાં કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૮નાં કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યક્તિઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : –વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો:—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ:—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાન-યાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમની સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી ડિસેમ્બર ૧૯૯૭ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) (અ) મુજબનો હુકમ.

ક્રમાંક એસ. બી. / ઉગપક/જાહેરનામું/૫૯૨૫/૯૭.— વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતાં હોય, શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ, કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું જરૂરી હોય તેથી,

હું, આર. એમ. એસ. બ્રાર, (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭(૧) (અ) મુજબ મને મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે, શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૭ના કલાક ૦૦-૦૦થી તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર-માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમી રમાડવી નહી અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં આજ તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૭ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી.-ઉગપક/જાહેરનામું/૫૯૨૬/૯૭.—મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, આર. એમ. એસ. બ્રાર, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા આથી હું, ફરમાવું છું કે, વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૭ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ—

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂક કે લાકડી, જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહી;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહી;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ઘ) કોઈ પણ આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં ;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૭ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

INDEX

Extra No. 4 REGISTERED No.G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, JANUARY 3, 1998 / PAUSA 13, 1919

Separate paging is given to each part of the Supplement to the CentralGazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૧) મુજબ·

નંબર પીઓએલ/વશી/૩૧૭૬ થી ૩૨૦૦/૯૭. — મહેસાણા જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા ઉતરાયણનો તહેવાર લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે હું, એમ. એસ. ડાગુર, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૭ના શુન્ય કલાકથી તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૭ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહી કરવાનું ફરમાવું છું :—

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠાં કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો સાથે લઈ જવાનું ;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે, ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદુ, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું,

(૮) નીતિનો ભંગ કરે તેવુ ભાષણ કરવાનુ, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનુ.

અપવાદ :—

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા /અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/ સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા/ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ડીસેમ્બર ૧૯૯૭ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 5

REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVIII] MONDAY, JANUARY 5, 1998 / PAUSA 15, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

ORDER

Order requiring the presence of detenue under section 3(2)and 7(1)(b) of Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980.

No. P.D. ATAK/SR/1/97.-Whereas a detention order No. PD/ATAK/SR/1/97 has been made by me in respect of Shri Bhagavatilal Hasmukhlal Shah, resident of 16, 17, 18, Shaktivijay Society, Nana Varachha, Surat, District Surat on 13th October, 1997. Whereas it is reported that the said Shri Bhagavatilal Hasmukhlal Shah, resident 16,17,18, Shaktivijay Society, Nana Varachha, Surat, District Surat is absconding or is concealing himself to avoid the service of the above said detention order.

Now, therefore, under the power vested in me, under section 3(2) and 7(1)(b) of the prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980, I, R. M. Shah, District Magistrate, Surat hereby require the said Shri Bhagavatilal Hasmukhlal Shah, who stated to be belonging to 16,17,18, Shaktivijay Society, Nana Varachha, Surat, District Surat to appear before Police Commissioner, Surat within a week (7 days) of the date of publication of this order in the official Gazette.

Given under my hand and seal this 1st day of December, 1997.

R. M. SHAH,
District Magistrate,
SURAT.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

આવશ્યક ચીજ વસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતનાં અધિનિયમ, ૧૯૮૦ની કલમ-૩(૨) અને ૭(૧)(બી) હેઠળ અટકાયતીને હાજર થવાનો હુકમ નંબર પીડી/અટક/૨૭.-૧/૯૭.

અત્રેના હુકમ નંબર પીડી/અટક/૨૭.-૧/૯૭, તા. ૧૩મી ઓકટોબર, ૧૯૯૭ અન્વયે શ્રી ભગવતીલાલ હસમુખલાલ શાહ, રહે. ૧૬,૧૭,૧૮, શકિત વિજય સોસાયટી, નાના વરાછા, સુરત, જિ. સુરતનો અટકાયતનો હુકમ કરવામાં આવેલ છે. અને ઉપરોકત હુકમના અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે, શ્રી ભગવતીલાલ હસમુખલાલ શાહ, રહે. ૧૬,૧૭,૧૮, શકિત વિજય સોસાયટી, નાના વરાછા, સુરત, જિ. સુરતના ભાગી ગયા છે. અથવા તેમના ઉપર ઉપરોકત હુકમનો અમલ ન થઇ શકે તે માટે પોતે નાસતા ફરતા ફરે છે.

જેથી હું, આર. એમ. શાહ, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મને આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતનાં અધિનિયમ, ૧૯૮૦ની કલમ-૩(૨) અને ૭(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ઉપરોકત શ્રી ભગવતીલાલ હસમુખલાલ શાહ, રહે. ૧૬,૧૭,૧૮, શકિત વિજય સોસાયટી, નાના વરાછા, સુરત, જિ. સુરતના છે, તેમણે પોલીસ કમિશનરશ્રી, સુરત રૂબરૂ આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭માં હાજર થવું.

મારી સહી તથા સિક્કો તા. ૧લી ડીસેમ્બર, ૧૯૯૭ના રોજ કરવામાં આવેલ છે.

આર. એમ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 6

REGISTERED No. G-BA-41-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, JANUARY 8, 1998 / PAUSA 18, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (૧) અન્વયે.

આદેશ

નં. પીઓએલ-વશી ૭૬.—તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ રણછોડજી મંદિર ડાકોર ખાતે પોષ સુદ પુનમનો મેળો ભરાનાર છે. આ મેળામાં સમગ્ર ગુજરાતમાંથી લોકો આવતા હોય છે. જેમાં વાહનો લઈ આવનાર લોકો વાહનો આડેધડ પાર્ક કરતા હોવાથી આમજનતા તથા યાત્રિકોને હાલાકી ભોગવવી પડે છે. આથી જિલ્લા પોલીસ વડાશ્રી, આણંદનાએ તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૮ ના વાયરલેસ મેસેજથી ટ્રાફિકના નિયંત્રણ માટે ઉક્ત કાયદાની કલમ ૩૩ (૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી.એ.એસ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (૧)થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૮ તથા તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૮ બન્ને દિવસોમાં ડાકોર નગરપાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ.—સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન, એસ. ટી. બસ તથા કોઈને ઉપરથી પરવાનગી મળેલ વાહનોને લાગુ પડશે નહીં.

શિક્ષા.—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ સને ૧૯૫૧ના બી. પી. એક્ટની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 7

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, JANUARY 9, 1998 / PAUSA 19, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (મુંબઇના ૨૨માં) ની કલમ-૧૧૩ અન્વયેનું.

નં. પીએએલ / વશી /૫૧.—આગામી તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ ઉતરાયણ (મરકર સંક્રાતિ)નો જાહેર તહેવાર હોવાથી પતંગ રસિક જનતા દ્વારા પતંગ ચગાવવા, લુંટવા તથા જાહેરમાર્ગો ઉપર ક્રિકેટ રમવાના પરીણામે લોકોને અથવા મિલ્કતને ભય, ઈજા અથવા ધાસ્તી થાય તેવી ભીતી રહેલ છે.

વાસ્તે, હું, જયંત પરીમલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૧૩ થી મને મળેલ સત્તાની રૂઈએ હુકમ ફરમાવું છું કે તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સમગ્ર ખેડા જિલ્લામાં કોઈપણ વ્યકિતએ લોકોને અથવા મિલ્કતને ભય અશવા ધાસ્તી થાય તે રીતે પતંગ ચગાવવા નહીં, લુંટવા નહી, અથવા જાહેર માર્ગો ઉપર ક્રિકેટ રમવી નહી.

સદરહુ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૧૭ મુજબનો ભંગ સાબિત થયેથી રૂા. ૧૦૦/ (અંકે રૂા. એકસો સુધીના) દંડની શિક્ષા કરવામાં આવશે.

મે આજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જયંત પરીમલ
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 8

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, JANUARY 9, 1998 / PAUSA 19, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી. ૧૫૧/૯૮.— આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ દરમ્યાન જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જીલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનાશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી. એ. એસ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ખેડા જીલ્લામાં તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૮થી તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૯૮ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકરવાનું અથવા અસ્લીલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચી અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું

વિસ્તાર : સમગ્ર ખેડા જીલ્લો

અપવાદ :

આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જીલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિત ને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા.

INDEX

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 9

REGISTERED No. GB—A—14—E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] MONDAY, JANUARY 12, 1998 / PAUSA 22, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨માં) ની કલમ ૧૧૩ અન્વયેનું.

નંબર પીઓએલ/વશી/૫૩૪/૭૦.—આગામી તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ ઉતરાયણ (મકર સંક્રાંતિ)નો જાહેર તહેવાર હોવાથી પતંગ રસિક જનતા દ્વારા પતંગ ચગાવવા, લુંટવા તથા જાહેરમાર્ગો ઉપર ક્રિકેટ રમવાના પરિણામે લોકોને અથવા મિલ્કતને ભય, ઈજા અથવા ધાસ્તી થાય તેવી ભીતી રહેલ છે.

વાસ્તે હું એ. કે. શર્મા, આઈએએસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૧૩ થી મને મળેલ સત્તાની રૂઈએ હુકમ ફરમાવું છું કે, તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સમગ્ર આણંદ જિલ્લામાં કોઈપણ વ્યકિતએ લોકોને અથવા મિલકતને ભય અથવા ધાસ્તી થાય તે રીતે પતંગ ચગાવવા નહીં, લુંટવા નહીં અથવા જાહેર માર્ગો ઉપર ક્રિકેટ રમવી નહીં.

સદરહુ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૧૭ મુજબનો ભંગ સાબિત થયેથી રૂા. ૧૦૦/ (અંકે રૂા. એકસો સુધીના) દંડની શિક્ષા કરવામાં આવશે.

મે આજ તારીખ ૮મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એ. કે. શર્મા
જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

Supple. C. G.I—Extra—9/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 10

...ISTERED No. GB-4-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, JANUARY 12, 1998 / PAUSA 22, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબર ક-મકબ / બી / એમયુએન / પાલનપુર / વશી—૨૯ થી ૩૪.- બનાસકાંઠા જિલ્લાના પાલનપુર નગરપાલિકાના પ્રમુખપદેથી શ્રી કરશનભાઈ જે. વાઘેલા છે, તેઓએ તેમની તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૮ની અરજીથી સ્વેચ્છાએ, અનિવાર્ય સંજોગોના કારણે પાલનપુર નગરપાલિકાના પ્રમુખપદેથી રાજીનામું આપી રાજીનામું સ્વીકારવા વિનંતી કરેલ છે.

સબબશ્રી કરશનભાઈ જે. વાઘેલાએ સ્વેચ્છાએ રાજીનામું માંગેલ હોઈ તેમનું પાલનપુર નગરપાલિકાના પ્રમુખપદેનું રાજીનામું આથી આજ તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મંજુર કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૮.

અનુરાધા મલ્લ,
કલેકટર, બનાસકાંઠા.

Supple. C. G. I—Extra—10/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 11

REGISTERED No G-GA-14 E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, JANUARY 13, 1998 / PAUSA 23, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો હુકમ

નંબર પીઓએલ/વશી. ૧૮૧.—આગામી લો[illegible] ચૂંટણી ૧૯૯૮ ધ્યાને લેતાં જિલ્લામાં જાહેર શાંત અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અવળા પ્રત્યાઘાતો ન પડે તે માટે સાવચેતીના પગલાં માટે ઉક્ત કાયદાની કલમ-૩૭(૩) અન્વયેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું જયંત પરિમલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નીકલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૮સુધી (બંને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારની પરવાનગી સિવાય ચાર કરતા વધુ માણસોએ એકત્ર થવું નહીં, ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફૂટપાથો, તથા ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ(સન ૧૮૬૦ના ૪૫મા) ની કલમ-૧૦૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માંની કલમ ૩૩ (૧)(થ) મુજબનું.

નંબર પીઓએલ/વશી- ૨૨૧.—આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ માહે, ફેબ્રુઆરી ૯૮ દરમ્યાન યોજાનાર હોઈ ખેડા જિલ્લામાં ચૂંટણી દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે હું જયંત પરિમલ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ ૩૩(૧)(થ)થી મળેલ સત્તાની રૂએ ખેડા જિલ્લાના તમામ શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૧૦મી જાન્યુઆરથી ૧૯૯૮ થી તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગાઓમાં ચુંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમો :—

૧. કોઈપણ વ્યકિત કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારી ની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં.

૨. લાઈડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મેળવી લાઉડસ્પીકર ફકત સવારના ૬.૦૦ કલાકથી રાત્રીના ૧૦.૦૦ કલાકથી સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે. અને પરવાનગીની અન્ય શરતોનું પાલન કરવાનું રહેશે.

૩. લાઉડસ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણીક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહુ કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૧૩૧(ખ)(૩) મુજબ તથા ચૂંટણી અંગેની આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧)(છ) અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/વશી ૨૫૧.—આગામી- લોકસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૮ દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)(છ) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું જયંત પરિમલ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭(૧)(છ) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાન મનાઈ ફરમાવું છું.

૧. જેનાથી સુરુચિ તથા નીતીનો ભંગ થતો હોય અથવા રાજય ની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું નકલ કરવાનું.

૨. જેનાથી સુરૂચિ અથવા નિતીનો તથા ચુંટણી કમિશનર દ્વારા જાહેર થયેલ આચાર સંહીતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોષ્ટરો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા વસ્તુ તૈયાર કરવાનું કૃત્ય.

વિસ્તાર:—સમગ્ર ખેડા જિલ્લો.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No 12 REGISTERED No. G-BA-14-E

Ⓒ

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, JANUARY, 16, 1998 / PAUSA 26, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) (બી) અન્વયે બહાર પાડેલ.

નંબર એમએજી/વશી/૨૦ થી ૧૦૫/૯૭.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, સી.આર. ખરસાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરાના આગામી દિવસોમાં મકરસંક્રાતીનો તહેવાર આવતો હોય કેટલાક લોકો તથા બાળકો પતંગ તથા દોરો લુંટવાના ઈરાદે દોડા દોડી કરી રસ્તે ચાલતા ટ્રાફીકને અડચણ પડે તેમજ લોકોની તેમજ પોતાની સલામતી જોખમાય તેવી રીતેનું વર્તન વ્યવહાર અટકાવવાનું જરૂરી હોય ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે, વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ વિસ્તારમાં તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.

જાહેર રસ્તા ઉપર પતંગ ઉડાવવી નહીં કે પતંગ કે દોરા લુંટવા કે પકડવાના ઈરાદા સારૂ દોડા દોડી કરવી નહી. હાથમાં મોટા વાંસ કે ઝાખરા કે તેવા કોઈપણ સાધનો જાહેરમાં ઉપર લઈને દોડવું નહી, કે પોતાના હાથમાં રાખવા નહી કે જાહેરમાર્ગ ઉપર ટ્રાફીકને અડચણ થાય નહી કે અકસ્માત સર્જાય કે કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈપણ પ્રવૃતિથી ટ્રાફીકને અડચણ કરી વાહન વ્યવહારના નિયમનમાં અડચણ કરવી નહી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડના ભંગ યા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧(જે)(ક)(ખ) મુજબ પ્રથમ ગુના માટે એક મહિનાની મુદત સુધીની કેદની અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને પ્રકારની અને ત્યાર પછીના ગુના માટે છ મહીનાની મુદત સુધીની કેદની અને પાંચસો રૂપિયા દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખથી ૩જી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ સહી સીક્કા કર્યા.

સી આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 13

REGISTERED No. G-BA14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, JANUARY 16, 1998 / PAUSA 26, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

લોક પ્રતિનિધિત્વ ધારા, ૧૯૫૧ની કલમ ૧૨૭(ક) ની જોગવાઈઓના પાલન માટેનું જાહેરનામું.

નંબર એમએજી/વશી/૧૦૦ થી ૨૪૯/૯૭.—આગામી લોકસભા / વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ ફેબ્રુઆરી, ૧૯૯૧ માસમાં યોજાનાર છે. ચુંટણીઓ દરમ્યાન ચુંટણી પ્રચાર માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોક પ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ની કલમ ૧૨૭ (ક) ની જોગવાઈઓ લાગુ પડે છે. કલમ ૧૨૭ (ક) (૧) ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રણ અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય તેવા ચૂટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો વિગેરે છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં. તેવી જ રીતે કલમ-૧૨૭ (ક) (૨) મુજબ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા સિવય કોઈપણ વ્યકિત ચુંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રી છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કર શકશે નહીં.

ઉપરોકત જોગવાઈઓની આવશ્યકતાઓના કડક અમલ તથા પાલન થાય તે જરૂરી હોઈ અને એના કડક અમલ માટે ભારતીય નિર્વાસીન આયોગ દ્વારા પણ આ બાબતે જરૂરી આદેશો કરેલ હોઈ, હું, એમ. એસ. ડાગુર, આ... એ. એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા જિલ્લામાં આવેલ મુદ્રણાલયોના મુદ્રકોને ઉકત કાયદાની જોગવાઈઓ મુજબ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવું છું.

(૧) કલમ ૧૨૭ (ક) (૧)ના જોગવાઈઓ મુજબ ચુંટણીને લગતા ચોપનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરવામાં આવે ત્યા મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટપણે અવશ્ય દર્શાવવા.

(૨) ચૂંટણી સંબંધ કોઈપણ ચોપાનીયા અથવા ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં ઉકત કાયદાની કલમ ૧૨૭ (ક) (૨) ની જોગવાઈઓ મુજબ મુદ્રકે નિર્વાચન આયોગ દ્વારા નક્ક થયેલા આ સાથેના જોડાણ (ક) મુજબના ઠરેલ નમુનામાં પ્રકાશક પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાનો રહેશે અને આ એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે

ઓળખતી હોય તેવી બે વ્યકિતની શાખ તરીકે સહીઓ કરવાની રહેશે. મુદ્રકે પણ તે અધિકૃત કર્યા બદલ સહી કરી, મુદ્રિત સામગ્રીની ત્રણ નકલો સાથે એકરારપત્રની એક નકલ ત્રણ દિવસમાં અત્રે મોકલી આપવાની રહેશે.

(૩) ઉપર મુદ્દા (૨) માં નિર્વાચન આયોગના આદેશ મુજબ મુદ્રકે પ્રકાશકના એકરારનામા સાથે મુદ્રીત સામગ્રીની ૪ (ચાર) નકલો તેના મુદ્રણના ત્રણ દિવસની અંદર નિર્વાચન આયોગ તરફથી નક્કી થયેલા આ સાથેના જોડાણ ખ મુજબના નમુનામાં મુદ્રકે છાપેલા દસ્તાવેજોની નકલોની સંખ્યા, તેના મુદ્રણ કામ અંગે થયેલ ખર્ચની માહિતી વિગેરે વિગતો દર્શાવી સહી કરી અત્રેની કચેરીની ચૂંટણી શાખાને બિનચુક રજૂ કરવાની રહેશે.

(૪) મુદ્રકે તેમણે છાપેલા ચુંટણીના દરેક ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેની બાબતમાં આવા દરેક દસ્તાવેજના મુદ્રણના ત્રણ દિવસની અંદર આવી માહિતી સંયુકત રીતે નહીં પણ અલગ અલગ રજુ કરવાનાં રહેશે.

(૩) કલમ-૧૨૭ (ક) ઉપર દર્શાવેલ જોગવાઈ અને નિર્વાચન આયોગના આદેશ મુજબ આપવામાં આવેલા ઉપર્યુકત સુચનાઓનું દરેક મુદ્રકે ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે અને જો તેનો ભંગ થશે તો કલમ-૧૨૭ (ક) ની જોગવાઈ મુજબ છ માસની સજા અગર રૂપિયા બે હજારના દંડ કે બંને સજાઓને પાત્ર રહેશે. આ ઉપરાંત ઉકત જોગવાઈઓ / સુચનાઓના ભંગ બદલ યોગ્ય જણાયે મુદ્રણાલયનું લાયસન્સ રદ કરવા પણ પગલાં ભરવામાં આવશે.

(૬) આ જાહેરનામું તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૮ સુધીના સમય માટે અમલમાં રહેશે.

આજ તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરી આપ્યો.

જોડાણ—ક

ચૂંટણીના ભીતપત્રો, ચોપાનીયાં વગેરેના પ્રકાશકે રજુ કરવાના એકરારપત્ર માટેનો પ્રોફોર્મા [જૂઓ લોકે પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૭ (ક)].

હું...તે શ્રી...
(નામ) (નામ)

નો / ની પુત્ર / પુત્રી / પત્ની...(ગામ / નગર)

....(જિલ્લો).......................................(રાજ્ય) નો રહેવાસી, આથી

એકરાર કરું છું કે:...દ્વારા છાપવામાં
(મુદ્રણાલયનું નામ)

આવેલ.../ચૂંટણીના ભીંતપિત્રો,

ચોપાનીયાં વગેરેની ટુંકી વિગત આપો) નો પ્રકાશક છું.

સ્થળ :.......................................

(પ્રકાશકની સહી)

તારીખ :.......................................

પુરું સરનામું ....

પ્રમાણિત કરનાર (પ્રકાશકને અંગત રીતે ઓળખતી વ્યકિત)

(૧)

સહી /
(નામ અને સરનામું

(૨)

સહી /
(નામ અને સરનામું)

સામી સહી કરનાર

સહી /
(મુદ્રકનું નામ અને સરનામું)

INDEX

Extra No. 14

REGISTERED No. G–BA–14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY JANUARY 16, 1998 / PAUSA 26, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/ક્યુએલ/૧૧૨૧/૨૪૦.—અત્રેની કચેરીના હુકમ નં. એજીએચ/ક્યુએલ/૨૦૧/૨૩૯૧, તારીખ ૬ઠ્ઠી જુલાઈ ૧૯૭૬થી મે. હરિકૃષ્ણ ક્વોરી વર્કસ મુ. પો. વડાગામ, તા. મોડાસાના નામે નીચેની વિગતે સાબરકાંઠા જિલ્લામાં બ્લેકટ્રેપ ખનિજનું ક્વોરીલીઝ દસ વર્ષના પટ્ટે મંજુર કરવામાં આવેલ જેનું કરારખત તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૭૬ના રોજ કરી આપવામાં આવેલ છે.

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર એકર ગુંઠા.
સાબરકાંઠા	મોડાસા	રાજપુર	૩૭૩/૭	૩–૩

ઉક્ત લીઝની મુદત પુરી થતાં અગાઉ ૯૦ દિવસ પહેલાં પટ્ટેદારે રીન્યુઅલ અરજી કરવી જોઈએ જે કરેલ નથી અને તેના માટે સંતોષકારક ખુલાસો રજુ કરેલ નથી તેમજ ક્વોરીલીઝ રીન્યુઅલ કરતાં પહેલાં તમામ સરકારી બાકી લેણાં ભરપાઈ કરવા જોઈએ, જે ભરપાઈ કરેલ ન હોઈ પટ્ટેદારશ્રીની તારીખ ૨૯મી જુલાઈ ૧૯૮૬ની ક્વોરીલીઝ રીન્યુઅલ અરજી અત્રેની કચેરીના હુકમ નંબર એજીએચ/ક્યુએલ/૧૧૨૧/૫૪૨૪, તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૮૯થી નામંજુર કરવામાં આવેલ છે.

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧) સી અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી, સાબરકાંઠા અને સક્ષમ અધિકારી શ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ જાહેરનામું પ્રસિધ્ધિના ૩૦ દિવસ પછીથી ફરી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮.

એસ. એમ. એફ. બુખારી,
કલેક્ટર, સાબરકાંઠા.

Supple. C. G. I-Extra 14/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 15

REGISTERED No. GB A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, JANUARY 16, 1998 / PAUSA 26, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૫) (૨) મુજબનું.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું / ૧૫૨ / ૯૮.—વડોદરા શહેરમાં આનંદ પ્રમોદ અને સહેલગાહ માટે સુરસાગર તળાવમાં નાગરિકો નૌકાવિહાર કરે છે. પરંતુ તાજેતરમાં નૌકાવિહાર દરમ્યાન થયેલ હોડી હોનારતના બનાવના કારણે નૌકા વિહાર માનવજીવનની સલામતી માટે ભયરૂપ અને જોખમી બનેલ છે.

જેથી જાહેર જનતાની સલામતી અંગે સુરસાગર તળાવમાં નાગરિકો કે અન્ય સંસ્થાઓ દ્વારા થતા નૌકા વિહારના તથા અન્ય કાર્યક્રમો ઉપર નિયંત્રણ મુકવું ખુબજ જરૂરી હોય વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં મુંબઈ પોલીસ અધિનિયમન સને ૧૯૫૧ની કલમ ૩૩ (૫) (૨) મુજબ મને મળેલ અધિકારની રૂએ હું આર. એમ.એસ. બ્રાર (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેરનાઓ જાહેર જનતાના જાનમાલની સલામતી અંગે સુરસાગર તળાવની ચતુરસીમા વિસ્તારમાં કોઈપણ ઈસમો, સંસ્થા કે વ્યકિતઓના જુથે નૌકા / બોટ / મોટરબોટ / કે પાણી ઉપર ચાલતા વાહન ઉપર તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૮ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી એટલે કે ત્રણ માસ સુધી પ્રતિબંધ ફરમાવેલ જે હુકમમાંથી નીચે મુજબ મુકિત ફરમાવું છું.

વડોદરા મોન્ટસ સંસ્થા, બોટીંગની તેમજ બચાવ કામગીરીની તાલીમને લક્ષમાં રાખી આ સંસ્થાના સભ્યોને સુરસાગર તળાવમાં બોટીંગ તેમજ તેના બચાવની કામગીરી પ્રેકટીસ કરવા ટ્રેનીંગ દરમ્યાન સાવચેતીના પગલાં લેવાની ખાત્રીસહ સુરસાગર તળાવમાં નૌકા / બોટ / મોટરબોટ ચલાવવા આ હુકમમાંથી મુકિત આપવામાં આવે છે.

મેં આજ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી.-ઉગપક/જાહેરનામું/૧૫૩/૧૯૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, આર. એમ. એસ. બ્રાર, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા આથી હું, ફરમાવું છું કે, વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇએ—

(ક) કોઇ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂક કે લાકડી, જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઇ શકે તેવી કોઇ વસ્તુ લઇ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઇ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઇ જવો નહીં;

(ઘ) કોઇ પણ આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં ;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઇ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઇરાદાથી કે બદનામ કરવાના ઇરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઇ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટે અથવા અધિકૃત કરેલ કોઇ અધિકારી જેની શારીરિક અશકિતના કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૧) (૩) મુજબનો હુકમ.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૧૫૪/૧૯૯૮.— વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહશાંતી જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, આર. એમ. એસ. બ્રાર, (આઇ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૮ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીઓથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમની ૧૯૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) (અ) મુજબ હુકમ.

ક્રમાંક એસ. બી. / ઉગપક/જાહેરનામું/૧૫૫/૯૮.— વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતાં હોય, શહેરમાં કેટલાક ઇસમો, બાળકો, છોકરાઓ, કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી-રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય, તેના કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું જરૂરી હોય, તેથી,—

હું, આર. એમ. એસ. બ્રાર, (આઇ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭(૧) (અ) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૮ના કલાક ૦૦-૦૦થી તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇપણ ઇસમ, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર-માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમી રમાડવી નહી અથવા તેવી કોઇ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં આજ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 16

REGISTERED No. G-GA-14-1

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, JANUARY 17, 1998/PAUSA 27, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) (છ) અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/વશી/૬૬૭/૭૦૭/૯૮.—આગામી લોકસભાની સામાન્ય ચૂટણી ૧૯૯૮ દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છિનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનસીલ અને અતિ સંવેદનસીલ વિસ્તારમાં કોઇ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) (છ) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, એ. કે. શર્મા, (આઇ.એ. એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) (છ) થી મને મળેલ અધિકારની રુએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૮થી તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત)નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) જેનાથી સૂરુચિ, તથા નીતિનો ભંગ થતો હોય અથવા રાજ્યની સલામતિ જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું;

(૨) જેનાથી સૂરુચિ અથવા નીતિનો તથા ચુંટણી કમિશનર દ્વારા જાહેર થયેલ આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોષ્ટરો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા વસ્તુ તૈયાર કરવાનું કૃત્ય.

વિસ્તાર:— સમગ્ર આણંદ જિલ્લો.

આ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એ. કે. શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માની કલમ-૩૩ (૧) (થ) મુજબ.

નંબર પીઓએલ/વશી-૭૦૮/૭૪૮/ ૯૮.—આગામી લોકસભા/ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ માહે ફેબ્રુઆરી ૧૯૯૮ ના માસમા યોજાનાર હોઈ આણંદ જિલ્લામાં ચૂંટણીઓ દરમ્યાન

રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ- સ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, એ. કે. શર્મા, (આઈ. એ.એસ.)., જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (થ) થી મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૮ સુધી રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ-સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમો :

૧. કોઈપણ વ્યકિતને કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહીં.

૨. લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળયેથી લાઉડસ્પીકર ફકત સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે અને પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. લાઉડસ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખસ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૫) (૩) મુજબ તથા ચૂંટણી અંગેની આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એ. કે. શર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 17

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, JANUARY 17, 1998 / PAUSA 27, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART—I

SUPPLEMENT TO THE CENTRAL GAZET E

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો હુકમ.

આદેશ

નં. પી.ઓએલ/૫૭૯/૬૧૯/૯૮.—આગામી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણી માહે ફેબ્રુઆરી. ૧૯૯૮ના માસમાં યોજાનાર હોઈ તે દરમ્યાન જિલ્લામાં શાંતિ જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી, આણંદ (૬) નાએ તેમના તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૮ ના પત્રથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ. ૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, આઈ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને. ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ. ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૮ (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. હથીયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી, કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

૨. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

૩. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

૪. જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ/ કરવાનું તથા તેવા પત્રો, પ્રતિકો કે પ્લે. કાર્ડ અથવા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનુ બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ—આ હુકમનો ખંડ (૧)"નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતમે કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે' આજ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આઈ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

જાહેરનામું

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ હેઠળ હુકમ.

નં. પીઓએલ/વશી/૬૧૦-૬૬૦/૯૮.—ભારતના ચૂંટણી પંચ દ્વારા આગામી લોકસભા /વિધાનસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૮ની જાહેરાત કરવામાં આવી છે. તદ્નુસાર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તેમજ આચાર સંહિતાના પાલન સારૂ નીચેના કૃત્ય કરવા ની મનાઇ ફરમાવવી જરૂરી જણાય છે' કોઈપણ ખાનગી કે જાહેર મિલકતો જેવી કે, રસ્તાઓની દિશા સુચનના પાટીયા હાઈવે ઉપરના માઈલ સ્ટોન, બોર્ડ, રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતાં બોર્ડ, પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસસ્ટેન્ડ ઉપરના બોર્ડ, ટેલીફોન, ઈલેકટ્રીકના થાંભલા, નગરપાલીકા/પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સરકારી મંડળીઓના મકાનો રાજ્ય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો જાહેર માર્ગો તથા ખાનગી માલીકીના મકાનો અને ખાનગી બોર્ડ ઉપર કોઈપણ રાજકીય પક્ષ સંસ્થા, ચૂંટણીના ઉમેદવાર કે તેમના સમર્થકો, કાર્યકરો ચુંટણીની જાહેરાત પ્રચાર કરતાં પોષ્ટરો સુત્રો, બેનરો, પડદા તેમજ ચૂંટણીનો પ્રચાર કરતાં લખાણો કરે છે. અને ઉપર વર્ણવેલ મિલકતોનો તેના માલીક ની લેખીત સંમતિ, પુર્વમંજૂરી મેળવ્યા વિના ચુંટણી સાહિત્ય ચોંટાડી ને /લગાડીને બગાડ કરતાં હોય છે. ભારતીય નિર્વાચન આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આચાર સંહિતા મુજબ કોઈ રાજકીય પક્ષો અથવા ઉમેદવારો સંબંધિત મકાન માલિકની પરવાનગી લીધા વિના જાહેર અથવા ખાનગી મિલકત ઉપર ચુંટણી પ્રચારના સાહિત્ય/લખાણ દ્વારા બગાડ કરી શકશે નહી, તેવું જણાવેલ છે.

વાસ્તે, હું આઈ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ'૧૯૭૩ની કલમ'૧૪૪ની મને મળેલ અધિકારની રૂઈએ આ હુકમ કરૂ છું કે, ભારતના ચુંટણી પંચના આદેશ મુજબ નક્કી કરેલ આચાર સંહિતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો કે સીધી કે આડકતરી રીતે તેની સામે સંકળાયેલ કોઈપણ વ્યકિત ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મિલકતો ઉપર ચૂંટણી પ્રચાર ના પોષ્ટરો, બેનરો, કટઆઉટ, હોર્ડીંગ્સ, પડદા કે પુતળા તેમજ ચુંટણી પ્રચારના લખાણો કરી મિલકતના બગાડ કરવા ઉપરાંત ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૧. જેની આગામી લોકસભાની ચૂંટણી દરમ્યાન ચુંટણીના પ્રચાર માટે મિલકતના માલીકની લેખીત પરવાનગી સિવાય કોઈપણ પક્ષ, ઉમેદવાર કે તેમના ટેકેદારો કે અન્ય કોઈ સંસ્થાએ દિવાલ ઉપર લખાણ લખીને, ચિત્રો બનાવીને કે પોસ્ટરો ચોંટાડીને ઉપયોગ કરવો નહીં. જાહેર મિલકતની રસ્તાની બંને બાજુની ખાનગી મિલકતોને પણ આ નિયંત્રણ લાગું પડશે.

૨. મિલકતના માલીકની લેખીતમાં પુર્વ મંજૂરી વગર મિલકત નો બગાડ કે નુકશાન પહોંચાડશે તેની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે. અથવા જાહેર કે ખાનગી મિલકતને બગાડવામાં આવશે તો બગાડ કરનારના ખર્ચે તે સુધરાવવામાં આવશે અને તમામ ખર્ચ વસૂલ કરવામાં આવશે.

૩. આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી લોકસભાની ચુંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

૪. આ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે ભારતીય દંડ સંહિતા ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

૫. આ હુકમ સમગ્ર આણંદ જિલ્લાના વિસ્તારને લાગુ પડશે.

આજ તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આઈ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 18

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol XXXIX] TUESDAY, JANUARY 20, 1998 / PAUSA 30, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ નીચે બહાર પાડેલ હુકમ.

ક્રમાંક એમ. એ.જી./વશી/૧/૯૮.—આગામી માહે ફેબ્રુ-માર્ચ-૯૮ ના માસમાં યોજાનાર લોકસભા તેમજ વિધાનસભાની સામાન્ય ચૂંટણી ઓનું સરળ અને શાંતિપૂર્ણ સંચાલન થઈ શકે તેમજ ચૂંટણીઓ દરમ્યાન કોઈ ધાક ધમકીનું વાતાવરણ ઉભું ન થાય અને જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે જળવાઇ રહે તે સારું તકેદારીના પગલાં રૂપે પરવાનાવાળા શસ્ત્રો તથા દારૂગોળો જાહેરમાં સાથે રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જણાય છે અને તેમ થતું તાત્કાલીક અટકાવવા તથા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે.

વાસ્તે હું, એ. કે. રાકેશ, આઈ. એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮ના શુન્ય કલાકથી તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત) સુધી પોતાના હથિયાર પરવાના તળેના શસ્ત્રો તથા દારૂગોળો જાહેરમાં પોતાની સાથે રાખી બહાર લઈ જઈ શકાશે નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે, સદરહુ હુકમ નીચેની વ્યકિતને લાગુ પાડી શકાશે નહીં :—

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર સાથે રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, તરફથી પરવાના તળેનું હથિયાર સાથે રાખવા જો ખાસ કિસ્સામાં પરવાનગી અપાયેલ હોય તો તેવી વ્યકિતને..

ઉપરના હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી માહે જાન્યુઆરી, ૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યાં છે.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં ની કલમ ૩૩(૧)(થ) તથા કલમ ૩૩(૧) ૫(૩) મુજબ.

નં. એમ.એ.જી /વશી/૨/૯૮.—આગામી વિધાનસભા તેમજ લોકસભાની સામાન્ય ચૂંટણીઓ માહે ફેબ્રુ માર્ચ૧ ૯૯૮ માસમાં યોજાનાર હોઈ પાટણ જિલ્લામાં ચૂંટણીઓ દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યામાં ચુંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મૂકવું જરુરી જણાય છે.

વાસ્તે, હું, એ. કે રાકેશ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩/૧(થ) તથા ૩૩(૧) ૫(૩) થી મળેલ સત્તાની રુએ પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારો માં તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૮ સુધી રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચુંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમો :—

(૧) કોઈપણ વ્યકિત કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહી.

(૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળેથી લાઉડ સ્પીકર સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય, અથવા નુકશાન ન થાય તેવી રીતે વગાડવાનું રહેશે અને પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) લાઉડ સ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મીક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧(ખ) (૩) મુજબ તથા લોકપ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ કે ચુંટણી અંગેના આચાર સંહીતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

જાહેરનામું

લોક પ્રતિનિધિત્વ ધારા, ૧૯૯૧ની કલમ ૧૨૭ (ક) ની જોગવાઈઓના પાલન માટેનું.

ક્રમાંક એમ.એ.જી./વશી/૩/૯૮.—આગામી લોકસભા તેમજ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ માહે ફેબ્રુઆરી-માર્ચ, ૧૯૯૮ના માસમાં યોજાનાર છે. ચુંટણીઓ દરમ્યાન ચુંટણી પ્રચાર માટે ચુંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો, વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોક પ્રતિનિધિત્વ ધારા ,૧૯૫૧ની કલમ ૧૨૭ (ક) ની જોગવાઈઓ લાગુ પડે છે. કલમ ૧૨૭ (ક)(૧) ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રણ અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય તેવા ચુંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો વગેરે છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શંકશે નહીં. તેવી જ રીતે કલમ-૧૨૭ (ક) (૨) મુજબ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા સિવાય કોઈપણ વ્યકિત ચુંટણીને લગતા ચોપાનીયા, ભીંત પત્રો કે અન્ય સામગ્રી છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં.

ઉપરોકત જોગવાઈઓની આવશ્યકતાઓના કડક અમલ તથા અનુપાલન થાય તે જરૂરી હોઈ તેના કડક અમલ માટે ભારતીય નિર્વાચીન આયોગ દ્વારા પણ આ બાબતે જરૂરી આદેશો કરેલ હોઈ, હું એ. કે. રાકેશ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ જિલ્લામાં આવેલ મુદ્રણાલયોના મુદ્રકોને ઉકત કાયદાની જોગવાઈઓ મુજબ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવું છું.

(૧) કલમ ૧૨૭ (ક) (૧) ની જોગવાઈ મુજબ ચુંટણીને લગતા ચોપાનીયા, ભીંત પત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરવામાં આવે ત્યારે મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટપણે અવશ્ય દર્શાવવા.

(૨) ચુંટણી સંબંધી કોઈપણ ચોપાનીયા અથવા ભીંત પત્રો કે અન્ય સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં ઉકત કાયદાની કલમ ૧૨૭ (ક) (૨) ની જોગવાઈઓ મુજબ મુદ્રકે નિર્વાચીન આયોગ દ્વારા નક્કી થયેલા આ સાથેના જોડાણ (ક) મુજબના દરેક નમૂનામાં પ્રકાશક પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાનો રહેશે અને આ એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતની શાખ તરીકે સહીઓ કરવાની રહેશે. મુદ્રકે પોતે અધિકૃત કર્યા બદલ સહી કરી અન્ય માહિતી સાથે એકરાર પત્રની એક નકલ અત્રે મોકલી આપવાની રહેશે.

(૩) ઉપર મુદ્રા (૨) માં નિર્વાચીન આયોગના આદેશ મુજબ મુદ્રકે પ્રકાશકના એકરારનામા સાથે મુદ્રીત સામગ્રીની ચાર (૪) નકલો તેના મુદ્રણના ત્રણ દિવસની અંદર નિર્વાચીન આયોગ તરફથી નક્કી થયેલા આ સાથેના જોડાણ (ખ) મુજબના નમુનામાં મુદ્રકે છાપેલા દસ્તાવેજોની નકલોના સંખ્યા તેના મુદ્રણ કામ અંગે થયેલ ખર્ચની માહિતી વગેરે દર્શાવી મુદ્રકે સહી કરી અત્રેની કચેરીની ચૂંટણી શાખાને બીન ચૂક રજુ કરવાની રહેશે.

(૪) મુદ્રકે તેમણે છાપેલા ચૂંટણીના દરેક ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેની બાબતમાં આવા દરેક દસ્તાવેજના મુદ્રણના ત્રણ દિવસની અંદર આવી માહીતી સંયુકત રીતે નહી પણ અલગ અલગ રજુ કરવાની રહેશે.

(૫) કલમ ૧૨૭ (ક) ઉપર દર્શાવેલ જોગવાઈ અને નિર્વાચીન આયોગના આદેશ મુજબ આપવામાં આવેલ ઉપર્યુકત સુચનાઓનું દરેક મુદ્રકે ચુસ્તરીતે પાલન કરવાનું રહેશે અને જો તેનો ભંગ થશે તો કલમ ૧૨૭ (ક) (૪) ની જોગવાઈ મુજબ છ માસની સજા અગર રૂપિયા બે હજારના દંડ કે બંને સજાઓને પાત્ર રહેશે. આ ઉપરાંત ઉકત જોગવાઈઓ / સુચનાઓના ભંગ બદલ યોગ્ય જણાયે મુદ્રણાલયનું લાયસન્સ રદ કરવા પણ પગલાં ભરવામાં આવશે.

INDEX

Extra No. 19 REGISTEKED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY JANUARY 20, 1998 / PAUSA 30, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART—I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ ૩૭(૧)(છ) મુજબ.

નં. એમ.એ.જી./વશી/૪/૯૮.—આગામી લોકસભા તેમજ વિધાન સભાની સામાન્ય ચુંટણીઓના પ્રચાર દરમ્યાન પાટણ જિલ્લાના ગ્રામ્ય / શહેરી વિસ્તારોમાં આવેલા જાહેર મકાનો, ખાનગી મકાનો, માર્ગ, સાઈન બોર્ડ, માઈલ પત્થરો, વિ. નિ ચૂંટણી પ્રચારના કામે નિરંકુશ ઉપયોગ કરી જે તે સ્થળની શોભા બગાડી સુરૂચિનો ભંગ થાય તેવી શકયતા જણાય છે. ભારતના ચુંટણી પંચે પણ આ અંગે જરૂરી દિશા સૂચનો જારી કરેલ છે. આ પ્રવૃત્તિ પર અંકુશ રહે તે હેતુથી સાવચેતીનાં પગલાંની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, પુષ્પક ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) (છ) થી મને મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮ ના શુન્ય કલાકથી તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમે નહીં કરવાનું ફરમાવું છું.

(૧) કોઈ ઉમેદવાર (સંગઠન) સંસ્થા અથવા પક્ષ કે તેના અનુયાયીઓ / કાર્યકરો, સમર્થકો કે હમદર્દ એ ખાનગી મકાનના લેખિત પરવાનગી વિના સદર ખાનગી માલિકીની જમીન, મકાન, કમ્પાઉન્ડની દિવાલનો ચૂંટણી પ્રચાર ઝુંબેશ દરમ્યાન પોસ્ટર ચોંટાડવા, ચિત્રો લખવા, પ્રતિક ચીતરવા, ધ્વજ દંડ, ઉભા કરવા સુત્રો લખવા, પતાકા લટકાવવા, નોટીસો ચોંટાડવા, વગેરે માટે ઉપયોગ કરવો નહીં તેમજ પોતાના અનુયાયીઓને આવી છૂટ આપવી નહીં.

(૨) કોઈ ઉમેદવાર (સંગઠન) સંસ્થા અથવા પક્ષ કે તેના અનુયાયી (કાર્યકર) સમર્થક કે હમદર્દ કોઈપણ પ્રકારની જાહેર મિલકતોનો ચુંટણી પ્રચાર દરમ્યાન ઉપર જણાવેલ કાર્યો માટે ઉપયોગ કરી શકાશે નહીં.

જાહેર મિલ્કત એટલે જાહેર મકાનો, માર્ગો, મહત્ત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવવા સાઈન બોર્ડો, ધોરી માર્ગ પર માઈલ પત્થરો, રેલ્વે ફાટકના ચેતવણીના બોર્ડો, રેલ્વે પ્લેટફોર્મ, બસ ટર્મિનસના નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ હોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થશે.

આ હુકમનો કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સક્કો કરી આપ્યો.

પુષ્પક ભટ્ટ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ*૩૭(૧) મુજબ.

નં. એમ.એ.જી./વશી/૫/૯૮.—આગામી લોકસભા તેમજ વિધાન સભાની સામાન્ય ચુંટણીઓ તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે. વાસ્તે હું, પુષ્પક ભટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮ ના ૦૦-૦૦ થી તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબ કૃત્યો કોઈપણ ઈસમે નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાની કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવાં પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવા કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે, તેવા ચિત્રો, તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણ, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-શ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપ હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પુષ્પક ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 20

REGISTERED No. G-BA-14 E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, JANUARY 21, 1998 / MAGHA 1, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

વડોદરા જિલ્લામાં તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ યોજનાર ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે સ્થાનિક રજા જાહેર કરતું.

સ્થાનિક રજા અંગેનું જાહેરનામું

નંબર વીપી/ચૂંટણી/વશી/૧૨૦ થી ૧૩૧/૯૮.—મને મળેલ સત્તાની રૂએ, હું રાજીવકુમાર ગુપ્તા (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર વડોદરા નીચે જણાવેલ અનુસૂચિની વિગતો ગ્રામ પંચાયત મત વિભાગની સામાન્ય ચૂંટણીઓ માટે તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ થનાર મતદાનના દિવસે જે તે વિસ્તાર પુરતી તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ સ્થાનિક રજા જાહેર કરૂં છું.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	સ્થાનિક રજા જાહેર કરેલ વિસ્તાર ગ્રામ પંચાયતોના નામ	વિસ્તાર અથવા વોર્ડની વિગત તથા
૧	૨	૩	૪
૧	વડોદરા ...	પોર, સરાર, રણોલી, સીંધરોટ, ઈંટોલા તતારપુરા, અંકોડીયા, સોખડા, શેરખી પદમલા, રામનાથ, રમણગામડી, ચખોદ્રા, કાશીપુરા, કરચીયા, વડસાલા, ફાજલપુર (સા), ખાનપુર, સલાડ, લાલજીપુરા, દશરથ તથા અલ્હાદપુરા.	પંચાયતોમાં સમાવિષ્ટ તમામ ગામ વોર્ડોમાં.

INDEX

૧	૨	૩	૪
૨	પાદરા	... નરસિપુરા, નેદરા, પીડાપા, પીપળી, સાંઢા, સોખડારાઘુ, આંતી, વણછરા, ભોજ, ચોકારી, ગવાસદ, દણોલી, કણઝટ, કરખડી, કાંદા, મજાતણ તથા શહેરા.	સદર
૩	સાવલી	... બહુથા, ધન્તેજ, ઈન્દ્રાડ, લસુન્દ્રા, મોટીભાડોલ, નમીસરા, નાનીભાડોલ તથા વેમાર	સદર
૪	કરજણ	... મીયાગામ, હાંડોદ, કોલીયાદ, સામરા, કુરાઈ, પીંગલવાડા, સાંસરોદ, ગંધારા, સારીંગ, લાકોદરા, માંગલેજ, સણીયાદ, બામણગામ, ચોરંદા	સદર
		તથા શાહપુર ટીંબી	... ફક્ત વોર્ડ. ૫માં
૫	જેતપુરપાવી	... કંડા, કલારાણી, કોસુમ, ગેડીયા, વાવડી, બારાવાડા, બામરોલી, ભેસાવહી, મજીગામ, મોટાવાંટ, મોટીબુમડી, વાજપુર, બોરકંડા, કરજવાંટ, વાલોઠી.	પંચાયતમાં સમાવિષ્ટ તમામ ગામ તથા વોર્ડોમાં.
		મોરાડુંગરી	ફક્ત વોર્ડ. ૬ માં
૬	વાઘોડીયા	... તરસવા	પંચાયતમાં સમાવિષ્ટ તમામ વોર્ડમાં.

વડોદરા, તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૮.

રાજીવકુમાર ગુપ્તા,
જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra NO. 21 REGGISTERED No. GB-A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, JANUARY 27, 1998 / MAGHA 7, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૧) મુજબ.

નંબર પીઓએલ/વશી/૧૯૭ થી ૨૩૬ / ૯૮.—જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા આગામી લોકસભા/વિધાન-સભાની સામાન્ય ચૂંટણીઓ ૧૯૯૮ ને લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે હું, એમ. એસ. ડાગુર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૮ના શુન્ય કલાકથી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવા કે એકઠાં કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો સાથે લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનુ કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી :—

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા / અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા / સબ-ડીવીજનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા / એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીઓ શારીરીક મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીઓ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 28

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JANUARY 29, 1998 / MAGHA 9, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ ૩૭(૩) મુજબ.

નંબર એમ.એ.જી./વશી/૨૪/૯૮.-આગામી લોકસભા તેમજ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ માહે ફેબ્રુઆરી-માર્ચ,૧૯૯૮ માસમાં યોજાનાર હોઇ તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતા પાટણ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જાહેર સુલેહ શાન્તિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારૂ કોઇપણ મંડળી કે સરઘસોની મનાઇ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું, પુષ્પક ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨)ની કલમ-૩૭ (૩) મુજબ મને મેળલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લાના તમામ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮ના શુન્ય કલાક થી તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના ૨૪-૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાંત)ની મુદત માટે કોઇપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યકિતઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઇ સ્મશાનયાત્રાને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી મેળવેલ સમારંભ કે સરઘસને.

(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લઘંન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પુષ્પક ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 29

REGISTERED No.G-BA-14

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY.

Vol. XXXIX] THURSDAY, JANUARY 29, 1998 / MAGHA 9, 1919

Separate paging is given to each part of the Supplement to the CentralGazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ-જાહેરનામું-૩૭ (૧)-૯૮.—જિલ્લામાં આગામી દિવસોમાં લોકસભા/વિધાનસભાની ચૂંટણીઓ આવતી હોઈ વિવિધ રાજકીય પક્ષો, તરફથી કાર્યક્રમો યોજવામાં આવે છે. તેમજઆગામી દિવસોમાં ૨૬મી જાન્યુઆરી તથા ઈદ-એ-મિલાદનો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે :—

વાસ્તે, હું, એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૮ના ૦૦·૦૦ થી તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાંખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા ભેગા કરવાનું;

(૪) કોઈ સરઘસમાં અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું;

(૫) અપમાન અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, કે જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ;

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

(૩) કોઇ ધાર્મિક તહેવારોની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે આજારો વિગેરે લઇ જતા ખડૂતો

(૫) આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૧). હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા કે દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિમતનગર.

જાહેરનામું

મુંબઈ પોલસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)૯૮.— જિલ્લામાં આગામી દિવસોમાં લોકસભા વિલાનસભાની ચુંટણીઓ આવતી હોય વિવિધ રાજકીય પક્ષો તરફથી કાર્યક્રમો યોજવામાં આવે છે. તેમજ આગામી દિવસોમાં ૨૬મી જાન્યુઆરી તથા ઈદે-એ-મિલાદનો તહેવાર ઉજવવામાં આવનાર હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૪થી ફેબ્રુઆરી ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા સભા બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો. —આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોઇ તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતા ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) હેઠળ ભારતના ફોજદારી ચાધિનિયમની ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 33 REGISTERED No. G- BA -14-F

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, FEBRUARY 2, 1998 / MAGHA 13, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ -૩૩(૧) (ખ) મુજબનો હુકમ

ક્રમાંક પીઓએલ. ૪૮૫.- તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮થી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ દરમ્યાન સંતરામ મંદિર ખાતે મેળો ભરાનાર છે. આ મેળામાં જિલ્લાના તેમજ આજુબાજુના ધર્મપ્રેમીઓ મોટા પ્રમાણમાં એકઠા થવાની શક્યતા છે. આ અંગે નડીયાદ (શહેર)માં વાહન વ્યવહારની સરળતા માટે તથા ટ્રાફીક નિયમન માટે નડીઆદ ટાઉનના પો. ઈ. શ્રીએ દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, જયંત પરિમલ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ,ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂઈએ નડીઆદ શહેરમાં તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) વાહન વ્યવહારના નિયમ અને સરળતા માટે નીચે જણાવેલ તમામ જાહેરમાર્ગો ઉપરથી પસાર થતા વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૧. નવા એસ. ટી. સ્ટેન્ડ બહાર નીકળવાના વળાંકથી સંતરામ મંદિર તરફ જતો તમામ વાહન વ્યવહાર.

૨. પીજભાગોળ ચોકથી જયંત શાહ હોસ્પિટલ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

૩. માઇમંદિરથી નડીઆદ શહેર તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

૪. વૈશાલી સિનેમા રેલ્વે ગરનાળાથી નડીઆદ શહેરમાં આવતો તમામ વાહન વ્યવહાર.

૫. પીપલગ રેલ્વે ગરનાળાથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

૬. મહાગુજરાત હોસ્પિટલ ત્રણ રસ્તા તરફથી નડીઆદ શહેરમાં આવતો તમામ વાહન વ્યવહાર.

૭. રબારીવાડ ત્રણ રસ્તાથી ગ્લોબ સિનેમા તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

૮. ડુમરાલ બજાર તરફથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

૯. સંતરામ સોસાયટી, વકીલ સોસાયટી તરફથી ઓપન એર થીએટર તથા વિઠ્ઠલ કન્યા વિદ્યાલય તરફથી નડીઆદ શહેરમાં આવતો તમામ વાહન વ્યવહાર.

ઉપર જણાવેલ જાહેર માર્ગો પરથી પસાર થતા વાહનો નીચે જણાવ્યા મુજબના માર્ગો ઉપરથી પસાર કરવાનો રહેશે.

૧. નવા-જુના એસ. ટી. સ્ટેન્ડમાંથી નીકળતો તમામ વાહન વ્યવહાર જુના એસ. ટી. સ્ટેન્ડ (શ્રેયસનાળા) વળાંક થઇ રેલ્વે સ્ટેશન થઇ આર.ટી.ઓ. થઈ સોશ્યલ કલબ તરફ જશે.

૨. મહાગુજરાત હોસ્પિટલ ત્રણ રસ્તા તથા ડાકોર રોડ તરફથી આવતો તમામ વાહન વ્યવહાર કનીપુરાનાકા તરફ થઇ નડીઆદ શહેરમાં આવશે.

INDEX

૩. સંતરામ સોસાયટી, વકીલ સોસાયટી તરફથી આવતો તમામ વાહન વ્યવહાર પારસ સિનેમા કુવારા તરફ વિઠ્ઠલકન્યા વિદ્યાલય રોડ ઉપરથી પસાર થશે.

અપવાદ:- આ હુકમ રેવન્યુ, પોલીસ, ફાયરબીગેડ તથા એમ્બ્યુલન્સના વાહનોને લાગુ પડશે નહીં.

સદરહું જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) (છ) અન્વયેનો હુકમ

ક્રમાંક પીઓએલ-વશી-૫૩૨.- આગામી લોકસભા - વિધાનસભાની સામાન્ય ચુંટણી -૧૯૯૮ દરમ્યાન જિલ્લામા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઇ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) (છ) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરુરી જણાય છે.

વાસ્તે હું જયંત પરિમલ, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) (છ)થી મને મળેલ અધિકારની રુઇએ સમગ્ર ખેડા જિલ્લામા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮થી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

૧. જેનાથી સુરુચી તથા નીતીનો ભંગ થતો હોય અથવા રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું , નકલ કરવાનું.
૨. જેનાથી સુરુચી અથવા નિતીનો ભંગ તથા ચુંટણી કમિશ્નર દ્વારા જાહેર થયેલ આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોસ્ટરો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા વસ્તુ તૈયાર કરવાનું કૃત્ય.

વિસ્તાર : સમગ્ર ખેડા જિલ્લો.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૩)અન્વયેનો હુકમ

ક્રમાંક પીઓએલ-વશી-૫૭૮.- આગામી લોકસભા-વિધાનસભાની સામાન્ય ચુંટણી -૧૯૯૮ ધ્યાને લેતાં જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેનાં અવળા પ્રત્યાઘાતો ન પડે તે માટે સાવચેતીના પગલાં માટે ઉકત કાયદાની કલમ-૩૭ (૩)અન્વયેનું જાહેરનામું બહાર પાડવું જરુરી જણાય છે.

વાસ્તે હું જયંત પરિમલ, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩)થી મને મળેલ સત્તાની રુઇએ ફરમાવું છું કે સમગ્ર ખેડા જિલ્લામા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮થી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં, ચાર કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથો, તથા ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરી માં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫મા) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 34 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, FEBRUARY 2, 1998 / MAGHA 13, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

નંબર પી.ઓ.એલ./જાહેરનામું/૩૭(૧)/૯૮.-જિલ્લામાં આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણીઓ અંગે રાજકીય કાર્યક્રમો તેમજ વિવિધ કર્મચારી સંગઠનો દ્વારા અપાતાં કાર્યક્રમો આપવામાં આવતાં હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું અન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લા હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ટોટા, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

૨. પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાંખવાના ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા ભેગા કરવાનું.

૪. કોઈ સરઘસમાં અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો, પોકારવાનું અથવા અસ્લીલ ગાવાનું.

૫. અપમાન અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે જેનાથી સુરૂચિ અથવા અનિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો હાવ-ભાવ ચેષ્ઠા કરવાનું તથા પત્રો, પત્રિકોઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ :-

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,સબ ડીવિઝન મેજિસ્ટ્રેટશ્રી, એકઝી. મેજિસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીએ જે શારીરીક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

૨. સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

૩. કોઈ ધાર્મિક તહેવારોની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તે વિસ્તારના સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રીએ, એકઝી.મેજિસ્ટ્રેટશ્રીએ, અગાઉથી લેખીતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

૪. ખેતીના કામે ઓજારો વિગેરે લઈ જતાં ખેડૂતો.

૫. આ જાહેરનામાંનો ઉલ્લઘંન કરનાર અથવા કરાવનાર શખ્સો, ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ૧૩૫(૧)

INDEX

હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા કે દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, જિલ્લા હિંમતનગર.

જાહેરનામું

પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પી.ઓ.એલ./જાહેરનામું/૩૭(૩)/૯૮.-જિલ્લામાં આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણીઓ અંગે રાજકીય કાર્યક્રમો તેમજ વિવિધ કર્મચારી સંગઠનો દ્વારા અપાતાં કાર્યક્રમો આપવામાં આવતાં હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લા હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી જાન્યુ-આરી, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અથવા સભા બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :-

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય અથવા હોમગાર્ડ કે જેઓ ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજાર વિગેરે લઇ જતાં ખેડુતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) હેઠળ બારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, જિલ્લા હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 35

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, FEBRUARY 4, 1998 / MAGHA 15, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

નંબર યુ.એમ.કે.એસ.કે.-૬૩૩.- શ્રી સતીશકુમાર મદનલાલ શાહ, રહે. મહેતાપુરા, તાલુકો હિંમતનગર, જિ. સાબરકાંઠાના નામે નીચેની વિગતે રેતીકંકર ખનિજનું રીન્યુ કવોરીલીઝ તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૪ની અસરથી ત્રણ વર્ષની મુદત માટે મંજુર કરી કરારખત કરી આપવામાં આવેલ હતું.

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
સાબરકાંઠા	મોડાસા	સાયરા	માજુમ નદી પટ	૧-૦૦-૦૦ હેકટર

ઉપરોકત કવોરીલીઝની મુદત તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૭ના રોજ પુરી થયેલ છે. અને અરજદારે રીન્યુ અરજી કરેલ નથી. તેમજ સદર લીઝને ૧૨ વર્ષ કરતાં વધુ સમય ગાળો થયેલ હોઇ ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ના નિયમ ૧૮(બી)-૨ હેઠળ રીન્યુ. મંજુર કરી શકાય નહિ.

ઉકત હકીકત ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ ના નિયમો ના નિયમો ૧૮-૧(સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી અને સક્ષમ અધિકારીશ્રી ઉકત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણકામ કરવા માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૮.

એસ. એમ. એફ. બુખારી,
કલેકટર, સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 36

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, FEBRUARY 4, 1998 / MAGHA 15, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ.

નંબર આર્મ્સ/વશી/૬૧થી ૯૧/૯૮.- આગામી માહે ફેબ્રુઆરી, ૧૯૯૮ના માસમાં યોજાનાર લોકસભા/ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓનું સરળ અને શાંતિપૂર્ણ સંચાલન થઇ શકે તેમજ ચૂંટણીઓ દરમ્યાન કોઇ ધાક/ધમકીનું વાતાવરણ ઉભુ ન થાય અને જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે જળવાઇ રહે તે સારુ તકેદારીના પગલાં રુપે પરવાનાવાળા શસ્ત્રો તથા દારુગોળો જાહેરમાં સાથે રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવો ઇષ્ટ જણાય છે અને તેમ થતુ તાત્કાલિક અટકાવવા તથા ઝડપી ઉપાય યોજવાનું ઇચ્છનીય છે.

વાસ્તે હું, એમ.એસ.ડાગુર, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુએ આથી ફરમાવું છું કે મહેસાણા જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં કોઇપણ વ્યકિતએ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ના શુન્ય કલાક થી તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત)પોતાના હથિયાર પરવાના તળેના શસ્ત્રો તથા દારુગોળો જાહેરમાં પોતાની સાથે રાખી બહાર લઇ જઇ શકાશે નહી.

વધુમાં હું આદેશ કરું છું કે, સદરહું હુકમ નીચેની વ્યકિતને લાગુ પાડી શકાશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર સાથે રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા તરફથી પરવાના તળેનું હથિયાર સાથે રાખવા જો ખાસ કિસ્સામાં પરવાનગી અપાયેલ હોય તો તેવી વ્યકતિને.

ઉપરના હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 37

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, FEBRUARY 5, 1998 / MAGHA 16, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

પ્રાથમિક જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ,૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) ની કલમ (એમ) મુજબ.

નંબર એમ.એ.જી./વશી/૧૧૦૧/૯૮.-મુંબઇ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) ની કલમ (એમ) મુજબ બહાર પાડવા વિચારેલ જાહેરનામાનો ખરડો ઉકત કલમ-૩૩ની પેટા-કલમ (ક) મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તમામની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે, સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ થવાથી એક માસ પુરો થયા બાદ પાટણ જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ ઉકત ખરડો વિચારણામાં લેશે.

સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનો પુરો થયા પહેલાં આ હુકમ ખરડા સંબંધમાં કોઇપણ વ્યકિત તરફથી લેખીત સુચના અથવા વાંધાઓ પાટણ જિલ્લા મેજિસ્ટ્રેટને મળશે તેને વિચારણામાં લેવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો ખરડો

મુંબઇ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (એમ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ મોજે ઉપલીયાસરા તા. સમી ગામે આવેલ ગામની નજીકના ગામ તળાવ (જામ્બાળુ તળાવ) તથા સુદાસર તળાવમાંથી લોકો માછલાં મારવાની તેમજ પકડવાની પ્રવૃત્તિઓ કરે છે. આ પ્રવૃત્તિથી સદર તળાવનું પાણી ડહોળાઇ લોકોઉપયોગી રહેતું નથી. તથા ગામના અન્ય ધાર્મિક લોકોની ધાર્મિક લાગણી દુભાય છે. માછલાં મારનાર ઇસમોને રોકટોક કરતાં સુલેહ શાંતિનો ભંગ થવાની શકયતા હોઇ મજકુર બંને ગામ તળાવોમાંથી માછલાં મારવા તેમજ પકડવા ઉપર પ્રતિબંધ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું, એ. કે. રાકેશ, આઇ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (એમ) થી મને મળેલ સત્તાની રુઇએ મોજે (ઉપલીયાસરા) સમી ગામે આવેલ ગામ તળાવ (જામ્બાળુ તળાવ) તથા સુદાસર તળાવમાંથી માછલાં મારવા તેમજ પકડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

સદરહું હુકમનાં ભંગ કરનાર શખ્સને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 38 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] SATURDAY, FEBRUARY 7, 1998 / MAGHA 18, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૩)અન્વયેનું.

ક્રમાંક પીઓએલ-૯૪૫-૧૦૨૬.-આગામી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ માહે ફેબ્રુઆરી, ૧૯૯૮ના માસમાં યોજાનાર હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારું જિલ્લા પોલીસ વડાશ્રી, આણંદે તેમના તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૮ના પત્રથીકલમ-૩૭(૩) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિત જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેનાં અનુસંધાનમાં કોઇ પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. કે. શર્મા, (આઇ.એ.એસ.,) જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રુઇએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮થી તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં, ચાર કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં, અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથો, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં-હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ રોજ તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એ. કે. શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 39 REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, FEBRUARY 9, 1998 / MAGHA 20, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ -૩૭(૩)મુજબ.

નંબર એમ.એ.જી./વશી/૪૧/૯૮.-આગામી લોકસભા તેમજ વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં માહે ફેબ્રુઆરી-માર્ચ,૧૯૯૮ માસમાં યોજાનાર હોઈ તેમજ જિલ્લાની હાલના કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતા પાટણ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારુ કોઈપણ મંડળી કે સરઘસોની મનાઈ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે, હું પુષ્પક ભટ્ટ,અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર પાટણ જિલ્લાના તમામ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના શૂન્ય કલાકથી તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના ૨૪-૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાંત)ની મુદત માટે કોઈપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યકિતઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈ સ્મશાનયાત્રાને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ સભારંભ કે સરઘસને.
(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લઘંન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પુષ્પક ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 40

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, FEBRUARY 9, 1998 / MAGHA 20, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ડી.એ.) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૫૩૯/૯૮.-ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણી, ૧૯૯૮નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ વડોદરા શહેરમાં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ તેમજ મતગણતરી તારીખ ૮મી માર્ચ, ૧૯૯૮ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩/૧૦ ઈ. એસ. ૦૦૭/૯૪ જે. એસ.-૨/૫૨૧૯/ ૯૪, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ તેમજ સચિવાલય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક ઈએલસી-૧૦૯૮-૭૬(૨)-છ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, જાહેરાતના પાટીયા, બેનર્સ વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો દ્વારા જાહેરાતો અને અન્ય આનુષાંગિક બાબતો પાછળ મોટી રકમનો ખર્ચ કરવામાં આવે છે. ખાસ કરીને ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદ-વારો દ્વારા વિશાળ કટ-આઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ વિગેરે દ્વારા પૈસાની તાકાતનો આડંબરયુકત પ્રદર્શન કરવામાં આવે છે. ચૂંટણી દરમ્યાન પૈસાનું આ રીતનું આડંબરયુકત પ્રદર્શન રોકવા તેમજ અલ્પ નાણાકીય સાધનો ધરાવતા ઉમેદવારોને ગેરફાયદો ન થાય અને ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે. આથી કટ-આઉટ, જાહેરાતના પાટીયા, બેનર વિગેરે વિવેકપૂર્ણ રીતે ઉભા કરવામાં આવે તે જોવા માટે નિયત સુચનાઓ બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી આ બાબતમાં વિચારણાને અંતે નીચે પ્રમાણેની સુચનાઓ આપવામાં આવે છે.

જેથી હું, આર. એમ. એસ. બ્રાર (આઇ.પી.એસ.), પોલીસ કમીશનર, વડોદરા શહેર, ધી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ડી.એ.)થી મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, પોલીસ કમીશનર હકુમતવાળા વિસ્તારોમાં -

(અ) કટ-આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ વિગેરે કોઇપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહીં એટલે કે સરકાર, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલીટી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહી.

(બ) જો કટ-આઉટ, હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઇએ અને તોજ ખાનગી માલીકીની જગ્યાએ આવા કટઆ-ઉટ જાહેરાતપાટીયાં, બેનર વિગેરે મુકી શકાશે.

(૧) હોર્ડીંગ્સની સાઇઝ ૧૫ ફુટ X ૮ ફુટથી વધારે હોવી જોઇએ નહીં.

(૨) કટ-આઉટની ઉંચાઇ ૮ ફુટથી વધવી જોઇએ નહીં.

(૩) જે તે રાજકીય પક્ષ, ઉમેદવારે ખાનગી જગ્યામાં કટ-આઉટ, જાહેરાત પાટીયાં, બેનર વિગેરે મુકયા હશે તે જગ્યાના માલીકની લેખિત મંજુરી લીધેલી હોવી જોઇએ. આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી,

પોલીસ અધિકારી જયારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) કટ-આઉટ, જાહેરાત પાટીયાં, બેનર વિગેરે કોઇક સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જીલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અને પોલીસ કમિશનર, જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકેલ હોય તદ્દઅનુસાર ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાનો રહેશે.

(૬) ખાનગી મીલકતોમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકવા માટે સ્થાનીક કાયદાનુસાર સંબંધિત સત્તાધીકારીની પરવાનગીની જરુર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઇએ.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લઘંન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમની ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધી હુકમની તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારી આપેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 41

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, FEBRUARY 10, 1998 / MAGHA 21, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ ૩૩(૧) (થ) મુજબ.

નંબર પી.ઓ.એલ./વશી/૧૧૧૮/૧૧૬૭/ ૯૮.–આગામી લોકસભા/ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ માટે ફેબ્રુઆરી, ૧૯૯૮ના માસમાં યોજાનાર હોઇ આણંદ જિલ્લામાં ચૂંટણીઓ દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ-સ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, એ. કે. શર્મા (આઇ. એ. એસ.), જિલ્લા મેજિ-સ્ટ્રેટ, આણંદ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(થ) ની મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લાના તમામ શહેરી, તથા ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમો :

૧. કોઇપણ વ્યક્તિને સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહીં.

૨. લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પર-વાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફકત સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધીજ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકસાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે. અને પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. લાઉડસ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહુ કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઇપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ અગર ઉલ્લઘંન કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૫)(૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહીતાની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એ. કે. શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧)(છ) અન્વયેનો હુકમ.

નંબર પી.ઓ.એલ./વશી/૧૧૬૮/૧૨૫૦/ ૯૮.–આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ દરમ્યાન જિલ્લામાં કાયદો

INDEX

અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧)(છ) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. કે. શર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)(છ) થી મળેલ અધિકારની રુઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાના મનાઈ ફરમાવું છું.

૧. જેનાથી સુરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા રાજયની સલામતિ જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

૨. જેનાથી સુરુચિ અથવા નિતીનો તથા ચૂંટણી કમિશનર દ્વારા જાહેર થયેલ આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો પોસ્ટરો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા વસ્તુ તૈયાર કરવાનું કૃત્ય.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો :

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એ. કે. શર્મા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 42 REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, FEBRUARY 10, 1998 / MAGHA 21, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો.

આદેશ

નંબર પીઓએલ / ૧૦૬૮ / ૧૧૧૭ / ૯૮.-આગામી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચુંટણી માહે ફેબ્રુઆરી, ૧૯૯૮ના માસમાં યોજાનાર હોઇ તે દરમ્યાન જિલ્લામાં શાંતી જળવાઇ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી આંણદ (દ)નાએ તેમના તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૮ના પત્રથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું આઈ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આંણદ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આંણદ જિલ્લામાં તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ (બંને દિવસે સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

૧. હથીયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

૨. કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

૩. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

૪. જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા પત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કામ કરતી કોઇપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથીયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીના સિકકો કરી આપ્યો.

આઇ. કે. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 43

REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, FEBRUARY 10, 1998 / MAGHA 21, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ -૩૩(૧)અન્વયેનો હુકમ.

નંબર પી.ઓએલ-વશી-૭૨૯.-તારીખ, ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ રણછોડજી મંદિર ડાકોર ખાતે મહાસુદ પુનમનો મેળો ભરાનાર છે. આ મેળામાં સમગ્ર ગુજરાતમાંથી લોકો આવતો હોય છે. જેમાં વાહનો લઇ આવનાર લોકો વાહનો આડેધડ પાર્ક કરતા હોવાથી આમ જનતા તથા યાત્રીકોને હાલાકી ભોગવવી પડે છે. જેથી ટ્રાફીકના નિયંત્રણ માટે ઉક્ત કાયદાની કલમ-૩૩(૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું. ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ -૩૩(૧)થી મને મળેલ સત્તાની રુઇએ તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮ તથા તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ એમ બંને દિવસોમાં ડાકોર નગરપાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ :- સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન, એસ. ટી. બસ તથા હાઇવે ઉપરથી પસાર થતા વાહનોને લાગુ પડશે નહીં.

શિક્ષા :- આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર ઇસમને સને ૧૯૫૧ના બી.પી.એક્ટની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 44

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, FEBRUARY 11, 1998 / MAGHA 22, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ,૧૯૫૧ના ૨૨માંની કલમ ૩૩(૧)(થ) મુજબ.

નંબર પી.ઓ.એલ./વશી/૬૭૫/૯૮.-આગામી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ માહે ફેબ્રુઆરી, ૧૯૯૮ દરમ્યાન યોજાનાર હોઇ ખેડા જિલ્લામાં ચૂંટણી દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, જયંત પરિમલ (આઇ. એ. એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(થ) ની મળેલ સત્તાની રુઇએ ખેડા જિલ્લાના તમામ શહેરી, તથા ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૮ સુધી રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમો :

૧. કોઇપણ વ્યકિતકે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહીં.

૨. લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફકત સવારના ૬-૦૦ કલાક થી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધીજ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકસાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે. અને પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. લાઉડ્ડસ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહુ કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઇપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ અગર ઉલ્લઘંન કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (ખ)(૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહીતાની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 45

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, FEBRUARY 11, 1998 / MAGHA 22, 1919

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો.

આદેશ

નંબર પીઓએલ/વશી/૭૨૧/૯૮.-આગામી લોકસભા/ વિધાનસભાની સામાન્ય ચૂંટણી, ૧૯૯૮ દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઇ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. એચ. શાહ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૮ (બંને દિવસે સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

૧. હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

૨. કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું,

૩.મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

૪. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી બીભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

૫. જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર : સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથીયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથીયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીના સિકકો કરી આપ્યો.

આઇ. કે. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 60

REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, FEBRUARY 26, 1998 / PHALGUNA 7, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા દ્વારા.

નંબર એમએજી/વશી/૪૩૯/૯૮.-આગામી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ-૧૯૯૮ તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને લેતાં મહેસાણા જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારૂં કોઇપણ મંડળીની કે સરઘસોની મનાઇ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ડાગુર (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના શુન્ય કલાકથી તા. ૭મી માર્ચ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી(બંને દિવસો સુધ્ધાંત)ની મુદ્દત માટે કોઇપણ સરઘસ કે સભા માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હાજર હોય તેવી વ્યકિતઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઇ સ્મશાનયાત્રાને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવેલ સમારંભ, સરઘસને કે સભાને.

(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ તથા ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

INDEX

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ.

નંબર એમએજી/વશી/૧૦૫૭ થી ૧૧૦૭/૯૮.—આગામી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૮ના કામે ૧૨-મહેસાણા લોકસભા મત વિભાગ અને ૮૦-કલોલ/૮૧-કડી/૮૨-જોટાણા/૮૩-મહેસાણા/૮૪-માણસા/૮૫-વિજાપુર/૮૬-વિસનગર વિધાનસભા મત વિભાગોની મત ગણતરી તા.૨૭ માર્ચ, ૧૯૯૮ના રોજ સવારના ૮-૦૦ કલાકથી નીચેના સ્થળે હાથ ધરવામાં આવનાર છે અને તમામ મતોની ગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાલુ રહેનાર છે.

અ.નં.	મત ગણતરી વિભાગ	મત ગણતરી સ્થળ
૧.	૧૨-લોકસભા મત વિભાગ માટે.	સી.આઇ.એસ.એફ. ડોરમેન્ટ્રી કોમ્પ્લેક્ષ આંબેડકર સ્ટેડીયમ પાસે,
૨.	૮૦-કલોલ, ૮૧-કડી, ૮૨-જોટાણા, ૮૩-મહેસાણા, ૮૪-માણસા, ૮૫-વિજાપુર, ૮૬-વિસનગર, વિધાનસભા મત વિભાગ.	ઓ.એન.જી.સી. કોલોની, પાલાવાસણા-મહેસાણા.

ઉપરોકત સ્થળે મત ગણતરી સરળ અને શાંતિપુર્ણ રીતે થાય અને તેમાં કોઇ અવરોધ પેદા થાય નહીં તે માટે તેમજ મત ગણતરીના ઉપરોકત સ્થળે જુદા જુદા પક્ષના લોકો/ટેકેદારો/કાર્યકરો એકઠાં થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષો ન થાય તથા જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ મત ગણતરીના ઉપરોકત સ્થળો તેની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધુ માણસોએ ભેગા નહીં થવા માટે તેમજ મત ગણતરીના કામે ઉપયોગમાં લેવાનાર સ્થળે આવેલા મકાનોમાં બિનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓએ દાખલ થાય નહીં તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, એમ.એસ. ડાગુર, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સતાની રૂએ આથી ફરમાવું છું કે, તા. ૧લી માર્ચ, ૧૯૯૮ના શુન્ય કલાકથી મત ગણતરીની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ અંગે મત ગણતરીની કામગીરી માટે આ જિલ્લાના ઉપર મુજબના સ્થળે કોમ્પ્લેક્ષને આવરી લેતી કોલોનીની બાઉન્ડ્રી વોલ/ફેન્સીંગથી ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં તેમજ ઉપરોકત સ્થળે મત ગણતરીના કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની અંદર બિનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓએ પ્રવેશ કરવો નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) લોકસભા/વિધાનસભા ચૂંટણી અંગેની મત ગણતરીની કામગીરીમાં ચુંટણી અધિકારી/જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારીશ્રી, કર્મચારી તથા હોમગાર્ડોને.

(૩) લોકસભા/વિધાનસભાની ચૂંટણીના હરિફ ઉમેદવાર તથા તેમના અધિકૃત ચૂંટણી એજન્ટને.

(૪) મત ગણતરી માટે હરિફ ઉમેદવારોના મત ગણતરી એજન્ટો કે જેમને સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી તરફથી પ્રમાણીત કરવામાં આવેલ હોય તેમને.

(૫) ચૂંટણી અધિકારીશ્રી/જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા રાજ્ય ચૂંટણી પંચ તથા ભારત સરકારના ચુંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

(૬) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ/જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

સદરહુ હુકમના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો છે.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 61 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] FRIDAY, FEBRUARY 27, 1998 / PHALGUNA 8, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/૧૦૬૦/૯૮.-તારીખ ૨૭ માર્ચ, ૧૯૯૮ના રોજ લોકસભા/વિધાનસભા સમકાલીક ચૂંટણીઓ ૧૯૯૮ની મતગણતરી આઇ. બી. પટેલ કોમર્સ કોલેજ, નડીયાદ ખાતે કરવાની છે. ચૂંટણીના પરીણામો જાણવા માટે મોટી સંખ્યામાં માણસો એકત્ર થવાની શકયતા છે. જેના કારણે તંગદીલીભર્યું વાતાવરણ સર્જાય અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શકયતા છે. જેથી કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં લેવા જરૂરી જણાય છે આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતું કારણ છે.

વાસ્તે હું, જયંત પરિમલ, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪થી મને મળેલ સતાની રૂએ આઇ. બી. પટેલ કોમર્સ કોલેજ, નડીયાદની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં તા. ૨૭ માર્ચ, ૧૯૯૮થી મતગણતરીની કાર્યવાહી પુરી થાય ત્યાં સુધી કોઇપણ ઇસમને પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. તેમજ આ સમય દરમ્યાન (૧) ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે ભેગા થવું નહીં, (૨) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા નહીં, (૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી કોઇ અફવા ફેલાવવી નહીં, (૪) કોઇપણ વ્યકિતએ લાઠી અગર ઇજા થાય તેવા કોઇ હથિયાર સાથે ફરવું નહીં.

અપવાદ : આ સ્થળે ફરજ બજાવતા સરકારી માણસોને આ હુકમ લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર કોઇપણ વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 62 REGISTERED No. G- BA -14-E

©

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, MARCH 2, 1998 / PHALGUNA 11, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે હુકમ.

આ દે શ

નંબર પીઓએલ/વશી/૧૬૩૨/૯૮.- આગામી તા. ૨૮મા ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. અને મત ગણતરીની કાર્યવાહી તા. ૨૭ માર્ચ, ૧૯૯૮ના રોજ સવારના ૮-૦૦ કલાકથી શરૂ થનાર છે. મત ગણતરી વિદ્યાનગર મુકામે નલીની એન્ડ અરવિંદ આર્ટસ કોલેજ તેમજ બી.જે.વી.એમ. કોલેજમાં થનાર છે. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં વાહનોની અવર-જવર રહે છે. મત ગણતરીના કારણે હજારોની સંખ્યામાં માણસો આવવાની શકયતા છે. જેથી મત ગણતરીમાં ખલેલ કે કોઇ વિઘ્ન ન નડે અને રોજ બરોજનું માનવ જીવન સામાન્ય રીતે ચાલતુ રહે તે માટે નીચે મુજબના રસ્તાઓ બંધ કરવા તથા ટ્રાફીક બીજા રસ્તા તરફ વાળવામાં આવે છે.

વાસ્તે હું, આઇ. કે. પટેલ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)થી મને મળેલ સત્તાની રૂએ તા. ૧લી માર્ચ, ૧૯૯૮થી તા. ૩જી માર્ચ, ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાંત) સમગ્ર સમય દરમ્યાન વાહનોના નિયમન અંગે નીચે મુજબ હુકમ ફરમાવું છું.

૧. ભાઇકાકા સ્ટેચ્યુથી નાના બજાર, ચાર રસ્તા થઇ રઘુવીર ચોમ્બાર તરફ જતો રોડ, કલા કેન્દ્ર કોલેજના ખાંચાથી યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ સુધીનો રસ્તો બંધ કરવામાં આવે છે.
૨. રઘુવીર ચોમ્બાર ચાર રસ્તાથી યુનિવર્સિટી તરફ જતા રસ્તા ઉપર ચોકડી પાસે તથા ભાઇકાકા લાયબ્રેરી સુધીનો રસ્તો વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવે છે.
૩. વિદ્યાનગર કોલેજ બસ સ્ટેન્ડથી બી.જે.વી.એમ. કોલેજ તરફ આવતો રસ્તો એચ. એમ. પટેલ બેડમિન્ટન હોલથી વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવે છે.
૪. નાના બજાર તરફથી નલીની આર્ટસ કોલેજ તરફ આવતો રસ્તો બેંક ઓફ બરોડા પાસેથી વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવે છે.
૫. ન્યુ હોસ્ટેલ તથા નીલગીરી હોસ્ટેલ તરફથી આવતો રસ્તો બંધ કરવામાં આવે છે.
૬. મત ગણતરીના બંને કોલેજના મકાનો પાછળથી પસાર થતો મ્યુઝિયમ બીલ્ડીંગ વાળો રસ્તો બેરીકેટીંગ માટે વાહન વ્યવહાર બંધ કરવામાં આવે છે.

ઉપરોકત રસ્તાઓ બંધ કરતાં જે ટ્રાફીક આ રસ્તાઓ પરથી પસાર થનાર હતો અને જે રાહદારીઓને રઘુવીર ચોમ્બાર તરફ જવુ હોય તેઓ ભાઇકાકા સ્ટેચ્યુથી મોટા બજાર ચોકડી થઇ પોલી ટેકનીક કોલેજ થઇ રઘુવીર ચોમ્બાર થઇ જઇ શકાશે.

અપવાદ : સરકારી વાહનો, ફાયર બ્રિગેડના વાહનો એમ્બ્યુલન્સ વાહનને આ આદેશ લાગુ પડશે નહીં.

શિક્ષા : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આઇ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 63 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, MARCH 3, 1998 / PHALGUNA 12, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/વશી/૧૧૫૭/૯૮.- આગામી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ની મત ગણતરી ધ્યાને લેતાં જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અવળા પ્રત્યાઘાતો ન પડે તે માટે સાવચેતીના પગલા માટે ઉકત કાયદાની કલમ-૩૭(૩) અન્વયેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, જયંત પરિમલ, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર ખેડા જિલ્લામાં તા. ૨જી માર્ચ, ૧૯૯૮થી તા. ૭મી માર્ચ, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં, ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસા : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથો, તથા ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ પર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 64

REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, MARCH 3, 1998 / PHALGUNA 12, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/૧૧૦૧/૯૮.-તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ લોકસભા-વિધાનસભા સમકાલીક ૧૯૯૮ની ચૂંટણી સંદર્ભમાં જિલ્લામાં નિયત મતદાન મથકોએ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી મતદાનના દિવસે સરળતાથી થાય, હીત ધરાવતા તત્વો મતદાન પર ચોકકસ એકતરફી અસર ઉપજાવી ન શકે તેમજ મતદારો શાંતિપૂર્વક મતદાન કરી શકે અને મતદાન શાંત અને એખલાસભર્યા વાતાવરણમાં પુરૂં થાય તે માટે જેથી જિલ્લાના તમામ મતદાન મથકોના સ્થળોને નીચે મુજબના હુકમ નીચે આવરી લેવા ઇષ્ટ અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ખેડા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ જિલ્લાના તમામ મતદાન મથકથી

(અ) ૧૦૦ મીટરના ત્રિજ્યામાં,

૧. કોઇપણ પ્રકારનો સીધો કે આડકતરો રાજકીય પ્રચાર-પ્રસાર કરવો નહીં.
૨. કોઇપણ પ્રકારના વાહનો (સરકારી ફરજો સિવાયના) લાવવા નહીં.
૩. મતદારને સીધી કે આડકતરી રીતે અસર કરે તેવા કોઇ લારી ગલ્લા ખુલ્લા રાખવા નહીં.

(બ) ૨૦૦ મીટરની ત્રિજ્યામાં.

૧. મતદારને અસર કરે તેવો ચૂંટણીનો સીધો કે આડકતરો પ્રચાર-પ્રસાર કરવો નહીં તેવી કોઇ ચેષ્ટા કરવી નહીં.
૨. મોબાઇલ ફોન, સેલ્યુલર પેજર જેવા તાત્કાલીક સંદેશા વ્યવહારના ઉપકરણો લાવવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર કોઇપણ વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 65 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, MARCH 4, 1998 / PHALGUNA 13, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશ્નર દ્વારા

જા હે ર ના મું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ ધારાની કલમ ૩૬(ક) મુજબનો હુકમ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૨૩૦/૧૯૯૮ વડોદરા શહેરમાં આગામી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણી તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ થવાની છે. અને તે અંગે મતદાન તથા મત નોંધણી કરવા વિવિધ મતદાન મથકો ખોલવામાં આવેલ છે.

મોટા ભાગના મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા સારૂ મોટી સંખ્યામાં મતદાન કરવા મતદાન મથકો ઉપર એકઠા થશે. જેથી મતદાન મથકો ઉપર ભીડ રહેવા સંભવ છે. જેથી મતદાન મથકો અને એની આજુબાજુના વિસ્તારમાં વ્યવસ્થા જાળવવાની જરૂરીયાત છે.

વાસ્તે હું, આર.એમ.એસ. બ્રાર, (આઇ).પી.એસ.) પોલીસ કમિશ્નર વડોદરા શહેર, સને ૧૯૫૧ના, મુંબઇ પોલીસ ધારાની પેટા કલમ-૩૬(ક) મુજબ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સદર ચૂંટણીમાં સઘળા મતદારો,

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી ૨૧-૦૦ સુધી.

૧. દરેક મતદાર મતદાન મથકમાં પ્રવેશ દ્વાર પાસે હારમાં ઉભા રહેશે.
૨. દરેક મતદાર મતદાન મથકમાં પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થશે.
૩. મતદાન કર્યા પછી તાત્કાલીક મતદાન મથક છોડી જશે.
૪. કોઇપણ વાહન પોલીંગ બુથમાં કોર્પોરેશન હદ વિસ્તારમાં ૧૦૦ મીટર વાડની અંદર તથા ગ્રામ પંચાયત વિસ્તારમાં ૨૦૦ મીટર વાડની અંદર પ્રવેશ કરશે નહીં. સિવાય કે ફરજ પરના અધિકારીનું વાહન.

મેં આજ તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ- ૩૭(૧)(૩) મુજબ

ક્રમાંક એસબી/ઉગપક/જાહેરનામું/૧૨૪૩/૯૮.- વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળ લોકસભા/વિધાનસભા-૧૯૯૮ની ચૂંટણીની મત ગણતરી ફેકલ્ટી ઓફ કોમર્સ તથા પોલીટેકનીક કોલેજ એમ.એસ. યુનિવર્સિટી ખાતે તા. ૨૭ માર્ચ, ૧૯૯૮ના રોજ થનાર હોય આ વિસ્તારમા જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, આર.એમ.એસ. બ્રાર, (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર વડોદરા શહેરના મુંબઇ પોલીસ અધિનિયમ સને, (૧૯૫૧ના ૨૨માં)અધિનિયમની કલમ- ૩૭(૧)(૩)થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૨૭ માર્ચ, ૧૯૯૮થી કલાક ૦૦-૦૦થી તા. ૪થી માર્ચ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થઇ શકે નહીં, અગર સભા ભરવી કે બોલાવવી નહીં(તેમજ કોઇ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળ (૧)ફેકલ્ટી ઓફ કોમર્સ એમ. એસ. યુનિ. તથા પોલીટેકનીક કોલેજ ઓફ એમ.એસ. યુનિ.ની બીલ્ડીંગથી ૨૦૦ મીટર ચતુ:સીમા વિસ્તારમાં માણસોએ ભેગા થવું નહીં.

ખુલાસો : રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમમાંથી લોકસભા/વિધાનસભા મત ગણતરીના કક્ષમાં ઇનર કોર્ડન અથવા આઉટર કોર્ડનમાં ફરજ પરનાં માણસો મત ગણતરી પ્રક્રિયામાં રોકાયેલ અધિકારી, ઉમેદવારો, એજન્ટો, મુખ્ય ચૂંટણી અધિકારીઓ અથવા રીટર્નીંગ અધિકારીઓ સહી અને મહોર લગાડેલ પાસ ધરાવતા માણસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ની મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારત સરકારના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 66 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, MARCH 4, 1998 / PHALGUNA 13, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/૯૮.-જિલ્લામાં આગામી તા.૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ લોકસભા/વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. તથા મતદાન થનાર છે અને તા. ૨૭ માર્ચ, ૧૯૯૮ના રોજ મત ગણત્રી થનાર હોઇ તેમજ ચૂંટણી દરમ્યાન વિવિધ પક્ષો તરફથી ચૂંટણી પ્રચારના કાર્યક્રમો ચાલતા હોઇ તથા જિલ્લામાં તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ શિવરાત્રીનો તહેવાર ઉજવવામાં આવનાર હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તાકેદારીના પગલા રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, એન.કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા.૮મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઇ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે ફરવાનું.
૨. પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.
૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાનું, કરવાનું કે એકઠા કરવાનું તથા ભેગા કરવાનું.
૪. કોઇ સરઘસમાં અથવા તેનું શબ આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અસ્લીલ ગાવાનું.
૫. અપમાન અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, કે જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો, હાવ-ભાવ ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કેરલ કોઇપણ અધિકારીએ જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.
૨. સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઇ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

INDEX

૩. કોઇ ધાર્મિક તહેવારોની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિ.શ્રીએ અથવા તે વિસ્તારના સબ ડીવી. મેજિ.શ્રીએ, એકઝી. મેજિ.શ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

૪. ખેતીના કામે ઓજારો વિગેરે લઇ જતાં ખેડુતો.

૫. આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો, ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિ.ની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા કે દંડને પાત્ર થશે.

મેં આજ તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/૯૮.- જિલ્લામાં આગામી તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ લોકસભા/વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે, તથા મતદાન થનાર છે. અને તા. ૨૭ માર્ચ, ૧૯૯૮ના રોજ મત ગણતરી થનાર હોઇ તેમજ ચૂંટણી દરમ્યાન વિવિધ પક્ષો તરફથી ચૂંટણી પ્રચારના કાર્યક્રમો ચાલતા હોઇ તથા જિલ્લામાં તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ શિવરાત્રીનો તહેવાર ઉજવવામાં આવનાર હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું એન.કે. ડામોર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦થી તા. ૮મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં, અથવા સભા બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય અથવા હોમગાર્ડ કે જેઓ ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજાર વિગેરે લઇ જતા ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 67 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 5, 1998 / PHALGUNA 14, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે બહાર પાડેલ.

નંબર એમએજી/જાહેરનામું/વશી/૨૧૨૭ થી ૨૨૫૦/૯૮.-આગામી તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ લોકસભા તથા વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. અને તા. ૨૭ માર્ચ, ૧૯૯૮ના રોજ મત ગણતરી થનાર હોઇ રાજકીય પ્રવાહને અનુલક્ષીને સદરહું સમય દરમ્યાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી વડોદરા (શહેર)ના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર (ગ્રામ્ય) વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવા અત્યંત જરૂરી હોઇ વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાય છે, તેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઇ '૨૨'માં)ની કલમ-(૩)થી મને મળેલ સત્તાની રૂઇએ હું સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારોમાં તા. ૨૭ માર્ચ, ૧૯૯૮ના ૦૦-૦૦ કલાકથી તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન :

(૧) ચાર કરતા વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
(૨) સભા ભરવી નહીં કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ.
(૨) કોઇ લગ્નના વરઘોડાને.
(૩) ફરજ પર હાજર હોય તેવી ગ્રામ રક્ષક દળની વ્યકિતઓને.
(૪) કોઇપણ સ્મશાનયાત્રાને.
(૫) કોઇપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, સંબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી, સંબંધિત મામલતદારએ સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અને સત્તામંડળનો(નગરપાલીકા/ ગ્રામ પંચાયત/મહાનગર પાલીકા)નો અભિપ્રાય મેળવી સંબંધિત હકુમત વિસ્તાર માટે પરવાનગી આપવાની રહેશે.

આ હુકમના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના (સને ૧૮૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી/સિકકો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 68 REGISTERED No. G- BA -14-F

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] SATURDAY, MARCH 7, 1998 / PHALGUNA 16, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

લોકસભા/વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૧૯૯૮ અન્વયે ઝોનલ અધિકારીશ્રીઓને સી.આર.પી.સી. ની કલમ-૧૪૪ અન્વયે અધિકારો આપવા અંગે.

નંબર એમએજી/વશી/૧૨૧૮ થી ૧૩૧૮/૯૮.- આગામી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૧૯૯૮ અન્વયે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા ઝડપી પગલાં લેવા સારૂં આ સાથે સામેલ અનુસૂચિ (૧) થી (૭)માં જણાવેલ ઝોનલ અધિકારીશ્રીઓને તેમના સંબંધિત વિધાનસભા મત વિભાગ પુરતા 'કાર્યપાલક મેજિસ્ટ્રેટ' તરીકે નીમવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ડાગુર, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા, નામદાર સરકારશ્રી વતી અને તેની બહાલીની અપેક્ષાએ ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (૧૯૭૪નો ૨ જો)ની કલમ ૨૧ અન્વયે તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮થી તા. ૧લી માર્ચ, ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાંત)ના સમય માટે તેમને નિમણુંક આપેલ વિધાન સભા મત વિભાગ પુરતા 'કાર્ય પાલક મેજિસ્ટ્રેટ' તરીકે નીમીને સી.આર.પી.સી. ની કલમ-૧૪૪ ના અધિકારો આપવામાં આવે છે.

વિધાનસભા મત વિભાગનું નામ	અનુસૂચિ નં.
૮૦-કલોલ વિધાનસભા મત વિભાગ.	૧
૮૧-કડી વિધાનસભા મત વિભાગ.	૨
૮૨-જોટાણા વિધાનસભા મત વિભાગ.	૩
૮૩-મહેસાણા વિધાનસભા મત વિભાગ.	૪
૮૫-વિજાપુર વિધાનસભા મત વિભાગ.	૫
૮૬-વિસનગર વિધાનસભા મત વિભાગ.	૬
૮૭-ખેરાલુ વિધાનસભા મત વિભાગ.	૭

INDEX

અ નુ સૂ ચિ - ૧

લોકસભા/વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૧૯૯૮ અન્વયે ૮૦-કલોલ વિધાનસભા મત વિભાગ માટે નિમાયેલ ઝોનલ અધિકારીશ્રીઓને 'કાર્યપાલક મેજિસ્ટ્રેટ' તરીકેના અધિકારો આપવામાં આવેલા તેની વિગત દર્શાવતું પત્રક.

અનુ.નંબર ૧	ઝોનલ અધિકારીનું નામ ૨	ઝોનલ અધિકારીનો હોદ્દો ૩
(૧)	શ્રી જે. બી. ચૌધરી.	મદદનીશ નિયામકશ્રી, (બાગાયત) મહેસાણા.
(૨)	'' કે. સી. પરમાર.	અધિક મદદનીશ ઇજનેરશ્રી, ધરોઇ ડેમ મુખ્ય ડીવીઝન, ધરોઇ કોલોની, ધરોઇ.
(૩)	'' એ. વી. આગલોડીયા.	આસી. એજ્યુકેશન સાઇન્ટીસ્ટ એગ્રીકલ્ચર, વિજાપુર.
(૪)	'' એચ. એમ. પટેલ.	આસી. મીકેનીકલ એન્જીનીયરશ્રી, તાલુકા પંચાયત, વિજાપુર.
(૫)	'' કે. એ. પટેલ.	એકઝીકયુટીવ એન્જીનીયરશ્રી, નર્મદા પ્રોજેકટ ૪/૪/ઇ, ડીવીઝન, મહેસાણા.
(૬)	'' એ. કે. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, ધરોઇ કેનાલ સબ ડીવીઝન-૬, વડનગર.
(૭)	'' કે. વી. ડાભી.	ચીફ ઓફીસરશ્રી, વિસનગર નગરપાલીકા.
(૮)	'' પી. એસ. શાહ.	સેલ્ટેક્ષ ઓફીસરશ્રી, વિજાપુર.
(૯)	'' પી. વી. વોરડ.	મદદનીશ અધિક્ષકશ્રી, મત્સ્યોદ્યોગની કચેરી, મહેસાણા.
(૧૦)	'' એચ. એમ. રાઠોડ.	નાયબ ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેકટ ૧/૩/એ, કડી.
(૧૧)	'' પી. જે. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેકટ ૪/૩, કડી.
(૧૨)	'' કે. એસ. પટેલ.	નાયબ ઇજનેરશ્રી ધરોઇ ડેમ ડીવીઝન ધરોઇ કોલોની ધરોઇ.
(૧૩)	'' એસ. પી. પટેલ.	મદદનીશ સંશોધન અધિકારીશ્રી, લાડોલ.
(૧૪)	'' પી. જી. પંડયા.	અધિક મદદનીશ ઇજનેરશ્રી, તાલુકા પંચાયત, પાતાળ કુવા, વિજાપુર.
(૧૫)	'' એસ. એ. પટેલ.	જુનિયર ઇજનેરશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, ખેરાલુ.

અ નુ સૂ ચિ - ૨

લોકસભા/વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૧૯૯૮ અન્વયે ૮૧-કડી વિધાનસભા મત વિભાગ માટે નિમાયેલ ઝોનલ અધિકારીશ્રીઓને આપવામાં આવેલ 'કાર્યપાલક મેજિસ્ટ્રેટ' તરીકેના અધિકારોની વિગત દર્શાવતું પત્રક.

અનુ.નંબર ૧	ઝોનલ અધિકારીનું નામ ૨	ઝોનલ અધિકારીનો હોદ્દો ૩
(૧)	શ્રી પી. એ. સોલંકી.	મદદનીશ સંશોધન અધિકારીશ્રી, એગ્રીકલ્ચર ખાતું, વિજાપુર.
(૨)	'' જે. જે. પટેલ.	મદદનીશ ઇજનેરશ્રી, તાલુકા પંચાયત, ખેરાલુ.
(૩)	'' એમ. એમ. પટેલ.	મદદનીશ સંશોધન અધિકારીશ્રી, લાડોલ.
(૪)	'' એચ. ડી. વાઘેલા.	મદદનીશ ખેતીવાડી નિયામકશ્રી, (અધિક) વિજાપુર.
(૫)	'' એમ. કે. પટેલ.	મદદનીશ ખેતીવાડી નિયામકશ્રી, પીલવઇ.
(૬)	'' એલ. એ. પરમાર.	નાયબ ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેકટ સબ ડીવીઝન ૩/૧૧ કલોલ.
(૭)	'' જે. બી. પરમાર.	સેલ્ટેક્ષ ઓફીસરશ્રી, વિસનગર.
(૮)	'' ટી. આર. યાદવ.	મદદનીશ ખેતીવાડી નિયામકશ્રી, ખેતીવાડી ઓફીસ, મહેસાણા.
(૯)	'' વી. જી. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, ધરોઇ ફીલ્ડ કેનાલ સબ ડીવીઝન, મુ. વિસનગર.
(૧૦)	'' કે. એમ. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, મા. અને મ. વિભાગ, તાલુકા પંચાયત, મહેસાણા.
(૧૧)	'' ડી. ઝેડ. ધારાણી.	નાયબ ઇજનેરશ્રી, જળ સંપત્તિ વિકાસ નિગમ, જનતા સુપર માર્કેટ, મહેસાણા.
(૧૨)	'' કે. એમ. પટેલ.	મદદનીશ ઇજનેરશ્રી, તાલુકા પંચાયત, (પાતાળ કુવા) વિજાપુર.

INDEX

અ નુ સૂ ચિ - ૩

લોકસભા/વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૧૯૯૮ અન્વયે ૮૨-જોટાણા (અ.જા.) વિધાનસભા મત વિભાગ માટે નિમાયેલ ઝોનલ અધિકારીશ્રીઓને 'કાર્યપાલક મેજિસ્ટ્રેટ' તરીકેના આપવામાં આવેલ અધિકારોની વિગત દર્શાવતું પત્રક.

અનુ.નંબર ૧	ઝોનલ અધિકારીશ્રીનું નામ ૨	ઝોનલ અધિકારીનો હોદ્દો ૩
(૧)	શ્રી બી. કે. પટેલ.	અધિક મદદનીશ ઇજનેરશ્રી ધરોઇ મુખ્ય કેનાલ, ધરોઇ કોલોની.
(૨)	'' જી. એન. ગોહીલ.	વહીવટી અધિકારીશ્રી, આઇ.ટી.આઇ., વિસનગર.
(૩)	'' એચ. ડી. શાહ.	નાયબ ઇજનેરશ્રી, મા. અને મ. વિભાગ (પંચાયત), તાલુકા પંચાયત, કલોલ.
(૪)	'' પી. એન. ત્રિવેદી.	સીટી સર્વે સુપ્રી.શ્રી, માણસા.
(૫)	'' બી. બી. ઓઝા.	તાલીમ અધિકારીશ્રી, જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, મહેસાણા.
(૬)	'' એ. જે. બેલાની.	નાયબ ઇનજેરશ્રી, નર્મદા પ્રોજેક્ટ ૪/૩, કડી.
(૭)	'' એમ. કે. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, મા.અને મ.વિભાગ(રાજ્ય) કલોલ.
(૮)	'' કે. એમ. ઠાકોર.	અધિક મદદનીશ ઇજનેરશ્રી, ધરોઇ મુખ્ય કેનાલ, ધરોઇ કોલોની, મુ. ધરોઇ.
(૯)	'' બી. એચ. પટેલ.	મદદનીશ સંશોધન અધિકારીશ્રી, ખેતીવાડી ખાતુ, વિજાપુર.
(૧૦)	'' એન. સી. મહેતા.	આચાર્યશ્રી, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માણસા.
(૧૧)	'' એમ. આર. પંડયા.	સેલ્ટેક્ષ ઓફીસરશ્રી, કલોલ.
(૧૨)	'' આર. એમ. પટેલ.	નાયબ ઇજનેરશ્રી નર્મદા પ્રોજેક્ટ સબ ડીવીઝન ૨/૧૬ કડી.
(૧૩)	'' એચ. એમ. પટેલ.	ઉપ આચાર્યશ્રી, આઇ.ટી.આઇ., વિસનગર.
(૧૪)	'' ડી. ડી. મકવાણા.	સેલ્ટેક્ષ ઓફીસરશ્રી, નં. ૨, વિસનગર.

અ નુ સૂ ચિ - ૪

લોકસભા/વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૧૯૯૮ અન્વયે ૮૩-મહેસાણા વિધાનસભા મત વિભાગ માટે નિમાયેલ ઝોનલ અધિકારીશ્રીઓને 'કાર્યપાલક મેજિસ્ટ્રેટ' તરીકેના આપવામાં આવેલ અધિકારોની વિગત દર્શાવતું પત્રક.

અનુ.નંબર ૧	ઝોનલ અધિકારીશ્રીનું નામ ૨	ઝોનલ અધિકારીનો હોદ્દો ૩
(૧)	શ્રી બી. એસ. પ્રજાપતિ.	મદદનીશ ઇજનેરશ્રી, સાબરમતી કેનાલ,(જમણો કાંઠો) સબ ડીવીઝન નં. ૧, વડનગર.
(૨)	'' એ. એ. પટેલ.	મદદનીશ સંશોધન અધિકારીશ્રી, લાડોલ.
(૩)	'' આર. એ. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેક્ટ, સબ ડીવીઝન, ૪/૨/સી, કલોલ.
(૪)	'' કે. એમ. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેક્ટ ૧/૩/સી, કડી.
(૫)	'' એસ. એસ. પટેલ.	મદદનીશ સંશોધન અધિકારીશ્રી, ખેતીવાડી ખાતું, વિજાપુર.
(૬)	'' પી. જે. ગુપ્તા.	મદદનીશ ઇનજેરશ્રી, મા. અને મ. વિભાગની કચેરી, મહેસાણા.
(૭)	'' એ. જે. ઝાલા.	તાલુકા વિકાસ અધિકારીશ્રી, કલોલ.
(૮)	'' જી. સી. સુથાર.	નાયબ ઇજનેરશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, સતલાસણા.
(૯)	'' આર. કે. લેઉવા.	નાયબ ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેક્ટ સબ ડીવીઝન, ૪/૨/એ, મુ. કલોલ.
(૧૦)	'' બી. એન. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, તાલુકા પંચાયત, (પાતાળ કુવા), મુ. વિજાપુર.
(૧૧)	'' કે. એમ. લેઉવા.	મદદનીશ ઇજનેરશ્રી, તાલુકા પંચાયત, વિજાપુર.
(૧૨)	'' પી. એમ. પટેલ.	મદદનીશ ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેક્ટ નહેર વિભાગ, ૪/૫, મહેસાણા.
(૧૩)	'' આર. જી. પટેલ.	અધિક મદદનીશ ઇજનેરશ્રી, તાલુકા પંચાયત, ખેરાલુ.
(૧૪)	'' કે. એમ. સુથાર.	તાલુકા વિકાસ અધિકારીશ્રી, કડી.
(૧૫)	'' બી. પી. પ્રજાપતિ.	મદદનીશ ઇજનેરશ્રી, તાલુકા પંચાયત, ખેરા[illegible]

INDEX

૧	૨	૩
(૭)	શ્રી આઇ. એફ. ગજ્જર.	નાયબ ઇજનેરશ્રી, જા.આ. અને સુખાકારી સબ ડીવીઝન, મહેસાણા.
(૮)	'' આર. એમ. નરવાણી.	આસી. ઇજનેરશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, સબ ડીવીઝન, વિજાપુર.
(૯)	'' કે. બી. જોષીપુરા.	આઇ.સી.ડી.એસ. તાલુકા પંચાયત કચેરી, કલોલ.
(૧૦)	'' બી. પી. ચૌહાણ.	સેલ્ટેક્ષ ઓફીસરશ્રી, મહેસાણા.
(૧૧)	'' એસ. એસ. સોની.	આસી. ઇજનેરશ્રી, તાલુકા પંચાયત, વિજાપુર.
(૧૨)	'' એમ. એસ. અમીન.	નિયામકશ્રી, પશુપાલન ખાતું, મહેસાણા.
(૧૩)	'' એમ. એમ. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, વિજાપુર.

અ નુ સૂ ચિ - ૭

લોકસભા/વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૧૯૯૮ અન્વયે ૮૭-ખેરાલુ વિધાનસભા મત વિભાગ માટે નિમાયેલ ઝોનલ અધિકારીશ્રીઓને 'કાર્યપાલક મેજિસ્ટ્રેટ' તરીકેના આપવામાં આવેલ અધિકારોની વિગત દર્શાવતું પત્રક.

અનુ.નંબર ૧	ઝોનલ અધિકારીનું નામ ૨	ઝોનલ અધિકારીનો હોદ્દો ૩
(૧)	શ્રી આર. જી. પંચાસરા.	આસી. ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેકટ કેનાલ ડીવીઝન નં. ૪/૫, મહેસાણા.
(૨)	'' પી. એન. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, ધરોઇ મુખ્ય નહેર વિભાગ, ધરોઇ કોલોની, ધરોઇ.
(૩)	'' સી. કે. સુથાર.	નાયબ ઇજનેરશ્રી, ધરોઇ કેનાલ સબ ડીવઝન નં. ૮, કમાલપુર, તા. વિજાપુર.
(૪)	'' એમ. વી. પટેલ.	જિલ્લા પ્રૌઢ શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા.
(૫)	'' સી. કે. વસાવા.	રોજગાર અધિકારીશ્રી, રોજગાર અધિકારીશ્રીની કચેરી, મહેસાણા.
(૬)	'' એ. પી. પટેલ.	મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણા.
(૭)	'' એસ. જે. કારીયા.	ઇજનેરશ્રી, જા.આ. અને બાંધકામ વિભાગ, ભમ્મરીયા નાળા બહાર, મહેસાણા.
(૮)	'' કે. એફ. ચૌધરી.	જ્યોગ્રાફીક-૨, ભૂગર્ભ જળ સંશોધન ડીવીઝન-૧(સબ), મહેસાણા.
(૯)	'' એચ. સી. પટેલ.	મદદનીશ ખેતી અધિક્ષકશ્રી, નાયબ ખેતીવાડી અધિક્ષકની કચેરી, મહેસાણા.
(૧૦)	'' બી. જે. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, જા.આ. ડીવીઝન, હરીનગર સોસાયટી, હાઇવે, મહેસાણા.
(૧૧)	'' ડી. એચ. પટેલ.	મદદનીશ ઇજનેરશ્રી, ધરોઇ સબ ડીવીઝન-૪, સુંઢિયા.
(૧૨)	'' આર. આર. રાજપાલ.	નાયબ ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેકટ સબ ડીવીઝન ૧/૧૬, કલોલ.
(૧૩)	'' એમ. જે. દરજી.	અધિક મદદનીશ ઇજનેરશ્રી, ધરોઇ મુખ્ય નહેર યોજના, ધરોઇ કોલોની, ધરોઇ.
(૧૪)	'' પી. એમ. પટેલ.	સેલ્ટેક્ષ ઓફીસરશ્રી-૧, કડી.
(૧૫)	'' એન. એ. પટેલ.	નાયબ કાર્યપાલ ઇજનેરશ્રી, જા.આ. ધરોઇ વિભાગ, યોજના-૧, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, ખેરાલુ.
(૧૬)	'' સી. કે. પટેલ.	નાયબ ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેકટ લેબ., સબ ડીવીઝન ૪/૩, કલોલ.
(૧૭)	'' ડી. પી. ચૌધરી.	મદદનીશ ઇજનેરશ્રી, જા. આ. બાંધકામ વિભાગની કચેરી, મહેસાણા.
(૧૮)	'' એસ. સી. સોની.	અધિક મદદનીશ ઇજનેરશ્રી, ધરોઇ સબ ડીવીઝન-૪, સુંઢિયા.
(૧૯)	'' એન. ડી. બારોટ.	સીટી સર્વે સુપ્રી.શ્રી, કલોલ.
(૨૦)	'' જે. એમ. બારોટ.	જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહેસાણા.
(૨૧)	'' કે. જે. સોલંકી.	કાર્યપાલક ઇજનેરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ વિભાગ ૧/૩, ભાઉપુરા, કડી.

INDEX

૧	૨	૩
(૨૨)	શ્રી બી. આઇ. પટેલ.	હાઇડ્રોલોજીસ્ટ, જા.આરોગ્ય યાંત્રિક વિભાગ, હાઇવે, મહેસાણા.
(૨૩)	'' આર. એમ. પટેલ.	આસી.ઇજનેરશ્રી, નર્મદા પ્રોજેક્ટ કેનાલ ડીવીઝન ૪/૫ મહેસાણા.
(૨૪)	'' જે. જે. વણકર.	નાયબ ઇજનેરશ્રી, જળસંપતિ વિકાસ નિગમ સબ ડીવીઝન, મહેસાણા.
(૨૫)	'' આર. એન. પટેલ.	મદદનીશ સંશોધન અધિકારીશ્રી, લાડોલ.

મહેસાણા, ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ.

નંબર એમએજી/વશી/૧૩૨૬ થી ૧૩૬૫/૯૮.-આગામી લોકસભા તેમજ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ૧૯૯૮ તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી નિયત કરવામાં આવેલ મતદાન મથકો ઉપર યોજાનાર છે.

આથી સમગ્ર મહેસાણા જિલ્લાના નિયત કરેલ મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપુર્ણ રીતે થાય અને તેમાં કોઇ અવરોધ પેદા થાય નહીં તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદા જુદા પક્ષના લોકો/ટેકેદારો/કાર્યકરો એકઠાં થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષો ન થાય તથા જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધુ માણસોએ ભેગા નહીં થવા માટે તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોકત નિયત સ્થળોએ આવેલા મતદાન કેન્દ્રોના મકાનોમાં બિનઅધિકૃત વ્યકિતઓ દાખલ થાય નહીં તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા સારૂં મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, એમ.એસ. ડાગુર, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના શુન્ય કલાકથી તા.૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત) સુધી ચૂંટણી અંગેની કામગીરી માટેના મહેસાણા જિલ્લાના નિયત કરેલ મતદાન મથકોએ મતદાનની કામગીરી પૂરી થાય તે સમય સુધી આ જિલ્લાના નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં તેમજ ઉપરોકત સ્થળોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરના વિસ્તારની અંદર બિનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓએ પ્રવેશ કરવો નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.
(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારીશ્રી/કર્મચારી તથા હોમગાર્ડઝને.
(૩) સંબંધિત ચૂંટણીના ઉમેદવારો/ચૂંટણી/મતદાન એજન્ટને.
(૪) ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે વ્યકિતઓને.
(૫) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ/જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.
(૬) સ્થળે હાજર પરના પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.
(૭) અધિકૃત મતદારોએ મત આપવા જવા તેમજ મતદાન પછી પરત આવવા સુધીના સમય સુધી.

સદરહુ હુકમના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો છે.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 69 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, MARCH 9, 1998 / PHALGUNA 18, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા
જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસબી/ઉગપક/જાહેરનામું/૧૩૨૫/૧૯૯૮.- આગામી હોળી અને ધુળેટીના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ જતા આવતા રાહદારીઓ તથા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ તથા રંગ મિશ્ર, પાણી તથા તેલ ઇત્યાદી વસ્તુ ફેંકવાની શકયતા છે.
અને તેવા કૃત્યોથી લોકોને અડચણ/ત્રાસ અથવા ઇજા થવાનો અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાનો સંભવ છે.

અને તેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતુ કારણ અને તેમ થતુ તાત્કાલીક અટકાવવાનું ઇચ્છનીય છે એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, આર.એમ.એસ. બ્રાર (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વડોદરા શહેરમાં પોલીસ કમિશનરના આ હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૧મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇપણ વ્યકિત જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ ઉપર યા મકાનો તથા મિલ્કતો ઉપર તથા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ અને કીચડ રંગ મિશ્રીત કરેલ પાણી યા તેલ તથા બીજા કોઇ વસ્તુ નાખી કે નખાવવી નહી અથવા હોળી ધુળેટીના પૈસા ઉઘરાવવાના અથવા બીજા કોઇ ઇરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ તથા વાહનો રોકવા નહી.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ના અધિનિયમ નં. ૪૫) કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.
મેં આજ તા. ૪થી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અ મુજબનો હુકમ.

ક્રમાંક એસબી/ઉગપક/જાહેરનામું/૧૩૨૬/૧૯૯૮.- વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોઇ શહેરમાં કેટલાક ઇસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય તે રીતનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહશાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું જરૂરી હોય તેથી,

હું આર.એમ.એસ. બ્રાર (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અ મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તા. ૫મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૯મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇપણ ઇસમ, બાળકો, છોકરાઓ વિગેરે સરિયામ રોડ, રસ્તા, કે જાહેરમાર્ગો ગલીઓમાં ક્રિકેટની રમત રમી રમાડવી નહી અથવા તેવી કોઇ પ્રવૃત્તિ કરવી નહી.

મેં આજ તા. ૪થી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 70 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, MARCH 11, 1998 /PHALGUNA 20, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે કાઢેલો હુકમ.

નંબર પલસ/જાહેરનામું/વશી/૧૫૫૦/૧૯૯૮.- ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભા અને વિધાન સભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૮નો કાર્યક્રમ કરેલ છે. તે મુજબ સુરત જિલ્લામાં મતદાનની તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ નકકી કરવામાં આવેલી છે. આ અંગે ભારતના ચૂંટણી પંચના તા.૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના પત્ર ક્રમાંક ૪૬૪/આઇ/એનએચટી/૯૮/ પીએલએન/૧ માં આપેલ સુચના મુજબ મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઇપણ રાજકીય પક્ષના કે અપક્ષ ઉમેદવાર મતદારોને માહિતી આપવા માટેનું અથવા મતદાન યાદીમાં મતદારોના નામ અને નંબર અંગેની સ્લીપો આપવા માટે જે તે મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં મંડપ/બુથ ગોઠવવા માટે પ્રતિબંધ જાહેર કરેલો છે.

લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો/ઉમેદવારો તથા તેમના એજન્ટો, કાર્યકરો દ્વારા જાહેર અવર-જવરના રસ્તાઓ ઉપર ટેબલ ગોઠવી બુથ ઉભા કરવામાં આવે છે. આ ટેબલો ગોઠવવાથી અને બુથ ઉભા કરવાથી મતદાન મથકે આવવા જવા માટે મતદારોને અગવડ ઉભી થાય છે. જેથી સાર્વજનિક જગ્યાએ રસ્તામાં કે મતદાન મથકથી ૨૦૦ મીટર સુધીના વિસ્તારમાં આવા મંડપો-બુથો કે ટેબલ ગોઠવવા ઉપર પ્રતિબંધ મુકવાનું આવશ્યક છે.

જેથી હું, આર. એમ. શાહ, (આઇ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર, સુરત મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)થી મળેલ સતાની રૂએ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માટે હુકમ કરૂં છું કે, :

(૧) તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ તમામ મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇપણ પક્ષના ઉમેદવાર/એજન્ટો/કાર્યકરો મત આપવા જનાર લોકોને મતદાર યાદીમાંથી તેમના નામ તથા મતદાર યાદીનો નંબર કાઢી આપવા માટેની સ્લીપો આપવી માટે બુથ કે મંડપ ગોઠવવા નહિ કે ગોઠવવાની કોશિષ કરવી નહીં.

(૨) મતદાન મથકની ૨૦૦ મીટર બહારનાં બુથ-મંડપ જયાં આવા ગોઠવવામાં આવે ત્યાં માત્ર એક ટેબલ અને બે ખુરશી રાખી શકશે અથવા ચટાઇ પાથરીને બેસી શકશે, છાયા માટે છત્રી કે તારપત્રીનો ટુકડો બાંધી છાયો કરી શકશે.

INDEX

(૩) આવા બુથો પર અને આસપાસ ટોળાં ભેગા થઇ શકશે નહિ, બુથનું સંચાલન કરનાર મતદારને મતદાન માટે જવામાં કોઇ અડચણ ઉભી કરી શકશે નહિં.

(૪) એક જ જગ્યાએ બે મતદાન મથકો હોય તો પણ ઉમેદવારને સ્થળથી ૨૦૦ મીટરની બહાર જ એક જ બુથ ઉભું કરી શકશે.

(૫) આવા બુથો ઉભા કરનાર ઉમેદવાર કે રાજકીય પક્ષ ચૂંટણી અધિકારીશ્રીને જે મતદાન મથક માટે બુથ ઉભા કરવાનું છે તેનું નામ, ક્રમ નંબર સહિત લેખિતમાં અપાવવાનું રહેશે આવા બુથ ઉભા કરવામાં કાયદા હેઠળ સરકારી સત્તા અધિકારી સ્થાનિક સત્તા અધિકારી જેવું કે કોર્પોરેશન મ્યુનિસિપાલીટી પંચાયત વગેરે સત્તાધિકારી નો મંજૂરી લેવાની થતી હોઇ તો મંજૂરી લેખિતમાં મેળવી પોતાની પાસે રાખવાની રહેશે.

(૬) દરેક બુથ પર ઉમેદવારનું નામ તેનો પક્ષ અને પ્રતિક દર્શાવતું માત્ર એક જ બેનર પ્રદર્શીત કરી શકશે આવું બેનર ૩ ફુટથી વધારે લાંબુ ૧ાા ફુટથી વધારે પહોળું હોવું જોઇએ નહિ, આ પ્રતિબંધથી વિરૂધ્ધનું કોઇપણ બુથ પરનું બેનર કાયદો અને વ્યવસ્થા જાળવતા અધિકારી હટાવી શકશે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ કલાક ૦૦-૦૦ થી કલાક ૨૦-૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

આર. એમ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 71 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 12, 1998 / PHALGUNA 21, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા
જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭(૧)(૪) અન્વયેનો હુકમ.

ક્રમાંક એસબી/ઉગપક/જાહેરનામું/૧૪૦૭/૯૮.- વડોદરા શહેરમાં આગામી માર્ચ-૧૯૯૮ની એસ.એસ.સી/એચ.એસ.સી. પ્રમાણપત્ર પરીક્ષા તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮થી ૩૧મી માર્ચ, ૧૯૮૮ સુધી શહેરની જુદી જુદી શાળાઓમાં લેવાનાર છે.

આ પરીક્ષાઓ વિધાર્થીઓ કોઇપણ જાતના ખલેલ વિના શાંત વાતાવરણમાં આપી શકે તે માટે બહારના તોફાની તત્વો આ પરીક્ષાઓ દરમ્યાન કેન્દ્રમાં પરીક્ષા આપતા વિધાર્થીઓને ખલેલ ન પહોંચાડે તથા અન્ય ગેર-કાયદેસરની પ્રવૃતિ પરીક્ષા દરમ્યાન ન આચરે તે માટે.

હું આર.એમ.એસ. બ્રાર (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧)(૪) અન્વયે મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે,

વડોદરા શહેરમાં આગામી માર્ચ, ૧૯૯૮ની એસ.એસ.સી./એચ.એસ.સી. પ્રમાણપત્ર પરીક્ષા તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી શહેરના જે જે કેન્દ્ર (શાળાઓ) માં લેવાનાર છે તે તે કેન્દ્રની શાળાઓના કંપાઉન્ડમાં તેમજ શાળાની ચારેબાજુના ૧૦૦ મીટર વિસ્તારમાં તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી. તા ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી સવાર કલાક ૯-૦૦ થી ૧૯-૦૦ સુધી દરમ્યાન પરીક્ષાર્થીઓને ખલેલ પડે તે રીતે કોઇ અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહી કે શાળાઓમાં (કેન્દ્રમાં) પ્રવેશ કરશે નહી કે વાહન લઇ જશે કે આવશે નહી.

વિસ્તાર :- વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રની શાળાઓ યાદીમાં જણાવ્યા મુજબ.

અપવાદ :- આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યતિઓને મુકિત આપવામાં આવે છે :-

(૧) પરીક્ષાર્થી તથા પરીક્ષાના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવી છે તે તમામ.

(૨) ફરજ પરના પોલીસ/એસ.આર.પી./હોમગાર્ડના અધિકારીઓ તથા જવાનો.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

માર્ચ-૧૯૯૮ના એસ.એસ.સી. / એચ.એસ.સી. પરીક્ષાની સ્કુલોનું પો. સ્ટે. વાઇઝ પત્રક

અ.નં.	પો.સ્ટે.નું નામ	સ્કુલનું નામ
૧.	ગોરવા પો. સ્ટે.	૧. એલેમ્બીક વિદ્યાલય, ગોરવા રોડ.
		૨. વિદ્યાવિહાર હાઇસ્કુલ, સુભાનપુરા.
		૩. સી. કે. પ્રજાપતિ વિદ્યાલય, ગોરવા.
		૪. તેજસ વિદ્યાલય, સુભાનપુરા.
		૫. સત્યનારાયણ વિદ્યાલય, ગોરવા.
		૬. સી. એચ. વિદ્યાલય, ગોત્રી રોડ ટી.બી. હોસ્પીટલ પાસે.
૨.	જે. પી. રોડ પો. સ્ટે.	૧. વિદ્યુતબોર્ડ વિદ્યાલય, પાદરા રોડ.
		૨. શબરી વિદ્યાલય, વાસણા રોડ.
		૩. ભેશીલ હાઇસ્કુલ, તાંદલજા રોડ.
		૪. ગાયત્રી વિદ્યાલય ગોત્રી.
		૫. ઉત્કર્ષ વિદ્યાલય, ગોત્રી.
૩.	સયાજીગંજ પો. સ્ટે.	૧. બરોડા હાઇસ્કુલ, અલકાપુરી.
		૨. નવયુગ વિદ્યાલય, ફતેગંજ
		૩. પ્રતાપ હાઇસ્કુલ, કડકબજાર.
		૪. રોઝરી હાઇસ્કુલ, પ્રતાપગંજ.
		૫. હીલમેમોરીયલ હાઇસ્કુલ, ફતેગંજ.
		૬. જુની એકસપેરીમેન્ટલ હાઇસ્કુલ.
૪.	ફતેગંજ પો.સ્ટે.	૧. કોન્વેન્ટ ઓફ જીસીસ એન્ડ મેરી ગર્લ્સ હાઇસ્કુલ,
		૨. વેબ મેમોરીયલ હાઇસ્કુલ, પેન્શનપુરા.
		૩. પી.આર.પટેલ વિદ્યાલય, છાણી રોડ.
		૪. જીવન ચેતના હાઇસ્કુલ, ન્યુ સમા રોડ.
૫.	નવાપુરા પો. સ્ટે.	૧. બરોડા હાઇસ્કુલ, બગીખાના.
		૨. નવજીવન હાઇસ્કુલ, પોલો ગ્રાઉન્ડ.
		૩. જ્યોતિ વિદ્યાલય, ખંડેરાવ માર્કેટ પાસે,
૬.	રાવપુરા પો. સ્ટે.	૧. મહારાણી ગર્લ્સ હાઇસ્કુલ, સુરસાગર પાસે.
		૨. જયશ્રી કન્યા વિદ્યાલય, દાંડીયાબજાર.
		૩. જીવનમાંગલ્ય વિદ્યાલય, દાંડીયાબજાર.
		૪. વિદ્યાકુંજ હાઇસ્કુલ, વિશ્વામીત્રી.
		૫. એચ.એસ.પટેલ હાઇસ્કુલ, વિશ્વામીત્રી.
		૬. એચ.જે.પરીખ હાઇસ્કુલ, દાંડીયાબજાર.
૭.	કારેલીબાગ પો. સ્ટે.	૧. શારદા મંદિર હાઇસ્કુલ, સલાટવાડા.
		૨. એમ. સી. હાઇસ્કુલ, સલાટવાડા.
		૩. એમ.ઇ.એસ. હાઇસ્કુલ, સલાટવાડા.
		૪. જીવનભારતી વિદ્યાલય, કારેલીબાગ.
		૫. શારદા વિનય મંદિર, કારેલીબાગ.
		૬. લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય, હરણી રોડ.
		૭. જીવન સાધના હાઇસ્કુલ, ભુતડી ઝાંપા.
		૮. ન્યુઇરા ગર્લ્સ હાઇસ્કુલ, ભુતડીઝાંપા.
		૯. બ્રાઇટ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ, વી.આઇ.પી.રોડ
		૧૦. આર્ય કન્યા વિદ્યાલય, કારેલીબાગ.
		૧૧. શ્રીકૃષ્ણ હિન્દી વિદ્યાલય, સંદેશ પ્રેસ પાસે.
		૧૨. પ્રેરણા વિદ્યાલય, હરણી રોડ.
૮.	વાડી પો.સ્ટે.	૧. સયાજી ગર્લ્સ હાઇસ્કુલ, દાડીયાળી પોળ.
		૨. સયાજી બોઇઝ હાઇસ્કુલ, દાડીયાળી પોળ.
		૩. એમ. ઇ. એસ. ગર્લ્સ હાઇસ્કુલ, મોગલવાડા.
		૪. એચ.વી.શ્રોફ મેમોરીયલ હાઇસ્કુલ,માંડવી ગેંડીગેટ
		૫. આર. એન્ડ કે. પંડયા હાઇસ્કુલ, ગેંડીગેટ.
		૬. સ્વામી વિદ્યાનંદજી વિદ્યા વિહાર સ્કુલ, ગીતામંદિર, પ્રતાપનગર રોડ.
		૭. ઝેનિથ હાઇસ્કુલ, ડભોઇ રોડ.
૯.	સીટી પો.સ્ટે.	૧. સરદાર વલ્લભભાઇ, વિદ્યાલય, માંડવી.
		૨. વિનયવિદ્યાલય, ફતેપુરા
		૩. એમ.ઇ.એસ. બોઇઝ, હાઇસ્કુલ, યાકુતપુરા
		૪. હરીસેવા ગર્લ્સ હાઇસ્કુલ, વારસીયા.
		૫. લધારામ હાઇસ્કુલ, મોટી છીપવાડ.

INDEX

૧	૨	૩
		૬. જી.એન.વી. હાઇસ્કુલ, બારસીયા.
		૭. સાધુવાસવાણી હરણીરોડ, ન્યુ વીઆઇપી રીંગરોડ.
૧૦.	મકરપુરા પો. સ્ટે.	૧. શ્રેયસ વિદ્યાલય, માંજલપુર.
		૨. બરોડા હાઇસ્કુલ, ઓ.એન.જી.સી.બરોડા
		૩. ન્યુ ઇરા હાઇસ્કુલ, મકરપુરા રોડ.
		૪. મહાત્મા ગાંધી વિદ્યાલય, માંજલપુર.
		૫. લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય, મકરપુરા.
		૬. પંચશીલ વિદ્યાલય, જીઆઇડીસી રોડ, માંજલપુર.
		૭. ડોન બોસ્કો હાઇસ્કુલ, મકરપુરા.
		૮. ઓકઝીલીયમ કોન્વેટં.
૧૧.	જવાહરનગર પો. સ્ટે.	૧. વાડળ વિદ્યાલય, બાજવા.
		૨. મહીરેવા આદર્શ વિદ્યાલય, બાજવા.
		૩. ગુજરાત રીફાઇનરી ઇંગ્લીશ મીડીયમ હાઇસ્કુલ, (ગુ.રી. ટાઉન)
		૪. ગુ. રી. ગુજરાતી મીડીયમ હાઇસ્કુલ, (ગુ.રી. ટાઉનશીપ)
૧૨.	પાણીગેટ પો. સ્ટે.	૧. સરદાર વલ્લભ વિદ્યાલય, આજવા રોડ.

મેં આજ તા. ૧૦મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 72 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 12, 1998 /PHALGUNA 21, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયેનો હુકમ

હુ ક મ

નંબર પીઓએલ/૧૩૦૦/૯૮.- તા. ૧૧મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૧૩મી માર્ચ, ૧૯૯૮ દરમ્યાન ડાકોર રણછોડરાયજી મંદિરે મોટી સંખ્યામાં લોકમેળો ભરાનાર છે. આ મેળામાં ખેડા જિલ્લા ઉપરાંત સમગ્ર ગુજરાત રાજ્યમાંથી યાત્રાળુઓ પગપાળા દર્શનાર્થે આવે છે. જેથી આ મેળા દરમ્યાન યાત્રાળુઓની સલામતી જળવાઇ રહે અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તા. ૧૧મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૧૩મી માર્ચ, ૧૯૯૮ સુધી દિન ત્રણ માટે જિલ્લા પોલીસ વડાશ્રી ખેડાનાએ તા. ૫મી માર્ચ, ૧૯૯૮ના પત્ર ક્રમાંક એલઆઇબી/ડાકોરમેળો/૫૩૮/૨/૯૮ થી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું જયંત પરિમલ, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુ. નડીયાદ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા. ૧૧મી માર્ચ, ૧૯૯૮ થી તા.૧૩મી માર્ચ, ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચે જણાવેલ માર્ગો ઉપરથી પસાર થતા પગપાળા ચાલતા યાત્રાળુઓ માટે જોખમકારક એવા માલવાહક તથા ભારે વાહનો પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. તથા આ માર્ગો ઉપરથી પસાર થતો વાહનો નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ટ) કરવા હુકમ કરું છું.

(અ)

૧. વડોદરા તરફથી ડાકોર તરફ આવતા મોટા વાહનો સારસા ચોકડીથી ચિખોદરા થઇ આણંદ નેશનલ હાઇવે નં. ૮ થઇ અમદાવાદ તરફ જશે.
૨. ભાલેજ ચોકડીથી ડાકોર તરફ આવતા વાહનો ભાલેજ ચોકડીથી ચકલાસી રોડ થઇ ઉત્તરસંડા હાઇવે થઇ નડીયાદ જશે.
૩. સેવાલીયાથી ડાકોર તરફ આવતા વાહનો સેવાલીયાથી બાલાસીનોર થઇ લાડવેલ ચોકડી થઇ કઠલાલ તરફ જશે.
૪. નડીયાદ-અમદાવાદ રેલ્વે સમાંતર રોડ ઉપર પસાર થતા વાહનો ખેડા નડીયાદ હાઇવે પર થઇ આગળ જશે.

(બ)

ડાકોર શહેરના વાહનો ઉપર પ્રતિબંધ :

૧. એ. જી. શાહ પેટ્રોલ પંપ મેઇન રોડથી વૃંદાવન સોસાયટી તરફ જતો.
૨. ટ્રાફીક સર્કલથી મંદિર તરફ જતો.
૩. ગુર્જરી ઓકટ્રોય નાકાથી ગણેશ સીનેમા થઇ મંદિર તરફ જતો.

INDEX

૪. ડોન બોસ્કો હાઇસ્કુલથી નગરી તરફ થઇ મંદિર જતો રસ્તો.
૫. રણછોડપુરા પાટીયાથી ડાકોર તરફ જતો.
૬. ગાયોના વાડાએથી ડાકોર તરફ જતો.
૭. વેલકમ પાટીયાથી મંદિર તરફ જતો (અ.નં. ૧ થી ૭ ઉપર કોઇપણ પ્રકારના વાહનો જઇ શકશે નહી.)

અપવાદ : આ હુકમ સરકારી વાહનો, એમ્બ્યુલન્સ, ફાયરબ્રીગેડ તથા મેળા અને યાત્રાળુના રોકાયેલા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

જિલ્લા પોલીસ વડાશ્રી ખેડાનાએ જે રસ્તાઓ બંધ કરવામાં આવેલા છે તે સ્થળોએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી જે રસ્તાઓએ વાહનો વાળવાના છે તે અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૯મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

આ દે શ

નંબર પીઓએલ/વશી/૧૩૩૧/૯૮.- તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી ગુજરાત માધ્યમીક શિક્ષણબોર્ડ દ્વારા એચ.એસ.સી. તથા એસ.એસ.સી.ની પરીક્ષાઓ જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો જે નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી, ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે બંને પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નડીયાદે તા. ૯મી માર્ચ, ૧૯૯૮ના પત્રથી વિનંતી કરી છે.

સબબ હું જયંત પરિમલ, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આ સાથેની અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરી માં રોકાયેલા અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય કોઇપણ બીન અધિકૃત વ્યક્તિના પ્રવેશ માટે તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮થી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સવારના ૧૦-૦૦ કલાક થી સાંજના ૬-૩૦ કલાક દરમ્યાન પ્રતિબંધ ફરમાવું છું.

અનુસૂચિ

અ.નં.	કેન્દ્રનું નામ	કેન્દ્રનું સ્થળ
૧.	બાલાસિનોર	શેઠ ઓચ્છવલાલ હાઇસ્કુલ, બાલાસિનોર.
		પી. વી. વિદ્યાલય, બાલાસિનોર
૨.	સેવાલીયા	મોડર્ન હાઇસ્કુલ, સેવાલીયા.
૩.	વિરપુર	દેસાઇ સી. એમ. હાઇસ્કુલ, વિરપુર.
		બી. બી. સુરા વિદ્યાભવન, વિરપુર.
૪.	ડાકોર	સંસ્થાન હાઇસ્કુલ, ડાકોર.
		જી. ડી. ભટ્ટ મેમોરીયલ હાઇસ્કુલ, ડાકોર.
૫.	કપડવંજ	એમ. પી. મ્યુ. હાઇસ્કુલ, કપડવંજ.
		સી.એન. વિદ્યાલય, કપડવંજ.
		એલ. એમ. શારદા મંદિર, કપડવંજ.
૬.	ઠાસરા	જે. એમ. દેસાઇ હાઇસ્કુલ, ઠાસરા.
૭.	કઠલાલ	એમ.આર.હાઇસ્કુલ, કઠલાલ,
		એમ. આર. પ્રાયમરી સ્કુલ, કઠલાલ.
		જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઉત્તર બુનિયાદી વિદ્યાલય, કઠલાલ.
૮.	ખેડા	એચ. એન્ડ ડી. પારેખ હાઇસ્કુલ, ખેડા.
૯.	મહેમદાવાદ	સોનાવાલા હાઇસ્કુલ, મહેમદાવાદ.
		જ્ઞાન જ્યોત હાઇસ્કુલ, મહેમદાવાદ.
૧૦.	મહુધા	એમ.કે.એમ.હાઇસ્કુલ, મહુધા.
		આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મહુધા.
		નાગરીક સહ.બેંક કન્યા વિદ્યાલય, મહુધા.
૧૧.	નડીયાદ	બાસુદીવાળા પબ્લીક હાઇસ્કુલ, નડીયાદ.
		સંતરામ ગર્લ્સ હાઇસ્કુલ, મ્યુનિ. નડીયાદ.
		મણીબા ગર્લ્સ હાઇસ્કુલ, નડીયાદ.
		સરદાર પટેલ હાઇસ્કુલ, નડીયાદ.
		ન્યુ ઇંગ્લીશ સ્કુલ ફોર ગર્લ્સ નડીયાદ.
		ભારત હાઇસ્કુલ, ઉત્તરસંડા.
		આઇ. જે. પટેલ કન્યા વિદ્યાલય, ઉત્તરસંડા.
		સેંટ મેરીઝ હાઇસ્કુલ, નડીયાદ.
		ભગત એન્ડ સોનાવાલા હાઇસ્કુલ, નડીયાદ.
		સર્વોદય વિદ્યામંદિર નડીયાદ.

૧	૨	૩
૧૨.	નડીયાદ-સ્ટેશન	ન્યુ ઈંગ્લીશ સ્કુલ, સ્ટેશન, નડીયાદ.
		જીવન વિકાસ હાઇસ્કુલ, નડીયાદ.
		ડી.ડી. ટેકનીકલ હાઇસ્કુલ નડીયાદ.
		મ્યુનિસિપલ હાઇસ્કુલ, મીશન રોડ, નડીયાદ.
		સેંટ અન્ના હાઇસ્કુલ નડીયાદ
૧૩.	વસો	એ. જે. હાઇસ્કુલ, વસો.
		જી.બાબા કન્યા વિદ્યાલય, વસો.
		એ.જે.હાઇસ્કુલ, મોતી મંદિર વસો.
		એન. સી. અમીન નવચેતન પ્રાથમિક શાળા, વસો.
૧૪.	અલીન્દ્રા	એમ. એસ. પટેલ વિદ્યાલય, અલીન્દ્રા.
		પ્રાથમીક શાળા, અલીન્દ્રા.
૧૫.	સલુણ	સાર્વજનીક હાઇસ્કુલ, સલુણ.
૧૬.	પાંડવા	વી.ડી. માયાવંશી, હાઇસ્કુલ, પાંડવા.
		પ્રાગતિક વિદ્યાલય, પાંડવા.
		કસ્તુરબા ગર્લ્સ હોસ્ટેલ, પાંડવા.
		આશ્રમશાળા યુનિટ-૧, પાંડવા.
૧૭.	માતર	એન.સી. પરીખ સર્વો. વિનય મંદિર, માતર.
		પ્રાથમીક શાળા, માતર.
૧૮.	અકલાચા	સરસ્વતી હાઇસ્કુલ, અકલાચા.
		પ્રાથમીક શાળા, અકલાચા.

આજ તા. ૧૦મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 73

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 12, 1998 /PHALGUNA 21, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/કા.વ્ય./વશી/૧૭૨૨/૭૨.-તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૮ દરમ્યાન ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા એસ.એસ.સી./એચ.એસ.સી.ની પરીક્ષાઓ જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, વિદ્યાર્થીઓ નિર્ભયતાથી ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે, ખંડ નિરીક્ષકો ભય વગર નિરીક્ષણ કાર્ય કરે અને અસામાજિક તત્વો શાંત વાતાવરણને ખલેલ પહોંચાડે નહીં તે માટે બંને પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, ખેડા જિલ્લો નડીયાદે તથા જિલ્લા પોલીસ અધિકારીશ્રી આણંદે તા. ૯મી માર્ચ, ૧૯૯૮ના પત્રથી વિનંતી કરી છે.

સબબ હું એ. કે. શર્મા, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી આ સાથેની અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થીઓ અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલા અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઇપણ બીન અધિકૃત વ્યકિતના પ્રવેશ માટે સવારના ૧૦-૦૦ થી સાંજના ૬-૩૦ કલાક દરમ્યાન પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

અનુસૂચિ

અ.નં.	કેન્દ્રનું નામ	કેન્દ્રનું સ્થળ
૧.	આણંદ	કસ્તુરબા કન્યા વિદ્યાલય, આણંદ. પાયોનિયર હાઇસ્કુલ, આણંદ. ડી.એન. હાઇસ્કુલ આણંદ. શારદા હાઇસ્કુલ, આણંદ. વી. જે. પટેલ પ્રેકટી. હાઇસ્કુલ, આણંદ. સેંટ ઝેવિયર્સ હાઇસ્કુલ, ગામડી, આણંદ. માધ્યમિક શાળા નં. ૧, આણંદ. આણંદ હાઇસ્કુલ, આણંદ.
૨.	આંકલાવ	આંકલાવ હાઇસ્કુલ, આંકલાવ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આંકલાવ. એચ. ડી. પટેલ વિદ્યાલય, આસોદર.
૩.	ભાલેજ	ભાલેજ હાઇસ્કુલ, ભાલેજ. અંજુમન હાઇસ્કુલ, ભાલેજ.
૪.	બોરસદ	જે. ડી. પટેલ હાઇસ્કુલ, બોરસદ. જે. ડી. આર. કન્યા વિદ્યાલય, બોરસદ. સરદાર પટેલ વિનય મંદિર, બોરસદ. ઉત્તર બુનિયાદી વિદ્યાલય, બોરસદ.
૫.	ખંભાત	માધવલાલ શાહ હાઇસ્કુલ, ખંભાત. એસ.ઝેડ. વાઘેલા હાઇસ્કુલ, ખંભાત. એસ. કે. વાઘેલા હાઇસ્કુલ, ખંભાત. એસ.ડી. કાપડીયા હાઇસ્કુલ, ખંભાત. સેંટ ઝેવિયર્સ હાઇસ્કુલ, ખંભાત.
૬.	નાર	બી.આર.એલ.હાઇસ્કુલ, નાર. એલ. સી. પટેલ કન્યા વિદ્યાલય, નાર. પ્રાથમિક કન્યાશાળા, નાર. કે. એ. પટેલ બાલમંદિર નાર.
૭.	પેટલાદ	આર.કે.વિદ્યાલય, પેટલાદ. એન.કે. હાઇસ્કુલ પેટલાદ. વિનય મંદિર હાઇસ્કુલ, પેટલાદ. ન્યુ એજ્યુ. બોઇઝ હાઇસ્કુલ, પેટલાદ. ન્યુ. એજ્યુ. ગર્લ્સ હાઇસ્કુલ, પેટલાદ. ન્યુ એજ્યુ. પ્રાઇમરી સ્કુલ, પેટલાદ. સેંટ મેરીઝ હાઇસ્કુલ, મરીયમપુરા, પેટલાદ.
૮.	સારસા	એમ. વી. એસ. હાઇસ્કુલ, સારસા. પ્રા. કુમારશાળા, સારસા. ઝેડ.એસ. ગર્લ્સ હાઇસ્કુલ, સારસા. પંચાયત પ્રા. શાળા, સારસા
૯.	ઉમરેઠ	જ્યુબીલી ઇન્સ્ટીટ્યુટ, ઉમરેઠ. એચ. એમ. દવે હાઇસ્કુલ, ઉમરેઠ. સેન્ટ ઝેવીયર્સ હાઇસ્કુલ, ઉમરેઠ.
૧૦.	વિદ્યાનગર	આઇ. બી. પટેલ ઇંગ્લીશ માધ્યમિક સ્કુલ, વિદ્યાનગર. ટી. વી. પટેલ હાઇસ્કુલ, વિદ્યાનગર. આર.પી.ટી.પી. વિદ્યાનગર. એમ.યુ. ટેકનીકલ હાઇસ્કુલ, વિદ્યાનગર. ગો.જો. શારદા મંદિર, વિદ્યાનગર.
૧૧.	ભાદરણ	ટી.બી. હાઇસ્કુલ, ભાદરણ. કન્યા વિદ્યાલય, ભાદરણ. શેઠ વિનય મંદિર ભાદરણ.
૧૨.	વાસદ	સરદાર પટેલ વિનય મંદિર, વાસદ.
૧૩.	ચાંગા	બી.એ.પટેલ હાઇસ્કુલ, ચાંગા.
૧૪.	કરમસદ	જે.આર. ગર્લ્સ હાઇસ્કુલ, કરમસદ. સરદાર પટેલ હાઇસ્કુલ, કરમસદ. સી. જે. પટેલ ઇંગ્લીશ સ્કુલ, કરમસદ.

આજ તા. ૧૦મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

એ. કે. શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 74 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 12, 1998 / PHALGUNA 21, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨ માંની કલમ-૩૩(૧)(ઓ) મુજબ.

નંબર એમએજી/વશી/૮૮/૯૮.- પાટણ જિલ્લાના સિધ્ધપુર ગામે કસ્બામાં જુદા જુદા મહોલ્લામાંથી હોળીના તહેવારમાં એક જ સમયે 'ઘેર' કરવા નિકળે છે. અને તે જુદા જુદા 'ઘેર' ભેગા થતાં પાટણ જિલ્લાના સિધ્ધપુર ગામે જાહેર સુલેહ શાંતિ જાળવવા સારૂં નીચે પ્રમાણે હુકમ કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું એ. કે. રાકેશ, જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ સને, ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(ઓ)થી મને મળેલ અધિકારની રૂએ સિધ્ધપુર કસ્બામાં હોળીના તહેવારો દરમ્યાન તા. ૧૨મી માર્ચ, ૧૯૯૮ના શુન્ય કલાકથી તા. ૧૪મી માર્ચ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કોઇ પણ ઇસમે નહીં કરવા ફરમાવું છું.

૧. ધુળેટીના દિવસે મંડીબજાર આગળ થઇ સવારે આઠ વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધી પાંચ કરતાં વધારે માણસોએ એકઠા થવું નહીં, ઉભા રહેવું નહીં.

૨. ધુળેટીના દિવસે સવારના ૧૦-૦૦ વાગે મંડી બજારથી છબીલા હનુમાનને ધજા ચડાવવા સારૂં નગરશેઠ તથા બીજા ચાર જણા મળી કુલ પાંચ ઇસમોએ જવું. સદરહુ પાંચ ઇસમો સિવાય તેમજ આગળ-પાછળ કોઇ ઇસમે તથા ઘેરના બીજા કોઇ ઇસમે ત્યાં જવું નહીં, ધજા ચડાવવાનું કામ સવારના આઠ વાગ્યાથી અગિયાર વાગ્યા સુધીમાં પુરૂં કરવું.

૩. ધુળેટીના દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી ૮-૦૦ વાગ્યા સુધીમાં જુના દરવાજાના રસ્તાથી મહેતાપોળ સુધીના રસ્તે જમચકલેથી જુની વહોરવાડમાં જવાના રસ્તે 'ઘેર'ના અગર બીજા કોઇપણ જાતના પાંચ કરતાં વધુ માણસોએ એકઠા થવું નહીં તેમજ તે રસ્તે આવેલી દુકાનવાળાઓએ તથા ઘરના માલીકોએ કચરો, જુના ટાટ, કંતાન સાવરણી વગરે કાંઇ રસ્તામાં નાખવું નહીં.

૪. ધજા ચડાવતી વખતે છબીલા હનુમાન પાસેથી મુસલમાનોની મસ્જિદમાં તથા મસ્જિદ પાસે કોઇ મુસલમાન અગર વહોરાઓએ પાંચ અગર તેથી વધુ સંખ્યામાં ભેગા થવું નહીં.

૫. ધજા ચડાવનારને મહોલ્લામાં વહોરા કોમના આગેવાનો સવા રૂપિયો લાગત આપે છે. તે લાગત આપતી વખતે મહોલ્લાના અગર બીજા કોઇપણ વ્હોરા અગર મુસલમાન કોમના પાંચ કરતાં વધુ આગેવાનોએ ભેગા થવું નહીં.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૭મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કરેલ હુકમ.

નંબાર એમએજી/કા.વ્ય./પરીક્ષા/૯૦/૯૮.-પાટણ જિલ્લામાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપરથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૧૯મી માર્ચ, ૧૯૯૮ થી ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા લેવાનાર છે.

આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપર લેવાનાર એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા (માર્ચ-૯૮)નું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઇપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી શકે તમેજ પરીક્ષા ખંડના નિરિક્ષકો કોઇપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારૂં પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઇ અસામાજીક તત્વો કે અનધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહીં તે સારૂં ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલીક ઇચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું એ. કે. રાકેશ, (આઇએએસ) જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે તા. ૧૯મી માર્ચ, ૧૯૯૮ના શુન્ય કલાકથી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત) સુધી એસ.એસ.સી. તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માટેના આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ કેન્દ્રો અને તેની સામે દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઇ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહીં, અને પરીક્ષાની કામગરીમાં દખલગીરી ઉભી કરવી નહીં.

વધુમાં હું આદેશ કરૂં છુ કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

૧. એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

૨. સદરહુ પરીક્ષાની કામગીરીમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીઓને.

૩. સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.

૪. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ પાટણ / રાધનપુર/ જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ દ્વારા હુકમ કરવામાં આવે તેમને

સદરહુ હુકમના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

એસ.એસ.સી. પરીક્ષા માર્ચ-૧૯૯૮, (પાટણ જિલ્લો)

અ.નં.	કેન્દ્ર	બિલ્ડીંગનું નામ
૧.	બાલીસણા	૧. શેઠ સી.વી. વિદ્યાલય, બાલીસણા.
૨.	ચાણસ્મા	૧. શ્રી પી. પી. પટેલ હાઇસ્કુલ, ચાણસ્મા.
૩.	ધીણોજ	૧. એન.એચ. સાર્વ. વિદ્યામંદિર, ધીણોજ.
		૨. શ્રી એચ. કે. શાહ ગર્લ્સ હાઇસ્કુલ, ધીણોજ.
		૩. એન.એચ.સાર્વ વિદ્યામંદિર, જુનું મકાન.
૪.	પાટણ	૧. આદર્શ વિદ્યાલય, પાટણ.
		૨. શેઠ એમ. એન. હાઇસ્કુલ, પાટણ.
		૩. બી. ડી. સાર્વ, વિદ્યાલય, પાટણ.
		૪. બી.એમ. હાઇસ્કુલ, પાટણ.
		૫. શેઠ જી.કે. ભુવા હાઇસ્કુલ, પાટણ.
૫.	રણુંજ	૧. રણુંજ હાઇસ્કુલ, રણુંજ, યુનિટ - ૧.
		૨. '' યુનિટ - ૨.
૬.	સિદ્ધપુર	૧. એમ.પી.હાઇસ્કુલ, સિદ્ધપુર.
		૨. પી.જે.એ. એન્ડ આર.કે. ગર્લ્સ હાઇસ્કુલ.
		૩. એલ.એસ.હાઇસ્કુલ, સિદ્ધપુર.
૭.	ઉંઝા	૧. જી. એમ. ગર્લ્સ હાઇસ્કુલ, મા. ઉંઝા.
		૨. '' હાયર.
		૩. જી. એલ. પટેલ હાઇસ્કુલ, ઉંઝા.
		૪. શેઠ એમ. આર. એસ. હાઇસ્કુલ, ઉંઝા.
		૫. શેઠ એમ. આર. એસ. વિદ્યાભવન, ઉંઝા.
		૬. નવજીવન હાઇસ્કુલ, ઉંઝા.
		૭. બી.પી. બ્રાહ્મભટ્ટ કેન્દ્ર, ઉંઝા.
૮.	હારીજ	૧. કે.પી. હાઇસ્કુલ, હારીજ.
		૨. કે. પી. તન્ના ગર્લ્સ હાઇસ્કુલ હારીજ.
		૩. શ્રીમતી આર. ડી. ઠક્કર વિદ્યામંદિર, હારીજ.
૯.	રાધનપુર	૧. આદર્શ હાઇસ્કુલ, રાધનપુર.
		૨. સાર્વજનિક હાઇસ્કુલ, વારાહી તા.
		૩. શેઠ કે.બી.વકીલ વિવિધલક્ષી વિદ્યાલય, રાધનપુર.

INDEX

એચ.એસ.સી. પરીક્ષા માર્ચ-૧૯૯૮, (પાટણ જિલ્લો)

અ.નં.	કેન્દ્ર	બિલ્ડીંગનું નામ
૧.	પાટણ	૧. એક્સપેરીમેન્ટલ હાઇસ્કુલ, પાટણ. ૨. બી.ડી. હાઇસ્કુલ, પાટણ. ૩. વી. કે. ભુલા હાઇસ્કુલ, પાટણ. ૪. આદર્શ વિદ્યાલય, પાટણ. ૫. બી.એમ.હાઇસ્કુલ, પાટણ. ૬. એમ.એન. હાઇસ્કુલ પાટણ.
૨.	સિદ્ધપુર	૧. એલ. એસ. હાઇસ્કુલ, સિદ્ધપુર. ૨. પી.જે. એન્ડ આર.કે. ગર્લ્સ હાઇસ્કુલ, સિદ્ધપુર. ૩. એમ. પી. હાઇસ્કુલ, સિદ્ધપુર.
૩.	ઉંઝા	૧. જી. એલ. પટેલ હાઇસ્કુલ, ઉંઝા. ૨. એમ.આર.એસ. હાઇસ્કુલ, ઉંઝા. ૩. જી. એમ. ગર્લ્સ હાઇસ્કુલ, ઉંઝા.
૪.	ચાણસ્મા	૧. કે. એ. નદાસીયા ગર્લ્સ હાઇસ્કુલ, ચાણસ્મા. ૨. પી. પી. પટેલ હાઇસ્કુલ, ચાણસ્મા.
૫.	રાધનપુર	૧. શેઠ કે. બી. વકીલ હાઇસ્કુલ, રાધનપુર.

પાટણ, તા. ૭મી માર્ચ, ૧૯૯૮,

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 75 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 12, 1998 / PHALGUNA 21, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો હુકમ.

આ દે શ

નંબર પીઓએલ/૧૬૭૧/૧૭૨૧/૯૮.-આગામી હોળી ધુળેટીનો તહેવાર ઉજવવામાં આવનાર હોઇ તે દરમ્યાન શાંતિ જળવાઇ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી આણંદના એ તેમના તા. ૯મી માર્ચ, ૧૯૯૮ના પત્રથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું આઇ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર આણંદ જિલ્લામાં તા.૧૦મી માર્ચ, ૧૯૯૮થી તા. ૧૫મી માર્ચ, ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

૧. હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, છરા, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.
૨. કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.
૩. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી બીભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.
૪. જેનાથી સુરૂચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ : આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઇપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.
૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તા. ૧૦મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આઇ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 76

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, MARCH 16, 1998 / PHALGUNA 25, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧)(૩) મુજબનો હુકમ.

ક્રમાંક એસબી/ઉગાપક/જાહેરનામું/૧૪૩૦/૯૮.- વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહશાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું આર. એમ. એસ. બ્રાર (આઇપીએસ), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૧)(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૩મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૭મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે વ્યકિતઓએ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાશો : રસ્તાની ફુટપાથનો પણ આમા સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૬૦ની કલમ-૧૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તા. ૧૨મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસબી/ઉગપક/જાહેરનામું/૧૪૩૧/૧૯૯૮.- મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સતાની રૂએ હું આર. એમ. એસ. બ્રાર (આઇપીએસ), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમાં સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તા. ૧૩મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૭મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇએ,

(ક) કોઇપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, કે લાકડી જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઇ શકે તેવી કોઇ વસ્તુ લઇ જવી કે કબજામાં રાખવી નહી.
(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહી.
(ગ) કોઇ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઇ જવો નહી.
(ઘ) કોઇપણ આકૃતિ કે પુતળા દેખાડવા નહી.
(ચ) સરઘસમાં સળગતી મશાલ લઇ જવી નહી.
(છ) અપમાન કરવાના ઇરાદાથી કે બદનામ કરવાના ઇરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહી.
(જ) જેનાથી સુરૂચી અથવા નિતીનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકા અથવા કોઇ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી, અગર ફેલાવો કરવો નહી.
(ઝ) પરવાનાવાળા હથિયાર લાયસન્સ ધરાવતા ઇસમોએ જાહેરમાં હથિયાર સાથે ફરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઇ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.
૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઇ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તા. ૧૨મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 77 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, MARCH 16, 1998 / PHALGUNA 25, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ.

નંબર એએમએજી/કા.વ્ય./પરીક્ષા/૯૮.- પાટણ જિલ્લામાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮થી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા લેવાનાર છે. જિલ્લામાં આવેલ કેન્દ્રો ઉપર લેવાનાર એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષાનું સંચાલન શાંત અને સરળતાથી થાય તે જરૂરી છે. ઝેરાક્ષની દુકાનો ઉપર પરીક્ષા લક્ષી સાહિત્યની નકલ થવાથી અને તે સાહિત્ય પરીક્ષા કેન્દ્રોમાં મોકલવાની પ્રવૃતિથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એ અંગે વિકટ પ્રશ્ન ઉપસ્થિત થતો હોઇ જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરે પરીક્ષા સમય દરમ્યાન ઝેરોક્ષ દુકાનો ઉપર થતી પરીક્ષાલક્ષી સાહિત્યની નકલો કઢાવવાના અનઅધિકૃત કૃત્ય અટકાવવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતું કારણ છે. અને પરીક્ષા સમય દરમ્યાન જિલ્લામાં આવેલ તમામ ઝેરોક્ષ દુકાનોમાં એસ.એસ.સી./ એચ.એસ.સી પરીક્ષામાં મદદરૂપ થાય તેવું કોઇપણ સાહિત્યની ઝેરોક્ષ નકલ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું એ. કે. રાકેશ (આઇએએસ) જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે, તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ના શુન્ય કલાકથી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત) સુધી એસ.એસ.સી./ એચ.એસ.સી. પરીક્ષા માટે પાટણ જિલ્લામાં આવેલ પરીક્ષા કેન્દ્રોવાળા તમામ વિસ્તારમાં નીચે મુજબ પ્રતિબંધ ફરમાવું છું.

૧. જિલ્લામાં આવેલ તમામ એસ.એસ.સી. / એચ.એસ.સી. કેન્દ્રોવાળા ગ્રામ્ય/શહેરી વિસ્તારો માં આવેલ ઝેરોક્ષ સેન્ટર ઉપર પરીક્ષામાં મદદરૂપ થાય તેવું કોઇપણ સાહિત્યની ઝેરોક્ષ નકલ કાઢવા તેમજ કઢાવવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

૨. પરીક્ષામાં ગેરરીતી માટે મદદરૂપ થાય તેવું તેમજ પરીક્ષાલક્ષી સાહિત્ય પરીક્ષાખંડમાં તેમજ કેન્દ્રમાંથી બહાર લઇ જવા તેમજ બહારથી પરીક્ષા કેન્દ્રમાં કે ખંડમાં લાવવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

સદરહુ હુકમના ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કમલ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પાટણ, તા. ૧૦મી માર્ચ, ૧૯૯૮. એ. કે. રાકેશ

જિલ્લા મેજિસ્ટ્રેટ,

પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 78

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, MARCH 16, 1998 / PHALGUNA 25, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વડોદરા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે બહાર પાડેલ.

નં. પોલ/જાહેરનામું/વશી/૨૩૦૯ થી ૨૩૯૪/૯૮. મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઇ ૨૨)માં અધિનિયમની કલમ-૩૭(૧)(ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આગામી હોળી તેમજ ધુળેટીના તહેવારને અનુલક્ષીને જિલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ ના બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તા.૧૦મી માર્ચ, ૧૯૯૮ના રોજ ૦૦-૦૦ કલાકથી તા. ૨૪મી માર્ચ, ૧૯૯૮ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઇએ :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું કોઇપણ સાધન લઇ જવું નહીં.

(ખ) કોઇ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઇપણ વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો, સાધનો લઇ જવા નહી કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેર કરવાના બીભત્સ સુત્રો પોકારવા નહીં અશ્લીલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

(ચ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવ-ભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરીનું કામકાજ કરતા કોઇ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય, અથવા તેવું કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા બે(૨) માસ અને વધુમાં વધુ ૧(એક)વર્ષની કેદની સજા થશે અને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડને પણ સજાને પાત્ર થશે.

આજ તા. ૭મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કર્યો

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

(મુંબઇ) પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)(ક) અન્વયે બહાર પાડેલ.

નં. એમએજી/વશી/૨૪૧૧ થી ૨૪૯૬/૯૮.- આગામી તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી ૨૮મી માર્ચ, ૧૯૯૮ સુધીના સમય દરમ્યાન એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા થનાર હોઇ વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા કેન્દ્રોના સ્થળોએ પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરવામાં આવે અને પરીણામે પરીક્ષામાં ગેરરીતીઓ થવાનો સંભવ હોઇ તે માટે પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારના ઝેરોક્ષ મશીનો ચલાવવા ઉપર નિયંત્રણ રાખવાનો મને જરૂર જણાય છે.

તેથી હું સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વડોદરા, મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)(ક)થી મને મળેલ સત્તાની રૂએ આથી આદેશ આપું છું કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારના તમામ પરીક્ષા કેન્દ્રોના સ્થળથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ મશીનો તા.૧૬મી માર્ચ, ૧૯૯૮થી તા. ૨૮મી માર્ચ, ૧૯૯૮ સુધી પરીક્ષાના કલાકો દરમ્યાન બંધ રાખવા.

વિસ્તાર : વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોના સ્થળથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તાર.

આ આદેશનો ભંગ / ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-(૧) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તા. ૯મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે બહાર પાડવામાં આવ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા બે(૨) માસ અને વધુમાં વધુ ૧(એક)વર્ષની કેદની સજા થશે અને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડને પણ સજાને પાત્ર થશે.

આજ તા. ૭મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કર્યો

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)(૭) અન્વયે બહાર પાડેલ.

નં. એમએજી/વશી/૨૪૧૧ થી ૨૪૯૬/૯૮.- આગામી તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી ૨૮મી માર્ચ, ૧૯૯૮ સુધીના સમય દરમ્યાન એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા થનાર હોઇ વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા કેન્દ્રોના સ્થળોએ પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરવામાં આવે અને પરીણામે પરીક્ષામાં ગેરરીતીઓ થવાનો સંભવ હોઇ તે માટે પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારના ઝેરોક્ષ મશીનો ચલાવવા ઉપર નિયંત્રણ રાખવાનો મને જરૂર જણાય છે.

તેથી હું સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વડોદરા, મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)(૭)થી મને મળેલ સત્તાની રૂએ આથી આદેશ આપું છું કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારના તમામ પરીક્ષા કેન્દ્રોના સ્થળથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ મશીનો તા.૧૬મી માર્ચ, ૧૯૯૮થી તા. ૨૮મી માર્ચ, ૧૯૯૮ સુધી પરીક્ષાના કલાકો દરમ્યાન બંધ રાખવા.

વિસ્તાર : વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોના સ્થળથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તાર.

આ આદેશનો ભંગ / ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-(૧) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તા. ૯મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે બહાર પાડવામાં આવ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 79

REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, MARCH 18, 1998 / PHALGUNA 27, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા
જા હે ર ના મું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમકપ/જીજી/કયુએલ/રીગ્રાન્ટ/૨૩/૯૮.- જે ખર્ચ કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/કયુએલ/૧૨૦૦/૧૯૬૯, તા. ૨૯મી મે, ૧૯૯૫ જે અન્વયે શ્રી માછી વખતભાઇ પ્રતાપભાઇને મોજે નરસાણા તાલુકો શહેરાના સર્વે નંબર ૨૦૨, ૩, ૪, ૫, ૬, ૨૦૧, ૧૮૦, ૧૪૯, ૧૭૬, ૧૭૭ને લાગુ અકણી નદી પટ્ટ પૈકી ૨-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સા. રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદ્દતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તા. ૨૪મી જુન, ૧૯૯૩થી મંજુર કરી આપવામાં આવેલ હતુ. જેનું કરારખત કરાવી લેવામાં નિષ્ફળ ગયેલ હોઇ અરજદારશ્રી કરારખત કરાવી લેવામાં નિષ્ફળ ગયેલ હોવાથી મંજુરી હુકમ તા. ૨૯મી મે, ૧૯૯૫થી રિવોક કરેલ હોવાથી, જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઇ નીચે પરિશિષ્ટ હોઇ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાનો તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પ રિ શિ ષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
નરસાણા	શહેરા	પંચમહાલ	૨૦૨, ૩, ૪, ૫, ૬, ૨૦૧, ૧૮૦, ૧૩૨, ૧૭૭, ૧૭૬, ને લાગુ અકણી નદી પટ્ટ પૈકી	૨-૦૦-૦૦

નોંધ : આ જાહેરનામાનો હેતુ ફકત નવી અરજીની નિયમ-૧૮(૧)(અ)ની જોગવાઇ મુજબ અપરિપકવતા દુર કરવાનો છે.

ગોધરા, ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

સી. વી. સોમ,
આઇ.એ.એસ.
કલેકટર, પંચમહાલ, ગોધરા.

જા હે ર ના મું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક જીજી/કયુએલ/રીગ્રાન્ટ/૨૬/૯૮.-જે ખર્ચ કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/કયુએલ/રીન્યુ/૫૭૬, તા.૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૫ જે અન્વયે શ્રીમતી ચંચીબેન એલ. વણઝારાને મોજે ચનસર તાલુકો લુણાવાડાના સર્વે નંબર ૬૧ની સામે ને લાગુ પાનમ નદી પટ્ટ પૈકી ૧-૭૩-૬૦ હેકટર વિસ્તાર-માંથી સા. રેતી ખનિજ કાઢવા ત્રણ વર્ષની મુદ્દતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તા.૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૫થી મંજુર કરી આપવામાં આવેલ હતુ. જેનું કરારખત તા.૨૦મી મે, ૧૯૯૪ની અસરથી ત્રણ વર્ષની મુદ્દત માટે કરવામાં આવેલ હતું જેની મુદ્દત તા. ૧૬-૫-૯૭ના રોજ પુરી થયેલ છે.'કવોરીલીઝની મુદ્દત પૂર્ણ થયા બાદ તેમણે લીઝ રીન્યુઅલ કરવવા રીન્યુઅલ અરજી કરેલ નથી'. જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઇ નીચે પરિશિષ્ટ હોઇ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પ રિ શિ ષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
ચનસર	લુણાવાડા	પંચમહાલ	૬૧ની સામે પાનમ નદી પટ્ટ પૈકી	૧-૭૩-૬૦

નોંધ : આ જાહેરનામાનો હેતુ ફકત વિસ્તારની નિયમોની જોગવાઇ મુજબ અપરિપકવતા દુર કરવાનો છે, જાહેરનામાને આધારે લીઝ મળવા હકક દાવો રહશે નહિ.

ગોધરા, ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

સી. વી. સોમ,
આઇ.એ.એસ.
કલેકટર, પંચમહાલ, ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 80

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 19, 1998 / PHALGUNA 28, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર એમએજી/વશી/૨૬૪૭/૯૮.- છોટાઉદેપુર તાલુકાના ભુમસવાડા ગામે હોળી/ધુળેટીના તહેવાર દરમ્યાન ચુલનો મેળો દર વર્ષે ભરાય છે. તે મુજબ આ વર્ષે પણ આ મેળો તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ના રોજ ભરાનાર છે. આ મેળામાં મોટાભાગના આદિવાસી લોકો ભેગા થાય છે. અગાઉના વર્ષોમાં આ મેળા દરમ્યાન આદિવાસી લોકોએ જુની અદાવતોનો બદલો લેવા માટે જીવલેણ/ઘાતક હુમલાઓ કરેલ હોવાનાં પ્રસંગો બનેલા છે. જેથી ભુતકાળમાં બનેલા બનાવો તથા તેના અનુસંધાને આ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ અધિકારીના અભિપ્રાયોને ધ્યાનમાં લેતા જાહેર સલામતી જાળવવા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારૂ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના ભુમસવાડા ગામે ભરાતા મેળાનાં વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવો મને યોગ્ય જણાય છે.

વાસ્તે હું રાજીવકુમાર ગુપ્તા, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ તા. ૧૫મી માર્ચ, ૧૯૯૮થી તા. ૧૭મી માર્ચ, ૧૯૯૮ સુધીના દિવસો દરમ્યાન નીચેના નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓએ ભેગા થવા ઉપર પ્રતિબંધ કરમાવું છું.

વિસ્તાર : વડોદરા જિલ્લાનાં છોટાઉદેપુર તાલુકાના ભુમસવાડા ગામે ચુલનો ભરાતા મેળાની જગ્યા તથા તેની આજુબાજુના ૫૦૦ મીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

અપવાદ : ફરજ પરનાં પોલીસ/એસઆરપી/હોમ-ગાર્ડસનાં અધિકારી તથા જવાનો તેમજ સરકારી અધિકારીશ્રી/કર્મચારીઓ.

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુર તથા એકઝી. મેજિસ્ટ્રેટ અને મામલતદાર, છોટાઉદેપુર જરૂરીયાતના પ્રસંગે મુકિતની પરવાનગી આપી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૨મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

રાજીવકુમાર ગુપ્તા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 81

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 19, 1998 / PHALGUNA 28, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ

નંબર એમએજી/પરીક્ષા/ઝેરોક્ષ સેન્ટરો/૩/૯૮.-આગામી તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮થી તા. ૨૭મી માર્ચ, ૧૯૯૮ સુધી આ તાલુકાના આ સાથેના પરિશિષ્ટ મુજબના કુલ-૯ પરીક્ષા કેન્દ્રો ઉપર એસ.એસ.સી તથા ૨૩ પરીક્ષા કેન્દ્રો ઉપર એચ.એસ.સી. પરીક્ષા લેવાનાર છે. જેથી આ તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર ગેરરીતીઓ ચોરીઓ થતી અટકે તથા પરીક્ષાલક્ષી સાહિત્યનું ઝેરોક્ષ કામ ન થાય તે માટે આ બદી અટકાવવી અત્યંત જરૂરી અને જાહેર હિતમાં આવશ્યક છે. ભુતકાળમાં ઝેરોક્ષ સેન્ટરો દ્વારા પરીક્ષામાં ચોરીઓ કરાવવાના કિસ્સાઓ બનેલા છે જેથી આવા કિસ્સાઓ બનતા અટકાવવા સારૂ પરિશિષ્ટ મુજબના સ્થળોએ આવેલા તમામ ઝેરોક્ષ સેન્ટરો બંધ કરાવવા જરૂરી છે. જેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું એ. સી. રાઠોડ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, બાયડ, મને આમાં પુરેપુરો સંતોષ થયેલ છે કે ઉપરોકત ગેરરીતી અટકાવવા માટે ઉપરોકત અધિનિયમ હેઠળ મને મળેલ સત્તાની રૂએ બાયડ તાલુકાના પરિશિષ્ટ મુજબના પરીક્ષાના તમામ કેન્દ્રોના શહેરો/ગામોમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો તા.૧૬મી માર્ચ, ૧૯૯૮થી તા. ૨૭મી માર્ચ, ૧૯૯૮ના પરીક્ષા શરૂ થવાના એક કલાક પહેલાં તથા પરીક્ષા પુરી થયા પછી ૧૫ મીનીટ દરમ્યાન બંધ રાખવા હુકમ કરૂં છું.

આ હુકમનો ભંગ કરનારને મુંબઇ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

પ રિ શિ ષ્ટ

એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા માર્ચ-૯૮ના પરીક્ષાના કેન્દ્રો/પેટા કેન્દ્રો તથા સ્કુલોની વિગતનું
પ ત્ર ક.

અ.નં.	કેન્દ્રનું નામ	સ્કુલનું નામ	પરીક્ષા કેન્દ્રની વિગત
૧	૨	૩	૪
૧.	બાયડ	એન. એચ. શાહ હાઇસ્કુલ, બાયડ.	એસ.એસ.સી./એચ.એસ.સી.
૨.	બાયડ	સારસ્વત હાઇસ્કુલ, બાયડ.	એસ.એસ.સી.
૩.	આંબલીયારા	આંબલીયારા હાઇસ્કુલ, આંબલીયારા.	''
૪.	આકરૂન્દ	પી. કે. ફણસે વિદ્યાલય, આકરૂન્દ.	''
૫.	ગાબટ	સુરજબા હાઇસ્કુલ, ગાબટ.	એસ.એસ.સી.
૬.	સાઠંબા	સાઠંબા ગૃપ સ.વિ. મંદિર, સાઠંબા	''
૭.	જીતપુર	એમ. પી. શાહ હાઇસ્કુલ, જીતપુર	એસ.એસ.સી./એચ.એસ.સી.
૮.	બોરોલ	બોરોલ હાઇસ્કુલ, બોરોલ	એસ.એસ.સી.
૯.	ઇન્દ્રાણ	શ્રેયસ હાઇસ્કુલ, ઇન્દ્રાણ.	એસ.એસ.સી.

આજ તા. ૧૦મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

એ. સી. રાઠોડ,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
બાયડ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

પ રિ શિ ષ્ટ

એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા માર્ચ-૯૮ના પરીક્ષાના કેન્દ્રો/પેટા કેન્દ્રો તથા સ્કુલોની વિગતનું પ ત્ર ક.

અ.નં.	કેન્દ્રનું નામ	સ્કુલનું નામ	પરીક્ષા કેન્દ્રની વિગત
૧	૨	૩	૪
૧.	બાયડ	એન. એચ. શાહ હાઇસ્કુલ, બાયડ.	એસ.એસ.સી./એચ.એસ.સી.
૨.	બાયડ	સારસ્વત હાઇસ્કુલ, બાયડ.	એસ.એસ.સી.
૩.	આંબલીયારા	આંબલીયારા હાઇસ્કુલ, આંબલીયારા.	”
૪.	આકરૂન્દ	પી. કે. કણસે વિદ્યાલય, આકરૂન્દ.	”
૫.	ગાબટ	સુરજબા હાઇસ્કુલ, ગાબટ.	એસ.એસ.સી.
૬.	સાઠંબા	સાઠંબા ગૃપ સ.વિ. મંદિર, સાઠંબા	”
૭.	જીતપુર	એમ. પી. શાહ હાઇસ્કુલ, જીતપુર	એસ.એસ.સી./એચ.એસ.સી.
૮.	બોરોલ	બોરોલ હાઇસ્કુલ, બોરોલ	એસ.એસ.સી.
૯.	ઇન્દ્રાણ	શ્રેયસ હાઇસ્કુલ, ઇન્દ્રાણ.	એસ.એસ.સી.

આજ તા. ૧૦મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એ. સી. રાઠોડ,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
બાયડ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 82

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 19, 1998 / PHALGUNA 28, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ.

નંબર એમએજી/પીઓએલ/પરીક્ષા/૩/૯૮.- આગામી તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૨૩મી માર્ચ, ૧૯૯૮ સુધી સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુરા આમોદરા ગામે આવેલ સંસ્કાર ભારતી ઉત્તર બુનીયાદી હાઇસ્કુલના એસ.એસ.સી. પરીક્ષા કેન્દ્રના સ્થળ ઉપર પરીક્ષાઓ લેવામાં આવનાર છે. જેથી આ કેન્દ્ર ઉપર પરીક્ષા સમય દરમ્યાન મોટા પ્રમાણમાં માણસો એકઠા થાય તેવી શકયતા રહેલી છે. તેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તથા પરીક્ષાર્થીઓ શાંત અને મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તથા ગેરરીતીઓ અટકી શકે તે હેતુથી સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ અન્વયેનો પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે મને સંતોષ થાય છે અને તેમ કરવું જરૂરી છે જેથી હું બી.સી. પટણી (જીએએસ) સબડીવીઝનલ મેજિસ્ટ્રેટ, મોડાસા ઉપરોકત અધિનિયમ હેઠળ મળેલ સત્તાની રૂએ પ્રાંતિજ તાલુકાના રામપુરા-આમોદરા ગામે આવેલ સંસ્કાર ભારતી ઉત્તર બુનિયાદી હાઇસ્કુલના એસ. એસ. સી. પરીક્ષા કેન્દ્રની આજુબાજુના બસો મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી ૨૩મી માર્ચ, ૧૯૯૮ સુધી પરીક્ષા દરમ્યાન ચાર કે તેથી વધારે માણસોએ એકત્ર અથવા ભેગું થવું નહીં કે, સભાઓ ભરવી નહીં કે, સુત્રો પોકારવા નહીં, કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં પથ્થર કે બીજા કોઇ પદાર્થ લઇ જાય નહીં.

અપવાદ : આ હુકમ પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલા સરકારી કર્મચારીઓ, અધિકારીઓ, તથા પોલીસ ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ/હોમગાર્ડસના જવાનો તથા પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦નો કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૨મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

બી. સી. પટણી,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
મોડાસા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 83

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] FRIDAY, MARCH 20, 1998 / PHALGUNA 29, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩(૧) (ઓ) મુજબ.

નંબર પીઓએલ/હોલી/વડનગર/વશી/૪૯૯ થી ૫૧૦/૯૮-મહેસાણા જિલ્લાના વડનગર ગામે ગામમાં જુદા જુદા મહોલ્લામાંથી હોળીના તહેવારમાં એક જ દિવસે અડધા કલાકના અંતરે ઘેર ફરવા નીકળે છે. જુદી જુદી ઘેર બજારમાં ભેગી થતાં તોફાનો થવાનો પ્રસંગ ઉપસ્થિત થવા સંભવ છે. જેથી વડનગરમાં શાંતિ અને સલામતી જાળવવા સારૂ નીચે પ્રમાણે હુકમ કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ડાગુર (આઇએએસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ઓ)થી મને મળેલ સત્તાની રૂએ વડનગરમાં હોળીના તહેવારો દરમ્યાન તા. ૧૧મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૧૪મી માર્ચ, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે જણાવેલ કૃત્યો કોઇપણ ઇસમે નહીં કરવા હુકમ કરૂં છું.

(૧) ધીણોજ્યા ઘેરવાળાઓએ ગોરવાડાના રસ્તેથી સોનીવાડના માઢ આગળથી જુના ચાચરે થઇ માતોરની કુઇ થઇ દેસાઇવાડાના માઢ આગળ થઇને ઘેર લઇ જવી. આ ઘેરવાળાઓએ સાંજના ૫ થી ૬ વાગ્યા સુધીમાં લાયબ્રેરી આગળ થઇને ચાલ્યા જવું.

(૨) મોઢની ઘેરવાળાઓએ ઘેરૈયા ચૌદસના દિવસે મોઢવાડામાંથી નીકળી બજારમાં થઇ નવી લાયબ્રેરી આગળ થઇ પોતાના રસ્તે ચાલ્યા જવું, ત્યાં તેમણે સાંજના ૬-૩૦ થી ૭-૩૦ વાગ્યા સુધીમાં બહાર પસાર થવું. સાડા છ પહેલાં આરામાં આવવું નહીં.

(૩) ધુળેટીના દિવસે માતોરવાળાઓએ માતોરથી નીકળી દેસાઇવાડે થઇ બોકર મંડીના ચાચરે જવુ. ત્યાંથી તે જ રસ્તે પાછા ફરી મોચી ઓળ આગળ જઇ બજારમાં થઇ જુની લાયબ્રેરી પાસે આવી દેસાઇવાડાના માઢ આગળ થઇ વાસુદેવના ચાચર આગળ થઇ ભાવસાર વાડે જવું.

(૪) ધુળેટીના દિવસે વડનગર ગામમાં ફરનાર દરેક ઘેરવાળાઓએ સવારના આઠ વાગે નીકળી અગિયાર વાગ્યા સુધી પોત-પોતાના ડાબી બાજુ ચાલી એકબીજાનો રસ્તો ગાળી અને આગળ-પાછળ યોગ્ય અંતરે ચાલ્યા જવું એકબીજાની લાગણી દુભાય તેવું વર્તન કોઇએ કરવું નહીં કે કોઇ જાતનો ટંટો તોફાન કરવા નહીં.

(૫) આ તમામ લોકોએ ઘેરૈયા ચૌદશના દિવસે ત્રાંસ, શરણાઇઓ, ડફ, બાણગુ વગાડવાની ઘડીયાળ કે નિશાન સિવાય બીજુ કોઇપણ ઘેર સાથે રાખવું નહીં તથા ધુળેટીના દિવસે તમામ ઘેરો સાથે ગધેડુ, મશાલ, નગારૂ, નોબત, ટંકારખાનુ વિગેરે સાથે રાખવા નહીં.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૧મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ.

નંબર એમએજી/વશી/૧૬૪૫ થી ૧૭૧૫/૯૮.- મહેસાણા જિલ્લાના નીચે જણાવેલ કેન્દ્ર ઉપરથી ગુજરાત માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૧૬મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૨૮મી માર્ચ, ૧૯૯૮ સુધી માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (એસ.એસ.સી.) તેમજ તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (એચ.એસ.સી.) લેવાનાર છે.

એસ.એસ.સી. પરીક્ષા કેન્દ્ર :

૧. આંબલીયાસણ	૧૧. વડનગર
૨. બેચરાજી	૧૨. વિજાપુર
૩. ગોજારીયા	૧૩. વિસનગર
૪. જોટાણા	૧૪. રણાસણ
૫. કડી	૧૫. બીલીયા (મોરવાડ)
૬. કલોલ	૧૬. બલોલ
૭. કુકરવાડા	૧૭. મોઢેરા
૮. ખેરાલુ	૧૮. વાલમ
૯. મહેસાણા (શહેર)	૧૯. મહેસાણા (ગ્રામ્ય)
૧૦. સતલાસણા	

એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્ર :

૧. કડી	૬. વિજાપુર
૨. કલોલ	૭. વિસનગર
૩. ખેરાલુ	૮. બીલીયા (મોરવાડ)
૪. મહેસાણા (શહેર)	૯. મહેસાણા (ગ્રામ્ય)
૫. વડનગર	

ઉપર્યુકત કેન્દ્ર ઉપરથી લેવાનાર ઉકત એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષાનું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઇપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડમાં નિરીક્ષકો કોઇપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહીં તે સારૂ ઉપર્યુકત પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઇ અસામાજીક તત્વો કે અનઅધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહીં તે સારૂં ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ છે અને તેમ થતુ અટકાવવા તાત્કાલીક ઇચ્છનીય છે. તેવો મારો મત છે.

વાસ્તે હું, એમ. એસ. ડાગુર (આઇએએસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે તા. ૧૫મી માર્ચ, ૧૯૯૮ના શુન્ય કલાક થી તા. ૧લી એપ્રિલ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત) સુધી એસ.એસ.સી. તેમજ એચ.એસ.સી પરીક્ષા માટેના પરિશિષ્ટ- અ તથા બ માં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને તેની સામે દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઇ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહીં અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહીં.

વધુમાં આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

૧. એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને.
૨. સદરહુ પરીક્ષાની કામગીરીમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીઓને.
૩. સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.
૪. જિલ્લા મેજિસ્ટ્રેટ / અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેવા અધિકારી/કર્મચારીઓને.

સદરહુ હુકમના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ન્યુ એસ. એસ. સી. પરીક્ષા માર્ચ-૧૯૯૮ના પરીક્ષા કેન્દ્ર.

પરિશિષ્ટ - અ

અ.નં. કેન્દ્રનું નામ	પરીક્ષા બિલ્ડીંગનું નામ
૧. આંબલીયાસણ	૧. સાર્વજનિક વિદ્યાલય, આંબલીયાસણ.
	૨. સાર્વજનિક વિદ્યાલય, આંબલીયાસણ.
૨. બેચરાજી	૧. સર્વોદય હાઇસ્કુલ, બેચરાજી (યુનિટ-૧)
	૨. સર્વોદય હાઇસ્કુલ, બેચરાજી (યુનિટ-૨)
	૩. પ્રાથમિક કુમાર શાળા, બેચરાજી.
	૪. પ્રાથમિક કન્યા શાળા, બેચરાજી.
	૫. એસ. એસ. ગાર્ડી નુતન હાઇસ્કુલ, શંખલપુર.
૩. ગોજારીયા	૧. ગોજારીયા હાઇસ્કુલ, ગોજારીયા.
	૨. ગોજારીયા નાગરીક બેંક ગર્લ્સ હાઇસ્કુલ, ગોજારીયા.
૪. જોટાણા	૧. શ્રી રામ સાર્વ. વિદ્યાલય, જોટાણા.
૫. કડી	૧. ટેકનીકલ હાઇસ્કુલ, કડી.
	૨. સાર્વજનિક વિદ્યાલય, કડી.

Extra No. 84 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] SATURDAY, MARCH 21, 1998 / PHALGUNA 30, 1919

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

નં. એમએજી/પરીક્ષા/ઝેરોક્ષ સેન્ટરો/૩/૯૮.- આગામી તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી ૨૩મી માર્ચ, ૧૯૯૮ સધી આ જિલ્લાના આ સાથેના પરિશિષ્ટ મુજબના કુલ ૬૬ પરીક્ષા કેન્દ્રો ઉપર એસ.એસ.સી. તથા ૩૫ પરીક્ષા કેન્દ્રો ઉપર એચ.એસ.સી. પરીક્ષા લેવામાં આવનાર છે. જેથી આ તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર ગેરરીતીઓ, ચોરીઓ થતી અટકે તથા પરીક્ષા લક્ષી સાહિત્યનું ઝેરોક્ષકામ ન થાય તે માટે આ બદી અટકાવવી અત્યંત જરૂરી અને જાહેર હિતમાં આવશ્યક છે. ભુતકાળમાં ઝેરોક્ષ સેન્ટરો દ્વારા પરીક્ષામાં ચોરીઓ કરાવવાના કિસ્સાઓ બનેલા છે. જેથી આવા કિસ્સાઓ બનતા અટકવવા સારૂ પરિશિષ્ટ મુજબના સ્થળોએ આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો બંધ કરાવવા જરૂરી છે. જેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું એસ.એમ.એફ. બુખારી, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર મને પુરેપરો સંતોષ થયેલ છે કે ઉપરોકત ગેરરીતીઓ અટકાવવા માટે ઉપરોકત અધિનિયમ હેઠળ મને મળેલ સતાની રૂએ સાબરકાંઠા જિલ્લાના પરિશિષ્ટ મુજબના પરીક્ષાના તમામ કેન્દ્રોના શહેરો/ગામોમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો ઉપર તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી તા. ૨૩મી માર્ચ, ૧૯૯૮ના પરીક્ષા શરૂ થવાના એક કલાક પહેલાં તથા પરીક્ષા પુરી થયા પછી ૧૫ મીનીટ દરમ્યાન બંધ રાખવા હુકમ કરૂં છું.

આ હુકમનો ભંગ કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) તથા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૦મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

એસ. એમ. એફ. બુખારી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

INDEX

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ.

નં. એમએજી/એલએઓ/પરીક્ષાઓ/૩/૯૮.-આગામી તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮થી ૨૩મી માર્ચ, ૧૯૯૮ સુધી આ જિલ્લાના આ સાથેના પરિશિષ્ટ મુજબ એસ.એસ.સી.ના ૬૬ પરીક્ષા સ્થળો તથા એચ.એસ.સી.ના કુલ ૩૫ પરીક્ષા સ્થળો ઉપર પરીક્ષાઓ લેવામાં આવનાર છે. જેથી આ તમામ કેન્દ્રો ઉપર પરીક્ષા સમય દરમ્યાન મોટા પ્રમાણમાં માણસો એકઠા થાય તેવી શકયતા રહેલી છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તથા પરીક્ષાર્થીઓ શાંત અને મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તથા ગેરરીતીઓ અટકી શકે તે હેતુથી સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ અન્વયેનો પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે મને સંતોષ થયેલ છે અને તેમ કરવું જરૂરી છે જેથી હું એસ.એમ.એફ. બુખારી, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર ઉપરોકત અધિનિયમ હેઠળ મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લાના એસ.એસ.સી. તથા એચ.એસ.સી.ના તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા. ૧૬મી માર્ચ, ૧૯૯૮થી ૨૩મી માર્ચ, ૧૯૯૮ સુધી પરીક્ષા દરમ્યાન ચાર કે તેથી વધારે માણસોએ એકત્ર અથવા ભેગા થવું નહીં, કે સભાઓ ભરવી નહીં કે સુત્રો પોકારવા નહીં. કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં. પથ્થર કે બીજા કોઇ પદાર્થ લઇ જાય નહીં.

અપવાદ :

આ હુકમ પરીક્ષાની કાર્યવાહીમાં રોકાયેલા સરકારી કર્મચારીઓ, અધિકારીઓ તથા પોલીસ ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ/હોમગાર્ડસના જવાનો તથા પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

પ રિ શિ ષ્ટ

એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા માર્ચ-૯૮ના પરીક્ષા કેન્દ્રો/પેટા કેન્દ્રો તથા સ્કુલોની વિગતનું પત્રક.

અનુ.નં. ૧	કેન્દ્રનું નામ ૨	સ્કુલનું નામ ૩	પરીક્ષા કેન્દ્રની વિગત. ૪
૧.	હિંમતનગર	હિંમત હાઇસ્કુલ, હિંમતનગર	એસ.એસ.સી./એચ.એસ.સી.
		માયઓન હાઇસ્કુલ, "	-સદર-
		મદ્રેસા હાઇસ્કુલ, "	-સદર-
		ન્યુ એજ્યુકેશન હાઇસ્કુલ, "	-સદર-
		ત્રિવેણી વિદ્યાલય, "	એસ.એસ.સી.
		પદ્માવતી હાઇસ્કુલ, "	-સદર-
		મનોરમ હાઇસ્કુલ, "	એચ.એસ.સી.
		પદ્માવતી કન્યા વિદ્યાલય, "	-સદર-
	ગાંભોઇ	ગાંભોઇ ગૃપ હાઇસ્કુલ, ગાંભોઇ	એસ.એસ.સી.
	રૂપાલ-પેટા	રૂપાલ હાઇસ્કુલ, રૂપાલ	એસ.એસ.સી.
૨.	પ્રાંતિજ	પી.એન્ડ આર. હાઇ. પ્રાંતિજ	એસ.એસ.સી./એચ.એસ.સી.
		એકસપેરીમેન્ટલ હાઇસ્કુલ, "	-સદર-
		અવરઓન હાઇસ્કુલ, "	-સદર-
		પી.ટી.સી. કોલેજ, "	એસ.એસ.સી.
		સર્વોદય કન્યા વિદ્યાલય, "	-સદર-
	તલોદ	સી.ડી. પટેલ હાઇસ્કુલ, તલોદ	એસ.એસ.સી./એચ.એસ.સી.
	મજરા	ભૈરવનાથ વિદ્યામંદિર, મજરા	એસ.એસ.સી.
	ધડકણ	ધડકણ હાઇસ્કુલ, ધડકણ તા.પ્રાંતિજ	"
	રણાસણ	સી. વી. ગાંધી હાઇસ્કુલ, રણાસણ	એચ.એસ.સી./એસ.એસ.સી.
	પુંસરી	આર.એલ.એચ. સંઘવી હાઇ. પુંસરી	એસ.એસ.સી.
	હરસોલ	હરસોલ હાઇસ્કુલ, હરસોલ	-સદર-
૩.	મોડાસા	કે.એન. શાહ હાઇસ્કુલ, મોડાસા	એચ.એસ.સી./એસ.એસ.સી.
		સી. જી. બુટાલા હાઇ., "	-સદર-
		સરસ્વતી હાઇ., "	-સદર-
	ધનસુરા	જે.એસ. મહેતા હાઇ., ધનસુરા	-સદર-
	ટીંટોઇ	પી.એમ. કોઠારી હાઇ., ટીંટોઇ	એસ.એસ.સી.
	શિણોલ	એલ. ટી. હાઇ., શિણોલ	"
	સરડોઇ	એમ.એન. શાહ, સરડોઇ	"

INDEX

૧	૨	૩	૪
૪.	બાયડ	એન. એચ. શાહ, હાઇસ્કુલ, બાયડ	એસ.એસ.સી./એચ.એસ.સી.
		સારસ્વત હાઇસ્કુલ, બાયડ	-સદર-
	આંબલીયારા	આંબલીયારા હાઇસ્કુલ, આંબલીયારા	એસ.એસ.સી.
	આકરૂન્દ	પી. કે. ફણસે વિદ્યાલય, આકરૂન્દ	-સદર-
	ગાબટ	સુરજબા હાઇસ્કુલ, ગાબટ	-સદર-
	સાઠંબા	શ્રી સાઠંબા ગૃપ સ.વિ. મંદિર, સાઠંબા	-સદર-
	જીતપુર	એમ. પી. શાહ હાઇસ્કુલ, જીતપુર	એસ.એસ.સી./એચ.એસ.સી.
	બોરોલ	બોરોલ હાઇસ્કુલ, બોરોલ	એસ.એસ.સી.
	ઇન્દ્રાણ	શ્રેયસ હાઇસ્કુલ, ઇન્દ્રાણ	એસ.એસ.સી.
૫.	માલપુર	પી. જી. મહેતા હાઇસ્કુલ, માલપુર	એસ.એસ.સી.
૬.	મેઘરજ	પી. સી. એન. હાઇસ્કુલ, મેઘરજ	એચ.એસ.સી./એસ.એસ.સી.
		સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલ, મેઘરજ	-સદર-
	ઇસરી	પી.બી.એચ. બિહોલા હાઇસ્કુલ, ઇસરી	એસ.એસ.સી.
	રેલ્લાવાડા (પેટા કેન્દ્ર)	રેલ્લાવાડા મા. હા. રેલ્લાવાડા	-સદર-
૭.	ભિલોડા	એન.આર.એ. વિદ્યાલય, ભિલોડા	એસ.એસ.સી./એચ.એસ.સી.
		સેન્ટ ઝેવિયર્સ, મોકરેડા-ભિલોડા	-સદર-
		પ્રેરણા વિદ્યાલય, ભિલોડા	-સદર-
	વાંકાનેર	જે.એન. તન્ના હાઇ., વાંકાનેર, તા. ભિલોડા.	એસ.એસ.સી.
	શામળાજી	આર્ય જ્યોતિ હાઇસ્કુલ, શામળાજી	એસ.એસ.સી./એચ.એસ.સી.
		એ.પી. ઠાકર હાઇસ્કુલ, શામળાજી	-સદર-
		સર્વોદય વિદ્યાલય, શામળાજી	એસ.એસ.સી.
	ડોડીસરા	આદર્શ વનવાસી વિદ્યાલય, ડોડીસરા	એસ.એસ.સી.
		છાત્રાલય પ્રા. શાળા, ડોડીસરા	એસ.એસ.સી.
૮.	વિજયનગર	એમ. એચ. હાઇસ્કુલ, વિજયનગર	એચ.એસ.સી./એસ.એસ.સી.
		ગાયત્રી ઉ.બુ. વિદ્યાલય, વિજયનગર	-સદર-
	ચિઠોડા	સેવા વિદ્યાલય, ચિઠોડા	-સદર-
		કન્યા વિદ્યાલય, ચિઠોડા	એસ.એસ.સી.
	બિલીડીયા	સેન્ટ એન્ડ્રુઝ હાઇસ્કુલ, બિલીડીયા	એસ.એસ.સી.
૯.	ખેડબ્રહ્મા	કે. ટી. હાઇસ્કુલ, ખેડબ્રહ્મા	એચ.એસ.સી./એસ.એસ.સી.
		સંતશ્રી રામજીબાપા વિદ્યાલય, ખેડબ્રહ્મા	એસ.એસ.સી.
	ખેરોજ (પેટા કેન્દ્ર)	સરકારી મા. શાળા, ખેરોજ	એસ.એસ.સી.
૧૦.	ઇડર	સરપ્રતાપ હાઇસ્કુલ, ઇડર	એચ.એસ.સી./એસ.એસ.સી.
		કે. એમ. પટેલ હાઇસ્કુલ, ઇડર	-સદર-
		સી. કે. સરસ્વતી હાઇસ્કુલ, ઇડર	-સદર-
		ન્યુ હાઇસ્કુલ, ઇડર	-સદર-
		મોહેલા કોલેજ, ઇડર	એસ.એસ.સી.
	વડાલી	સી. જે. હાઇસ્કુલ, વડાલી	એચ.એસ.સી./એસ.એસ.સી.
		વડાલી ગર્લ્સ હાઇસ્કુલ, વડાલી	-સદર-
	ઉમેદગઢ	સી. જે. મહેતા હાઇસ્કુલ, ઉમેદગઢ	એસ.એસ.સી.
	જાદર	બી. જે. હાઇસ્કુલ, જાદર	-સદર-

આજ તા. ૧૦મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એસ. એમ. એફ. બુખારી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 85 REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, MARCH 24, 1998 / CAITRA 3, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જા હે ર ના મું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમકપ/જીજી/કયુએલ/રીગ્રાન્ટ/૨૫/૯૮.- જે ખર્ચ કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/કયુએલ/૧૪૮૮/૭૦૯, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૪ જે અન્વયે શ્રી પ્રવીણભાઇ જમનાદાસ ચોકસીને મોજે અંગાળીયા તાલુકો ગોધરાના સર્વે નંબર ૩૩૬, ૩૩૪, ૩૩૩, ૩૩૨, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૮ને લાગુ મેશરી નદી પટ્ટ પૈકી ૨-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સા. રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદ્દતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૪થી મંજુર કરી આપવામાં આવેલ હતુ. જેનું કરારખત સમય મર્યાદામાં કરાવી લેવામાં નિષ્ફળ ગયેલ છે. મંજુરી હુકમ તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૪થી રિવોક કરેલ હોવાથી, જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઇ નીચે પરિશિષ્ટ હોઇ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પ રિ શિ ષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
અંગાળીયા	ગોધરા	પંચમહાલ	૩૩૬, ૩૩૪, ૩૩૩, ૩૩૨, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૮ને લાગુ મેશરી નદી પટ્ટ પૈકી	૨-૦૦-૦૦

નોંધ : આ જાહેરનામાનો હેતુ ફકત નિયમો ૧૮(૧)(અ)ની જોગવાઇ મુજબ વિસ્તારની અપરિપકવતા દુર કરવાનો છે. જાહેરનામું હોઇ લીઝ મંજુર કરવી જ એવો હકકદાવો થશે નહિ.

ગોધરા, ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

સી. વી. સોમ,
આઇ.એ.એસ.
કલેકટર, પંચમહાલ, ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 86

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 26, 1998 / CAITRA 5, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

નંબર એમએજે/વશી/૧૯૨૨ થી ૧૯૪૬/૯૮.- મહેસાણા જિલ્લાના નીચે જણાવેલ કેન્દ્રો ઉપર ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા તા. ૨૩મી માર્ચ, ૧૯૯૮થી તા. ૨૧મી એપ્રિલ, ૧૯૯૮ની વિવિધ પરીક્ષાઓ લેવાનાર છે.

૧. મહેસાણા	૫. ખેરાલુ
૨. વિસનગર	૬. વડનગર
૩. કડી	૭. વિજાપુર
૪. કલોલ	

ઉપર્યુક્ત કેન્દ્રો ઉપરથી લેવાનાર ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ પરીક્ષાઓનું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એકાગ્રતાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઇપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડમાં નિરીક્ષકો કોઇપણ જાતના ભય અને ત્રાસ વિના નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારૂં ઉપર્યુક્ત પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦(બસો) મીટરના વિસ્તારમાં કોઇ અસામાજિક તત્વો કે અનધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓ દાખલ થાય નહી તે સારૂ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પૂરતું કારણ છે અને તેમ થતુ અટકાવવા તાત્કાલીક ઇચ્છનીય છે, તેવો મારો મત છે.

વાસ્તે હું, એમ. એમ. ડાગુર (આઇએએસ) જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સતાની રૂએ આથી ફરમાવું છું કે તા. ૨૩મી માર્ચ, ૧૯૯૮ના શુન્ય કલાક થી તા. ૨૨મી એપ્રિલ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાનાર વિવિધ પરીક્ષાઓ માટેના પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને તેની સામે દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઇ વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવું નહી અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહી.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

૧. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને.
૨. સદરહુ પરીક્ષાની કામગીરીમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તરફથી રોકાયેલ અધિકારી / કર્મચારીઓને.

૩. સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી / કર્મચારીને.
૪. જિલ્લા મેજિસ્ટ્રેટ / અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેવા અધિકારી/કર્મચારીઓને.

સદરહુ હુકમના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પરીક્ષા માર્ચ-જુન ૧૯૯૮ના પરીક્ષા કેન્દ્ર.

પરિશિષ્ટ

સ.નં.	કેન્દ્રનું નામ	પરીક્ષા બિલ્ડીંગનું નામ
૧	૨	૩
૧.	મહેસાણા	૧. મ્યુનીસીપલ આર્ટસ અને સાયન્સ કોલેજ, મહેસાણા.
		૨. સ્વામી વિવેકાનંદ સર્વોદય એજ્યુકેશન કોલેજ, મહેસાણા.
		૩. મ્યુનીસીપલ આર્ટસ અને અર્બન બેંક સાયન્સ કોલેજ મહેસાણા.
		૪. વી. આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા.
		૫. એસ. એમ. શાહ લો કોલેજ, મહેસાણા.
૨.	વિસનગર	૧. એમ.એન. કોલેજ વિસનગર
		૨. સી. સી. મહીલા આર્ટસ અને શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગર.
૩.	કડી	૧. શ્રી પ્રમુખસ્વામી સાયન્સ અને એચ. ડી પટેલ આર્ટસ કોલેજ, કડી.
		૨. સી. એન. આર્ટસ અને બી. ડી. કોમર્સ કોલેજ કડી
૪.	કલોલ	૧. શ્રી પી. એચ. ગોસ્વામી આર્ટસ અને સાયન્સ કોલેજ, કલોલ.
		૨. શાહ સી.કે.એમ. કોમર્સ કોલેજ, કલોલ.
		૩. શ્રી પ્રભાતગીરી હરીગીરી ગોસ્વામી મ્યુનીસીપલ આર્ટસ અને સાયન્સ કોલેજ કલોલ.
૫.	ખેરાલુ	૧. નાગરીક સહકારી બેંકલી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ખેરાલુ.
૬.	વડનગર	૧. વી.એન.એસ.બી. આર્ટસ અને કોમર્સ કોલેજ, વડનગર.
૭.	વિજાપુર	૧. વિજાપુર આર્ટસ કોલેજ.

મહેસાણા, તા. ૨૩મી માર્ચ, ૧૯૯૮.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 87 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 26, 1998 /CAITRA 5, 1920

Separate paging is given to each part of the supplement to theCentral Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ.

નં. એમએજી/વશી/૪૩૨/૯૮.- પાટણ જિલ્લામાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપરથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા માર્ચ/જુન-૯૮ ગાળામાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ લેવાનાર છે.

અ.નં.	તાલુકા	પરીક્ષા કેન્દ્રનું નામ
૧.	પાટણ	૧. શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ.
		૨. શેઠ એમ. એન. સાયન્સ કોલેજ, પાટણ.
		૩. શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણ.
		૪. શેઠ એમ.એન. લૉ કોલેજ, પાટણ.
		૫. લીલાવતી નંદલાલ કોલાચંદ કોલેજ ઓફ એજ્યુકેશન, પાટણ.
૨.	ઊંઝા	૧. શ્રી બી.પી.બી. આર્ટસ એન્ડ એમ.એચ.૭. કોમર્સ કોલેજ, ઊંઝા.
૧	૨	૩
૨.	ઊંઝા	૨. શેઠ વી.એસ. લૉ કોલેજ, ઊંઝા.
૩.	સિધ્ધપુર	૧. સૈફી જ્યુબીલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સિધ્ધપુર.
૪.	ચાણસ્મા	૧. સી.એન.એસ.બી. આર્ટસ એન્ડ બી. એ. પી. એન્ડ ડી.બી.વી.કોમર્સ કોલેજ, ચાણસ્મા.
૫.	પલાસર	આર્ટસ કોલેજ, પલાસર.
૬.	રાધનપુર	શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત વિનયન અને વાણિજ્ય કોલેજ, રાધનપુર.

ઉક્ત પરીક્ષાઓ તા. ૨૩મી માર્ચ, ૧૯૯૮ થી શરૂ થઇ તા. ૨૧માં એપ્રિલ, ૧૯૯૮ના રોજ પુર્ણ થનાર છે. તેમજ ઉપરોક્ત કેન્દ્રો ઉપર લેવાનાર યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાઓનું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એકાગ્રતાભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઇપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભન માં દોરવાયા સિવાય પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડના નિરીક્ષકો કોઇપણ જાતના ભય અને ત્રાસ

વગર નિરીક્ષણકાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહીં તે સારૂં ઉપરોકત પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦(બસો) મીટરના વિસ્તારમાં કોઇ અસામાજિક તત્વો કે અનઅધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહીં તે સારૂ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પરતું કારણ જણાય છે, તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું, એ. કે. રાકેશ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે તા. ૨૩મી માર્ચ, ૧૯૯૮ના શુન્ય કલાક થી તા. ૨૧મી એપ્રિલ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક(બંને દિવસો સુધ્ધાંત) સુધી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાઓ માટે ઉપર ફકરા-૧માં જણાવેલ પરીક્ષા કેન્દ્રો અને તેની સામે દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઇ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહીં અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહીં.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.
૨. સદરહુ પરીક્ષાની કામગીરીમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા રોકાયેલ અધિકારી / કર્મચારીઓને.
૩. સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી / કર્મચારીઓને.
૪. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ / જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહુ હુકમના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પાટણ, તા. ૨૧મી માર્ચ, ૧૯૯૮.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.(ઉ.ગુ.)

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 88

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] FRIDAY, MARCH 27, 1998 / CAITRA 6, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) અન્વયેનો હુકમ.

નં. પીઓએલ/ ૧૨૧૫— મામલતદારશ્રી, બાલાસિનોરે નગરપાલિકા વિસ્તારના રાજપુરી દરવાજાથી તળાવ દરવાજા સુધીનો માર્ગ મુખ્ય બજારનો આવેલ છે. અને સદર બજારમાં દરેક પ્રકારની દુકાનો આવેલ છે. જેનો ઘસારો મોટા પ્રમાણમાં રહે છે. તદઉપરાંત નગરમાં ભારે વાહનો પણ આ રસ્તા ઉપર અવર જવર કરે છે. આને કારણે સાંકડા બજારમાં સામ સામે વાહનો આવી જતા રસ્તો વારંવાર બંધ થાય છે. અને નગરજનો હેરાન થાય છે. તેમજ આ પરીણામે અકસ્માત થવાનો સંભવ રહેલ છે. આથી મામલતદારશ્રી આ રસ્તા ઉપર પસાર થતા ભારે માલવાહક વાહનો ટેમ્પા, ટ્રક, પેસેન્જર બસો અને ટ્રેકટર જેવા વાહનોને સવારે ૮.૦ વાગ્યાથી રાત્રીના ૮.૦ વાગ્યા સુધી પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવા દરખાસ્ત કરેલ છે. જીલ્લા પોલીસ વડાશ્રી ખેડાએ પણ આ મુજબ જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય આપેલ છે.

વાસ્તે, હું જયંત પરિમલ, આઇ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા, મુ. નડીઆદ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) થી મને મળેલ સત્તાની રુઇએ બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં રાજપુરી દરવાજાથી તળાવ દરવાજા સુધીનો માર્ગ મુખ્ય બજારનો આવેલ છે જે માર્ગો ઉપર ભારે માલવાહક વાહનો જેમાં ટેમ્પા, ટ્રક, ટ્રેકટર, પેસેન્જર બસો જેવા વાહનોને સવારના ૮.૦ કલાકથી રાત્રીના ૮.૦ કલાક સુધી પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :–આ હુકમ સરકારી વાહનો, એમ્બ્યુલન્સ વાન, ફાયરબ્રીગેડના વાહનોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ર૩મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

જયંત પરિમલ,
જીલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (અને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ-૧ની કલમ-સી મુજબનો હુકમ.

નં. પીઓએલઃ ૧૨૨૫- મામલતદારશ્રી, બાલાસિનોરે બાલાસિનોર શહેરમાં આવેલા 'નિશાળચોક નામથી ઓળખાતા વિસ્તારમાં' મામલતદાર કચેરી, પોલીસ સ્ટેશન, વિદ્યુતબોર્ડ ફરીયાદ કેન્દ્ર, સીટી સર્વેની કચેરી તથા ત્રણ પ્રાથમીક શાળાઓ આવેલ છે. તેમજ વચ્ચે ફેન્સીગ કરી અંદરના ભાગે પુ. ગાંધીબાપુની પ્રતિમા મુકવામાં આવેલ છે. તેમજ મોચીવાડ થઇ તાલુકા પંચાયત તરફ જવાનો સરીયામ રાજ્યમાર્ગ આવેલ છે. અને ચારેબાજુ જવાના રસ્તા આવેલ છે. જેમાં વચમાં આ ચોક પડે છે. જેને લીધે વાહનોની તથા પબ્લીકની અવર-જવર પુષ્કળ રહે છે. વળી બાળકો નિશાળોમાં અવર-જવર કરે છે. જેથી આ સ્થળે વાહનો, હાથલારીઓ ઉભા રહેતા ટ્રાફીક અટવાય જાય છે. ઘણીવખત અકસ્માત થવા સંભવ રહે છે. આથી મામલતદારશ્રીએ આ વિસ્તારને 'નો પાર્કીગઝોન' તરીકે જાહેર કરવા દરખાસ્ત કરેલ છે. અને જીલ્લા પોલીસ વડાશ્રી ખેડાએ આ વિસ્તારને 'નો પાર્કીગ ઝોન' તરીકે જાહેર કરવા અભિપ્રાય આપેલ છે.

વાસ્તે હું, જયંત પરિમલ, આઇ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ ૧ની કલમ-સી થી મને મળેલ સત્તાની રૂઇએ બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં 'નિશાળચોક' નામથી ઓળખાતા વિસ્તારને 'નો પાર્કીગઝોન' તરીકે જાહેર કરું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર કોઇપણ વ્યકિત મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉકત સ્થળે નકલો ચોંટાડીને તથા સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૨૩મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

જયંત પરિમલ,
જીલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 89

REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, MARCH 30, 1998 / CAITRA 9, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જા હે ર ના મું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક કમકપ/જીજી/કયુએલ/રીગ્રાન્ટ/૨૪/૯૮.- જે ખર્ચ કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/કયુએલ/૧૫૫૧/૪૫૬૮ થી ૭૨, તા. ૨૭મી ઓકટોબર, ૧૯૯૪ જે અન્વયે શ્રી સરદારજી બાલુજી વણઝારાને મૌજે ચોરા ડુંગરી તાલુકો કલોલના સર્વે નંબર ૧૦૭, ૧૦૫, ૧૦૮ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી ૧-૪૩-૩૬ હેકટર વિસ્તારમાંથી સા. રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદ્દતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તા. ૨૭મી ઓકટોબર, ૧૯૯૪થી મંજુર કરી આપવામાં આવેલ હતુ. જેનું કરારખત તા. --ની અસરથી -- વરસની મુદ્દત માટે કરવામાં આવેલ હતું જેની મુદ્દત તા.--ના રોજ પુરી થયેલ છે. (કરારખત થયેલ નથી). ''અરજદારે મંજુરી હુકમની તારીખથી સમય મર્યાદામાં જરૂરી આધારો રજુ કરી કરારખત કરાવેલ ન હોઇ હુકમ રિવોક થયેલ હોઇ'', જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઇ નીચે પરિશિષ્ટ હોઇ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પ રિ શિ ષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
ચોરા ડુંગરી	કલોલ	પંચમહાલ	૧૦૭, ૧૦૫, ૧૦૮ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી	૧-૪૩-૩૬

નોંધ : આ જાહેરનામાનો હેતુ ફકત નવી ક.લા. અરજીની નિયમ ૧૮(૧)(અ)ની જોગવાઇ મુજબ અપરિપકવતા દૂર કરવાનો છે. જાહેરનામાના નિર્દિષ્ટ વિસ્તારમાં લીઝ મંજુર/નામંજુર કરવાનો અધિકાર સક્ષમ અધિકારીશ્રી ગોધરાનો રહે છે.

ગોધરા, ૨૧માં ફેબ્રુઆરી, ૧૯૯૮.

સી. વી. સોમ,
આઇ.એ.એસ.
કલેકટર, પંચમહાલ, ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 90 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, MARCH 31, 1998 /CAITRA 10, 1920

Separate paging is given to each part of the supplement to theCentral Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસબી/ઉગપક/જાહેરનામું/૧૫૪૪/૧૯૯૮.- મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું આર.એમ.એસ. બ્રાર (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર વડોદરા શહેર,

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમાં સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તા. ૨૮મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૧મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇએ,

(ક) કોઇપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક કે લાકડી જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઇ શકે તેવી કોઇ વસ્તુ લઇ જવી કે કબજામાં રાખવી નહીં.
(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં.
(ગ) કોઇ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઇ જવો નહીં.
(ઘ) કોઇપણ આકૃતિ કે પુતળા દેખાડવા નહીં.
(ચ) સરઘસમાં સળગતી મશાલ લઇ જવી નહીં.
(છ) અપમાન કરવાના ઇરાદાથી કે બદનામ કરવાના ઇરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં.
(જ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકા અથવા કોઇ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં અગર ફેલાવો કરવો નહીં.
(ઝ) પરવાનાવાળા હથિયાર લાયસન્સ ધરાવતા ઇસમોએ જાહેરમાં હથિયાર સાથે ફરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઇ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.
૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઇ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તા. ૨૭મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 91

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, APRIL 2, 1998 /CAITRA 12, 1920

Separate paging is given to each part of the supplement to theCentral Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

નંબર સીએનજેપી/પાસા/એસઆર/૧૮/૯૮.- ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક ધારા ૧૯૮૫ની કલમ-૩ની પેટા કલમ-૧ અન્વયે શ્રી જશભાઇ જીભાઇ મહીડા ઠે. દત્તાત્રેય સોસાયટી, શ્રેયસ સિનેમા પાસે, પીજ રોડ, મુ. નડીયાદ, તા. નડીયાદ, જિ. ખેડાના સંબંધમાં મેં તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ અટકાયત હુકમ ક્રમાંક સીએનજેપી/પાસા/એસઆર/ ૧૮/૯૮. કરેલો છે. અને તેના અનુસંધાને એવો રીપોર્ટ કરવામાં આવ્યો છે કે સદરહુ શ્રી જશભાઇ જીભાઇ મહીડા, ઠે. દત્તાત્રેય સોસાયટી, શ્રેયસ સીનેમા સામે, પીજ રોડ, મુ. નડીયાદ, તા. નડીયાદ, જિ. ખેડા ઉકત હુકમ બજે નહીં તે માટે નાસતા અથવા સંતાતા ફરે છે.

તેથી હું જયંત પરિમલ, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુ. નડીયાદ સને ૧૯૮૫ના ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમની કલમ-૮ની પેટા કલમ-૨(અ) થી મળેલા અધિકારો અન્વયે આથી ફરમાવું છું કે, શ્રી જશભાઇ જીભાઇ મહીડા, ઠે. દત્તાત્રેય સોસાયટી, શ્રેયસ સીનેમા સામે, પીજ રોડ, મુ.તા. નડીયાદ, જિ. ખેડાનાએ આ હુકમની તારીખથી ૭(સાત) દિવસમાં પોલીસ સ્ટેશન નડીયાદ ટાઉન ખાતે હાજર થવું.

તમને એ પણ જણાવવામાં આવે છે કે તમો સદરહુ હુકમનું પાલન કરવામાં નિષ્ફળ જશો તો ૧ (એક) વર્ષની મુદ્દત સુધીની સજા અથવા દંડ અથવા સજા અને દંડને પાત્ર થશો. આ ગુનો કોગ્નીઝેબલ ગુનો છે.

આજ તા. ૧લી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 92

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, APRIL 2, 1998 / CAITRA 12, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ એમ હેઠળનો નિયમ.

ક્રમાંક ટફક/જાહેરનામું/૬૮૫૭/૯૮.-મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧નાં મુંબઈ ધારા-૨૨ની કલમ-૩૩ એમ હેઠળ મળેલ સત્તાને અન્વયે કોઈ સરોવર, તળાવ વિગેરેમાં ગંદકી કરે તેમજ બીન અધિકૃત રીતે કેમીકલ યુક્ત પાણી છોડી તેમજ બીજી અન્ય રીતે પાણી ગંદુ કરે તો આવા વિસ્તારને પ્રતિબંધીત વિસ્તાર તરીકે જાહેર કરવાની જોગવાઈ અન્વયે પોલીસ કમિશનર વડોદરા શહેર દ્વારા સુરસાગર અને તેની આજુબાજુનાં વિસ્તારને પ્રતિબંધીત કરવા બહાર પાડવા ધારેલા જાહેરનામાનાં નીચે મુજબના મુસદ્દાથી અસર પામતા લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે કે સદરહુ જાહેરનામાનો મુસદ્દો ગુજરાત સરકારશ્રીનાં અસાધારણ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કોઈપણ વ્યક્તિ/સંસ્થા તરફથી સુચનો તેમજ વાંધાઓ પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર તરફ લેખીત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરી આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨ માંની કલમ-૩૩ એમ હેઠળ મળેલ સત્તાની રૂએ, હું, આર. એમ. એસ. બ્રાર, પોલીસ કમિશનર, વડોદરા શહેર, શહેરની મધ્યમાં આવેલ સુરસાગર સરોવરની આજુબાજુના ધંધા કરનાર તેમજ જાહેર જનતા તરફથી સુરસાગરમાં ફેંકવામાં આવતા એંઠવાડ, કચરો, ગંદકીના કારણે તેમજ તેમાં બીન અધિકૃત રીતે છોડવામાં આવતાં કેમીકલયુક્ત પાણીનાં કારણે તેમજ બીજા અન્ય કારણોસર સુરસાગર સરોવર પ્રદુષિત થતુ હોઈ સુરસાગર સરોવર અને તેની ગોળ ફરતે આજુબાજુનો વિસ્તાર એટલે કે, બંબાખાનાથી શરૂ કરી ફેકલ્ટી ઓફ પરફોર્મીંગ આર્ટસ થઈ પેટ્રોલપંપ થઈ, પ્રીન્સ ટોકીઝ થઈ, મહારાણી શાંતાદેવી સ્કુલ થઈ, પુનઃ બંબાખાના સુધીનાં સુરસાગરને ફરતો " નોન હોકીંગઝોન " વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરી નીચે જણાવેલ પ્રવૃત્તિઓ કરવા સામે પ્રતિબંધ મુકું છું.

(૧) કોઈ નાગરીક સુરસાગરને ફરતે કોઈપણ ધંધો વિગેરેથી જાહેર ઉપદ્રવ ફેલાવે તેવી કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરી શકશે નહીં.

(૨) કોઈપણ નાગરીક સુરસાગર સરોવરવું પાણી પ્રદુષીત થાય તે રીતે કોઈપણ પ્રકારની ચીજવસ્તુઓ સુરસાગર સરોવરમાં ફેંકી શકશે નહીં. અગર તેનો નિકાલ સુરસાગર સરોવરમાં કરી શકશે નહીં.

(૩) કોઈપણ નાગરીક સુરસાગરની ચોફેર આવેલ ગટર લાઈનોમાં ધંધાના એકમોમાંથી નીકળતું પાણી, કચરો, એંઠવાડ નાંખી શકશે નહીં.

(૪) સુરસાગર તળાવની ચોફેર કોઈપણ જાતનો મેળાવડા તે તમાસા વિગેરે કાર્યક્રમો કે સુરસાગરના પાણીને પ્રતિકુળ અસર પાડતા હોઈ તેવી કોઈપણ પ્રવૃત્તિ કરી શકશે નહીં.

(૫) કોઇપણ નાગરીક કેમિકલયુક્ત પાણી, ડિટરજન્ટ પાવડર, સાબુ વિગેરેનો ઉપયોગ કરેલું પાણી નાંખી શકશે નહી, તેમજ કોઇપણ રીતે નાહવા ધોવા તેમજ કપડાં ધોઇ શકશે નહીં.

(૬) કોઇપણ નાગરીક પોતાના ઢોર-ઢાંખર, પશુપક્ષીઓને નવડાવવા નહી. કે તેમના મળમુત્રનો નિકાલ સુરસાગર સરોવરમાં કરવો નહીં. તેમજ સર્કસના કોઇપણ જનાવરો, પશુઓ કે ઢોરોને નવડાવી શકશે નહીં.

(૭) સુરસાગર ફરતે કોઇપણ પ્રકારનાં વાહનોને ઉભા રાખી વાહનો ધોવા નહીં.

(૮) કોઇપણ નાગરીક સુરસાગરમાં માછલાં પકડી શકશે નહીં અથવા આવી બીજી કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ કરી શકશે નહીં.

(૯) કોઇપણ નાગરીક સુરસાગરની પાળ કે રેલીંગ ઉપર બેસી શકશે નહીં

મેં આજ રોજ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, વડોદરા.

INDEX

Extra No. 93

RGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, APRIL 3, 1998 / CAITRA 13, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

આદેશ

નંબર પી.ઓ.એલ./વશી/૧૩૧૫.— તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૮ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૮ સુધી યુનિર્વસિટી પરીક્ષાઓ ભવન્સ કોલેજ ડાકોર મુકામે લેવાનાર હોઈ આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય અસામાજિક તત્ત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને એખલાસ ભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષા સ્થળને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા આચાર્યશ્રી ભવન્સ કોલેજ ડાકોરનાઓએ તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૮ના પત્રથી વિનંતી કરેલ છે.

સબબ હું ડી. એચ. શાહ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રુઈએ ડાકોર ભવન્સ કોલેજના પરીક્ષા કેન્દ્રથી ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બીન અધિકૃત વ્યકિતના પ્રવેશ માટે તારીખ ૧ લી એપ્રિલ, ૧૯૯૮ થી તારીખ ૩૦ મી એપ્રિલ ૧૯૯૮ સુધી (બંને દિવસ સુધ્ધાંત) સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૭-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

આજ તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 94

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, APRIL 7, 1998 /CAITRA 7, 1920

Separate paging is given to each part of the supplement to theCentral Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ (૪) અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/૧૩૫૧/૯૮.-તા. ૧૮મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ બકરી ઇદનો તહેવાર હોવાથી તે તહેવાર અંગે ગાય, બળદ, વાછરડા, ભેંસ, પાડો કે પાડું બકરી કે બકરો તથા અન્ય કોઇ પશુની કતલખાના બહાર કે જાહેર જગ્યામાં અથવા જાહેર જગ્યાએથી ગલીમાંથી જોઇ શકાય તેવી જગ્યામાં કતલ કરવાના કૃત્યથી, જાહેર કૃત્યોથી જાહેર શાંતિ જોખમાય તેવો સંભવ રહેલો છે.

વળી આ અંગે સુલેહ ભંગ ના જોખમાય તે માટે સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪(૪) મુજબ તકેદારીના પગલાં લેવા માટે પુરતા કારણો હોવાથી હું, ડી. એચ. શાહ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને, ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪(૪) મુજબ મને મળેલ અધિકારની રૂએ આ ઉપરથી હુકમ કરૂં છું કે તા. ૫મી એપ્રિલ, ૧૯૯૮થી તા. ૧૧મી એપ્રિલ, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ખેડા જિલ્લામાં કતલખાનાની બહાર કે જાહેર જગ્યામાં અથવા જાહેર જગ્યાએથી કે ગલીમાં જોઇ શકાય તેવી જગ્યાઓએ ગાય, બળદ, વાછરડો, વાછરડી, પાડો, પાડી, પાડું, બકરી કે બકરો તથા અન્ય કોઇ પશુની કતલ કરવી નહીં કે કરાવવી નહીં તેમજ કતલ કરેલા પ્રાણીઓના અવશેષો તથા તેનું માંસ જાહેરમાં રાખવું નહીં.

મેં આજ તા. ૨૭ એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/વશી/૧૩૮૭/૯૮.-આગામી રામ નવમી, બકરી ઇદ તથા અન્ય તહેવારો તેમજ ડાકોર મુકામે ચૈત્રી સુદ પુનમનો મેળો યોજાનાર હોઇ જિલ્લા માં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઇ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે હું ડી.એચ. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ખેડા જિલ્લામાં તા. ૫મી એપ્રિલ, ૧૯૯૮થી તા. ૧૧મી એપ્રિલ, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

૧. હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.
૨. કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.
૩. મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.
૪. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.
૫. જેનાથી સુરૂચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું કે ફેલાવો કરવાનું.

વિસ્તાર : સમગ્ર ખેડા જિલ્લો.
અપવાદ : આ હુકમ ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીઓ આવું કોઇપણ હથિયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.
૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તા. ૨૭ એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/વશી/૧૩૮૯/૯૮.-તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ રણછોડજી મંદિર ડાકોર ખાતે ચૈત્ર સુદ પુનમનો મેળો ભરાનાર છે. આ મેળામાં સમગ્ર ગુજરાતમાંથી લોકો આવતા હોય છે. જેમાં વાહનો લઇ આવનાર લોકો વાહનો આડેધડ પાર્ક કરતા હોવાથી આમજનતા તથા યાત્રિકોને હાલાકી ભોગવવી પડે છે. જેથી ટ્રાફીક નિયંત્રણ માટે ઉકત કાયદાની કલમ-૩૩(૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી.એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)થી મને મળેલ સત્તાની રૂએ તા. ૧૦મી એપ્રિલ, ૧૯૯૮ તથા તા. ૧૧મી એપ્રિલ, ૧૯૯૮ એમ બંને દિવસોમાં ડાકોર નગરપાલીકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈંડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ : સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો એમ્બ્યુલન્સ વાન, એસ.ટી. બસ તથા હાઇવે ઉપરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહીં.

શિક્ષા : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૭ એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 95

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, APRIL 7, 1998 /CAITRA 17,1920

Separate paging is given to each part of the supplement to theCentral Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧)અ મુજબનો હુકમ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૫૧૮/૯૮:- વડોદરા શહેરમાં ધાર્મિક તહવારો આવતા હોય શહેરમાં કેટલાક ઇસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહશાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું જરૂરી હોય તેથી,

હું, આર.એમ.એસ. બ્રાર, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭(૧)અ મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તા. ૨૬મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા.૯મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇપણ ઇસમ, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ, રસ્તા કે જાહેરમાર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમી રમાડવી નહીં અથવા તેવી કોઇ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં આજ તા. ૨૫મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જા હે ર ના મું

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ નીચે કાઢેલ હુકમ.

(એક્ટ નંબર સને, ૧૯૭૪)

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૬૧૧/૯૮:- આગામી બકરીઇદનો તહેવારના દિવસે કોઇપણ જાહેર કે ખાનગી સ્થળો અગર તો કતલખાનાની બહાર આખલા, બળદ, પાડા, ભેંસ, બકરા કે અન્ય કોઇપણ પશુની કતલને કારણે જાહેર સુલેહશાંતિનો ભંગ થવાનો સંભવ જણાય છે. અને તેમ થતું અટકાવવાનું ઇચ્છનીય છે. તેવી મને ખાત્રી થઇ છે કે ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ (એક્ટ નં. ૨ સને ૧૯૭૪) ની કલમ-૧૪૪ મુજબ અટકાયતી પગલાં લેવા માટે પુરતા કારણો છે.

આથી હું, આર.એમ.એસ. બ્રાર,(આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર ઉપરાંત ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ (એક્ટ નં. ૨ સને ૧૯૭૪) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

વડોદરા શહેરના પોલીસ કમિશનરની હદમાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિતએ તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦થી તા.૨૭મી મે, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધીના દિવસો દરમ્યાનમાં અધિકૃત કતલખાનાની બહાર કે કોઇ જાહેર કે ખાનગી સ્થળે જયાં બહારથી જોઇ શકાય તે રીતે આખલા, બળદ, પાડા, ભેંસ, પાડી, બકરાં વિગેરે કોઇપણ પશુની કતલ કરવી નહીં અથવા ઉપરોકત વિસ્તારની હદની અંદર કોઇ શેરીમાં, જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઇ પશુની કતલ કરવી નહીં.

મેં આજ તા. ૩જી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

INDEX

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 96

REGISTERED No. G-GA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, APRIL 13, 1998 / CAITRA 23, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૧) મુજબ.

નંબર એમ. એ. જી./વશી/૨૨૫૪ થી ૨૩૦૪/૯૮.—હાલમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ આગામી ગુડફ્રાઈડે રમનવમી, બકરી ઈદ ડો. બાબાસાહેબ આંબેડકર જયંતીના તહેવાર આવતા હોઈ અને બેચરાજી ગામે ચૈત્રી પુનમનો મેળો તારીખ ૧૦મી એપ્રિલ ૧૯૯૮ થી ૧૨મી એપ્રિલ ૧૯૯૮ દરમ્યાન યોજાનાર છે. જે લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ડાગુર (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૪થી એપ્રિલ, ૧૯૯૮ના શુન્ય કલાકથી તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો સાથે લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનુ કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :–

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા / અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા / સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા / એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીઓ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 97 REGISTERED No. GB-A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, APRIL 13, 1998 / CAITRA 23, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ ૩૭(૧) મુજબ.

નંબર એમ.એ.જી./વશી/૪૮૬/૯૮.—આગામી રામનવમી તેમજ બકરી ઈદ તહેવારો તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે. વાસ્તે હું, પુષ્પક ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૫મી એપ્રિલ ૧૯૯૮ ના ૦૦-૦૦કલાકથી તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબ કૃત્યો કોઈપણ ઈસમે નહી કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાની કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવાં પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવા કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે, તેવા ચિત્રો, તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનુ કે, ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણ, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-શ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ જથી એપ્રિલ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પુષ્પક ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 99 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, APRIL 15, 1998 /CAITRA 25, 1920

Separate paging is given to each part of the supplement to theCentral Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩(૧)યુ અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૬૨૯/૯૮.- મુંબઇ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ની કલમ-૩૩ પેટા કલમ(૧)(યુ) નીચે મળેલ અધિકારની રૂએ હું, આર.એમ.એસ. બ્રાર, (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર વડોદરા શહેર આથી નીચે પ્રમાણે હુકમ કરૂં છું.

૧. જાહેર માર્ગો ઉપર વાહન વ્યવહારને અડચણ થાય અથવા તો દારૂખાનુ ફોડવાથી રાહદારીઓને ઇજા કે નુકસાન પહોંચે તેવા વિસ્તારમાં.
૨. કોઇ ધાર્મિક સ્થાનો નજીકના ૧૦૦ મીટરના વિસ્તારમાં.
૩. પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવા પદાર્થોથી રસાયણીક કારખાનાઓ આવેલ હોય તેવા વિસ્તારના ૧૦૦ મીટર વિસ્તારમાં.
૪. હોસ્પીટલ, શાળા, કોલેજ, શૈક્ષણિક કાર્ય કરતી સંસ્થાઓની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં
૫. રાતના કલાક ૨૩-૦૦થી બીજે દિવસે સવારના કલાક ૭-૦૦ દરમ્યાન વડોદરા પોલીસ કમિશનરેટના તમામ વિસ્તારોમાં કોઇપણ ઇસમે કોઇપણ જાતનું દારૂખાનું ફોડવું નહી કે તેવું નિર્દેશક કરવું નહી.

સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હરણી એરોડ્રોમની ફરતે ફેન્સીંગ તારની વાડથી ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઇપણ ઇસમે હવાઇ રોકેટ કે જે આકાશ તરફ ઉડે તેવા ફટાકડા કે દારૂખાનું ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમ વિરૂધ્ધ બોમ્બે પોલીસ એકટની જોગવાઇ અનુસાર શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

આ હુકમનો અમલ તા. ૭મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા. ૭ જુન, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાલુ રહેશે.

મેં આજ તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧)(૩) મુજબનો હુકમ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૭૨૬/૯૮.- વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહશાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું આર.એમ.એસ. બ્રાર (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧)(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૪મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૮મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો : રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા કે સ્મશાન-યાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૯૬૦ ની કલમ-૧૮ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તા. ૧૩મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસબી/ઉગપક/જાહેરનામું/૧૭૨૭/૧૯૯૮.- મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું આર.એમ.એસ. બ્રાર (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર વડોદરા શહેર,

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમાં સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તા. ૧૪મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૮મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇએ,

(ક) કોઇપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક કે લાકડી જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઇ શકે તેવી કોઇ વસ્તુ લઇ જવી કે કબજામાં રાખવી નહી.
(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહી.
(ગ) કોઇ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઇ જવો નહી.
(ઘ) કોઇપણ આકૃતિ કે પુતળા દેખાડવા નહી.
(ચ) સરઘસમાં સળગતી મશાલ લઇ જવી નહી.
(છ) અપમાન કરવાના ઇરાદાથી કે બદનામ કરવાના ઇરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહી.
(જ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી તેવા ચિત્રો કે પ્લેકાર્ડ કે પત્રિકા અથવા કોઇ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી અગર ફેલાવો કરવો નહી.
(ઝ) પરવાનાવાળા હથિયાર લાયસન્સ ધરાવતા ઇસમોએ જાહેરમાં હથિયાર સાથે ફરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઇ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.
૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઇ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તા. ૧૩મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જા હે ર ના મું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧)અ મુજબનો હુકમ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૭૨૮/૧૯૯૮.- વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઇસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહશાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું જરૂરી હોય જેથી,

હું, આર.એમ.એસ. બ્રાર, (આઇ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭(૧)અ મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તા. ૧૪મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૮મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇપણ ઇસમ, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ, રસ્તા કે જાહેરમાર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમી રમાડવી નહી અથવા તેવી કોઇ પ્રવૃત્તિ કરવી નહી.

મેં આજ તા. ૧૩મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

INDEX

Extra No. 100 RGISTERED No. G-BA-14-E

Ⓒ

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, APRIL 27, 1998 / VAISAKHA 7, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ./જાહેરનામું/૩૭ (૧)/ ૯૮. — જિલ્લામાં હાલમાં એસ.એસ.સી./એચ. એસ. સી. તથા કોલેજની પરીક્ષાઓ ચાલુ હોઈ ખેડબ્રહ્મા તાલુકામાં ચિત્ર વિચિત્રનો મેળો ભરાનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલા રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૦મી એપ્રિલ ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદૂક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું ફરવાનુ કે એકઠા કરવાનું તથા ભેગા કરવાનું;

(૪) કોઈ સરઘસમાં અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૫) અપમાન અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, કે જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી:—

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

INDEX

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તો વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતો.

(૫) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીના સીકકો કરીને આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/ જાહેરનામું/૩૭ (૩) /૯૮.—આ જિલ્લામાં હાલમાં એસ.એસ.સી/એચ.એસ.સી. કોલેજની પરીક્ષાઓ ચાલુ હોઈ તથા ખેડબ્રહ્મા તાલુકામાં ચિત્ર વિચિત્રનો મોટો મેળો ભરાનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩)થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૧ થી તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ સરઘસ કાઢવું નહી.

ખુલાસો :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ, (૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 101 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, APRIL 29, 1998 / VAISAKHA 9, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(ઓ)(વાય) મુજબ.

નંબર એમએજી/વશી/૧૫૪/૯૮.- આગામી તારીખ ૭મી મે, ૧૯૯૮ના રોજ મહોરમના તહેવાર દરમ્યાન જિલ્લામાં જાહેર સુલેહશાંતિ જળવાઇ રહે તે હેતુથી નીચેના પગલાં લેવાની ખાસ આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું એ.કે. રાકેશ, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ (સને ૧૯૫૧ના ૨૨માં) મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ઓ)(વાય) હેઠળ મને મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લાના તમામ ગામોમાં મહોરમ તહેવાર દરમ્યાન એટલે કે તા. ૬ઠ્ઠી મે, ૧૯૯૮થી તા. ૮મી મે, ૧૯૯૮ સુધી (ત્રણે દિવસો સુધ્ધાંત) નીચે પ્રમાણે વ્યવસ્થા રાખવા હુકમ કરૂં છું.

૧. તાજીયા ફેરવવા સારૂ તેના આગેવાનોએ તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી પરવાનગી મેળવવાની રહેશે અને તે મળ્યા બાદ પરવાનગીની શરતોને આધિન રહીને તાજીયા ફેરવવાના રહેશે.

૨. સદરહુ પરવાનગીનો હુકમ તાજીયા કાઢવા ઇચ્છનાર આગેવાનોએ પોતાની પાસે રાખવો અને સરઘસમાં હાજર રહેવું અને તે પરવાનગીનો હુકમ કોઇપણ મેજિસ્ટ્રેટશ્રી અગર ફરજ પરના કોઇપણ પોલીસ અમલદાર કે પોલીસ હેડકોન્સ્ટેબલ જ્યારે જ્યારે જોવા માંગે ત્યારે તે પરવાનગી હુકમ બતાવવો.

૩. સદરહુ પરવાનગીનો હુકમ ધારણ કરનાર ઇસમ સરઘસમાં સુલેહ શાંતિ જાળવવા માટે જવાબદાર ગણાશે અને સરઘસમાં સુલેહશાંતિ જોખમાય તેમ જણાશે તો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અગર પોલીસ ઇન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી આવી પરવાનગી લેખિત અગર મૌખિક હુકમથી રદ કરી શકશે અને તેમ થતાં સરઘસમાં તમામ માણસોએ તાત્કાલીક વિખેરાઇ જવું પડશે અને ફરીથી તેવું સરઘસ/તાજીયા આજુ-બાજુના સ્થળે ફેરવી શકાશે નહીં.

૪. કોઇપણ વાજિંત્રો સક્ષમ અધિકારીશ્રી પાસેથી પરવાનગી મેળવ્યા સિવાય તાજીયાના સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં વગાડી શકાશે નહીં. જો વાજિંત્રો વગાડવાના હશે તો તે માટે લેખિત મંજુરી મેળવી લેવી અને તે તાજીયાના આગેવાનોએ પોતાની પાસે રાખવી અને સરઘસમાં હાજર રહેવું અને કોઇપણ મેજિસ્ટ્રેટ અગર ફરજ પરના પોલીસ અધિકારી જોવા માંગે ત્યારે બતાવવી અને પરવાનગીની શરતોનું પાલન કરવું.

૫. તહેવારના છેલ્લા દિવસે તા. ૭મી મે, ૧૯૯૮ના રોજ તાજીયા ફેરવવાના દિવસે અથવા તા. ૬ઠ્ઠી મે, ૧૯૯૮ના રોજ રાત્રે અથવા સદરહુ પ્રસંગો આ તારીખથી બીજી તારીખે આવે તો તે દિવસોએ તાજીયા ફેરવવા અને પોતાની જગ્યાએથી બપોરના ૧-૦૦ વાગે ઉઠાવી પરવાનગીમાં જણાવેલ રસ્તે ફેરવી સુર્યાસ્ત પહેલાં ઠંડા કરી દેવા.

INDEX

૬. દરેક તાજીયાની સાથે પરવાનગીમાં મંજુરી મેળવ્યા પ્રમાણે માણસો હોવા જોઇએ. પરવાનગી હેઠળ ફક્ત ત્રીસ માણસોએ તાજીયા સાથે ફરવાની છુટ છે. તેથી વધુ માણસો ફેરવવાના હોય તો તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અગર સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી પરવાનગી મેળવી તાજીયાના જવાબદાર આગેવાનોએ પોતાની પાસે રાખવી અને સરઘસમાં હાજર રહેવું.

૭. તમામ પ્રકારના ટોળકી રૂપ સરઘસો મહોરમના તહેવાર દરમ્યાન બંધ રાખવા.

૮. સ્થાનિક વિસ્તારમાં ધાર્મિક બાબત કે જાહેર જનતાની સુખાકારી જોખમાય તેવું પરવાનગી આપનાર અધિકારીશ્રીને જણાશે તો સરઘસ રૂપે તાજીયા ફેરવવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

૯. આવી પરવાનગી ધારણ કરનાર ઇસમે પરવાનગી આપનાર તરફથી જે જે સુચનો આપવામાં આવે તે પાળવા માટે જવાબદાર ગણાશે તેમજ આ દરમ્યાન જે જે કાનુનો, નિયમો કે હુકમો અમલમાં હશે તેનું પાલન કરવા જવાબદાર ગણાશે.

૧૦. જાહેર જગ્યાએ કે જાહેર રસ્તામાં જીલ, જાલરો, હુલહલ, ઘોડાનું સરઘસ કાઢવા પરવાનગી આપવામાં આવશે નહીં તેમજ તાજીયા ફરવા દેવામાં આવશે નહીં.

૧૧. તાજીયાના દિવસે તાબુતનું સરઘસ કાઢતી વખતે તે ઉઠાવી ટુંકામાં ટુંકા રસ્તે લઇ જવાની તેમજ પોલીસ અમલદાર સ્થળે આવે તેની સુચના મુજબ જવાની શરતે પરવાનગી આપવામાં આવશે.

૧૨. તાજીયા ફેરવવાના રસ્તામાં કોઇ ગાડુ, મોટર અગર બીજા વાહનો અગર વરઘોડો, સરઘસ આવે તો તાજીયાવાળાઓએ ડાબી બાજુએ રહી જમણી બાજુ રસ્તો આપી તેમને જવા દેવા.

૧૩. જ્યાં વિજળી, ટેલીફોનના દોરડા નાંખેલા હશે ત્યાં સદરહુ વીજળીદાર ટેલીફોન વગેરેના તાર-દોરડાને કોઇપણ જાતની હરકત આવે નહીં તેટલી જ ઉંચાઇના તાજીયા હોવા જોઇએ.

૧૪. તાજીયા ઠંડા કરવા ગામ કુવા કે જેનો પીવાના પાણી તરીકે ઉપયોગ થાય છે તેમાં ફુલ કચરો નાંખવા નહીં/પધરાવવા નહીં.

આ પ્રતિબંધિત હુકમનો કાઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૩મી માહે એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ, (ઉ. ગુ.)

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 102 REGISTERED No. G—BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, APRIL 29, 1998 / VAISAKHA 9, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર એમ. એ. જી/વશી/૧૫૫/૧૯૯૮.—આગામી મહોરમના તહેવારો તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાન્તિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાંની આવશ્યકતા રહે છે. વાસ્તે હું એ.વી. ઝાલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮ ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૦મી મે ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબ કૃત્યો કોઈપણ ઈસમને નહી કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથીયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથીયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતીનો ભંગ કરે, તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેની ચેષ્ટાઓ કરવાની તથા, ચિત્રો પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે, ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથીયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાટણ, રાધનપુર જિલ્લા પોલીસ અધિકારીશ્રી પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઇ પોલીસ અધિકારીશ્રીએ શારીરીક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઇસમોને.

આ હુકમના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્શ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઇ. પી. સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી એપ્રિલ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એ. વી. ઝાલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 103

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX]   WEDNESDAY, APRIL 29, 1998 / VAISAKHA 9, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અનુસાર કાઢેલો હુકમ.

નંબર એમએજી/પરસ/એલએઓ/વ-૯૬૦/૯૮.- આગામી તા. ૨૧મી એપ્રિલ, ૧૯૯૮થી તા. ૧૬મી મે, ૧૯૯૮ના સમયગાળા દરમ્યાન અત્રેના સરકારી પોલીટેકનીક કોલેજ ખાતે ડીપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષાઓ લેવાનાર છે આ પરીક્ષામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર છે.

સરકારી પોલીટેકનીક કોલેજ, હિંમતનગર ખાતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર કોઇ પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓના વાલીઓની મોટી સંખ્યામાં એકઠા થાય તેમ છે આથી પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવા તેમજ અડચણ ત્રાસ આપવા અથવા ઇજાઓ થવાનો સંભવ છે. આથી આ અટકાવવા માટે તેમજ પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય અને કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ પરીક્ષા સંચાલકો સરળતાથી પોતાની કાર્યવાહી બજાવી શકે તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અનુસાર પગલાં લેવાને પુરતા અને વ્યાજબી કારણો છે, જે મારો અભિપ્રાય છે.

વાસ્તે હું, સી. બી. પંચીવાલા, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું ફરમાવું છું કે,

સરકારી પોલીટેકનીક કોલેજ, હિંમતનગરના પરીક્ષા કેન્દ્ર ઉપર ૨૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં પ્રવેશ ન કરવા કે તે વિસ્તારમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહિ/ઉભા રહેવું નહિ/સભાઓ ભરવી નહિ પરીક્ષા કેન્દ્રથી ૨૦૦ મીટરના વિસ્તાર માં સરઘસ કાઢવું નહિ કે સુત્રો પોકારવા નહિ.

અપવાદ :

આ હુકમ ફરજ ઉપરના અધિકારીઓ/કર્મચારીઓ અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓ તથા પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓને લાગુ પડશે નહિ.

આ હુકમ તા. ૨૧મી એપ્રિલ, ૧૯૯૮ની સવારના ૧૦-૦૦ કલાકથી પરીક્ષાઓ પુરી થાય ત્યાં સુધીના સમય દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમ આજ તા. ૧૮મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી બહાર પાડયો.

સી. બી. પંચીવાલા,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 104

REGISTERD No. M.G-BA 14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, MAY 6, 1998 / VAISAKHA 16, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના (૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબ.

ક્રમાંક એસ.બી/ઉ-૧૫૨/જાહેરનામું/૧૮૮૩/૧૯૯૮.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહ શાંતી જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, આર. એમ. એસ. બ્રાર (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૮ ની કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી મે ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો :—રસ્તાની ફટપાથોનો પણ આમા સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનો-

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૮૮૪/૧૯૯૮.— વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતી જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું જરૂરી હોય જેથી,

હું આર. એમ. એસ. બ્રાર (આઈ.પી.એસ.) પોલીસ કમીશ્નર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અ મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી મે, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ, રસ્તા કે જાહેર માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમી રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં આજ તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./ઉગપક / જાહેરનામું / ૧૮૮૫ / ૧૯૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું આર. એમ. એસ. બ્રાર (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતી અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમાં સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશ્નર વિસ્તારમાં તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી મે, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ,

(ક) કોઈપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂક, કે લાકડી જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં.

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં.

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(ઘ) કોઈપણ આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં.

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં.

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકા અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં. અગર ફેલાવો કરવો નહીં

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (૨) મુજબનું :

ક્રમાંક : એસ.બી. / ઉગપક / જાહેરનામું / ૧૯૨૦ / ૯૮.—વડોદરા શહેરમાં આનંદ પ્રમોદ અને સહેલગાહ માટે સુરસાગર તળાવમાં નાગરિકો નૌકાવિહાર કરે છે. પરંતુ તાજેતરમાં નૌકાવિહાર દરમ્યાન થયેલ હોડી હોનારતના બનાવના કારણે નૌકાવિહાર માનવજીવનની સલામતી માટે ભયરૂપ અને જોખમી બનેલ છે.

જેથી જાહેર જનતાની સલામતી અંગે સુરસાગર તળાવમાં નાગરિકો કે અન્ય સંસ્થાઓ દ્વારા થતા નૌકાવિહારના તથા અન્ય કાર્યક્રમો ઉપર નિયંત્રણ મુકવું ખુબજ જરૂરી હોય વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં મુંબઈ પોલીસ અધિયિનિયમ સને-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (૨) મુજબ મને મળેલ અધિકારની રૂએ હું આર. એમ. એસ. બ્રાર (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર વડોદરા શહેર નાઓ જાહેર જનતાના જાનમાલની સલામતી અંગે સુરસાગર તળાવની ચારુસીના વિસ્તારમાં કોઈપણ ઈસમો સંસ્થા કે વ્યકિતઓના જુથે નૌકા/બોટ/મોટરબોટ કે પાણી ઉપર ચાલતા વાહન ઉપર તારીખ ૧લી મે, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી એટલે કે ત્રણ માસ સુધી પ્રતિબંધ ફરમાવેલ જે હુકમમાંથી નીચે મુજબ મુકિત ફરમાવું છું.

વડોદરા મોન્ટસ સંસ્થા, બોટીંગની તેમજ બચાવ કામગીરીની તાલીમને લક્ષમાં રાખી આ સંસ્થાના સભ્યોને સુરસાગર તળાવમાં બોટીંગ તેમજ તેના બચાવની કામગીરી પ્રેકટીસ કરવા ટ્રેનીંગ દરમ્યાન સાવચેતીના પગલાં લેવાની ખાત્રીસહ સુરસાગર તળાવમાં નૌકા/બોટ / મોટરબોટ ચલાવવા આ હુકમમાંથી મુકિત આપવામાં આવે છે.

મેં આજ તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશ્નર, વડોદરા શહેર

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 105 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, MAY 6, 1998 / VAISAKHA 16, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નંબર એમએજી/વશી/૨૫૮૩/૯૮.—મહેસાણા જિલ્લાના નીચે જણાવેલ કેન્દ્રો ઉપરથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૮ થી તારીખ ૧લી જુન, ૧૯૯૮ સુધી યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ લેવાનાર છે.

(૧) મહેસાણા (૨) વિસનગર (૩) નારદીપુર.

ઉપર્યુકત કેન્દ્રો ઉપરથી લેવાનાર ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ પરીક્ષાઓનું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસ-ભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતિ કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષા આંપી શકે તેમજ પરીક્ષા ખંડમાં નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહીં તે સારૂં ઉપર્યુકત પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ અસામાજિક તત્ત્વો કે અનઅધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહીં તે સારું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવા તાત્કાલિક ઈચ્છનીય છે તેવો મારો મત છે.

વાસ્તે, હું જે. ડી. દેસાઈ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૮ ના શુન્ય કલાકથી તારીખ ૨જી જુન, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) ઉત્તર ગુજરાત યુનિ-વર્સિટી દ્વારા લેવાનાર વિવિધ પરીક્ષાઓ માટેના પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને તેની સામે દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાને તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહીં અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તરફથી રોકાયેલ અધિકારી / કર્મચારીઓને.

(૩) સદરહું પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી / કર્મચારીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટ / અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેવા અધિકારી / કર્મચારીઓને.

INDEX

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પરીક્ષા માર્ચ / જુન-૧૯૯૮ના પરીક્ષા કેન્દ્ર :

પરિશિષ્ટ

અનુ. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા બીલ્ડીંગનું નામ
(૧)	મહેસાણા	... (૧) મ્યુનીસીપલ આર્ટસ એન્ડ અર્બન બેંક સાયન્સ કોલેજ, મહેસાણા
		(૨) શ્રી વી. આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા.
		(૩) એ. જે. સાવલા હોમિયોપેથીક મેડીકલ કોલેજ, મહેસાણા.
		(૪) એસ. કે. પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટીકલ રીચર્સ એન્ડ એજ્યુકેશન, મહેસાણા.
(૨)	વિસનગર	... (૧) એમ. એન. કોલેજ, વિસનગર.
(૩)	નારદીપુર	... (૧) મહીલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર

મહેસાણા, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૮.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 106 REGISTERED No.GB-A-14-E

Ⓒ

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX | WEDNSDAY, MAY 6, 1998 / VAISAKHA 16, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને (૧૯૫૧ મુંબઈ) ની કલમ-૩૩ની પેટા કલમ (૧)બી હેઠળનું.

ક્રમાંક : જાવક/ઉગપક/૭૧૧.—વડોદરા શહેરમાં આવતીકાલ તારીખ ૭મી મે ૧૯૯૮નાં રોજ તાજીયા વિસર્જન અંગેનો ધાર્મિક તહેવાર હોય જાહેર જનતાની સલામતી તેમજ ટ્રાફીક નિયમનની સરળતા માટે તાત્કાલીક જાહેરનામું બહાર પાડવાની જરૂર હોવાથી હુ, આર. એમ. એસ. બ્રાર, (આઈ.પી.એસ., પોલીસ કમિશનર વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ ૩૩ (૧ બી) થી મને મળેલી સત્તાની રૂએ તારીખ ૭મી મે ૧૯૯૮ નાં કલાક ૧૧-૦૦ વાગ્યાથી તારીખ ૭મી મે ૧૯૯૮ નાં કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી ટ્રાફીક વ્યવસ્થા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરું છું.

જાહેરનામાની વિગત

(૧) સવારનાં કલાક ૧૧-૦૦ વાગ્યાથી તાજીયા વિર્સજન પુરા ન થાય ત્યાં સુધી ન્યાયમંદિરની ચારેય બાજુનાં વિસ્તાર સુરસાગરનાં સામેનો વિસ્તાર તેમજ સરસીયા તળાવ વિસ્તાર તેમજ શહેરના ચાર દરવાજા અંદરનો સંપૂર્ણ વિસ્તારને "નો પાર્કીંગ" ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે. આ વિસ્તારમાં તાજીયા વિર્સજન માટે તાજીયા લઈ જનાર વાહનો તેમજ પોલીસ અને તાજીયા વિર્સજનની સેવામાં જોડાયેલા બીજા ખાતાનાં વાહનો સિવાય બાકીના કોઈ વાહનો પ્રવેશી શકશે નહિ..

(૨) કલાક ૧૪-૦૦ વાગ્યાથી આયુર્વેદીક દવાખાના ચાર રસ્તા પાણીગેટ થઈ માંડવી સંગમ ચાર રસ્તાથી માંડવી તરફ નાની શાક માર્કેટ ત્રણ રસ્તાથી ગેંડીગેટ થઈ માંડવી તરફ તેમજ રાવપુરા ચાર રસ્તા, માર્કેટ ચાર રસ્તા, દાંડીયાબજાર ચાર રસ્તા તેમજ નાગરવાડા ચાર રસ્તાથી કોઈ વાહન ભુતડીઝાંપા તેમજ ન્યાયમંદિર તરફ આવી શકશે નહિ.

(૩) કલાક ૧૪-૦૦ વાગ્યાથી વિશ્વામિત્રીથી રાજમહેલ તરફ જવાના રસ્તે કોઈ ફોર વ્હીલર દાંડીયાબજાર તેમજ કિર્તીસ્તંભ તરફ જઈ શકશે નહિ. તેવી જ રીતે વિશ્વામિત્રી બરોડા ઓટોમોબાઈલ થઈ આરાધના ટોકીઝ તરફ જવાના રસ્તેથી કોઈ ફોર વ્હીલર સલાટવાડા કે રાવપુરા તરફ જઈ શકશે નહિ.

(૪) કલાક ૧૪ ૦૦ વાગ્યાથી વિશ્વામિત્રી બ્રીજથી રાજમહેલ તરફ જવાના રસ્તેથી દાંડીયાબજાર ચાર રસ્તા, માર્કેટ ચાર રસ્તા જવાના રસ્તે તેમજ વિશ્વામિત્રી થી આરાધના ટોકીજ થઈ સલાટ-

વાડા ચાર રસ્તા સુધી તેમજ કોઠી ચાર રસ્તા સુધીનો રસ્તો ફક્ત ટુ વ્હીલર માટે ખુલ્લો રહેશે.

જાહેર જનતા માટે નીચે જણાવેલ રસ્તાઓ અવર જવર માટે ખુલ્લા રાખવામાં આવેલ છે.

(૧) પાણીગેટ થી શહેર તરફ આવતા વાહનો માટે આયુર્વેદીકથી ગાજરાવાડી પાણીની ટાંકી થઈ વિહાર સિનેમા (ટોકીઝ, ગંગોત્રી એપાર્ટમેન્ટ તરફ જવાનો રસ્તો રહેશે.

(૨) સંગમ ચાર રસ્તાથી વારસીયા થઈ પાણીગેટ જવાનો રસ્તો ખુલ્લો રહેશે.

(૩) સંગમ ચાર રસ્તાથી તથા માણેક પાર્ક ચાર રસ્તાથી ફતેગંજ તરફ જતો રસ્તો ખુલ્લો રહેશે.

(૪) એસ.ટી. બસો માટેની વ્યવસ્થા ડભોઈ તરફથી આવતી બસો પ્રતાપનગર ઓવરબ્રીજ થઈ મકરપુરા પોલીસ સ્ટેશન થઈ રાજમહેલ રોડ કીર્તીસ્થંભ સુધી જઈ શકશે. અને વાઘોડીયા તરફથી આવતી બસો બાપોદ જકાત નાકા થઈ વી.આઈ.પી. રોડ ફતેગંજ સર્કલ થઈ પંડયા હોટલ થઈ એસ.ટી. ડેપો જઈ શકશે. તેમજ હાલોલ, સાવલી તરફથી આવતી બસો માણેકપાર્ક ચાર રસ્તાથી વી.આઈ.પી. રોડ થઈ ફતેગંજ સર્કલ પંડયા હોટલથી એસ.ટી.ડેપો જઈ શકશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 108 REGISTERED No. G–BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, MAY 11, 1998/VAISAKHA 21, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૧૪૨૫.—આગામી મહોરમનો તહેવાર તેમજ ડાકોર મુકામે વૈશાખ સુદ-૧૫નો મેળો યોજનાર હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમન ૧૯૫૧ની કલમ ૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરુરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા. સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮થી તારીખ ૧૧મી મે ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી, કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

૨. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

૩. મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

૪. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

૫. જેનાથી સુરુચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

INDEX

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારી એ જેને શારીરીક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૪થી મે ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૧૪૩૫.—તારીખ ૧૧મી મે ૧૯૯૮ ના રોજ રણછોડજી મંદિર ડાકોર ખાતે વૈશાખ સુદ-૧૫ નો મેળો ભરાનાર છે. આ મેળામાં ગુજરાત ભરમાથી લોકો આવતા હોય છે. જેમાં વાહનો લઈ આવનાર લોકો વાહનો આડેધડ પાર્ક કરતા હોવાથી આમ જનતા તથા યાત્રીકોને હાલાકી ભોગવવી પડે છે. જેથી ટ્રાફીકના નિયંત્રણ માટે ઉકત કાયદાની કલમ-૩૩ (૧) નું અન્વયેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી. એ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૧૦મી મે ૧૯૯૮ તથા તારીખ ૧૧મી મે ૧૯૯૮ (એમ બંને દિવસોમાં) ડાકોર નગરપાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ : સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન એસ. ટી. બસ તથા હાઈવે ઉપરથી પસાર થતા વાહનોને લાગુ પડશે નહી.

શિક્ષા :—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી મે ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ.
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 109 REGISTERED No. GB-A-14-

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, MAY 12, 1998 / VAISAKHA 22, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની, કલમ-૩૭ (૧) અન્વયેનો.

આદેશ :—

નંબર પીઓએલ/૧૮૮૬/૧૯૨૬.—આગામી તારીખ ૫મી એપ્રિલ ૧૯૯૮ના રોજ રામનવમીનો તહેવાર ઉજવવામાં આવનાર છે. તેમજ તારીખ ૮મી એપ્રિલ ૧૯૯૮ના રોજ બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવારો દરમ્યાન જિલ્લામાં શાંતિ જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી આણંદ (દ) નાએ તેમના તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૮ના પત્રથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, આઇ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૮થી તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. હથીયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, છરા, સળગતી મસાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

૨. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

૩. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અસ્લીલ ગીતો ગાવાનું;

૪. જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ: આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવુ કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે, તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત;

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫, હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આઈ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪(૪) અન્વયેનો.

નંબર પીઓએલ-વશી-૧૮૪૫/૧૯૮૫.—તારીખ ૮મી એપ્રિલ ૧૯૯૮ના રોજ બકરી ઈદનો તહેવાર હોવાથી તે તહેવાર અંગે ગાય, બળદ, વાછરડા, ભેંસ, પાડો કે પાડું, બકરી કે બકરો તથા અન્ય કોઈ પશુની કતલખાના બહાર કે જાહેર જગ્યામાં અથવા જાહેર જગ્યાએથી ગલીમાંથી જોઈ શકાય તેવી જગ્યામાં કતલ કરવાના કૃત્યથી, જાહેર કૃત્યોથી જાહેરમાં શાંતી જોખમાય તેવો સંભવ રહેલો છે.

વળી આ અંગે સુલેહભંગ ના જોખમાય તે માટે સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ-૧૪૪(૪) મુજબ તકેદારીનાં પગલાં લેવા માટે પુરતાં કારણો હોવાથી હું, આઈ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪(૪) મુજબ મને મળેલ અધિકારની રૂઈએ આ ઉપરથી હુકમ કરું છું કે તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૮ થી ૧૨ મી એપ્રિલ ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) આણંદ જિલ્લામાં કતલખાનાની બહાર કે જાહેર જગ્યામાં અથવા જાહેર જગ્યાએથી કે ગલીમાં જોઈ શકાય તેવી જગ્યાઓએ ગાય, બળદ, વાછરડો, વાછરડી, પાડો, પાડી, પાડું, બકરી કે બકરો તથા અન્ય કોઈ પશુની નકલ કરવી નહીં કે, કરાવવી નહીં. તેમજ કતલ કરેલા પ્રાણીઓના અવશેષો તથા તેનું માંસ જાહેરમાં રાખવું નહીં.

મેં આજ તારીખ ૨જી એપ્રિલ-૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આઈ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 110

REGISTERED No. G-BA-14

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, MAY 12, 1998 / VAISAKHA 22, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ. ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે બહાર પાડેલ.

નં. એમએજી. પોલ. જાહેરનામું. વશી./૩૨૮૭ થી ૩૩૫૧/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨મા) અધિનિયમની કલમ ૩૭(૧)(ક) અન્વયે મળેલ સત્તાની રુઈએ હું, સી. આર. ખરસાણ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આગામી તારીખ ૭મી મે ૧૯૯૮ના રોજ મહોરમનો તહેવાર આવતો હોવાથી જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર માં તારીખ ૧લી મે ૧૯૯૮ ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૫મી મે ૧૯૯૮ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહી;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહી કે એકઠા કરવા નહી. અથવા તૈયાર કરવા નહી;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી;

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી. અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(ચ) જેનાથી સુરુચી નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી. તેવા હાવભાવ કરવા નહી. અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બનાવવી નહી, તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીનુ કામકાજ કરતા કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું, ફરમાવ્યુ હોય અથવા તેવું કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા (ચાર) માસ અને વધુમાં વધુ (૧) એક વર્ષ કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કર્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર એમએજી / પોલ/જાહેરનામું / વશી/૩૩૫૨થી ૩૪૨૨/૯૮.—આગામી તારીખ ૭મી મે, ૧૯૯૮ ના રોજ મહોરમનો તહેવાર આવતો હોવાથી સદરહુ સમય દરમ્યાન જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર) ના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતી જાળવવાનું અત્યંત જરૂરી હોઈ વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ ના મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, સી. આર. ખરસાણ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧લી મે, ૧૯૯૮ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૫મી મે, ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન :

(૧) ચાર કરતા વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં ;
(૨) સભા ભરવી નહીં કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ.
(૨) કોઈ લગ્નના વરઘોડાને
(૩) ફરજ પર હોય તેવી ગ્રામરક્ષક દળની વ્યકિતઓને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫ માં) ની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 112

REGISTERED No. G-BA- 14E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, MAY 16, 1998 / VAISAKHA 26, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) મુજબનો.

ક્રમાંક એસ બી./ઉગપક/જાહેરનામું/૨૧૫૦/૧૯૯૮.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરના કેટલાંક ઇસમો, બાળકો-છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીક ને અડચણ થાય તે રીતે નો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતી જોખમાય તે સંભવીત હોય આથી આ કૃત્ય અટકાવવું જરૂરી હોય જેથી.

હું, આર એમ. એસ બ્રાર (આઇ. પી. એસ.), પોલીસ કમીશનર, વડોદરા શહેર મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ કલમ-૩૭ (૧) અ મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે શહેરની પોલીસ કમીશનર વિસ્તારમાં તારીખ ૧૬મી મે, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી મે, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી કોઇપણ ઇસમ બાળકો છોકરાઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો ગલીઓમાં ક્રીકેટની રમત રમી રમાડવી નહી અથવા તેવી કોઇ વૃત્તિ કરવી નહી.

મે, આજ તારીખ ૧૫મી મે, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમીશનર,
વડોદરા શહેર.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ બી /ઉગપક/જાહેરનામું/૨૧૫૧/૧૯૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, આર. એમ. એસ. બ્રાર

INDEX

(આઇ પી એસ.) પોલીસ કમીશનર વડોદરા શહેર, વડોદરા શહેરની હાલની પરિસ્થિતિ ને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતી અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમાં સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમીશનર વિસ્તારમાં તારીખ ૧૬મી મે, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી મે ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી કોઇએ.

(ક) કોઇપણ પ્રકારના શસ્ત્રો તલવાર, ભાલા, બંદૂક કે લાકડી જેવા સાથનો કે જે ચીજથી હીંસા થઇ શકે તેવી કોઇ વસ્તુ લઇ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં ;

(ગ) કોઇ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઇ જવો નહીં;

(ઘ) કોઇપણ આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઇ હવી નહીં;

(છ) અપમાન કરવાના ઇરાદાથી કે બદનામ કરવાના ઇરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહી;

(જ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રીકો અથવા કોઇ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઇ હથીયાર લઇ જવા ફરમાવ્યું હોય અગર હથીયાર લઇ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધીકૃત કરેલ કોઇ અધિકારી જેની શારીરીક અશકિત ને કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને"

મેં આજ તારીખ ૧૫મી મે, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમીશનર,
વડોદરા શહેર.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 114 REGISTERED No. GB—A—14—E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, MAY 22, 1998 / JYAISTHA 1, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨ માંની કલમ-૩૭(૧) મુજબ.

નંબર એમએજી/વશી/૧૮૦/૯૮.—આગામી મીરાંદાતારના મેળા (ઉર્સ) તહેવાર તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં પાટણ જિલ્લાના ઊંઝા તાલુકાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાન્તિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું સાવચેતીના પગલાંની આવશ્યકતા રહે છે. વાસ્તે હું એ. વી. ઝાલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લાના ઊંઝા તાલુકાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૨મી મે, ૧૯૯૮ ના ૦૦૦ કલાકથી તારીખ ૧લી જૂન, ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબ કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવારો, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવાનું કે, અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે, તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સૂત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પ્રત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે, ઉપયોગ કરવાનું.

INDEX

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પાટણ વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ તથા કોઈ પોલીસ અધિકારશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ. પી. સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી મે, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કા કરી આપ્યો.

એ. વી. ઝાલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,પાટણ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 115 REGISTERED No. GB-A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIXI] FRIDAY, MAY 22, 1998 / JYAISTHA 1, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ/વશી-૧૪૭૧.—મુખ્ય અધિકારીશ્રી, નડિઆદ નગરપાલિકા, નડીઆદનાઓ તારીખ ૧૩મી મે, ૧૯૯૮ના પત્રથી કાંસ સફાઈની કામગીરી માટે મ્યુનિસિપલ ઓફીસના દરવાજાથી સરદારશ્રીની પ્રતિમા સુધીનો રસ્તો તારીખ ૧૮મી મે, ૧૯૯૮ થી એક માસ માટે બંધ કરવા જાહેરનામું બહાર પાડવા વિનંતી કરી છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી.એ.એસ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ નડીઆદ શહેરમાં તારીખ ૧૮મી મે, ૧૯૯૮ થી તારીખ ૧૭મી જૂન, ૧૯૯૮ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) વાહન વ્યવહારના નિયમન અને સરળતા માટે નીચે જણાવેલ જાહેર માર્ગ ઉપરથી પસાર થતા વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) આર. ટી. ઓ. થી નગરપાલિકા તરફ આવતો તમામ વાહન વ્યવહાર ઉપર જણાવેલ જાહેર માર્ગો પરથી પસાર થતા વાહનો નીચે જણાવ્યા મુજબના માર્ગો ઉપરથી પસાર કરવાના રહેશે.

(૧) આર. ટી. ઓ. થી નગરપાલિકા તરફ આવતો તમામ વાહન વ્યવહાર આર. ટી. ઓ. થી રેલ્વે સમાંતર રેલ્વે સ્ટેશન થઈ ટાઉન પોલીસ સ્ટેશન આગળથી સરદારશ્રીની પ્રતિમા થઈ પીજનાળા સર્કલ તરફ વાળવા આ રસ્તો હાલમાં એકમાર્ગી છે. તે આ જાહેરનામાના અમલમાં હોય ત્યાં સુધી દ્વિમાર્ગી રહેશે. ઉપરાંત સરદાર સ્ટેચ્યુથી ડભાણ ટાવર તરફ જતો રસ્તો હાલ જે એક માર્ગી છે તેને દ્વિમાર્ગી તરીકે રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી મે, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીઆદ.

Supple C. G. I—Extra—115/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 116

REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, MAY 25, 1998 / JYAISHTHA 4, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

Notification

No. DTN/PBM/SR/9/98/ENF/B/WS/1724/98.– Shri Kamelshkumar Manilal Shah, resident of 12- Sampatrao Colony, Alkapuri, Vadodara, is ordered to be detained to prevent black marketing of essential commodities *vide* this office Order No. DTN/PBM/SR/9/98, dated 7th April 1998 under section 3(*2*) of the Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980.

Commissioner of Police, Vadodara City *vide* his confidential letter No. PCB/PBM/713/98, dated 22nd May 1998 has informed this office that person in respect of whom the above mentioned detention order is issued cannot be traced as he has fled away anywhere else from Vadodara City. Therefore, detention order cannot be served on him.

Therefore, there are enough reasons with me to believe that concerned person in respect of whom the detention order is issued, is absconding or hiding himself in such a manner that he cannot be traced and respective order cannot be served on him.

Therefore as per power assigned to me by section 7(*1*) of Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980 by this notification Shri Kamleshkumar Manilal Shah, resident of 12- Sampatrao Colony, Alkapuri, Vadodara City, Vadodara is ordered to present himself within time limit of 35 days (Thirty Five days) from the date of publication of this Notification before Commissioner of Police, Vadodara City.

Vadodara, 24th May, 1998.

A. G. MUKIM,
District Magistrate,
Vadodara.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીટીએન/ પીબીએમ/એસ.આર./૯/૯૮/એન્ફો/બી/વશી/ ૧૭૨૪/૯૮.-આ કચેરીના હુકમ ડીટીએન/પીબીએમ/એસ.આર./ ૯/૯૮, તા. ૭મી એપ્રિલ, ૧૯૯૮ થી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ ૧૯૮૦ ની કલમ-૩(૨) હેઠળ શ્રી કમલેશકુમાર મણીલાલ શાહ, રે.૧૨, સંપતરાવ કોલોની, અલકાપુરી, વડોદરાને અટકાયતમાં લેવા હુકમ કરવામાં આવેલ છે.

પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરનાએ તેઓના ખાનગી પત્રાંક પીસીબી/પીબીએમ/૭૧૩/૯૮ તા. ૨૨મી મે, ૧૯૯૮ થી જણાવેલ છે. કે સદરહું વ્યકિત કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે. તે વ્યકિત વડોદરા શહેર છોડીને કયાંક નાસી ગયેલ હોઇ મળી આવેલ ન હોવાથી અટકાયત હુકમ ની બજવણી થઇ શકેલ નથી.

આથી મને એમ માનવાને કારણ છે કે, આ વ્યકિત કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે. તે વ્યક્તિ ફરાર થઈ ગઈ છે. અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે. જેથી હુકમની અમલ બજવણી કરી શકાય તેમ નથી.

આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ-૧૯૮૦ની કલમ-૭(૧) નીચે મને મળેલ સત્તાની રૂએ શ્રી કમલેશકુમાર મણીલાલ શાહ, રે. ૧૨- સંપતરાવ કોલોની અલકાપુરી, વડોદરાને આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી ૩૫ દિવસની મુદત અંદર પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર સમક્ષ હાજર થવા ફરમાવવામાં આવે છે.

વડોદરા, તારીખ ૨૪મી મે, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

Notification

No. DTN/PBM/S /10/98/ENF/B/WS/1723/98.- Shri Ileshkumar Jayantilal Chudgar, resident of Narsinhjini Pole, Saneshwarno Mahollo, M. G. Road, Opp. Ranchhodji Mandir, Vadodara, is ordered to be detained to prevent black marketing of essential commodities *vide* this office order No. DTN/PBM/SR/10/98 dated 7th April 1998 under section 3(*2*) of the Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980.

Commissioner of Police, Vadodara City *vide* his confidential letter No. PCB/PBM/713/98, dated 22nd May 1998 has informed this office that person in respect of whom the above mentioned detention order is issued cannot be traced as he has fled away anywhere else from Vadodara City. Therefore, detention order cannot be served on him.

Therefore, there are enough reasons with me to believe that concerned person in respect of whom the detention order is issued, is absconding or hiding himself in such a manner that he cannot be traced and respective order cannot be served on him.

Therefore as per power assigned to me be section 7(*1*) of Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980 by this notification Shri Ileshkumar Jayantilal Chudgar, resident of Narsinhjini Pole, Saneshwarno Mahollo, M. G. Road, Opp. Ranchhodji Mandir, Vadodara City, Vadodara, is ordered to presented himself within time limit of 35 days (Thirty Five days) from the date of publication of this Notification before Commissioner of Police, Vadodara City.

Vadodara, 24th May, 1998.

A. G. MUKIM,
District Magistrate,
Vadodara.

જાહેરનામું

નં. ડીટીએન/ પીબીએમ/એસ.આર./૧૦/૯૮/એન્ફો/બી/વશી/૧૭૨૩/૯૮.-આ કચેરીના હુકમ ડીટીએન/પીબીએમ/એસ.આર./૧૦/૯૮, તા. ૭મી એપ્રિલ, ૧૯૯૮ થી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ ૧૯૮૦ ની કલમ-૩(૨) હેઠળ શ્રી ઈલેશકુમાર જયંતીલાલ ચુડગર રે. નરસિંહજીની પોળ, શાણેશ્વરનો ખાંચો, એમ. જી. રોડ, રણછોડજી મંદિરની સામે, વડોદરાને અટકાયતમાં લેવા હુકમ કરવામાં આવેલ છે.

પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરનાએ તેઓના ખાનગી પત્રાંક પીસીબી/પીબીએમ/૭૧૨/૯૮ તા. ૨૨મી મે, ૧૯૯૮ થી જણાવેલ છે કે સદરહું વ્યકિત કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે. તે વ્યકિત વડોદરા શહેર છોડીને કયાંક નાસી ગયેલ હોઇ મળી આવેલ ન હોવાથી અટકાયત હુકમ ની બજવણી થઇ શકેલ નથી.

આથી મને એમ માનવાને કારણ છે કે, આ વ્યકિત કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે. તે વ્યક્તિ ફરાર થઈ ગઈ છે. અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે. જેથી હુકમનો અમલ બજવણી કરી શકાય તેમ નથી.

આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ-૧૯૮૦ની કલમ-૭(૧) નીચે મને મળેલ સત્તાની રૂએ શ્રી ઈલેશકુમાર જયંતીલાલ ચુડગર રે. નરસિંહજીની પોળ, શાણેશ્વરનો ખાંચો, રણછોડજી મંદિરની સામે, એમ. જી. રોડ, વડોદરાને આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી ૩૫ દિવસની મુદત અંદર પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર સમક્ષ હાજર થવા ફરમાવવામાં આવે છે.

વડોદરા, તારીખ ૨૪મી મે, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 117

REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, MAY 26, 1998 / JYAISHTHA 5, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

Notification

No.DTN/PBM/SR/12/98/ENF/B/1747/98. No.DTN/PBM/SR/10/98/WS/1723/98.–Shri Madenlal Hiralal Savriya, resident of Anil Nagar, Sardar Estate, Vadodara, is ordered to be detained to prevent black marketing of essential commodities vide this office Order No. DTN/PBM/SR/12/98, dated 11th April 1998 under section 3(*2*) of the Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980.

Commissioner of Police, Vadodara City *vide* his confidential letter No. PCB/PBM/714/98, dated 22nd May 1998 has informed this office that person in respect of whom the above mentioned detention order is issued cannot be traced as he has fled away anywhere else from Vadodara City. Therefore, detention order cannot be served on him.

Therefore, there are enough reasons with me to believe that concerned person in respect of whom the detention order is issued, is absconding or hiding himself in such a manner that he cannot be traced and respective order cannot be served on him.

Therefore as per power assigned to me by section 7(*1*) of Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980 by this notification Shri Madenlal Hiralal Savriya, resident of Anil Nagar, Sardar Estate, Vadodara City, Vadodara is ordered to present himself within time limit of 35 days (Thirty Five days) from the date of publication of this Notification before Commissioner of Police, Vadodara City.

Vadodara, 25th May, 1998.

A. G. MUKIM,
District Magistrate,
Vadodara.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીટીએન/ પીબીએમ/એસ.આર./૧૨/૯૮/એન્ફો/બી/વશી/૧૭૪૭/૯૮.-આ કચેરીના હુકમ ડીટીએન/પીબીએમ/એસ.આર./૧૨/૯૮, તા. ૧૧મી એપ્રિલ, ૧૯૯૮ થી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ ૧૯૮૦ ની કલમ-૩(૨) હેઠળ શ્રી મદનલાલ હીરાલાલ સાવરિયા રે. અનિલનગર સરદાર એસ્ટેટ, વડોદરા શહેર, જિ. વડોદરાને અટકાયતમાં લેવા હુકમ કરવામાં આવેલ છે.

પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરનાએ તેઓના ખાનગી પત્રાંક પીસીબી/પીબીએમ/૭૧૪/૯૮ તા. ૨૨મી મે, ૧૯૯૮ થી જણાવેલ છે. કે સદરહું વ્યકિત કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે. તે વ્યકિત વડોદરા શહેર છોડીને કયાંક નાસી ગયેલ

હોઇ મળી આવેલ ન હોવાથી અટકાયત હુકમ ની બજવણી થઇ શકેલ નથી.

આથી મને એમ માનવાને કારણ છે કે, આ વ્યકિત કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે. તે વ્યક્તિ ફરાર થઇ ગઇ છે. અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે. જેથી હુકમની અમલ બજવણી કરી શકાય તેમ નથી.

આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ-૧૯૮૦ની કલમ-૭(૧) નીચે મને મળેલ સત્તાની રૂએ શ્રી મદનલાલ હીરાલાલ સાવરિયા રે. અનિલનગર સરદાર એસ્ટેટ, વડોદરા શહેર, જિલ્લો વડોદરાને આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી ૩૫ દિવસની મુદત અંદર પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર સમક્ષ હાજર થવા ફરમાવવામાં આવે છે.

વડોદરા, તારીખ ૨૫મી મે, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

Notification

No.DTN/PBM/SR/15/98/ENF/B/WS/1749/98.–Shri Ranjitsinh Joginder Singh Gil resident of E/44 Dershanpark Society, Tarsalli Road, Vadodara, is ordered to be detained to prevent black marketing of essential commodities vide this office Order No. DTN/PBM/SR/15/98, dated 21st April 1998 under section 3(*2*) of the Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980.

Commissioner of Police, Vadodara City *vide* his confidential letter No. PCB/PBM/711/98, dated 22nd May 1998 has informed this office that person in respect of whom the above mentioned detention order is issued cannot be traced as he has fled away anywhere else from Vadodara City. Therefore, detention order cannot be served on him.

Therefore, there are enough reasons with me to believe that concerned person in respect of whom the detention order is issued, is absconding or hiding himself in such a manner that he cannot be traced and respective order cannot be served on him.

Therefore as per power assigned to me by section 7(*1*) of Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980 by this notification Shri Ranjitsinh Joginder Singh Gil resident of E/44 Dershanpark Society, Tarsalli Road, Vadodara City, Vadodara is ordered to present himself within time limit of 35 days (Thirty Five days) from the date of publication of this Notification before Commissioner of Police, Vadodara City.

Vadodara, 25th May, 1998.

A. G. MUKIM,
District Magistrate,
Vadodara

જાહેરનામું

નંબર ડીટીએન/ પીબીએમ/એસ.આર./૧૫/૯૮/એન્ફો/બી/વશી/૧૭૪૯/૯૮.-આ કચેરીના હુકમ ડીટીએન/પીબીએમ/એસ.આર./૧૫/૯૮, તા. ૨૧મી એપ્રિલ, ૧૯૯૮ થી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ ૧૯૮૦ ની કલમ-૩(૨) હેઠળ શ્રી રણજીતસીંગ જોગીદ્રસીંગ ગીલ રે-ઇ-૪૪ દર્શન પાર્ક સોસાયટી, તરસાલી રોડ, વડોદરા શહેર, જિ. વડોદરાને અટકાયતમાં લેવા હુકમ કરવામાં આવેલ છે.

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરનાએ તેઓના ખાનગી પત્રાંક પીસીબી/પીબીએમ/૭૧૧/૯૮ તા. ૨૨મી મે, ૧૯૯૮ થી જણાવેલ છે. કે સદરહું વ્યકિત કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે. તે વ્યકિત વડોદરા શહેર છોડીને કયાંક નાસી ગયેલ હોઇ મળી આવેલ ન હોવાથી અટકાયત હુકમ ની બજવણી થઇ શકેલ નથી.

આથી મને એમ માનવાને કારણ છે કે, આ વ્યકિત કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે. તે વ્યક્તિ ફરાર થઇ ગઇ છે. અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે. જેથી હુકમની અમલ બજવણી કરી શકાય તેમ નથી.

આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ-૧૯૮૦ની કલમ-૭(૧) નીચે મને મળેલ સત્તાની રૂએ શ્રી રણજીતસીંગ જોગીદ્રસીંગ ગીલ રે-ઇ-૪૪ દર્શન પાર્ક સોસાયટી, તરસાલી રોડ, વડોદરા શહેર, જિલ્લો વડોદરાને આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી ૩૫ દિવસની મુદત અંદર પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર સમક્ષ હાજર થવા ફરમાવવામાં આવે છે.

વડોદરા, તારીખ ૨૫મી મે, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 118

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] SATURDAY, MAY 30, 1998 / JYAISTHA 9, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ.

નં. પીઓએલ/પરક્ષ/લૉ એન્ડ ઓર્ડર/જાહેરનામું/૫/૯૮.-ગુજરાત રાજ્ય ટેકનીકલ પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા સને ૧૯૯૮ના વર્ષની શિક્ષણ અભ્યાસ ક્રમની પરીક્ષા તા. ૨૫મી મે, ૧૯૯૮થી તા. ૮મી જુન, ૧૯૯૮ના સમય દરમ્યાન લેવાનાર છે. જેથી આ તમામ કેન્દ્રો ઉપર પરીક્ષા સમય દરમ્યાન મોટા પ્રમાણમાં માણસો એકઠા થાય તેવી શકયતા રહેલી છે જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તથા પરીક્ષાર્થીઓ શાંત અને મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તથા ગેરરીતીઓ અટકી શકે તે હેતુથી સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ-૧૪૪ અન્વયેનો પ્રતિબંધિત હુકમ કરવા જરૂરી છે.

વાસ્તે મને સંતોષ થયેલ છે અને તેમ કરવું જરૂરી છે જેથી હું એચ. એન. ભટ્ટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, પ્રાંતિજ ઉપરોકત અધિનિયમ હેઠળ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે પ્રાંતિજ તાલુકાના શિક્ષણ પરીક્ષાના કેન્દ્રો સંસ્કારભારતી વિદ્યાલય, રામપુરાની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યામા વિસ્તારમાં તા. ૨૫મી મે, ૧૯૯૮ થી તા. ૮મી જુન, ૧૯૯૮ સુધી પરીક્ષા દરમ્યાન ચાર કે તેથી વધારે માણસોએ એકત્ર અથવા ભેગા થવું નહી, કે સભાઓ ભરવી નહી કે સુત્રો પોકારવા નહી, કે સરઘસ અથવા રેલી કાઢવી નહી પથ્થર કે બીજા કોઇ પદાર્થ લઇ જવા નહી.

અપવાદ :

આ હુકમ પરીક્ષાની કાર્યવાહીમાં રોકાયેલા સરકારી કર્મચારીઓ અધિકારીઓ તથા પોલીસ ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ/હોમગાર્ડના જવાનો તથા પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૫મી મે, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

એચ. એન. ભટ્ટ,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
પ્રાંતિજ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 119

REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, JUNE 3, 1998 / JYAISTHA 13, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

મામલતદાર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અનુસાર કાઢેલો હુકમ.

નં. એમ.એ.જી. / પરક્ષ / એલ.એ.ઓ./વ-૧૩૮૨/૯૮.—આગામી તારીખ ૨૫મી મે, ૧૯૯૮ થી ૮મી જુન, ૧૯૯૮ ના સમયગાળા દરમ્યાન સરકારી પોલીટેકનીક હિંમતનગર તથા ભગીની સમાજ હિંમતનગરના સ્થળોએ શીવણ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાઓ લેવાનાર છે. આ પરીક્ષામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર છે.

સરકારી પોલીટેકનીક હિંમતનગર તથા ભગીની સમાજ હિંમતનગરના સ્થળોએ શીવણ પરીક્ષા કેન્દ્રો આવેલા છે. આ પરીક્ષા કેન્દ્રો ખાતે તારીખ ૨૫મી મે, ૧૯૯૮ થી તારીખ ૮મી જુન, ૧૯૯૮ ના સમય દરમ્યાન મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર હોઈ પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓના વાલીઓની મોટી સંખ્યામાં એકઠા થાય તેમ છે. એથી પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવા તેમજ અડચણ, ત્રાસ આપવા અથવા ઈજાઓ થવાનો સંભવ છે. આથી આ અટકાવવા માટે તેમજ પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય અને કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે તેમજ પરીક્ષા સંચાલકો સરળતાથી પોતાની કાર્યવાહી બજાવી શકે તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અનુસાર પગલાં લેવાનો પૂરતા અને વ્યાજબી કારણો છે. જે મારો અભિપ્રાય છે તથા ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા શીવણ અભ્યાસ-ક્રમની પરીક્ષા લેવામાં આવનાર હોઈ ઉકત સ્થળોએ સી.આર.પી.સી. ૧૪૪ હેઠળના અમલીકરણ માટે પોલીસ બંદોબસ્ત રાખવો જરૂરી છે.

વાસ્તે હું, સી. બી. પંચીવાલા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, હિંમતનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમની ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

સરકારી પોલીટેકનિક કોલેજ તથા ભગીની સમાજ હિંમતનગરના પરીક્ષા કેન્દ્રો ઉપર ૨૦૦ મીટરની ત્રિજયા વિસ્તારમાં પરીક્ષાર્થીઓ સિવાયનો વ્યકિતઓએ પ્રવેશ ન કરવા કે તે વિસ્તારમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહિ / ઉભા રહેવું નહિ / સભાઓ ભરવી નહિ / પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરના વિસ્તારમાં સરઘસ કાઢવું નહિ કે સુત્રો પોકારવા નહીં.

અપવાદ :

આ હુકમ ફરજ ઉપરના અધિકારીઓ / કર્મચારીઓ અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓ તથા પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓને લાગુ પડશે નહીં.

આ હુકમ તારીખ ૨૫મી મે, ૧૯૯૮ની સવારના ૧૦-૦૦ કલાકેથી પરીક્ષાઓ પૂરી થાય ત્યાં સુધીના સમય દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમ આજ તારીખ ૨૫મી મે, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી બહાર પાડયો.

સી. બી. પંચીવાલા,
મામલતદાર, હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 120

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JUNE 4, 1998 / JYAISTHA 14, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશ્નર દ્વારા

હુ ક મ

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧)અ મુજબ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૨૨૯૭/૧૯૯૮. વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઇસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહશાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું જરૂરી હોય જેથી,

હું, કે. એન. શર્મા, (આઇ.પી.એસ.), પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭(૧)અ મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા. ૨જી જુન, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૬મી જુન, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇપણ ઇસમ, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ, રસ્તા કે જાહેરમાર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમી રમાડવી નહી અથવા તેવી કોઇ પ્રવૃતિ કરવી નહી.

મેં આજ તા. ૧લી જુન, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 121

REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JUNE 4, 1998 / JYAISTHA 14, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY THE DISTRICT AND SESSIONS JUDGE AND PRESEDENT, BOARD OF APPEALS

Notification

No. Civil 624 of 1998.- In exercise of the power vested in him under section 55(1) of the Gujarat Town Planning and Urban Development Act, 1976 (Act No. 27 of 1976) received with para 28 (1) and (2) of the Gujarat Town Planning and Urban Development Rules, 1979. Framed under 118 of the said Act and as required under para 28(1) of the said rules, the under signd is pleased to notify for general information that, the Board of Appeals has been constituted of the following person for deciding the appeals presented under section 54 of the said act against the decision of the Town Planning Officer, Vadodara given by him under 32 of the said act in relation to the framing of the town plainning scheme No. 20 Vadodara (Atladara).

(1) Shri D. P. Buch, District & Sessions Judge, Vadodara. — President

(2) Shri B. C. Shah, Retired Town Planning Officer, 4, Satej Apartment, 89, Swastic Society, Navrangpura, Ahmedabad-380009. — Assessor

(3) Shri I. A. Pandya, Retired Civil Judge, Madanzampa, Upla Falia, Vadodara. — Assessor

Vadodara, 3rd June, 1998.

D. P. Buch,
District and Sessions Judge,
and
President, Board of Appeals,
Vadodara.

INDEX

ડીસ્ટ્રીકટ અને સેસન્સ જજ અને પ્રેસીડેન્ટ, બોર્ડ ઓફ અપીલ દ્વારા

જા હે ર ના મું

નંબર સીવીલ-૬૨૪-સને, ૧૯૯૮.- ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અધિનિયમ નંબર ૨૭ સને ૧૯૭૬ની કલમ-૫૫(૧) તથા મજકુર અધિનિયમની કલમ-[illegible] અન્વયે બહાર પાડવામાં આવેલા ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ના નિયમ ૨૮(૧)(૨) હેઠળ પ્રાપ્ત થતા અધિકારનો વિનિયોગ કરીને નીચે સહી કરનારે ઉપરોકત નિયમોના નિયમ ૨૮(૧) અન્વયે ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૦ ''વડોદરા (અટલાદરા)''ની યોજના તૈયાર કરી છે. તેની સામે મજકુર અધિનિયમની કલમ-૫૪ હેઠળ જે વિવાદો દાખલ થયેલા છે. તેનો નિકાલ કરવા સારૂ નીચે જણાવેલ વ્યકિતઓનું બનેલું એક વિવાદી પંચ (બોર્ડ ઓફ અપીલ્સ)ની રચના કરી છે. તે હકીકત ઉપરોકત નિયમોના નિયમ એ(૧) અન્વયે આ જાહેરનામાથી જાહેર જનતાની જાણ સારૂં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧)	શ્રી ડી. પી. બુચ, ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ, વડોદરા.	પ્રમુખ
(૨)	શ્રી બી. સી. શાહ, નિવૃત્ત શહેરી વિકાસ અધિકારી, ૪, સતેજ એપાર્ટમેન્ટ, ૮૯, સ્વસ્તીક સોસાયટી, નવરંગપુરા. અમદાવાદ-૯ (૩૮૦ ૦૦૯).	એસેસર
(3)	શ્રી આઇ. એ. પંડયા, નિવૃત્ત સીવીલ જજ, (સી.ડી.), મદનઝાંપા, ઉપલા ફળીયા, વડોદરા.	એસેસર

વડોદરા, ૩જી જુન, ૧૯૯૮,

ડી. પી. બુચ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ, અને
પ્રેસીડેન્ટ બોર્ડ ઓફ અપીલ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 122 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JUNE 4, 1998 / JYAISTHA 14, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ ૧૮ (૧) (ગ).

નંબર કમકમ/એજીએમ/જાહેરનામું/૯૧૦.-નંબર ઉ.મકમ/એન.એમ./કયુએલ./કેસપ/જાહેરનામું/૧૯૮૨.-મુજબ મહેસાણા જિલ્લાના ક્ષેત્રમાં આવેલ ગૌણ ખનીજની કવોરી લીઝો ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ની જોગવાઈઓ મુજબ મંજુર કરવામાં આવેલ છે. જે પરિશિષ્ટમાં જણાવેલ કારણોસર આપોઆપ રદ થયેલ છે. જે વિસ્તાર ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના ૧૮ (૧) (ગ) હેઠળ પરિશિષ્ટ મુજબનાં વિસ્તારો આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ફરીથી આપવા માટે ઉપલબ્ધ થઈ શકશે તેમ કલેકટર મહેસાણાએ જાહેર કરેલ છે.

ક્રમ	લીઝ હોલ્ડરનું નામ	ગામ	તાલુકો		તાર	ખનિજ	રદ (નામંજૂર થવાના કારણો)
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	ઝાલા રાજેન્દ્રસિંહ બાપુસિંગ, રહે. મગુના	મગુના	મહેસાણા	ખારીનદી પટ	૧.૦૦.૦૦૦	રેતી કંકર	કરારખતની મુદત પુર્ણ થતાં રીન્યુ કરાવેલ નથી.
૨	રામાભાઇ રેવાભાઇ પરમાર, રહે. મહંમદપુર	મહંમદપુરા	વિસનગર	રૂપેણ નદી	૧.૦૦.૦૦૦	રેતી કંકર	,,
૩	રામાભાઇ રેવાભાઇ પરમાર, રહે. મહંમદપુર	મહંમદપુરા	,,	,,	૧.૦૦.૦૦૦	,,	,,
૪	વણઝારા ઉમાજી ગોબરજી, રહે. છોગાળા	ખદલપુર	,,	,,	૧.૦૦.૦૦૦	,,	,,
૫	વણઝારા ઉમાજી ગોબરજી, રહે. છોગાળા	ઉમતી	,,	,,	૧.૦૦.૦૦૦	,,	,,
૬	વણઝારા ઉમાજી ગોબરજી, રહે. છોગાળા	ખદલપુર	,,	,,	૧.૮૮.૦૦૦	,,	મંજુરી હુકમ રીવોક થયેલ છે.
૭	ઠાકોર ઓધારજી વિરાજી	ઈયાસરા	,,	,,	૧.૦૦.૦૦૦	,,	રીન્યુ મંજુરી હુકમ રીવોક થયેલ છે.
૮	વણઝારા છનાજી ફોજાજી, રહે. ઉંડણી	વલાસણા	ખેરાલુ	સાબરમતી નદી	૧.૦૦.૦૦૦	,,	કરારખતની મુદત પુર્ણ થતાં રીન્યુ કરાવેલ નથી.
૯	વણઝારા છનાજી ફોજાજી, રહે. ઉંડણી	,,	,,	,,	૧.૦૦.૦૦૦	,,	મંજુરી હુકમ રીવોક થયેલ છે.
૧૦	રાઠોડ જોરાવરસિંહ શીવસિંહ, રહે. વલાસણા	,,	,,	,,	૧.૦૦.૦૦૦	,,	કરારખતની મુદત પુર્ણ થતાં રીન્યુ કરાવેલ નથી.
૧૧	વણઝારા છનાજી ફોજાજી, રહે. ઉંડણી	ગણેશપુર	,,	,,	૧.૦૦.૦૦૦	,,	,,
૧૨	અમરાપુર ગ્રામ વિકાસ મંડળ, અમરાપુર	અમરાપુર	કલોલ	,,	૧.૦૦.૦૦૦	,,	,,
૧૩	રાણજી ગોબરજી વણઝારા રહે. દેવપુરા	દેવપુરા (ગણેશપુરા)	વિજાપુર	,,	૧.૦૦.૦૦૦	,,	રીન્યુ મંજુરી હુકમ રીવોક થયેલ છે.
૧૪	ઝાલા ઉદયસિંહ લક્ષ્મણસિંહ, રહે. દેવપુરા	રામપુરા	,,	,,	૧.૦૦.૦૦૦	,,	,,
૧૫	પટેલ કરશનભાઇ અમીચંદ રહે. ટેચાવા	ટેચાવા	,,	,,	૧.૦૦.૦૦૦	,,	કરારખતની મુદત પુર્ણ થતાં રીન્યુ કરાવેલ નથી.
૧૬	વણઝારા ભાવાજી ચેલાજી, રહે. આગલોડ	આગલોડ	,,	,,	૧.૦૦.૦૦૦	,,	રીન્યુ મંજુરી હુકમ રીવોક થયેલ છે.
૧૭	વણઝારા લેરાજી ગંગજી રહે. દેવપુરા	દેવપુરા	,,	,,	૨.૦૦.૦૦	,,	,,
૧૮	વણઝારા ભીમાજી નારાજી રહે. દેવપુરા	,,	,,	,,	૨.૦૦.૦૦	,,	,,
૧૯	વણઝારા ગોપાજી પાલુજી રહે. આગલોડ	,,	,,	,,	૨.૦૦.૦૦	,,	મંજુરી હુકમ રીવોક થયેલ છે.
૨૦	વણઝારા રાણાજી ગોબરજી રહે. દેવપુરા	ગણેશપુરા	,,	,,	૪.૦૦.૦૦	,,	કરારખતની મુદત પુર્ણ થતાં રીન્યુ કરાવેલ નથી.
૨૧	વણઝારા પપાજી ગંગજી રહે. દેવપુરા	દેવપુરા	,,	,,	૧.૦૦.૦૦	,,	,,
૨૨	ઠાકોર અમૃતજી રાજાજી, રહે. મહંમદપુર	મહંમદપુર	વિસનગર	રૂપેણ નદી	૦.૮૮.૦૦	,,	રીન્યુ મંજુરી હુકમ રીવોક થયેલ છે.

મહેસાણા, તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૮.

એમ. એસ. ઠાકોર,
કલેક્ટર, મહેસાણા.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, વડોદરા.

Extra No. 123 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] FRIDAY, JUNE 5, 1998 / JYAISTHA 15, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા **હુકમ**

વંચાણમાં લીધા :

(૧) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન પુઝ એન્ડ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈઝઓર્ડર ૧૯૯૩.

(૨) કલેક્ટરશ્રી પંચમહાલના હુકમ નં.પરવ/એસએ/કશન/વશી/૯૪૧ તારીખ ૨૮મી જુન ૧૯૯૪.

(૩) સરકારશ્રીના અન્ય અને ના. પુ. વિ. ગાંધીનગરના તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૭નો ફેક્સ નં. કેએસએન/૧૨૯૬-૨૪૭૩ બી.

(૪) કલેક્ટરશ્રી પંચમહાલના હુકમ નં. પરવ/કસન/ભાવ/વશી/૪૩૩૫ તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૯૭.

(૫) આ કચેરીના આદેશ ક્રમાંક નં. પરવ/કશન/ભાવ/વશી/૫૯૨ થી ૬૫૦ તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૯૭.

(૬) કલેક્ટરશ્રી પંચમહાલના આદેશ ક્રમાંક પરવ/કશન/ઘોઘંબા/ભાવ/વશી/૪૫૫૨ તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૭.

(૭) સરકારશ્રીના અ.ના.પુ.અને ગા.બા.ના વિભાગના પત્ર નં. કશન/૧૦૯૭/૨૩૫૪/ભાગ-૧-બ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮.

નંબર કમકદ /પરવ/કશન/ભાવ/વશી/૧૦૯૮.-આમુખ-૫માં જણાવેલ હુકમથી અત્રેના જિલ્લાના તાલુકાએ માટે કોયલી ગુજરાત રીફાઇનરી વડોદરાથી આવતા ગૃહવપરાશના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક ભાવો આમુખ-૩ની સુચના અન્વયે આમુખ-૨ અને ૪ની કલેક્ટરશ્રી ગોધરાના આદેશ અન્વયે નક્કી કરેલા છે. તે મુજબ આમુખ-૫ના હુકમથી દાહોદ જિલ્લાના તાલુકાઓ માટે ટ્રાન્સપોર્ટ ભાડું ઓક્ટ્રોય ચાર્જીસના વધારાને અનુલક્ષીને ગૃહવપરાશના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક ભાવો નક્કી કરી આપેલ છે.

આમુખ-૭ના સરકારશ્રીનાં અન્ય નાગરીક પુરવઠા અને ગા. બા.ના વિભાગના તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮ થી કેન્દ્ર સરકારે કેરોસીનના એજન્ટના કમીશનમાં એજન્ટ માટે (ફોર્મ-૧૩ ધરાવનારને) રૂા. ૫૨.૭૦ માંથી વધારો કરી રૂા. ૧૨૬ તથા ફોર્મ-૧૩ સિવાયના માટે ૮૩.૩૦નો પ્રતિ કીલો લીટરે નક્કી કરેલ છે. પરંતુ ફોર્મ-૧૩ અને તે સિવાયના માટે પણ કમીશનના પ્રતિ કીલો લીટરે રૂા. ૧૨૬ ગણવામાં આવેલ છે. એજન્ટને કમીશન આપતા રાઉન્ડીંગ ઓફ પછી ૦૭ સાત પૈસાથી પ્રતિ લીટરે છુટક ભાવમાં વધારો ન થાય તે મુજબ અમલ કરવા જણાવેલ છે. તે મુજબ અમલવારી કરી ગણતરી કરીને જથ્થાબંધ ભાવો નક્કી કરાયેલ છે. તેમજ છુટક ભાવો નજીકનાં પાંચ પૈસાના ગુણાંકમાં નક્કી કરવામાં આવેલ છે.

INDEX

છુટક વિક્રેતાઓ માટે ટ્રાન્સપોર્ટ ભાડું અગાઉના આમુખ-૪ના આ કચેરીના આદેશ મુજબ તબક્કાવાર નીચે મુજબ મજરે આપીને છુટક ભાવોની ગણતરી કરવામાં આવેલ છે.

(૧)	સ્થાનીક	રૂા. ૪૦.૦૦
(૨)	સ્થાનીક સિવાય ૧૦ કી.મી. સુધી	રૂા. ૪૫.૦૦
(૩)	૧૧ કી.મી. થી ૨૫ કી.મી.	રૂા. ૫૦.૦૦
(૪)	૨૬ કી.મી. થી ૫૦ કી.મી.	રૂા. ૫૫.૦૦
(૫)	૫૦ કી.મી. ઉપર	રૂા. ૬૦.૦૦

આમુખ નં. ૬ના હુકમથી પંચમહાલ જિલ્લાની જેમ જે સેમી હોલસેલર જથ્થાબંધ પરવાનેદારને પણ ડ્રાફ્ટ કમીશન સ્ટેશનરી ટેન્કર ખાલી કરાવવું વિગેરે ખર્ચ થાય છે. તે ધ્યાને લઈ કેરોસીનના એજન્ટ દ્વારા કેરોસીનની આખી ટેન્કર બીજા એજન્ટ કે સેમી હોલસેલર વેચાણ કરવામાં આવે ત્યારે ટેન્કરદીઠ તેમના બીલમાં રૂા. ૨૦૦ (બસો પુરા) મજરે આપવાના રહેશે. અગાઉના આવા કિસ્સામાં લીટરે ૨ પૈસા વધુ ભાવ આવા વિક્રેતાએ લેવાની બાબત રદ કરવામાં આવેલ છે.

સબબ ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર ૧૯૯૩ની કલમ-૨ ડી-૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ

હું, અરૂણકુમાર સોલંકી, કલેકટર, દાહોદ, આથી તારીખ ૧લી જુન, ૧૯૯૮ થી અમલમાં આવે તે રીતે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના ઘરઘથ્થું વપરાશ માટે કોયલી ખાતેની ગુજરાત રીફાઈનરીમાંથી રસ્તા માર્ગે વહન થઈ જિલ્લાને અપાતા કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક ભાવો પરિશિષ્ટ નં. ૧ અને પરિશિષ્ટ નં. ૨ની નીચેની શરતોને આધીન રહી ઠરાવવા હુકમ કરૂં છું.

શરતો

(૧) સદર ભાવો તારીખ ૧લી જુન ૧૯૯૮ થી અમલી બનશે અને તે સાથે જુના ભાવો રદ ગણાશે.

(૨) ટેન્કર લોડ કે કંમ્પાર્ટમેન્ટ લોડ હોય ત્યારે એજન્ટ કે સેમી એજન્ટે જથ્થાબંધ વિક્રેતાએ જથ્થો છુટક વિક્રેતાના ધંધાના સ્થળ સુધી પહોંચાડવાનો રહેશે.

(૩) ઉપરોક્ત નક્કી કરવામાં આવેલ ભાવોથી એજન્ટ જથ્થાબંધ વિક્રેતાએ જથ્થો છુટક વિક્રેતા કે ફેરીદાર વધારે ભાવ લઈ શકશે નહી.

(૪) કેરોસીનના એજન્ટો કે બીજા એજન્ટ કે સેમી હોલ સેલર જથ્થાબંધ પરવાનેદારને આખુ ટેન્કર વેચાણ કરવામાં આવે ત્યારે ટેન્કરદીઠ રૂા. ૨૦૦ (બસો પુરા) તેમના બીલમાં મજરે આપવાના રહેશે.

(૫) ભાવનું લીસ્ટ ધંધાના સ્થળે ગ્રાહકો સ્થળ જોઈ શકે તે રીતે પ્રદર્શીત કરવાના રહેશે.

(૬) નિયત ભાવ કરતાં વધારે ભાવ લેનાર સામે આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ હેઠળ તેમજ ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઇઝ ઓર્ડર ૧૯૯૩ હેઠળ સખ્ત પગલાં લેવામાં આવશે.

(૭) આ દર લાગુ કર્યા પછી તાલુકા મથક સિવાયની ગ્રામ પંચાયતે ઓકટ્રોય નક્કી કરેલ હશે તો વિક્રતાને તેટલી ઓકટ્રોયની રકમ માટે જે તે સ્થળના ભાવો નવેસરથી મંજુર કરવામાં આવશે.

(૮) આ ભાવો ગુજરાત કોયલી રીફાઇનરી ડેપોના રસ્તા માર્ગે વહન થતા કેરોસીનના છે. ભવિષ્યમાં અન્ય ડેપો ઉપર કેરોસીન મળશે ત્યારે તેના ભાવો ઇલાયદા જાહેર કરવામાં આવશે.

(૯) આ ભાવો જાહેર થયા તારીખથી નવા ભાવો જાહેર ન થાય ત્યાં સુધી આ હુકમ અમલમાં રહેશે.

(૧૦) તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી પંચમહાલ જિલ્લાનું વિભાજન થતા હાલ દાહોદ જિલ્લાના ગરવાડા, ધાનપુર, કડાણા અને ફતેપુરા તાલુકાઓ નવીન અસ્તીત્વમાં આવેલ છે. જેથી તે તાલુકા પુરતાં અંતરો મેળવીને જરૂર પડે છે. ભાવો ઇલાયદા ભાવો જાહેર ન કરાય ત્યાં સુધી આ હુકમમાં દર્શાવ્યા પ્રમાણેના મળતા તાલુકા પ્રમાણેના ભાવો અમલમાં રહેશે.

(૧૧) જયાં જકાત હશે ત્યાં છુટક વિક્રતાઓ માટે પરિશિષ્ટ-૧ના કોલમ નં. ૩ના ભાવ સ્થાનિક જકાત સાથેનો રહેશે. તાલુકા મથક સિવાયના છુટક વિક્રેતાઓ માટે કોલમ નં. ૪નો ભાવ સ્થાનિક જકાત વગરનો રહેશે. એટલે કે જયાં જયાં જકાત લાગુ છે ત્યાં જકાત સાથેનો અને જકાત લાગુ નથી ત્યાં જકાત વગરનો ભાવ લેવાનો રહેશે.

(૧૨) એકસપ્લેઝીવ રુલ્સના ફોર્મ નં. ૧૩ની સુવિધાવાળું સ્ટોરેજ લાયસન્સ ધરાવે છે. તેઓને ફોર્મ નં. ૧૩ની સુવિધાવાળું સ્ટોરેજ લાયસન્સ ન ધરાવતા એજન્ટો માટે કમીશનનો દર પ્રતિ કીલો લીટરે રૂા. ૧૨૬ મજરે આપેલ છે. પરંતુ ફોર્મ-૧૩ની સુવિધાવાળું સ્ટોરેજ ડેપો ન ધરાવતા કેરોસીન એજન્ટે (૧૨૬-૦૦ - ૮૩-૩૦)નો તફાવત જે તે ઓઇલ કું ને ભરપાઇ કરવાનો રહેશે.

પરિશિષ્ટ-૧

ગુજરાત રીફાઇનરીથી કોયલી ડેપો ઉપરથી આવતા કેરોસીનના એજન્ટે જથ્થાબંધ વિક્રેતા અને છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ભાવ.

અનુ. નંબર	તાલુકો	એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ છુટક વિક્રેતાને તેમજ ફેરીદારને ૧૦૦૦ લીટરનો વેચાણ કરવાનો ભાવ	
		જકાત સાથે	જકાત વગર
૧	૨	૩	૪
૧	સંતરામપુર	૨૬૯૩-૭૪	૨૬૭૩-૭૪
૨	ઝાલોદ	૨૬૯૨-૭૪	૨૬૮૨-૭૪
૩	દાહોદ	૨૭૦૧-૩૯	૨૬૬૭-૭૪
૪	લીમખેડા	૨૬૨૧-૨૪	૨૬૦૬-૨૪
૫	બારીયા	૨૬૧૪-૭૪	૨૬૦૪-૭૪

પરિશિષ્ટ-૨

ગુજરાત રીફાઇનરીથી કોયલી ડેપો ઉપરથી આવતા કેરોસીનના જુદા જુદા અંતરના ગામો માટે છુટક વિક્રેતા ફેરીયાઓએ ૧ લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ.

અનુ. નંબર	તાલુકો	સ્થાનિક વેચાણ ભાવ	સ્થાનિક સિવાય ૧૦ કીમી.ના અંતર સુધી	૧૧ કીમી. થી ૨૫ કીમી. સુધી	૨૬ કીમી. થી ૫૦ કીમી. સુધીનો	૫૦ કીમી. ઉપરના
૧	૨	૩	૪	૫	૬	૭
૧	સંતરામપુર	૨-૮૦	૨-૮૦	૨-૮૦	૨-૮૦	૨-૮૫
૨	ઝાલોદ	૨-૮૦	૨-૮૦	૨-૮૦	૨-૮૦	૨-૮૫
૩	દાહોદ	૨-૮૦	૨-૮૦	૨-૮૫	૨-૮૫	૨-૮૫
૪	લીમખેડા	૨-૭૫	૨-૭૫	૨-૭૫	૨-૭૫	૨-૭૫
૫	બારીયા	૨-૭૫	૨-૭૫	૨-૭૫	૨-૭૫	૨-૭૫

દાહોદ, તારીખ ૩૦મી મે, ૧૯૯૮.

અરુણકુમાર સોલંકી,
કલેકટર, દાહોદ.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, વડોદરા.

INDEX

Extra No. 124

REGISTERED No. G- BA -14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] FRIDAY, JUNE 5, 1998 / JYAISTHA 15, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

Notification

Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980.

No.-SUP/INQ/DET/3/98.- whereas the detention order under Sub-section (2)(A) of Section-3 of the prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980 has been made by the District Magistrate, Patan Under No. Sup/Inq/Det/3/98, dated 16th April, 1998 in respect of Tanna Bhadresh Kumar Mansukhlal (organisor, Fair price shop at Khakhadi Ta. Harij) residing at Railway Station Chali, at Harij, Ta. Harij, Dist. Patan.

And whereas the District Superintendent of Police, Patan has reported that the said person has absconded or is concealing himself so that the aforesaid detention order cannot be executed.

And whereas the District Magistrate has reason to believe that the aforesaid person has absconded or concealing himself so that the detension order cannot be executed.

Now therefore in exercise of the powers conferred by section-7(1)(B) and 7 (2) of the prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980, I, P. S. Shah I. A. S. the District Magistrate, Patan hereby directs the said Tanna-Bhadreshkumar Mansukhlal (Organisor) Fair Price Shop at Khakhadi, Ta. Harij, residing at Railway Station Chali at Harij, Ta. harij, Dist. Patan, to appear before the District Superintendent of Police, Patan at his office at Patan within a period of 30 days from the date of the publication of this order in the official Gazette.

Patan, 27th May, 1998.

P. S. SHAH,
District Magistrate,
Patan.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જા હે ર ના મું

આવશ્યક ચીજ વસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબતના અધિનિયમ, ૧૯૮૦.

નંબર સપ/તપાસ/અટક/૩/૧૯૯૮.-જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ એ તન્ના ભદ્રેશકુમાર મનસુખલાલ (સંચાલક, સરકાર માન્ય સસ્તા અનાજની દુકાન, મું. ખાખડી, તા. હારીજ.) રહે. રેલ્વે સ્ટેશન ચાલી, મુ. હારીજ, તા. હારિજ, જિ. પાટણના સંબંધમાં આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ની કલમ-૩ની પેટા કલમ ૨(એ) હેઠળ અટકાયત હુકમ નં. સપ/તપાસ/અટક/૩/૧૯૯૮, તા. ૧૬મી એપ્રિલ, ૧૯૯૮થી કરેલ છે.

અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પાટણ એ જણાવેલ છે કે ઉપર્યુકત વ્યકિત ભાગી છુટેલ છે. અથવા સદરહુ હુકમ બજી શકે નહી એટલા માટે સંતાતો ફરે છે.

અને મને ખાત્રી પણ કરાવવામાં આવેલ છે કે સદરહુ ઇસમ ફરાર થયેલ છે અથવા સદરહુ અટકાયત હુકમ બજી શકે નહી એટલા માટે સંતાતો ફરે છે.

તેથી હવે આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ની કલમ-૭(૧)(બ) અને ૭(૨)થી મળેલ અધિકારની રૂએ હું પી. એસ. શાહ, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ સદરહુ તન્ના ભદ્રેશકુમાર મનસુખલાલ (સંચાલક, સરકાર માન્ય સસ્તા અનાજની દુકાન મુ. ખાખડી, તા. હારીજ)રહેવાસી રેલ્વે સ્ટેશન ચાલી, મુ.હારીજ, તા.હારીજ, જિ. પાટણને આ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦(ત્રીસ) દિવસમાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી પાટણની રૂબરૂમાં તેમની કચેરીમાં હાજર થવાનું ફરમાવું છું.

પાટણ, તારીખ ૨૭મી મે, ૧૯૯૮.

પી. એસ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 125

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] SATURDAY, JUNE 6, 1998 / JYAISTHA 16, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૩ (એલ) મુજબ

નંબર પી.ઓ.એલ./વશી/૨૩૦૮/૯૮.- આગામી ઋતુમાં રોગચાળો ન ફેલાય તે માટે કેટલાક ઈસમો વારંવારની ચેતવણી આપ્યા છતાં જરૂરી કાર્યવાહી હાથ ધરતા ન હોવાથી ચીફ ઓફિસરશ્રી આણંદ નગરપાલિકાએ તારીખ ૨૬મી મે, ૧૯૯૮ના પત્રથી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત આણંદનાએ તારીખ ૨૭મી મે, ૧૯૯૮ના પત્રથી આ અંગે નિયંત્રણો મુકવા વિનંતી કરેલ છે.

ભૂતકાળમાં જિલ્લામાં ઘણીવાર રોગચાળો ફેલાવવાના પ્રસંગો બનેલ છે. અને મૃત્યુઓ પણ નોંધાયેલ છે. આગામી ઋતુમાં પણ રોગચાળો ફેલાવવાની શક્યતાઓ હોઈ ગંદકી, સ્વચ્છતા અંગે નિયંત્રણ મુકવુ જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. કે. શર્મા, આઈ.એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (એલ) થી મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લાની આણંદ, પેટલાદ, ખંભાત, બોરસદ, ઉમરેઠ, ઓડ, આંકલાવ, બોરીઆવી, કરમસદ, વિદ્યાનગર નગરપાલીકા/બરોના સમગ્ર વિસ્તારમાં જાહેર આરોગ્ય, સુખાકારી માટે નીચે મુજબ ફરમાવું છું કે : સ્થાનિક નગરપાલીકા/બરો અથવા યોગ્ય સત્તાધિકારી તરફથી લેખિત નોટીસ આપ્યા બાદ પણ નીચે જણાવેલ કૃત્યો કરવાનો ચાલુ રાખશે અથવા તેનો અમલ નહીં કરે તો તે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

(૧) સ્થાનિક સત્તામંડળ તરફથી નક્કી કરેલ જગા સિવાયની જગાએ ગંદો કચરો અથવા અન્ય દુષિત ચીજવસ્તુઓ નાખવા/ઠાલવવાનું કૃત્ય કરે.

(૨) પોતાની દુકાન, હોટલ, દવાખાનું, સંસ્થા અથવા પેઢીના માલિકો/હોદ્દેદારોને ગંદો કચરો રાખવા ડસ્ટબીન રાખવા સૂચના આપ્યા છતાં ન રાખે.

(૩) દુકાન, હોટલ, રેસ્ટોરન્ટ સ્વચ્છ ન રખાય તો અથવા પીવાના પાણી તથા ખાણીપીણીની ચીજવસ્તુઓ આરોગ્યપ્રદ ન રાખે તો.

આજ તારીખ ૩૦મી મે, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એ. કે. શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, વડોદરા.

INDEX

Extra No. 126 REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, JUNE 8, 1998 / JYAISTHA 18, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું .

નંબર ઉ/મકપ/પલસ/વશી/૨૭૯૪ થી ૨૮૪૪.—હાલોલ - ગોધરા રોડના કી. મી. ૩૬૬/૪ થી ૩૬૬/૬ માં આવેલ બાપોઈ પુલ જુનો અને જીર્ણ હાલતમાં તથા ગમે ત્યારે તુટી જવાની સંભાવનાવાળો હોઈ તેને તાત્કાલિક તોડી નવો પુલ બનાવવા સરકારશ્રીના મા. અને મ. વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક એસ.આર./૨૪૯૭/૭૯૯(૧)-સ, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી જોબ નં. પી.એમ.એસ.આર./૯૭-૯૮ આશીષ કન્સ્ટ્રકશન કું., ગોધરાને તારીખ ૧૧મી મે, ૧૯૯૮ થી કામ શરૂ કરી તારીખ ૧૦મી ઓગષ્ટ, ૧૯૯૮ સુધીમાં પૂર્ણ કરવાની શરતે સુપ્રત કરવામાં આવેલ છે.

સદર જુનો પુલ તોડી નવો પુલ બનાવવાનો હોઈ ટ્રાફિક નિયમન ચાલુ રહે તે માટે પુલની ઉપરની બાજુ ડાયવરઝન બનાવવામાં આવેલ છે. અને તેના ઉપરથી હાલ ટ્રાફિક ચાલું છે. સદર રસ્તો વાપી ધરમપુર નેત્રંગ બોડેલી-હાલોલ-ગોધરા-લુણાવાડા-મોડાસા રોડ પુર્વીય રાજય ધોરી માર્ગ નં. ૫નો એક ભાગ છે. સદર રસ્તા ઉપર દિલ્હી જયપુર-ઉદેપુર (રાજસ્થાન) થી મુંબઈ તરફ જવા ભારે ટ્રાફિક તેમજ મધ્યપ્રદેશ ઈન્દોરથી વડોદરા તરફ જતા ગેસ, એસીડ, પેટ્રોલના મોટા ટ્રેલરોની વધુ પડતી ટ્રાફિક તથા જિલ્લાનો સ્થાનિક બસોનો તેમજ હળવા વાહનોનો ટ્રાફિક વહન થાય છે.

હાલ પુલની બાજુમાં બનાવેલ ડાયવરઝન ઉપર ટ્રાફિક ચાલુ છે. સદર પુલ શકય તેટલો વહેલો પુરો કરવા આયોજન કરવામાં આવેલ છે, પરંતુ ચોમાસામાં ઓચિંતા ભારે વરસાદ થાય તો ડાયવરઝન પરથી પાણી પસાર થવાની પુરી શકયતાઓ રહેલી છે. જેથી ટ્રાફિક બંધ ન કરવો પડે અને સહેલાઈથી ટ્રાફિક નિયમન થાય તે માટે નીચે મુજબ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ, ગોધરાએ તેઓના જા.નં. પી.બી.-ગોધરા-૭૩૦/૯૮, તારીખ ૨૯મી મે, ૧૯૯૮ના પત્રથી આયોજન કરવા સુચવ્યું છે. જે યોગ્ય છે.

(૧) દિલ્હી-ઉદેપુર-શામળાજી-મોડાસા - લુણાવાડા - ગોધરા-વડોદરાથી મુંબઈ તરફ જતા ભારે ટ્રાફીક મોડાસાથી કપડવંજ-ડાકોર-નડીયાદ-વડોદરાથી મુંબઈ તરફ જતાં વાળવો.

(૨) મધ્યપ્રદેશ-ઈન્દોર-દાહોદ-ગોધરા-વડોદરા તરફ જતો ભારે ટ્રાફિક દાહોદ-ગોધરા વચ્ચે આવેલ પીપલોદ ગામ પાસેથી બારીઆ-રાજગઢ-પાવાગઢ-હાલોલ-વડોદરા રસ્તા ઉપર આવતા જતા ટ્રાફિક વાળવો.

(૩) ઉપરોકત અનુ નં. (૧) તથા (૨) નો હળવો ટ્રાફિક તેમજ પંચમહાલ જિલ્લાનો ટ્રાફિક જેવો કે બસ હળવા વાહનો-વગેરે ગોધરા-ટુવા-મહેલોલ વેજલપુર થઈ હાલોલ તથા હાલોલ બારીયા-પીપલોદ ઉપર વાળવો. ગોધરા-વડોદરા પરના ટ્રાફિક ગોધરા-સેવાલીયા રોડ ઉપર આવેલ ઉદલપુર રેલ્વે ક્રોસીંગથી સાવલી થઈ વડોદરા વાળવો.

ઉપર મુજબ બાપોઈ પુલના સમારકામ દરમ્યાન ટ્રાફિકની જવર માટે સંભવિત અકસ્માત અને જાનહાની નિવારવા માટે મુંબઈ પોલીસ

અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, એ. કે. રાકેશ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ઉપરના અ. નં. ૩ મુજબ ટ્રાફિક વાળવા આ જાહેરનામું બહાર પાડવા હુકમ કરું છું.

ઉપરોક્ત જંકશનો ઉપર સુચનાત્મક બોર્ડ મુકી માર્ગદર્શન માટે પોલીસ બંદોબસ્ત મુકવા તેમજ વ્યવસ્થિત અને સહેલાઈથી ટ્રાફિક નિયમન માટે સંબોધિતોએ તુરત જ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

આ હુકમનો અમલ તારીખ ૩જી જુન ૧૯૯૮ થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૩જી જુન, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 127

REGISTERED No. GB-A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, JUNE 8, 1998 / JYAISTHA 18, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે.

નંબર પીઓએલ / વશી/૧૫૦૫/૯૮.— તારીખ ૧૦મી જુન ૧૯૯૮ ના રોજ રણછોડજી મંદિર ડાકોર ખાતે જેઠ સુદ-૧૫ નો મેળો ભરાનાર છે. આ મેળામાં સમગ્ર ગુજરાતભરમાંથી લોકો આવતા હોય છે. જેમાં વાહનો લઈ આવનારા લોકો વાહનો આડેધડ પાર્ક કરતા હોવાથી આમ જનતા તથા યાત્રિકોને હાલાકી ભોગવવી પડે છે. જેથી ટ્રાફિકના નિયંત્રણ માટે ઉકત કાયદાની કલમ-૩૩ (૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૯મી જુન ૧૯૯૮ તથા તારીખ ૧૦મી જુન ૧૯૯૮ (એમ બન્ને દિવસો સુધ્ધાંત) ડાકોર નગર પાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ.—સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન, એસ. ટી. બસ તથા હાઈવે ઉપરથી પસાર થતા વાહનોને લાગુ પડશે નહીં.

શિક્ષા.—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુન, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પી.ઓ.એલ./વશી ૧૫૧૫/૯૮.—તારીખ ૧૦મી જૂન, ૧૯૯૮ ના રોજ ડાકોર મુકામે રણછોડજી મંદિર ખાતે જેઠ સુદ-૧૫નો મેળો યોજનાર હોઈ ડાકોર મુકામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી, ખેડા, ઉકત કાયદાની કલમ-૩૩ (૧) નું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જિલ્લા પોલીસ વડાશ્રી, ખેડાની દરખાસ્ત ધ્યાને લેતા સદરહુ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૯મી જૂન, ૧૯૯૮ થી તારીખ ૧૦મી જૂન, ૧૯૯૮ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્યો અથવા શબો તેમજ પુતળા દેખાડવાનું;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું તથા અશ્લીલ ગીતો ગાવાનું;

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવા અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—ડાકોર નગરપાલિકાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૬ઠ્ઠી જુન, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTEDT AT THE GOVERNMENT PRESS VADODARA.

INDEX

Extra No. 128 REGISTER No.G-BA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, JUNE 20, 1998 / JYAISTHA 30, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

નં. યુએમકે-સાકાં.-એજીએચ/કયુએલ/૨૭૬૭.—શ્રી વિજયકુમાર જીતેન્દ્રભાઈ ત્રિવેદી મુ. પો. અમદાવાદને સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે ગ્રેનાઈટ (ગેબ્રો) ખનિજનું કવોરીલીઝ દસ વર્ષના પટ્ટે મંજુર કરવામાં આવેલ જેનું ટ્રાન્સફર કરારખત તારીખ ૧૫મી જુન, ૧૯૯૨ ના રોજ કરવામાં આવેલ.

જિલ્લો	તાલુકો	ગામ	સ. નં.	વિસ્તાર
સાબરકાંઠા	ઈડર	કાવા	૫૬ પૈકી	૨-૪૮-૦૦ હે.

ઉકત કવોરીલીઝ વિસ્તાર પટ્ટેદારે સરન્ડર કરાવવા તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬ થી અરજી કરેલ હતી પટ્ટેદારની અરજીને ધ્યાને લઈને અત્રેની કચેરીના હુકમ નં. એજીએચ/કયુએલ/૨૭૬૭/૩૧૮૭ તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૬ થી સવાલવાળી કવોરીલીઝ સરન્ડર કરવામાં આવેલ હતી.

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ-૧૮ (૧) (સી) અન્વયે મળેલી સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા અને પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૧૭મી જુન, ૧૯૯૮.

વિરાટ એમ. વોરા,
કલેકટર, સાબરકાંઠા.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

નં. યુએમકે-સાકાં.-એજીએચ/ક્યુએલ/૨૭૬૮.—શ્રી વિજયકુમાર જીતેન્દ્રભાઈ ત્રિવેદી મુ. પો. અમદાવાદને સાબરકઠા જિલ્લામાં નીચેની વિગતે ગ્રેનાઈટ (ગેબ્રો) ખનિજનું કવોરીલીઝ દસ વર્ષના પટ્ટે મંજુર કરવામાં આવેલ જેનું ટ્રાન્સફર કરારખત તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ કરવામાં આવેલ.

જિલ્લો	તાલુકો	ગામ	સ. નં.	વિસ્તાર
સાબરકાંઠા	ઈડર	કાવા	૫૬ પૈકી	૨-૮૮-૦૦ હે.

ઉકત કવોરીલીઝ વિસ્તાર પટ્ટેદારે સરન્ડર કરાવવા તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬ થી અરજી કરેલ હતી પટ્ટેદારની અરજીને ધ્યાને લઈને અત્રેની કચેરીના હુકમ નં. એજીએચ/ક્યુએલ/૨૭૬૮/૩૧૯૭ તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૬ થી સવાલવાળી કવોરીલીઝ સરન્ડર કરવામાં આવેલ હતી.

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા અને પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણકામ કરવા માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૧૭મી જુન, ૧૯૯૮.

વિરાટ એમ. વોરા,
કલેકટર, સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 129

REGISTERED No. G—BA-14

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, JUNE, 22, 1998 / ASADHA 1, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૮૨ સાથે વાંચતા કાળાબજાર નિવારણ અને આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની જાળવણી અધિનિયમ, ૧૯૮૦ ની કલમ ૭ (બી) મુજબ :

નંબર ઈ/પુરવઠા/કસન/પીબીએમ/૨/૯૮.—શ્રી વજીરખાન મોટામીયાં. બિહારી, ઉ. વ. ૩૭, માલિક અને વહીવટકર્તા "વિશાલ મોટર્સ" પેટ્રોલ-ડીઝલ પંપ, સદરપુર, પાલનપુર, રહેવાસી, હેબતપુર તાલુકો પાલનપુરવાળાની ડિઝલમાં ભેળસેળની પ્રવૃત્તિના કારણે કાળાબજાર અને આવશ્યક ચીજસ્તુઓના જથ્થાની જાળવણી અધિનિયમ, ૧૯૮૦ ની કલમ-૩ (૨) અન્વયે અટકાયત કરવા હુકમ કરેલ છે. અને તે ઉપરથી કાઢેલ વોરંટ ઉપર એવો શેરો થઈને આવેલ છે કે, સદરહુ શ્રી વજીરખાન મોટામીયાં બિહારી, રહે. હેબતપુર, તાલુકો પાલનપુરવાળા જેઓ મળી આવતા નથી અને જેની ખાતરી કરાવવામાં આવે છે કે, સદરહુ શ્રી વજીરખાન મોટામીયાં બિહારી સદરહુ વોરંટ પોતાના ઉપર બજે નહીં એટલા માટે પોતે સંતાતો ફરે છે અને ફરાર થયેલ છે.

આથી હું, પી. ડી. વાઘેલા, આઈ.એ.એસ., જિલ્લા, મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, આથી જાહેરનામું કાઢીને ફરમાવું છું કે, સદરહુ શ્રી વજીરખાન મોટામીયાં બિહારી માલિક અને વહીવટકર્તા "વિશાલ મોટર્સ" પેટ્રોલ-ડીઝલ પંપ, સદરપુર, પાલનપુર, રહે. હેબતપુર, તાલુકો પાલનપુરને સદરહુ જાહેરનામા અનુસંધાને સને-૧૯૯૮ ના જુલાઈ મહિનાની ૧૫ (પંદરમી) તારીખે સવારના ૧૧-૦૦ કલાકે અથવા તે પહેલાં કોઈપણ સમયે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, બનાસકાંઠા, પાલનપુર સમક્ષ હાજર થવું.

આજ રોજ તારીખ ૧૮મી જુન, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

Supple. C. G. I.—Extra—129/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No 130

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, JUNE 23, 1998 / ASADHA 2, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયેનું.

નંબર પી. ઓ. એલ./૧૭૨/૨૧૨.—તારીખ ૨૬મી જુન ૧૯૯૮ના રોજ જિલ્લામાં રથયાત્રાનો તહેવાર ઉજવવામાં. આવનાર હોઈ તે દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું જિલ્લા પોલીસ વડાશ્રી આણંદે તેમના તારીખ ૧૦મી જુન ૧૯૯૮ના પત્રકથી કલમ ૩૭(૩) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ, ૩૭(૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરુરી જણાય છે.

વાસ્તે હું, કે. એન. ભટ્ટ, જિલ્લા મૅજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ. ૩૭(૩) થી મને મળેલ અધિકારની રુએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૫મી જુન ૧૯૯૮ થી તારીખ ૨૬મી જુન ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં, અથવા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—સમગ્ર આણંદ જિલ્લો

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાન ફુટપાથો, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં. 1

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૧૮મી જુન ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. એન. ભટ્ટ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

Supple. C G. I.-Extra— 130/1

PRINTED AT THW GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 131 REGISTERED No. GB-A-14-

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, JUNE 23, 1998 / ASADHA 2, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયેનો.

આદેશ

નંબર પી.ઓ.એલ./વશી/૧૩૧-૧૭૧.—તારીખ ૨૯મી જુન ૧૯૯૮ ના રોજ જિલ્લામાં રથયાત્રાનો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ તે દરમ્યાન જિલ્લામાં શાંતિ જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થા-ની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી આણંદ-ના એ તેમના તારીખ ૧૦મી જુન ૧૯૯૮ ના પત્રથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ. ૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું આઈ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ. ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૫મી જુન ૧૯૯૮ થી તારીખ ૨૯મી જુન ૧૯૯૮ (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી, કે લાઠી છરા, સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

૨. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

૩. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

૪. જેનાથી સુરૂચી અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનુ તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ-પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું, અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિ-કારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ, ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૮મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આઈ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 132 REGISTERED No. G-BA-

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, JUNE 24, 1998 / ASADHA 3, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ખ) મુજબનો.

અવલોકનમાં લીધા :—

(૧) મુખ્ય અધિકારીશ્રી નડીઆદ નં. પા. ના. જા. નં. ૭૧૯/૧ તારીખ ૧૨મી જુન ૧૯૯૮.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા નં. પીઓએલ/વશી ૧૪૭૧ તા. ૧૮મી મે ૧૯૯૮.

નંબર પી. ઓ. એલ./૬ / ૯૮.—નડીઆદ નગરપાલિકા દ્વારા કાંસ સફાઈની કામગીરી મ્યુનિસિપલના દરવાજા થી સરદારશ્રીની પ્રતિમા સુધી કરવાની હોઈ આ રસ્તો બંધ કરવા માટે આમુખ-૨ થી તારીખ ૧૮મી મે ૧૯૯૮ થી તારીખ ૧૭મી જુન, ૧૯૯૮ સુધી સદરહું જાહેરનામામાં દર્શાવેલ વિગતે વાહન વ્યવહાર બંધ રાખવા પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. મુખ્ય અધિકારીશ્રી નડીઆદ નગરપાલિકાએ આમુખ (૧) ના પત્રથી આ કામગીરી પુર્ણ થયેલ ન હોઈ. આ જાહેરનામાની મુદત તારીખ ૧૮મી જુલાઈ ૧૯૯૮ સુધી લંબાવી આપવા વિનંતી કરી છે.

વાસ્તે હું ડી. એચ. શાહ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ નડીઆદ નગરપાલિકાની માંગણી મુજબ આ જાહેરનામામાં તારીખ ૧૮મી જુલાઈ ૧૯૯૮ સુધી મુદત વધારી આપવા હુકમ કરૂ છું.

વાહન વ્યવહારની નિયમ અને સરળતા માટે જે આમુખ (૨)થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે તે યથાવત રહે છે.

સદરહું જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

Supple. C. G. I—Extra 132/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 133 REGISTERED No. G-BA-14-E

Ⓒ

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, JUNE 25, 1998 / ASADHA 4, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૧) મુજબ.

નંબર એમ.એ.જી./વશી/૨૨૬/૯૮.—આગામી રથયાત્રાના તહેવાર તેમજ જિલ્લાની હાલ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ: શાન્તિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાની આવશ્યકતા રહે છે.

વાસ્તે હું, એ. વી. ઝાલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રુએ પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૪મી જુન ૧૯૯૮ ના ૦-૦૦ કલાકથી તારીખ ૨૮મી જુન ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબ કૃત્યો કોઈપણ ઈસમને નહી કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી, અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથીયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું,

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથીયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું,

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવાનું કે, અસભ્યતા પ્રેરે અગર નીતીનો ભંગ કરે, તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું,

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સૂત્રો પોકારવાનું,

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું,

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું,

(૮) નિતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું. વાણી ઉંચ્ચારવાનું, નીતિનો ભંગ થાવ તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે, ઉપયોગ કરવ નું.

અપવાદ :

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં :—

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથીયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, સબ-ડીવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, રાધનપુર, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રી શારિરીક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષા ને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જુન ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એ. બી. ઝાલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No 134 REGISTERED G-BA 14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, JUNE 25, 1998 / ASADHA 4, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬

નંબર યુએમકે-સાબરકાંઠા-એજીએચ/ક્યુએલ/૨૪૬૮.—શ્રી વિજયકુમાર જિતેન્દ્રભાઈ ત્રિવેદી, મુ. પો. અમદાવાદે સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે ગ્રેનાઈટ (ગેબ્રો) ખનિજનું ક્વોરીલીઝ દસ વર્ષના પટ્ટે મંજુર કરવામાં આવેલી જેનું ટ્રાન્સફર કરારખત તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ કરવામાં આવેલ.

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સ. નં. ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	ઈડર	કાવા	૫૬ પૈકીમાં	૪ ૨૫ ૦૦ હે.

ઉક્ત ક્વોરીલીઝ વિસ્તાર પટ્ટેદારે સરન્ડર કરાવવા તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬ થી અરજી કરેલી હતી. પટ્ટેદારની અરજીને ધ્યાને લઈ અત્રેની કચેરીના હુકમ નં. એજીએચ/ક્યુએલ/૨૪૬૮/૩૨૦૨, તારીખ ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૬ થી સવાલવાળી ક્વોરીલીઝ સરન્ડર કરવામાં આવેલ હતી.

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ ૧૮ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેક્ટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા અને પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણકામ કરવા માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૨મી જુન, ૧૯૯૮.

વિરાટ એમ. વોરા,
કલેક્ટર, સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, JUNE 29, 1998 / ASADHA 8, 1920

Separate paging is given to each part of the Supplement to the CentralGazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયેના.

નંબર પીઓએલ /વશી/૧૭૩૫ .--તારીખ ૨૬મી જૂન ૧૯૯૮ ના રોજ રથયાત્રાનો તહેવાર હોઈ આ દિવસે જીલ્લામાં રથયાત્રાનું સરઘસ નિકળનાર છે. આ દિવસે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જીલ્લાના સંવેદનશિલ અને અતિસંવેદનશિલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુ. પો. અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી. એ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ખેડા જીલ્લામાં તારીખ ૨૬મી જુન ૧૯૯૮ના રોજ નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બનાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :— સમગ્ર ખેડા જીલ્લો.

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જીલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જીલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૨મી જૂન ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 136

REGISTERED No. G-BA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, JUNE 29, 1998 / ASADHA 8, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭(૧) મુજબ.

નંબર એમ.એ.જી / વશી / ૩૧૪૯/૯૮.– આગામી અષાઢી બીજના દિવસે રથયાત્રાના તહેવાર તથા જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારુ સાવચેતીના પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે, હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૨૫મી જુન, ૧૯૯૮ ના શુન્ય કલાકથી તારીખ ૨૭મી જુન, ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર. ભાલા. સોટા. ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું ;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પ્રદાર્થો બનાવવાનું કે એકઠાં કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું ;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું ;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું ;

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું ;

(૭) માણસનું મડદુ, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શીત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની

તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા / અધિક જિલ્લા મેજિ-સ્ટ્રેટશ્રી, મહેસાણા / સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા / એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ. પી. સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨ મી જુન, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 137 REGISTERED No A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol, XXXIX] MONDAY, JUNE 29, 1998 /ASADHA 8. 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અનુસાર કાઢેલો હુકમ.

નંબર અમએજી/ચટણ/વશી-પર૩પ/૯૮.—આગામી તારીખ ૨૮મી જુન, ૧૯૯૮ ને રવિવારના સમયગાળા દરમ્યાન હિંમતનગર નાગરિક સહકારી બેંકની બોર્ડ ઓફ ડીરેકટર્સમાં ખાલી પડેલ (ત્રણ) ૩ ડિરેકટરોની ચૂંટણી હિંમત હાઈસ્કુલ સ્ટેશન રોડ ખાતે થનાર આ ચુંટણીમાં મોટી સંખ્યામાં માણસો (સભાસદો) આવનાર છે.

હિંમતનગર નાગરિક સહકારી બેન્કના ડીરેકટરોની ખાલી પડેલ ૩ (ત્રણ) ડીરેકટરોની ચુંટણી તારીખ ૨૮મી જૂન, ૧૯૯૮ના રવિવાર સવારના ૮-૦૦ થી સાંજના ૪-૦૦ વાગ્યા સુધી થનાર છે તથા મતગણતરીનું કામકાજ હિંમત સિનેમા પાસેની મુખ્ય કચેરીમાં તેજ દિવસે સાંજે ૬-૦૦ કલાકથી શરૂ કરવામાં આવનાર છે. આ ચુંટણી દરમ્યાન મત આપવા આવનાર સભાસદો તથા ચુંટણી કામમાં રોકાયેલા કર્મચારીઓને ખલેલ પહોંચાડવા તેમજ અડચણ ત્રાસ આપવા અથવા ઈજાઓ થવાનો પૂરો સંભવ છે. આથી આ અટકાવવા માટે તેમજ ચુંટણીનું કામકાજ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં થાય અને કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તેમજ ચુંટણીમાં રોકાયેલા કર્મચારીઓ સરળતાથી પોતાની કાર્યવાહી બજાવી શકે તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ. ૧૯૭૩ની કલમ-૧૪૪ અનુસાર પગલાં લેવાનો પૂરતા વ્યાજબી કારણો છે. જે મારો અભિપ્રાય છે.

વાસ્તે હું, સી. બી. પંચીવાલા, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમની ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું, ફરમાવું છું કે—

હિંમત હાઈસ્કુલ. હિંમતનગર સ્ટેશન રોડ હિંમતનગરના ચુંટણી કેન્દ્રો ઉંપર તથા હિંમત સિનેમા પાસેની બેંકની મુખ્ય કચેરીથી ૨૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં હિંમતનગર નાગરિક સહકારી બેન્કના સભાસદો તથા ચુંટણીના કામમાં રોકાયેલ કર્મચારીઓ સિવાયની વ્યકિતઓએ પ્રવેશ ન કરવા કે તે વિસ્તારમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહિ / ઉંભા રહેવું નહીં / સભાઓ યોજવી નહીં. ચુંટણીના કેન્દ્રોથી ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં સરઘસ કાઢવું નહિ કે સુત્રો પોકારવા નહિ.

અપવાદ :—

આ હુકમ ફરજ ઉંપરના અધિકારીઓ / કર્મચારીઓ તથા મતદાન આપવા આવનાર સભાસદોને લાગુ પડશે નહીં.

આ હુકમ તારીખ ૨૮મી જુન, ૧૯૯૮ને રવિવારના રોજ સવારના ૮-૦૦ કલાકેથી ચુંટણીની કામગીરી પુરી થાય ત્યાં સુધીના સમય દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમ આજ તારીખ ૨૩મી જુન, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી બહાર પાડયો.

સી. બી. પંચીવાલા,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
હિંમતનગર.

PRINTED AT THE GOVER[illegible]

INDEX

Extra No. 138

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX]   TUESDAY, JUNE 30, 1998 /ASADHA 9, 1920

Separate paging is given to each part of the supplement to theCentral Gazette and Central Section in order that it may be filled as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

Order

Order requiring the presence of detenue under section 3*(2)* and 7*(i)(b)* of prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980.

No. PD/ATAK/SR/2/98.– Whereas a detention order No. PD/ATAK/SR/2/98, dated 20th May, 1998 has been made by me in respect of Shri Chhotabhai Narsinhbhai Contractor resident of Bungalow No.3 Mahatma Gandhi Society, Athvalines, Surat District Surat is absconding or is concealing himself to avoid the service of the above said detention order.

Now, therefore, under the power vested in me, under section 3(2) and 7*(i)(b)* of prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980.

I, R. M. Shah, District Magistrate, Surat hereby required the said Shri Chhotabhai Narsinhbhai Contractor who stated to be belonging to Bunglow No. 3, Mahatma Gandhi Society, Athvalines, Surat, District Surat to appear before Police Commissioner, Surat within a week (7 days) of the date of publication of this order in the official Gazette.

Given under my hand and seal this 24th day of June, 1998.

R. M. SHAH,
District Magistrate,
Surat.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતનાં અધિનિયમ-૧૯૮૦ ની કલમ -3(૨) અને ૭(૧)(બી) હેઠળ અટકાયતીને હાજર થવાનો હુકમ.

નંબર પીડી-અટક-રજી.૨/૯૮.- અત્રેના હુકમ નંબર પીડી-અટક-રજી.૨/૯૮,તારીખ ૨૦મી મે ૧૯૯૮ અન્વયે શ્રી છોટુભાઇ

INDEX

રસિંહભાઇ કોન્ટ્રાકટર, રહેવાસી-બંગલા નંબર-૩, મહાત્મા ગાંધી સાયટી, અઠવા લાઇન્સ, સુરત, જિલ્લા સુરતનો અટકાયતનો હુકમ વામાં આવેલ છે. અને ઉપરોક્ત હુકમના અનુસંધાને એવો રીપોર્ટ યો છે કે શ્રી નરસિંહભાઇ કોન્ટ્રાકટર, રહેવાસી-બંગલા નંબર-૩, ાત્મા ગાંધી સોસાયટી, અઠવા લાઇન્સ, સુરત, જિ. સુરત ભાગી ગયા . અથવા તેમના ઉપર ઉપરોક્ત હુકમનો અમલ થઇ ન શકે તે માટે તે નાસતા સંતાતા ફરે છે.

જેથી હું આર. એમ. શાહ, જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત મને આવશ્યક જવસ્તુઓનાં કાળાબજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બતનાં અધિનિયમ ૧૯૮૦ ની કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) ન્વયે મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરૂં છું કે, ઉપરોક્ત શ્રી છોટુભાઇ નરસિંહભાઇ કોન્ટ્રાકટર, રહેવાસી-બંગલા નંબર-૩, મહાત્મા ગાંધી સોસાયટી, અઠવા લાઇન્સ, સુરત, જિલ્લા સુરતના છે તેમણે પોલીસ કમિશનરશ્રી, સુરત રૂબરૂ આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં હાજર થવું.

મારી સહી તથા સિક્કો તારીખ ૨૪મી જુન ૧૯૯૮ ના રોજ કરવામાં આવેલ છે.

આર. એમ. શાહ
જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 139

REGISTERED No. G-BA-14-

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, JULY 1, 1998 /ASADHA 10, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉમકગ / ક્યુએલ / રેતી / ૧૫૧૪.— જે અર્થે મે. સદભાવ એન્જીનીયરીંગ લીમીટેડ, રે. ૭ મે માળ, શિલ્પ બિલ્ડીંગ નવરંગપુરા, અમદાવાદને અમદાવાદ જિલ્લાના દહેગામ તાલુકાના મોજે બારિયાના સર્વે નંબર ૨૬, ૧૦૩, તથા ૧૦૩/૧ ને લાગુ નદી પટમ ૪.૬૫.૦૦ હે. વિસ્તારનું રેતી-ગ્રેવલ ખનીજનું ક્વોરીલીઝ કલેક્ટરશ્રી, અમદાવાદના હુકમ નંબર મભુઅ / ક્યુએલ / રેતી / ૧૫૧૪/ ૪૭૦, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૫ થી ત્રણ વર્ષની મુદત માટે મંજુર કરવામાં આવેલ જેનું કરારખત તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૫ ના રોજ કરવામાં આવેલ. સદર લીઝ કરારખત શરત ભંગ અન્વયે કલેક્ટરશ્રી અમદાવાદના હુકમ નંબર મભૂઅ/ક્યુએલ/રેતી/૧૫૧૪-૩૦૦૧, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૭ થી રદ કરવામાં આવેલ છે.

પરિશિષ્ટ

ગામ ૧	તાલુકો ૨	જિલ્લો ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
બારીયા	દહેગામ	ગાંધીનગર	૨૬, ૧૦૩ તથા ૧૦૩/૧ ને લાગુ નદી પટ.	૪.૬૫.૦૦ હેક્ટર

ઉપરોક્ત હકીકતે હું, આર. એમ. જોષી, કલેક્ટર, ગાંધીનગર, ગુજરાત ગૌણ ખનીજ નિયમ, ૧૯૬૬ના નિયમ ૧૮(૧) (સી) ની જોગવાઈથી મળેલ સત્તાની રૂએ પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર રેતી-ગ્રેવલના ખાણકામ માટે જાહેર જનતાને ઉપલબ્ધ થાય તે માટે સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખથી ત્રીસ દિવસ બાદ ફરીથી ઉપલબ્ધ થયાનું આથી જાહેર કરું છું.

ગાંધીનગર, તારીખ ૧૨મી મે, ૧૯૯૮.

આર. એમ. જોષી,
કલેક્ટર, ગાંધીનગર.

Suppl. C. G. I—Extra 139-1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 140

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, JULY 1, 1998 / ASADHA 10, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી. / ઉગપક / જાહેરનામું / ૨૪૭૯/૧૯૯૮.— મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રુએ હું, કે. એન. શર્મા, (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતીને લક્ષમાં રાખી જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમાં સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૯મી જુન, ૧૯૯૮ ના કલાક ૧૬-૦૦ થી તારીખ ૩૦ મી જુન, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક કે લાકડી જેવા સાધનો કે જે ચીજ થી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં.

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં.

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(ઘ) કોઈપણ આકૃતિ કે પુતળા દેખાડવા નહીં.

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં.

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં.

(જ) જેનાથી સુરુચી અથવા નીતીનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો કે પ્લેકાર્ડ કે પત્રિકા અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં. અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમ નો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ તેમજ હોય પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરીક અશકિત ને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૧૯મી જુન, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૨૫૦૨/૧૯૯૮.—વડોદરા શહેરમાં પોલીસ કમીશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહ શાંતી જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. એન. શર્મા (આઇ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૨મી જુન ૧૯૯૮ ના કલાક ૧૬-૦૦ થી તારીખ ૭મી જુલાઇ ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યક્તિઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું કાઢવું નહીં.

વિસ્તાર : વડોદરા શહેર પોલીસ કમીશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો : રસ્તાની ફુટપાથોનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મીક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્ન વરઘોડા કે સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમની ૧૯૬૦ ની કલમ-૧૮૮ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૨મી જુન ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદર શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 141 REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, JULY 2, 1998 / ASADHA 11, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

વંચાણમાં લીધા :

૧. ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકશેશન ઓફ સિલીંગ પ્રાઈઝ) ઓર્ડર, ૧૯૯૩.

૨. અત્રેની કચેરીનો તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૯૭નો હુકમ નં. પરવ/કશન/ભાવ/વશી/૪૪૩૫ તથા તા. ૧૮મી ડિસેમ્બર ૧૯૯૭નો હુકમ નંબર પરવ/કશન/ઘોઘબા/ભાવ/વશી/૪૫૫૨.

૩. સરકારશ્રીનો તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮ નો ફેકસ ક્રમાંક નં. કશન/૧૧૯૭/૨૩૫૪ ભા. ૧ બ.

૪. ધી પંચમહાલ જિલ્લા કેરોસીન કુડ ઓઈલ એજન્ટ એસો. ગોધરાનો તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૮ નો પત્રથી સેન્ટ્રલ ગર્વમેન્ટ તરફથી થયેલ કેરોસીનનો કમીશનમાં વધારો કરી પંચમહાલ જિલ્લાનો ભાવ બાંધી આપવા બાબતે રજુઆત.

૫. કલેકટર શ્રી, દાહોદનો હુકમ નં. પરવ/કશન/ભાવ/વશી/૧૦૯૮ તારીખ ૩૦મી મે ૧૯૯૮.

હુકમ

નંબર કમકપ/પરવ/એસ. એ./કશનભાવ/વશી/૧૨૬.—આમુખ ૨માં જણાવેલ હુકમથી પંચમહાલ જિલ્લાનો તાલુકાઓ માટે કોયલી ગુજરાત રીફાઈનરી વડોદરાથી આવતા કેરોસીનનો જથ્થાબંધ તેમજ છુટક વિક્રેતાઓનો ઘરગથ્થુ વપરાશ માટેનો કેરોસીનનો ભાવો નકકી કરવામાં આવેલ છે.

આમુખ ૩માં જણાવેલ સરકારશ્રીના પત્રથી કેન્દ્ર સરકારે કેરોસીનનો જથ્થાબંધ વિક્રેતાના કમિશન (ફોર્મ-૧૩ ધરાવનારને) રૂા. પર.૭૦ માંથી વધારો કરી રૂા. ૧૨૬ તથા ફોર્મ ૧૩ સિવાયના માટે ૮૩.૩૦ પ્રતિ કી. લી. એ નકકી કરેલ છે. તેમજ આ વધારાને આનુષાંગિક કેરોસીનનો છુટક વિતરણ ભાવની ગણત્રી કરતી વખતે રાઉન્ડીંગ ઓફ પછી પણ કોઈપણ સંજોગોમાં હાલનો વિતરણ દર કરતાં ૭ (સાત) પૈસા પ્રતિ લીટર થી વધુ છુટક ભાવમાં વધારો ન થાય તે રીતે ગ્રાહકો માટેનો છુટક ભાવ નકકી કરવા જણાવેલ છે. તે મુજબ અમલવારી કરીને જથ્થાબંધ ભાવો નકકી કરેલ છે.

અત્રેના પંચમહાલ જિલ્લામાં કેરોસીનનો જથ્થાબંધ પરવાનેદારો (ઓઈલ કંપનીના કેરોસીન ડિલર સિવાય) આવેલ છે. તેઓને પણ ડ્રાફટ, કમીશન સ્ટેશનરી ટેકર ખાલી કરાવવાનું વિ. ખર્ચ થતું હોય છે. તે ધ્યાને લેતા તેઓને જયારે કેરોસીનનો એજન્ટ દ્વારા કેરોસીનની આખી ટેન્કર વેચાણ કરવામાં આવે ત્યારે ટેન્કર દીઠ તેમના બીલમાં રૂા. ૨૦૦ મજરે આપવાનું ઠરાવેલ છે તે ચાલુ રહે છે.

સબબ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઇસ) ઓર્ડર, ૧૯૯૩ની કલમ ૨ ડી (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું. એ. કે. રાકેશ, આઇ. એ. એસ. કલેકટર પંચમહાલ આથી તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ થી અમલમાં આવે તે રીતે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનો ઘરગથ્થું વપરાશ માટે કોયલી રીફાઇનરીથી રસ્તા માર્ગે વહન થઇ જિલ્લાને અપાતા કેરોસીનનો જથ્થાબંધ તેમજ છુટક વેચાણ ભાવો પરિશિષ્ટ નં. ૧ અને ૨ મુજબ નીચેની શરતોને આધિન રહી ઠરાવવા હુકમ કરૂ છું. તથા સ્થાનિક માટે અને ત્યાર બાદ ના અંતરનો વધુ તબકકાઓ માટે ૧ કી. લી. દીઠ ટ્રાન્સપોર્ટ ભાડું છુટક વિક્રેતાઓ માટે નીચે મુજબ મજરે આપીને છુટક ભાવોની ગણતરી કરવામાં આવેલ છે.

	વિગત	મજરે આપેલ રકમ રૂપિયા
૧.	સ્થાનિક —	૪૦.૦૦
૨.	સ્થાનિક સિવાય ૧૦ કી. મી. સુધી	૪૫.૦૦
૩.	૧૧ કી. મી. થી ૨૫ કી. મી. સુધી	૫૦.૦૦
૪.	૨૬ કી. મી. થી ૫૦ કી. મી. સુધી	૫૫.૦૦
૫.	૫૦ કી. મી. થી ઉપર	૬૦.૦૦

શરતો.

૧. સદર ભાવ તારીખ ૧લી જુલાઇ ૧૯૯૮ થી અમલી બનશે અને તે સાથે જુના ભાવો રદ ગણાશે.

૨. ટેન્કર લોડ કે કમ્પાર્ટમેન્ટ લોડ હોય ત્યારે એજન્ટ કે સેમી એજન્ટે જથ્થો ફરજીયાત રીતે છુટક વિક્રેતાનાં ધંધાનો સ્થળે પહોંચાડવાનો રહેશે.

૩. ઉપરોકત નકકી કરવામાં આવેલ ભાવોથી એજન્ટ, જથ્થાબંધ, વિક્રેતા, છુટક વિક્રેતા કે ફેરીદાર વધારે ભાવ લઇ શકશે નહી.

૪. પરિશિષ્ટ ૧ માં જણાવેલ ૧૦૦૦ લી. નો ભાવ ટ્રાન્સપોટેશન ભાડા સાથેનો છે તેથી આ ભાવ સિવાય કોઇપણ એજન્ટે સેમી એજન્ટે છુટક વિક્રેતાઓ સેમી એજન્ટ પાસેથી ટ્રાન્સપોર્ટ ભાડું અલગથી લઇ શકશે નહી. ફકત જેજે સેન્ટરોના જથ્થાબંધ ભાવો નકકી કરેલ છે તે સિવાયનો સેન્ટરો પર એજન્ટ છુટક વિક્રેતાને પોતાની ટેકરમાં જથ્થો મોકલાવે ત્યારે છુટક વિક્રેતા માટે સ્લેબવાર જે ટ્રાન્સપોર્ટ ભાડુ નકકી કરેલ છે. તે દરે ટ્રાન્સપોર્ટ ભાડું જે તે નકકી કરાયેલ નજીકના સેન્ટરોને ભાવો ઉપરાંત લઇ શકશે.

૫. ભાવનું લીસ્ટ ધંધાનો સ્થળ ગ્રાહકો સ્પષ્ટ જોઇ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

૬. નિયત ભાવ કરતા વધારે ભાવ લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ તેમજ ધી કેરોસીન (રીસ્ટીકશન ઓન યુઝ એન્ડ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઇઝ) ઓર્ડર, ૧૯૯૩ હેઠળ સખત પગલાં લેવામાં આવશે.

૭. આ દર લાગુ કર્યા પછી તાલુકા મથક સિવાયની ગ્રામ પંચાયતે ઓકટ્રોય નકકી કરેલ હશે તો વિક્રેતાએ તેટલી ઓકટ્રોયની રકમ માટે જે તે સ્થળના ભાવો નવેસરથી મંજુર કરવાના રહેશે.

૮. આ ભાવો કોયલી ડેપોના રસ્તા માર્ગ વહન થતા કેરોસીનનો ભવિષ્યમાં અન્ય ડેપો ઉપરથી કેરોસીન મળશે ત્યારે તેનો ભાવો ઈલાયદા જાહેર કરવામાં આવશે.

૯. આ ભાવો જાહેર થયા તારીખથી નવા ભાવો જાહેર ન થાય ત્યાં સુધી આ હુકમ અમલમાં રહેશે.

૧૦. તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૭ થી પંચમહાલ જિલ્લાનું વિભાજન થતાં હાલ આ જિલ્લામાં મોરવા હડફ અને ખાનપુર તાલુકા નવિન અસ્તિત્વમાં આવેલ છે. જેથી તે તાલુકા પુરતાં અંતરો મેળવીને જરૂર પડે ભાવો ઈલાયદા જાહેર કરવામાં આવશે.

૧૧. જયાં જકાત હશે ત્યાં છુટક વિક્રેતાઓ માટે પરિશિષ્ટ ૧ ના કોલમ-૩ અને ૫નો ભાવ સ્થાનિક જકાત સાથેનો રહેશે. તાલુકા મથક સિવાયનો છુટક છુટક વિક્રેતાઓ માટે કોલમ ૪ અને ૬ નો ભાવો સ્થાનીક જકાત વગરનો રહેશે એટલે કે જયા જયા જકાત લાગુ છે ત્યાં જકાત સાથેનો અને જકાત લાગુ નથી. ત્યાં જકાત વગરનો ભાવ લેવાનાં રહેશે.

૧૨. કેરોસીનનો જથ્થાબંધ ભાવોમાં રૂા. ૧૨૬ એજન્ટનું કમીશન ગણત્રીમાં લેવામાં આવેલ છે. એજન્ટો ટેંકની સુવિધા ધરાવતા નથી તેમની પાસેથી ઓઇલ કં. રૂા. ૪૩.૦૦ કિ. લી. દીઠ (૧૨૬-૮૩=૪૩) ઈલાયદી રીતે વસુલ કરી શકાશે.

પરિશિષ્ટ-૧

તારીખ ૧લી જુલાઇ ૧૯૯૮ થી અમલમાં આવતાં તાલુકા મુખ્ય મથકનો કેરોસીનનો જથ્થાબંધ અને છુટક વેચાણ ભાવો અંગેનું પરિશિષ્ટ-૧

અનુ. નંબર	તાલુકાનું નામ	એજન્ટ, જથ્થાબંધ વિક્રેતાનો ૧૦૦૦ લી. કેરોસીનનો જથ્થાબંધ વેચાણ ભાવ		એજન્ટે, જથ્થાબંધ છુટક વિક્રેતાને વેચવાનો ૨૦૦ લી. નો જથ્થાબંધ વેચાણ ભાવ		છુટક વિક્રેતાઓ/હિકરોએ ગ્રાહકોને વેચવાનો ૧ લી. નો કેરોસીનનો છુટક વેચાણ ભાવ
		જકાત સાથે	જકાત વગર	જકાત સાથે	જકાત વગર	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૧	ગોધરા	૨૫૭૨.૪૪	૨૫૬૨.૪૪	૫૧૪.૫૫	૫૧૨.૫૫	૨.૭૦
૨	કાલોલ	૨૫૩૩.૭૪	૨૫૨૩.૭૪	૫૦૬.૭૫	૫૦૪.૭૫	૨.૬૫

INDEX

Extra No. 142

REGISTERED No.G-BA-14-

Ⓒ

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol, XXXIX] SATURDAY, JULY 4, 1998 /ASADHA 13, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

(SUPPLEMENT TO THE CENTRAL GAZETTE)

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે બહાર પાડેલ.

નં. એમએજી./વશી./પોલ./જાહેરનામું/૫૧૦૯ થી ૫૧૯૪./૯૮.— મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (મુંબઈ ૨૨મો) અધિનિયમની કલમ-૩૭(૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રુઈએ હું, સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ગુજરાતના માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો તેમની માંગણીના સંદર્ભમાં હાલ હડતાલ ઉપર હોઈ તેમજ તારીખ ૨૬મી જુન ૧૯૯૮ના રોજ રથયાત્રાનો તહેવાર ઉજવવામાં આવનાર છે. તથા તારીખ ૭મી જૂલાઈ ૧૯૯૮ના રોજ મુસ્લીમો તરફથી ઈદે મિલાદનો તહેવાર ઉજવવામાં આવનાર છે. તથા વિધાનસભા સત્ર ચાલી રહેલ હોય તેમજ હાલની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૫મી જુન ૧૯૯૮ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૯મી જૂલાઈ ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહી કે એકઠા કરવા નહી અથવા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં. અશ્લીલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહીં;

(છ) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહી અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ, અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં. બનાવવી નહીં. તેનો ફેલાવો કરવો નહીં;

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતાં કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવુ કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ચાર માસ અને વધુમાં વધુ એક (૧) વર્ષ કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી જૂન ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કર્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ. ૩૭(૩) અન્વયે બહાર પાડેલ.

નં. એમએજી/ પોલ/જાહેરનામું/ વશી. ૫૧૯૫ થી ૫૨૮૦/૯૮.—હાલમાં ગુજરાતમાં માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો તેમની માંગણીના અનુસંધાનમાં હાલ હડતાલ ઉપર છે. તેમજ આગામી તારીખ ૨૬મી જુન ૧૯૯૮ના રોજ રથયાત્રાનો તહેવાર તથા તારીખ ૭મી જુલાઈ ૧૯૯૮ના રોજ ઈદેમિલાદનો તહેવાર આવતો હોવાથી તેમજ વિધાનસભા સત્ર ચાલી રહેલ હોય તેમજ હાલની પરિસ્થિતિને અનુલક્ષીને આ સમય દરમ્યાન જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી વડોદરા (શહેર) હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતી જાળવવાનુ અત્યંત જરૂરી હોઈ, વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ.૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું સી.આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૨૫મી જુન ૧૯૯૮ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૯મી જુલાઈ ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન,

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.
(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહી.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ;
(૨) કોઈ લગ્નના વરઘોડાને
(૩) ફરજ પર હોય તેવી ગ્રામરક્ષકદળની વ્યકિતઓને;
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને;
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક ના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૪મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 143 REGISTERED No. GB-A 14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, JULY 6, 1998 / ASADHA 15, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આદેશ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયેનો હુકમ.

નંબર પી.ઓ.એલ./૪૦૫/૪૪૪.—તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ના રોજ ઇદ-એ-મિલાદનો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ અને તે દરમ્યાન જિલ્લામાં શાંતિ જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી, આણંદ-(દ) ના એ તેમના તારીખ ૨૯મી જુન, ૧૯૯૮ના પત્રથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, આઈ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૮ થી તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૮ (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી નીચેનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું:-

(૧.) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી, કે લાઠી, છરા, સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨.) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩.) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૪.) જેનાથી સુરૂચી અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનુ, તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ-પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરાવાનું, બતાવવાનું, અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિ-કારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ, ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આઈ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 144

REGISTERED No. GB-A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, JULY 6, 1998 / ASADHA 15, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર એમએજી/વશી/૩૨૪૨ થી ૩૨૭૨/૯૮.—આગામી તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ ઈદ-એ-મિલાદનો તહેવાર તથા જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેર વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારુ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે, હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૮ ના શુન્ય કલાકથી તારીખ ૮મી જુલાઈ ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે, એકઠાં કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સૂત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાના કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદુ, અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, સબ ડીવીજનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

Supple. C. G. I—Extra—144/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 145 REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, JULY 6, 1998 / ASADHA 15, 1920

Separate paging is given to each part of the Supplement to the CentralGazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧).

નંબર પીઓએલ./વશી/૧૮૦૫/૯૮.—તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ રણછોડજી મંદિર, ડાકોર ખાતે અષાઢ સુદ-૧૫ નો મેળો ભરાનાર છે. આ મેળામાં મોટી સંખ્યામાં લોકો વાહનો લઈને આવતા હોય છે. જેના પરિણામે યાત્રિકોને ચાલવામાં હાલાકી ભોગવવી પડે છે. આથી ટ્રાફિકનું નિયમન થાય અને યાત્રિકો સરળતાથી ચાલી શકે તે માટે ઉક્ત કાયદાની કલમ-૩૩ (૧) નું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૮ અને તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૮ એમ બન્ને દિવસો સુધ્ધાંત ડાકોર નગરપાલિકાના તમામ જકાતનાકાના અંદરના ભાગમાં ચાર પૈડાંના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ.—સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન, એસ. ટી. બસ તથા હાઈવે ઉપરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહીં."

શિક્ષા.—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને વ્યકિત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પી.ઓ.એલ./(૧)/વશી/૧૮૫૦/૯૮.—તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ ઈદે-મીલાદના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. તથા તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ ડાકોર રણછોડરાય મંદિર ખાતે અષાઢ સુદ-૧૫ નો મેળો ભરાનાર છે. આ બન્ને તહેવારો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાતો ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૮ થી તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

INDEX

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું ;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું. ;

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું ;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

(૫) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું. ;

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૪થી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 146 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, JULY 7, 1998 / ASADHA 16, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર સપ/એન્ફો/બી/ડીટીએન/પીબીએમ/૧૫/૯૮/વશી/૨૩૭૫/૯૮.-વડોદરા જિલ્લાના વડોદરા શહેરમાં રહી અને કેરોસીન જેવી આવશ્યક ચીજવસ્તુના કાળાબજારની પ્રવૃતિ આચરતા શ્રી રણજીતસીંગ જોગીન્દરસીંગ ગીલ, રે. ઇ-૪૪, દર્શન પાર્ક સોસાયટી, તરસાલી રોડ, વડોદરા શહેરની આવશ્યક ચીજવસ્તુઓનો કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ ૧૯૮૦ની જોગવાઇ મુજબ ઉકત અધિનિયમની કલમ ૩(૨) અન્વયેથી અમોને મળેલ સત્તાની રુએ સદરહું ઇસમ શ્રી રણજીતસીંગ જોગીન્દરસીંગ ગીલની નિવારક અટકાયત કરવા માટેનો હુકમ ક્રમાંક ડીટીએન/પીબીએમ/એસ.આર./૧૫/૯૮, તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૮ થી જારી કરવામાં આવેલ છે. સદરહું અટકાયત હુકમને ગુજરાત સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના હુકમ નં. ડીટીએન/૧૧૯૮/૭૪૯/એસ.પી, તારીખ ૧લી મે, ૧૯૯૮થી મંજુર રાખેલ છે. સદરહું અટકાયતી હુકમની બજવણી માટે સતત પ્રયત્ન કરતાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના અહેવાલ તથા અમારી જાત માહિતી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે, જે વ્યકિતના સબંધામાં સદરહું અટકાયત હુકમ કરવામાં આવેલ છે તે શ્રી રણજીતસીંગ જોગીન્દરસીંગ ગીલ ફરાર થઇ ગયેલ છે. અથવા તેઓ એવી રીતે છૂપાતા ફરે છે કે, જેથી તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહું અટકાયતી હુકમની અમલ બજવણી કરી શકાતી નથી. જેથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ, ૧૯૮૦ની કલમ ૭(૧) નીચે અમોને મળેલ અધિકારો અન્વયે સદરહું ફરારી (ભાગેડું) વ્યકિત શ્રી રણજીતસીંગ જોગીન્દરસીંગ ગીલને મારા તારીખ ૨૫મી મે, ૧૯૯૮ના જાહેરનામા નં. ડીટીએન/પીબીએમ/એસ.આર./૧૫/૯૮/વશી/૧૭૪૯/૯૮ થી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૫ની મુદતની અંદર પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવેલ. સદરહું જાહેરનામાની કાયદાની પ્રસ્થાપિત પધ્ધતિ મુજબ પ્રસિધ્ધી કરવામાં આવેલ તેમ છતાં સદરહું ફરારી (ભાગેડું) વ્યકિતશ્રી રણજીતસીંગ જોગીન્દરસીંગ ગીલ જાહેરનામાં-થી નિર્દિષ્ટ થયેલ સમયમર્યાદામાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર થયેલ નથી. આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ, ૧૯૮૦ની કલમ ૭(૧) થી અમોને ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૮૨, ૮૩, ૮૪ અને ૮૫ હેઠળના મળેલ અધિકારો અન્વયે શ્રી રણજીતસીંગ જોગીન્દરસીંગ ગીલ, રે. ઇ-૪૪, દર્શન પાર્ક સોસાયટી, તરસાલી રોડ, વડોદરા શહેરને ફરારી (ભાગેડું) જાહેર કરું છું. અને તેમની માલિકીની નીચે મુજબની તમામ સ્થાવર / જંગમ મિલ્કત જપ્ત કરવા હુકમ કરું છું.

INDEX

મિલકતનું વર્ણન

(૧) રહેઠાણના મકાનો નંગ-૨ આજુબાજુની ખુલ્લી જગ્યા સહિત સીટી સર્વે નંબર (૧૫૫૯/૧ પૈકી) બ્લોક નંબર ઇ/૪૪, તથા ઇ/૪૫, દર્શન પાર્ક સોસાયટી, તરસાલી રોડ, વડોદરા શહેર તથા તે મકાનોમાંની તમામ જંગમ મિલકતો.

સદરહું હુકમ અન્વયે ઉકત સ્થાવર/જંગમ મિલકતો તાત્કાલીક અસરથી ટાંચમાં લેવાની કાર્યવાહી કરવા માટે મામલતદારશ્રી, વડોદરા શહેરને અધિકૃત કરું છું. આ હુકમની તારીખથી દિન-૩૦માં સદરહું ઇસમ શ્રી રણજીતસીંગ જોગીન્દરસીંગ ગીલ તેમના અટકાયત હુકમ અંગે અમારી સમક્ષ અથવા પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર નહીં થાય તો સદરહું જપ્ત કરેલ સ્થાવર/જંગમ મિલકત સરકાર દાખલ કરીને તેની જાહેર હરાજી કરી વેચાણ કરવાની કાયદાનુસાર કાર્યવાહી કરવા પણ હુકમ કરું છું.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, વડોદરા.

INDEX

Extra No. 147

REGISTERED No. G-BA–14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, JULY 9, 1998 / ASADHA 18, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને-૧૯૫૧ની કલમ-૩૭ (૧) (ગ) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૨૬૦/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૧) (ગ) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. એન. શર્મા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરમાં તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ અષાઢી એકાદશીનો ધાર્મિક તહેવાર આવે છે. જે "ફુગ્ગા અગિયારસ" તરીકે પણ ઉજવાય છે. આ દિવસે ઘણી મોટી સંખ્યામાં સ્ત્રી, પુરૂષો મંદિરમાં પુંજા અર્ચન માટે જતા હોય છે. આ અગિયારસના દિવસે બાળકો તથા યુવાવર્ગ ફુગ્ગામાં પાણી, રંગ, કાદવ, કાંકરા, ઓઈલ જેવા પદાર્થો ભરી જતા-આવતા વાહનોમાં મુસાફરી કરનારાઓ ઉપર કે જતા આવતા સ્ત્રી, પુરૂષો ઉપર ફેંકતા હોય છે. જેના કારણે વાહનચાલકોને કાંકરા વિગેરે વાગતા અથવા આંખોમાં કાંકરા વિગેરે પડવાથી સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી બેસે છે. અને અકસ્માત સર્જાય, મુસાફરી કરતાં માણસોને ઈજા થવા સંભવ છે. તેમજ ઘણીવાર મારામારી થવાનો પ્રસંગ ઉભા થતાં સુલેહ-શાંતિનો ભંગ થાય છે. અને કાયદો અને વ્યવસ્થાની ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ જાય છે.

વડોદરા શહેરમાં આ દિવસે સુલેહશાંતિ અને સલામતી જળવાઈ રહે તે સારું આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરના સમગ્ર પોલીસ કમીશનર વિસ્તારમાં તારીખ ૩જી જુલાઈ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી..

(ગ) કોઈ પ્રકારના ફુગ્ગા કે પ્લાસ્ટીકની થેલીમાં પાણી કે કાદવ રેતી, કાંકરા, રંગ, તેલી પદાર્થ કે શારીરિક ઈજા પહોંચાડે તેવા કોઈપણ પદાર્થોને ભરીને જાહેરમાં જતા આવતા વાહનોમાં કે માણસો ઉપર ફેંકશે નહીં કે આવા ફુગ્ગાઓ ભેગા કે જમા કરશે નહીં કે એકઠા કરશે નહીં.

આ જાહેરનામાની કલમ-૩૭ (૧) (ગ) પ્રમાણેનો કોઈ ઉલ્લંઘન કરશે તેને ઓછામાં ઓછી ચાર (૪) માસની કે વધુમાં વધુ એક વર્ષની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨જી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

147/1

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૨૬૬/૧૯૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, કે. એન. શર્મા (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ-શાંતી અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૩જી જુલાઈ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ ;

(ક) કોઈપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક કે લાકડી જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાનાં સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ઘ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(ચ) કોઈ આકૃતિ કે પુતળા દેખાડવા નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં;

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો કે પ્લેકાર્ડ કે પત્રિકા અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં, અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યકિતઓને લાગુ પડતો નથી :

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૩જી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧)(૩) મુજબનો

ક્રમાંક એસ. બી. / ઉગપક/જાહેરનામું/૨૭૪૨/૧૯૯૮.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહ શાંતી જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. એન. શર્મા (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧)(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથોનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમની ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ, તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 148 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] SATURDAY, JULY 11, 1998 /ASADHA 20, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

Order

No. SP / ENE/ B / DTN/PBM/15/98/WS/2375/98.- Shri Ranjitsingh Jogindarsingh Gill, a resident of Vadodara City of Vadodara District at E-44, Darshanpark Society, Tarsali Road, Vadodara was indulged in activities of Black marketing of Kerosene and such other essential commodities. Therefore, in order to prevent black marketing of essential commodities and to maintain its supplies, or a preventive detention order No. DTN/PBM/SR/15/98, dated 21st April 1998 was issued by me for Shri Ranjitsinh Jogindarsingh Gil under the power vested in me *vide* section 3(2) of provisions of Essential Commodities and Maintenance of Supplies Act, 1980. The aforesaid detention order was ratified by Government of Gujarat, Department of Food, Civil Supplies and consumer affairs *vide* their order No. DTN/1198/749/SP, dated 1st May, 1998. As per reports received from Police Commissioner, Vadodara City and as I have sufficient reasons to believe, concerted efforts to serve the detention order were made but it seems that Shri Ranjitsingh Gil for whom the detention order is issued is absconding or hiding himself in such a manner that any effort to serve the said detention order results in failure. Therefore, *vide* notification No. DTN/PBM/SR/15/98/WS/1749/98, dated 25th May, 1998 issued by me under the powers vested in me as per the provisions of section 7(*1*) of prevention of Black Marketing of Essential Commodities and Maintenance of Supplies Act, 1980, concerned absconder Shri Ranjitsingh Gil was ordered to present himself before Police Commissioner, Vadodara within the time limit prescribed by concerned notification. Therefore, as per the provisions of section 7 (*1*) of Essential Commodities Act, 1980 and section 82, 83, 84, 85 of Criminal procedure code of 1973 and by powers vested in me by said regulations, I hereby declare Shri Ranjitsingh Jogindersingh Gil, resident of E-44, Darshan Park Society, Tarsali Road, Vadodara as absconder and order to confiscate his solid/liquid assets as mentioned below :-

Description of Assets :

(1) Two Nos. of residential house with adjoining open

INDEX

land City Survey No. (Part of 1559/1) Block No. E-44, and E-45 Darshan Park Society, Tarsali Road, Vadodara, with all relevant assets contained in concerned houses.

I hereby authorise Mamlatdar, Vadodara City, to take charge of the concerned solid/liquid assets immidiately as per aforesaid order. I hereby give notice to concerned person Shri Ranjitsingh Jogindersing Gil to present himself before me or Police Commissioner, Vadodara City, within time limit of 30 days of concerned order Otherwise, I also order to confiscated solid/liquid assets and to forfeit them in favour of Govt. and efforts to sale concerned assets as per provisions of law will be initiated

Vadodara, 6th July, 1998.

A. G. MUKIM,
District Magistrate,
Vadodara.

PRINTED AT THE GOVT. PRESS, VADODARA.

Extra No. 149

REGI TE No. GB-A-14E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, JULY 16, 1998 / ASADHA 25, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર સપ/એન્ફો/વશી/ડીટીએન/પીબીએમ/૧૦/૯૮-વશી/૨૪૪૫/૯૮.—વડોદરા જિલ્લાના વડોદરા શહેરમાં રહી અને કેરોસીન જેવી આવશ્યક ચીજવસ્તુના કાળાબજારની પ્રવૃત્તિ આચરતા શ્રી ઈલેશકુમાર જયંતીલાલ ચુડગર રે. નરસીંહજીની પોળ, શાણેશ્વરનો ખાંચો, એમ. જી. રોડ, રણછોડજી મંદિરની સામે, વડોદરાની આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ ૧૯૮૦ની જોગવાઈ મુજબ ઉક્ત અધિનિયમની કલમ-૩ (૨) અન્વયેથી અમોને મળેલ સત્તાની રૂએ સદરહુ ઈસમ શ્રી ઈલેશકુમાર જયંતીલાલ ચુડગરની નિવારક અટકાયત કરવા માટેનો હુકમ-ડીટીએન/પીબીએમ/એસઆર/૧૦/૯૮ તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૮ થી જારી કરવામાં આવેલ છે. સદરહુ અટકાયત હુકમને ગુજરાત સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના હુકમ નંબર ડીટીએન-૧૧૯૮/૬૦૧/(૨) વિશેષ તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૮ થી મંજુર રાખેલ છે. સદરહુ અટકાયતી હુકમની બજવણી માટે સતત પ્રયત્નો કરતાં પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરના અહેવાલ તથા અમારી જાત માહિતી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે, જે વ્યકિતના સંબંધમાં સદરહું અટકાયત હુકમ કરવામાં આવેલ છે. તે વ્યકિત શ્રી ઈલેશકુમાર જયંતીલાલ ચુડગર ફરાર થઈ ગયેલ છે. અથવા એવી રીતે છુપાતા ફરે છે કે જેથી તેમની નિવારક અટકાયત માટે કરવામાં આવેલ સદરહુ અટકાયતી હુકમની અમલ બજવણી કરી શકાતી નથી. જેથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ ની કલમ-૭ (૧) નીચે અમોને મળેલ અધિકારો અન્વયે સદરહું ફરારી (ભાગેડુ) વ્યકિત શ્રી ઈલેશકુમાર જયંતીલાલ ચુડગરને મારા તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૮ ના જાહેરનામા નં. ડીટીએન પીબીએમ-એસઆર/૧૦/૯૮ એન્ફો / બી / વશી/૧૭૨૩/૯૮ થી જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૫ ની મુદતની અંદર પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવેલ. સદરહું જાહેરનામાની કાયદાની પ્રસ્થાપિત પધ્ધતિ મુજબ પ્રસિધ્ધિ કરવામાં આવેલ તેમ છતાં સદરહુ ફરારી (ભાગેડુ) વ્યકિત શ્રી ઈલેશકુમાર જયંતીલાલ ચુડગર જાહેરનામાથી નિર્દિષ્ટ થયેલ સમય મર્યાદામાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર થયેલ નથી. આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ ની કલમ-૭ (૧) તથા અમોને ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૮૨, ૮૩, ૮૪, ૮૫ હેઠળ મળેલ અધિકારો અન્વયે શ્રી ઈલેશકુમાર જયંતીલાલ ચુડગર રે. નરસિંહજીની પોળ, શાણેશ્વરનો ખાંચો, એમ. જી. રોડ, રણછોડજી મંદિરની સામે વડોદરાને ફરારી

(ભાગેડુ) જાહેર કરું છું અને તેમની સંયુકત માલિકીની નીચે મુજબની મીલ્કત પૈકી તેમના હિસ્સે આવતી તમામ સ્થાવર/જંગમ મીલ્કત જપ્ત કરવા હુકમ કરું છું.

મિલ્કતનું વર્ણન :—

મોજે : વડોદરા શહેર નરસિહજીની પોળ સાણેશ્વરનો ખાંચો, એમ. જી. રોડ, વડોદરા ખાતે આવેલ તેઓ રહે છે તે મિલ્કત જેનો સીટી સર્વેમાં એ ટીકા નં. ૧/૪ ના સી.સ. નં.-૨૪૦ છે. તથા ઉકત મિલ્કતમાંની ઈલેશકુમારનાં હિસ્સે આવતી સ્થાવર/જંગમ મિલ્કતો.

સદરહુ હુકમ અન્વયે ઉકત સ્થાવર/જંગમ મિલ્કતો તાત્કાલિક અસરથી ટાંચમાં લેવાની કાર્યવાહી કરવા મામલતદારશ્રી વડોદરા શહેરને અધિકૃત કરું છું. આ હુકમની તારીખથી દિન-૩૦ માં સદરહુ ઈસમ શ્રી ઈલેશકુમાર જયંતીલાલ ચુડગર તેમના અટકાયત હુકમ અંગે અમારી સમક્ષ અથવા પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર નહીં થાય તો સદરહું જપ્ત કરેલ સ્થાવર/જંગમ મિલ્કત સરકાર દાખલ કરીને તેની જાહેર હરાજી કરી વેચાણ કરવાની કાયદાનુસાર કાર્યવાહી કરવા પણ હુકમ કરું છું.

વડોદરા, તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTEDT AT THE GOVERNMENT PRESS VADODARA.

INDEX

Extra No. 150

REGISTERED No. G—BA 14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, JULY 17, 1998 / ASADHA 26, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ત) અન્વયે બહાર પાડવામાં આવેલ.

નંબર ડીસી/એમએજી/બીપીએ/૩૩(૧) (ત)/એસ.આર-૨૨/૯૮.—અમદાવાદ જિલ્લાના સીટી તાલુકાના ધુમા ગામે આવેલ ગામતળાવ માંથી કેટલાક ઈસમો દ્વારા માછલા પકડવાની પ્રવૃત્તિ કરવામાં આવી રહેલ છે. તળાવકાંઠા ઉપર ધાર્મિક સ્થળો તથા આશ્રમ આવેલા હોવાથી માછલા પકડવાની પ્રવૃત્તિથી લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવો સંભવ છે. જેથી માછલા પકડવાની પ્રવૃત્તિ અટકાવવાનું જરુરી જણાય છે. આથી હું, વી. એસ. ગઢવી, જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧) અન્વયે આપાયેલા અધિકારની રુએ ઉકત ધારાની કલમ-૩૩ (ત) મુજબ અમદાવાદ જિલ્લાના સીટી તાલુકાના ધુમા ગામે આવેલ ગામતળાવમાંથી માંછલા મારવા તથા પકડવા પર પ્રતિબંધ મૂકવા હુકમ કરું છું.

કોઈપણ વ્યકિત ઉપરોકત હુકમનું ઉલ્લંઘન કરશે તો, મુંબઈ પોલીસ અધિનિયમ, -૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ઈન્ડિયન પિનલ કોડની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૪ માહે જુલાઈ સને ૧૯૯૮ના રોજ મારી સહી સીક્કો કરેલ છે.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

Supple. C. G. I.—Extra—150/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No 151 REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, JULY 18, 1998 / ASADHA 27, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

ORDER

No. SUP/ENFO/WS/DTN/PBM/10/98/WS/2445/98.—Shri Ileshkumar Jayantilal Chudgar, a resident of Narsinhjini. Pole, Sharneshwar Corner, M. G. Road Opp. Ranchhodji temple was found indulged in activities of black marketing of Kerosene and such other essential commodities.I have aissued a preventive detention order for aforesaid Shri Ileshkumar Jayantilal Chudgar *vide* order No. DTN/PBM SR/10/98, dated 7th April 1998 under the powers vested in me by provisions of section 3 (*2*) of prevention of black marketing of essential commodities and Maintenance of Supplies Act, 1980. Ratification to above referred preventive detention order is accorded by Food, Civil Supplies and Consumer affairs Department of Govenrnment of Gujarat *vide* order No DTN/1198/601/(*2*) Special dated 17th April, 1998. I have reasons to believe from informations available with me and from the reports received from Police Commissioner, Vadodara City that Shri Ileshkumar Jayantilal Chudgar, in respect of whom the aforesaid prevention order is issued is absconding or hiding himself in such a manner that inspite of several efforts, concerned order cannot be served to him. Therefore, I had ordered concerned absconding person Shri Ileshkumar Jayantilal Chudgar to present himself with in the time limit of 35 days from the date of issued of notification before Police Commissioner, Vadodara City by issuing a notifificationNo. DTN/PBM/SR/10/98/Enfo/B/WS/1723/98 published as per provisions of section 7 (*1*) of prevention of black marketing of essential commodities and maintenance of supplies Act, 1980, and powers vested in me by above act. Concerned notification was published as per legal procedure. Inspite of such publication, concerned absconding person Shri Ileshkumar Jayantilal Chudgar has not presented himself before Police Commissioner Vadodara City within the prescribed time limit. Therefore, I hereby declare concerned person Shri Ileshkumar Jayantilal Chudgar, a resident of Narsinhjini Pole, Sharneshwar no Khancho, Opp. Ranchhodji Mandir M. G. Road, Vadodara as an absconder using the powers given to me under the provisions of section 7 (*1*) of Prevention of Black Marketing of essential commodities and maintenance of supplies act and sections 82, 83, 84, 85 of criminal procedure code and order to confiscate all the movable and immovable properties / assets belonging to aforesaid person out of their Joint Ownership assets as mentioned below.

Description of assets :

An immovable property situated at Narsinhjini Pole, Sharneshwar Corner, M. G. Road, Vadodara City where Ileshkumar resides and his share in it which is assigned City Survey No. 240 under tika No. 1/4 in City Survey records alongwith all the movable properties contained there in.

I also authorise Mamlatdar, Vadodara City to immediately undertake actions to attach above mentioned properties / assets. If concerned absconding persons Shri Ileshkumar Jayantilal Chudgar fails to present himself before me or Police Commissioner, Vadodara City within time limit of 30 days from the date of this order, confiscated assets will be forfeited in favour of Government and procedure for their disposal by auction, will be initiated.

Vaodara, 15th July, 1998.

A. G. MUKIM,
District Magistrate,
Vadodara.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 152

REGISTERED No. G-GH-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, JULY 18, 1998 / ASADHA 27, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/વશી/૪૫૨/૪૯૧.—તારીખ ૧૦મી જૂલાઈ ૧૯૯૮ ના રોજ બપોરના ૧૪.૨૦ કલાકે રેલ્વેનાં પ્રશ્નો અંગે, ખંભાત રેલ્વે સ્ટેશન ખાતે રેલ રોકો આંદોલન થનાર હોઈ, જિલ્લા પોલીસ વડા-શ્રી, આણંદે તારીખ ૯મી જુલાઈ ૧૯૯૮ ના ફેકસ મેસેજથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા અત્રે વિનંતી કરેલ છે. જેથી ખંભાત શહેર પોલીસ સ્ટેશનની હદમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિ-નિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, કે. એન. ભટ્ટ, જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ ખંભાત શહેર પોલીસ સ્ટેશન હેઠળના સમગ્ર વિસ્તાર માં તારીખ ૧૦મી જુલાઈ ૧૯૯૮ થી ૧૧મી જુલાઈ ૧૯૯૮ સુધી (બંને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહી. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—ખંભાત (શહેર) પોલીસ સ્ટેશનની હદનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથો, ગલીઓ અને પેટાગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામ-ગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને. ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૯મી જુલાઈ ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. એન. ભટ્ટ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

Supple. C. G I—Extra- 152/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 153

REGISTERED No. G–BA-14 F

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, JULY 18, 1998/ASADHA 27, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આદેશ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નો કલમ. ૩૭(૧) અન્વયેનો.

નંબર પી.ઓ.એલ./વશી/૪૬ થી ૬૫.—તારીખ ૧૦માં જુલાઈ ૧૯૯૮ના રોજ બપોરના ૧૪.૨૦ કલાકે રેલ્વેના પ્રશ્ન અંગે ખંભાત રેલ્વે સ્ટેશનમાં રેલરોકો આંદોલન થનાર હોઈ કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી આણંદ (દક્ષિણ) ના એ તેમના તારીખ ૯મી જુલાઈ ૧૯૯૮ ના ફેકસ મેસેજથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ. ૩૭(૧) મુજબ નું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, આઈ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઈએ ખંભાત પોલીસ સ્ટેશનની હદનો સમગ્ર વિસ્તાર તારીખ ૧૦મી જુલાઈ ૧૯૯૮ થી તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. હથીયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

૨. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

૩. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

૪. જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાનુ તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ-પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—ખંભાત શહેર પોલીસ સ્ટેશન હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરો કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફર-માવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈ પણ પોલીસ અધિ-કારીએ, જેને શારીરિક અશકિતને કારણે લાઠી કે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય, તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ. ૧૩૫, હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૯મી જુલાઈ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આઈ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

Supple. C. G. I.—Extra—153/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 154

REGISTERED No. G—BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, JULY 18, 1998 / ASADHA 27, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

CORRIGENDUM

No. SUP/ENF/B/DTN/PBM/15/98.—Please *read* the words "Immovable and Movable" *instead* of words "Solid and Liquid" where ever appearing in this office Order No. SUP/ENF/B/DTN/PBM/15/98 WS/2375/98, dated 6th July 1998 published in the Extra Ordinary Gazette of the Government of Gujarat dated 11th July, 1998.

Vadodara, 13th July, 1998.

A. G. MUKIM,
District Magistrate,
Vadodara.

Supple. C. G. I.—Extra—154/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 155

REGISTERED No. GB-A-14E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, JULY 18, 1998/ ASADHA 27, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૨૮૨૮/૧૯૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, કે. એન. શર્મા, (આઇ.પી.એસ) પોલીસ કમીશ્નર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ-શાંતી અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમાં સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી જુલાઇ ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જુલાઇ ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઇએ.

(ક) કોઇપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂક કે લાકડી જેવા સાધનો કે જે ચીજથી હીંસા થઇ શકે તેવી કોઇ વસ્તુ લઇ જવી કે કબજામાં રાખવી નહીં.

(ખ) પથ્થરો અથવા ફેકવામાં સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં.

(ગ) કોઇ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઇ જવો નહી.

(ઘ) સરઘસમાં સળગતી મશાલ લઇ જવી નહીં.

(ચ) કોઇપણ આકૃતિ કે પુતળા દેખાડવા નહીં.

(છ) અપમાન કરવાના ઇરાદાથી કે બદનામ કરવાના ઇરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહી.

(જ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો કે પ્લેકાર્ડ કે પત્રિકા અથવા કોઇ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અગર હથીયાર લઇ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઇ અધિકારી જેની શારીરીક અશકિતને કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૧૫મી જુલાઇ ૧૯૯૮ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTEDT AT THE GOVERNMENT PRESS VADODARA.

INDEX

Extra No. 156 REGISTERED No.GB-A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

\ . XIX] MONDAY, JULY 20, 1998 / ASADHA 29, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૧).

નંબર એમએજી/વશી/૩૩૧૩ થી ૩૩૬૨/૯૮.—આગામી તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૮ના રોજ ઈદ-એ-મિલાદનો તહેવાર તથા જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું સાવચેતીના પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે હું જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૮ના શુન્ય કલાકથી તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠાં કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો સાથે લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સૂત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવી તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :—

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા / અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા / સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકાર શ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ. પી. સી. ની. કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર એમએજી/વશી/૩૩૬૩ થી ૩૪૧૨/૯૮.—આગામી તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ ઈદ-એ-મિલાદનો તહેવાર તથા જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારું કોઈપણ મંડળીની કે સરઘસોની મનાઈ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૮ ના શુન્ય કલાકથી તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) ની મુદત માટે કોઈપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યકિતઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું

વધુમાં હું આદેશ કરું છું કે :—આ આદેશો નીચેનાને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હાજર હોય તેવી વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈ સ્મશાન યાત્રાને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.
(૬) પોલીસ સ્ટાફ.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર એમએજી/વશી/૩૪૬૬ થી ૩૪૭૬/૯૮.—હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ યોજાનાર મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. મહેસાણાની ચુંટણી પ્રક્રિયાને લક્ષમાં લેતા મહેસાણાનાં શહેરી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું સાવચેતીનાં પગલાંની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ, મહેસાણાના શહેરી વિસ્તારોમાં તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૯૮ ના શૂન્ય કલાકથી તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠાં કરવા કે તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો સાથે લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સૂત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :—

આ હુકમ નીચેની વ્યકિતાઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા,/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા/સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

INDEX

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયે કરેલ હુકમ.

નંબર એમએજી/વશી/૩૪૭૭ થી ૩૪૮૯/૯૮.—આગામી તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મહેસાણા ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓ. બેંક લી., મહેસાણાની વ્યવસ્થાપક સમિતિની ચુંટણી યોજાનાર છે. તથા તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૮ના રોજ મત ગણતરી થનાર છે. આ કાર્યવાહી નીચેના સ્થળોએ થનાર છે.

અ.નં.	વિગત	તારીખ	સમય	સ્થળ
૧	મતદાન	૧૨મી જુલાઈ ૧૯૯૮	૮-૦૦ થી ૧૬-૦૦ સુધી	ટી. જે. હાઈસ્કુલ, મહેસાણા.
૨	મત-ગણતરી	૧૩મી જુલાઈ, ૧૯૯૮	૧૦-૦૦ કલાકથી મત ગણતરી કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી.	પ્રાંત કચેરી, મહેસાણા.

ઉપર્યુકત સ્થળોએ મતદાન તથા મત ગણતરી સરળ અને શાંતિપૂર્ણ રીતે થાય અને તેમાં કોઈ અવરોધ પેદા થાય નહીં તે માટે તેમજ ઉપર્યુકત ચુંટણી પ્રક્રિયા દરમ્યાન આ સ્થળોએ જુદા જુદા પક્ષના ટેકેદારો એકઠા થાય ત્યારે એક-બીજા વચ્ચે સંઘર્ષો ન થાય તે માટે તથા જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂં મતદાન તથા મતગણત્રીના ઉકત સ્થળોએ તેની આજુબાજુ ૨૦૦ મીટરના વિસ્તારમાં માણસોએ ભેગા નહીં થવા માટે તેમજ મતદાન અને મતગણત્રીના સ્થળોએ આવેલ મકાનોમાં બીનઅધિકૃત-વ્યકિત/વ્યકિતઓ દાખલ થાય નહીં તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૪) મુજબ પગલાં લેવા માટે મને પુરતું કારણ જણાય છે.

વાસ્તે હું જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૯૮ ના શુન્ય કલાકથી મતદાન તથા મત ગણતરી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી ઉપર મુજબના સ્થળોએ ૨૦૦ મીટરના વિસ્તારમાં માણસોએ ભેગા થવું નહીં તેમજ ઉપર્યુકત સ્થળોએ ઉપયોગમાં લેવાનાર મકાનો તથા કમ્પાઉન્ડમાં અંદર બિનઅધિકૃત વ્યકિત / વ્યકિતઓએ પ્રવેશ કરવો નહીં.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :—

(૧) ચુંટણી અંગેની તથા મત ગણત્રી અંગેની કામગીરીમાં ચુંટણી અધિકારીશ્રી તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી / કર્મચારીઓને.

(૩) ચુંટણીના હરીફ ઉમેદવાર તથા તેના અધિકૃત ચુંટણી એજન્ટને.

(૪) મત ગણત્રી માટે ઉમેદવાર તરફથી મત ગણત્રી એજન્ટ જેમને ચુંટણી અધિકારીશ્રીએ પ્રમાણિત કરેલ હોય તેને.

(૫) ચુંટણી અધિકારીને.

(૬) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,/જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

(૭) સરકારી કચેરીના કર્મચારીઓ / અધિકારીશ્રીઓને.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 157 REGISTERED No. GB-A-14 E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, JULY 23, 1998 / SRAVANA 1, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધું :

૧. ક્રુડ તેલના ભાવ અંગે આઈબીપી કું. નો તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૬નો પત્ર.
૨. ધી પંચમહાલ જિલ્લા કેરોસીન ક્રુડ ઓઈલ એજન્ટ એસો. નો ટ્રાન્સપોર્ટ ચાર્જીસનો વધારો કરવા બાબતે તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૬નો પત્ર.
૩. સરકારશ્રીના તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮ તથા ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૮ના ફેક્સ નં. કશન-૧૧૯૭-૨૩૫૪-ભાગ-૧-બ.
૪. ધી લાઈટ ડિઝલ ઓઈલ ફીક્શેશન ઓફ સીલીંગ પ્રાઈસ ઓર્ડર, ૧૯૭૩.
૫. અત્રેની કચેરીનો હુકમ નં. પરવ/ક્રુડતેલ/વશી, તારીખ ૧૬મી મે, ૧૯૯૪.
૬. અત્રેની કચેરીના હુકમ નં. પરવ/એસ.એ.-કશન/ભાવ-૧૨૬, તારીખ ૨૦મી જુન, ૧૯૯૮.
૭. અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા. બા. ની વિભાગના પત્ર નં. કશન-૧૧૯૭-૨૩૫૪-ભાગ-૧-બ, તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮.

હુકમ

નંબર કમકપ/પરવ/એસ.એ./ક્રુડઓઈલ/ભાવ/વશી-૧૦૯૩. – પંચમહાલ જિલ્લામાં કોયલી રીફાઈનરી ડેપોથી આવતાં ક્રુડઓઈલનાં ભાવ અત્રેની કચેરીના હુકમ નં. પરવ/ક્રુડતેલ-વશી, તારીખ ૧૬મી મે, ૧૯૯૪ થી નક્કી કરેલ છે. પરંતુ તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૬ થી કેન્દ્ર સરકારે ક્રુડતેલ (એલ.ડી.ઓ.) નાં ભાવમાં વધારો કરેલ હોવાથી તથા આમુખ૨માં જણાવેલ એસોશીએશનનાં પત્રમાં જણાવ્યા મુજબ તારીખ ૩જી જુલાઈ, ૧૯૯૬ થી પેટ્રોલિયમ પ્રોડક્ટસના ભાવમાં કેન્દ્ર સરકારે ભાવમાં વધારો કરેલ હોઈ ટ્રાન્સ-પોર્ટેશન ખર્ચ ઘણોજ વધી ગયો હોઈ તથા અન્ય આનુષાંગિક ખર્ચાઓમાં પણ ઘણોજ વધારો થયેલ હોઈ ટ્રાન્સપોર્ટ ચાર્જીસ વધારવા રજુઆત કરેલ છે

INDEX

આમુખ-૩માં જણાવેલ સરકારશ્રીનાં તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૮નાં ફેક્સમાં જણાવ્યાનુસાર કેરોસીનના કમીશનમાં વધારો કરવા અંગેની સુચનાઓ એલડીઓ ને પણ લાગુ પાડવાની રહે છે. એટલે કે એલડીઓ માટે પણ કમીશન વધારવાનું રહે છે. તદ્‌ઉપરાંત અને તે મુજબ એલડીઓનાં ભાવમાં પણ વધારો કરવાનો રહેશે. આમ આવી બાબત હોઈ તારીખ ૧૬મી મે, ૧૯૯૭ થી નક્કી કરેલ ક્રુડતેલ (એલડીઓ) નાં નક્કી કરેલ ભાવ અંગેનું જાહેરનામું બાદ હવેથી આ હુકમમાં જણાવ્યા મુજબ ભાવો નક્કી કરવામાં આવે છે.

આમ ઉકત બાબતે ક્રુડતેલ (એલડીઓ) નાં ભાવમાં થયેલ વધારા તથા અત્રેની કચેરીના તારીખ ૨૦મી જુન, ૧૯૯૮નાં હુકમમાં જણાવ્યા અનુસાર જથ્થાબંધ વિક્રેતાના અગાઉ મળતાં કમીશન રૂા. ૨૫.૦૦ને બદલે તે રૂા. ૬૯.૦૦ પ્રતિ કિ. લિ. દીઠ નક્કી કરવામાં આવેલ છે. તેજ રીતે છુટક વિક્રેતાનું કમીશન પણ રૂા. ૬૯.૦૦ પ્રતિ કિ. લિ.દીઠ આપવામાં આવેલ છે. તથા તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૭ નાં હુકમથી પંચમહાલ જિલ્લા કેરોસીન ક્રુડ ઓઈલ એજન્ટ એસોશીએશનની રજુઆત અન્વયે ટ્રાન્સપોર્ટ ભાડુ પ્રતિ કિ. લિ. /કિ. મી. દીઠ રૂપિયા ૦.૭૫ પૈસા નક્કી કરેલ છે. તે અન્વયે ક્રુડતેલનાં પરિવહનમાં પણ તે મુજબ ટ્રાન્સપોર્ટ ભાડું, ભાવો નક્કી કરવામાં ગણત્રીમાં લેવામાં આવેલ છે.

સબબ ધી લાઈટ ડિઝલ ઓઈલ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈસ ઓર્ડર ૧૯૭૩નાં કલોઝ બી (૧) તથા ૩/૩ હેઠળ મળેલી સત્તાની રૂએ હું, એ. કે. રાકેશ, આઈ.એ.એસ., કલેકટર, પંચમહાલ, આથી ક્રુડતેલ "એલડીઓ" નાં જથ્થાબંધ તથા છુટક ભાવ તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે નવેસરથી પરિશિષ્ટ-૧ મુજબ ઠરાવવું હુકમ કરું છું. તથા સ્થાનિક માટે અને ત્યારબાદના અંતરના વધુ તબક્કાઓ માટે ૧ કિ. લિ. દીઠ ટ્રાન્સપોર્ટ ભાડું છુટક વિક્રેતાઓ માટે નીચે મુજબ મજરે આપીને છુટક ભાવોની ગણતરી કરવામાં આવેલ છે.

વિગત	મજરે આપેલ રકમ રૂા.
૧. સ્થાનિક	૪૦.૦૦
૨. સ્થાનિક સિવાય ૧૦ કિ. મી. સુધી	૪૫.૦૦
૩. ૧૧ કિ. મી. થી ૨૫ કિ. મી. સુધી	૫૦.૦૦
૪. ૨૬ કિ. મી. થી ૫૦ કિ. મી. સુધી	૫૫.૦૦
૫. ૫૦ કિ. મી. થી ઉપર	૬૦.૦૦

શરતો :

૧. સદર ભાવ તાત્કાલિક તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ ની અસરથી અમલી બનશે અને તે સાથે જુના ભાવો રદ્ ગણાશે.

૨. ટેન્કર લોડ કે કંપાર્ટમેન્ટ લોડ હોય ત્યારે એજન્ટે કે સેમીએજન્ટે જથ્થો ફરજીયાત રીતે છુટક વિક્રેતાનાં ધંધાના સ્થળે પહોંચાડવાનો રહેશે.

૩. ઉપરોકત નક્કી કરવામાં આવેલ ભાવોથી એજન્ટ, છુટક વિક્રેતા વધારે ભાવ લઈ શકશે નહીં.

૪. પરિશિષ્ટ-૧માં જણાવેલ ૧૦૦૦ લિ. નાં ભાવ ટ્રાન્સપોર્ટેશન ભાડા સાથેના છે. તેથી આ ભાવ સિવાય કોઈપણ એજન્ટે છુટક વિક્રેતા પાસેથી તાલુકા મુખ્ય મથકનાં કિસ્સામાં ટ્રાન્સપોર્ટ ભાડું અલગથી લઈ શકશે નહીં.

૫. ભાવનું લિસ્ટ ધંધાનાં સ્થળે ગ્રાહકો સ્પષ્ટ જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

૬. નિયત ભાવ કરતાં વધારે ભાવ લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ તેમજ ધી લાઈટ ડિઝલ ઓઈલ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈસ ઓર્ડર-૧૯૭૩ હેઠળ સખ્ત પગલાં લેવામાં આવશે.

૭. આ દર લાગુ કર્યા પછી તાલુકા મથક સિવાયની ગ્રામ પંચાયતે ઓકટ્રોય નક્કી કરેલી હશે તો વિક્રેતાએ તેટલ ઓકટ્રોયની રકમ માટે જે તે સ્થળનાં ભાવો નવેસરથી મંજુર કરવાનાં રહેશે.

૮. આ ભાવો કોયલી ડેપોના રસ્તા માર્ગે થતા ક્રુડ ઓઈલનાં છે. ભવિષ્યમાં અન્ય ડેપો ઉપરથી ક્રુડ (એલડીઓ) મળશે ત્યારે તેનાં ભાવો ઈલાયદા જાહેર કરવામાં આવશે.

૯. આ ભાવો જાહેર થયા તારીખથી નવા ભાવો જાહેર ન થાય ત્યાં સુધી આ હુકમ અમલમાં રહેશે.

૧૦. તારીખ ૨જી ઓકટોબર, ૧૯૯૭ થી પંચમહાલ જિલ્લાનું વિભાજન થતાં હાલ આ જિલ્લામાં મોરવા હડફ અને ખાનપુર તાલુકા નવીન અસ્તિત્વમાં આવેલ છે. જેથી તે તાલુકા પુરતાં અંતરો મેળવીને જરૂર પડયે ભાવો ઈલાયદા જાહેર કરવામાં આવશે.

૧૧. જ્યાં જકાત હશે ત્યાં છુટક વિક્રેતાઓ માટે પરિશિષ્ટ-૧માં કોલમ-૩ અને ૫ના ભાવ સ્થાનિક જકાત સાથેના રહેશે. તાલુકા મથક સિવાયનાં છુટક વિક્રેતાઓ માટે કોલમ ૪ અને ૬નાં ભાવો સ્થાનિક જકાત વગરનાં રહેશે. એટલે કે, જ્ય. જ્યાં જકાત લાગુ છે ત્યાં જકાત સાથેનાં અને જકાત લાગુ નથી ત્યાં જકાત વગરનાં ભાવ લેવાનાં રહેશે.

૧૨. સરકારશ્રીની સુચના અન્વયે કેરોસીન અને ક્રુડ ઓઈલની સંગ્રહ સ્થળો અલગ અલગ રાખવાની રહેશે.

૧૪. ક્રુડતેલનો ૧ લિટરનો જથ્થો ગ્રાહક ખરીદે ત્યારે નક્કી કરાયેલ છુટક ભાવોનાં નજીકનાં પાંચ પૈસાનાં ગુણાંક ભાવ લઈ શકાશે પરંતુ ૧ લિટરથી વધારે જથ્થો જ્યારે ગ્રાહક ખરીદે ત્યારે પરિશિષ્ટ-૨ મુજબનાં પ્રતિ લિટરનાં ભાવે વેચાણ કરવાનું રહેશે.

૧૪. જે એજન્ટો અન્ડર ગ્રાઉન્ડ સ્ટોરેજ ફેસીલીટી (ફોર્મ નં. ૧૩) ધરાવતાં નથી. તેમની પાસેથી તેમની ઓઈલ કં. રૂા. ૪૩ પ્રતિ કિ. લિ. એ ઈલાયદી રીતે વસુલ કરી શકશે.

INDEX

પરિશિષ્ટ—૧

તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ થી અમલમાં આવતાં તાલુકા મુખ્ય મથકનાં ક્રુડતેલનાં જથ્થાબંધ અને છુટક ભાવો અંગેનું પરિશિષ્ટ :—

અ. નં.	તાલુકાનું નામ	એજન્ટ વિક્રેતાનો ૧૦૦૦ લીટર ક્રુડ-તેલનો જથ્થાબંધ વેચાણ ભાવ		એજન્ટે છુટક વિક્રેતાને વેચવાનો ૨૦૦ લિટરનાં જથ્થાબંધ વેચાણ ભાવ		છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચવાનો ૧ લિટરનો ક્રુડતેલ-નો છુટક વેચાણ ભાવ ૧ લિ. થી વધુ જથ્થા માટે
		જકાત સાથે	જકાત વગર	જકાત સાથે	જકાત વગર	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	ગોધરા ...	૮,૯૫૬.૩૬	૮,૯૪૬.૩૫	૧,૭૯૧.૨૭	૧,૭૮૯.૨૭	૯.૦૭
૨	કાલોલ ...	૮,૯૫૦.૯૮	૮,૯૦૭.૩૬	૧,૭૯૦.૨૦	૧,૭૮૧.૪૭	૯.૦૬
૩	હાલોલ ...	૮,૯૫૩.૨૯	૮,૮૮૭.૮૬	૧,૭૯૦.૬૬	૧,૭૭૭.૫૭	૯.૦૬
૪	જાંબુઘોડા ...	૮,૯૩૭.૩૬	૮,૯૩૭.૩૬	૧,૭૮૭.૪૭	૧,૭૮૭.૪૭	૯.૦૫
૫	શહેરા ...	૯,૧૦૫.૭૨	૮,૯૭૪.૮૬	૧,૮૨૧.૧૪	૧,૭૯૪.૯૭	૯.૨૧
૬	લુણાવાડા ...	૯,૦૪૮.૪૮	૯,૦૦૪.૮૬	૧,૮૦૯.૪૦	૧,૮૦૦.૯૭	૯.૧૬
૭	ઘોઘંબા ...	૮,૯૮૯.૨૯	૮,૯૨૩.૮૬	૧,૭૯૭.૮૬	૧,૭૮૪.૭૭	૯.૧૦

પરિશિષ્ટ—૨

તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ થી અમલમાં આવતાં તાલુકાવાર છુટક વિક્રેતાઓએ અંતર મુજબ લેવાનાં ક્રુડ ઓઈલનાં વેચાણ ભાવ: –

અનુ. નંબર	તાલુકો	છુટક વેપારીએ ગ્રાહકો પાસેથી લેવાનો ૧ લિટરનો ભાવ					રીમાર્કસ
		સ્થાનિક છુટક વેચાણ ભાવ ૧ લિટરનાં	સ્થાનિક સિવાય ૧૦ કિ.મી. સુધી ૧ લીટરનો ભાવ	૧૧ થી ૨૫ કિ. મી. સુધીનો ૧ લિટરનો ભાવ	૨૬ થી ૫૦ કિ.મી. સુધીના ૧ લિટરનો ભાવ	૫૦ કિ. મી. થી ઉપરના ૧ લિટરનો ભાવ	
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	ગોધરા ...	૯.૦૭	૯.૦૭	૯.૦૮	૯.૦૮	૯.૦૯	૧ લિટર કે તેથી ઓછા જથ્થાં માટે નજીકનાં પાંચ પૈસાનાં ગુણાંકમાં ચાર્જ કરી શકાશે, પરંતુ ૧ લિટરથી વધુ જથ્થા માટે અત્રે દર્શાવેલ ભાવો પ્રમાણે ચાર્જ કરવાનો રહેશે.
૨	કાલોલ ...	૯.૦૬	૯.૦૬	૯.૦૭	૯.૦૭	૯.૦૮	
૩	હાલોલ	૯.૦૭	૯.૦૭	૯.૦૭	૯.૦૮	૯.૦૮	
૪	જાંબુઘોડા ...	૯.૦૫	૯.૦૫	૯.૦૬	૯.૦૬	૯.૦૭	
૫	શહેરા ...	૯.૨૧	૯.૨૨	૯.૨૨	૯.૨૩	૯.૨૩	
૬	લુણાવાડા ...	૯.૧૬	૯.૧૬	૯.૧૭	૯.૧૭	૯.૧૮	
૭	ઘોઘંબા ...	૯.૧૦	૯.૧૦	૯.૧૧	૯.૧૧	૯.૧૨	

ગોધરા, તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮.

એ. કે. રાકેશ,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 158 REGISTERED No. G–BA-14 E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX FRIDAY, JULY 24, 1998/SRAVANA 2, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૧) મુજબ.

નંબર એમએજી/વશી/૩૫૬૩/૯૮.—જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૮ના શુન્ય કલાકથી તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહી કરવાનું ફરમાવું છું :—

(૧) શસ્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું એકઠાં કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો સાથે લઈ જવાનું ;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે, ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદુ, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું,

(૮) નીતિનો ભંગ કરે તેવુ ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

INDEX

અપવાદ :—

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા /અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/ સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા/ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી જુલાઈ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 159

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] FRIDAY, JULY 24, 1998 / SRAVANA 2, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ./જાહેરનામું/૩૭ (૧)/૯૮.— સમગ્ર દેશમાં પોસ્ટ ખાતાના વર્ગ-૩,૪ના કર્મચારીઓ તેમની વિવિધ માંગણીઓના સંદર્ભે તા. ૮મી જુલાઈ ૧૯૯૮થી અચોક્કસ મુદતની હડતાલ ઉપર ગયેલ છે. તેમજ સેન્ટ્રલ ગવર્નમેન્ટના રેવન્યુ ખાતાના ઈન્કમટેક્ષ તથા કસ્ટમ સેન્ટ્રલ એકસાઈઝના ગ્રૃપ બી-સીની તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૮થી અચોકકસ મુદતની હડતાલ તથા તાલુકા ફ્રુડ કોપોરેશનના કર્મચારીઓએ પણ હડતાલનું એલાન આપેલ હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારું તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦થી તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદૂક, ચપ્પુ, લાકડી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા ભેગા કરવાનું;

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ આકાર અથવા પુત દેખાડવાનું, સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, કે જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

(૩) કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના ઓજારો કામે લઇ જતા ખેડૂતો.

(૫) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઇ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/ જાહેરનામું/૩૭ (૩) /૯૮.—સમગ્ર દેશમાં પોસ્ટ ખાતાના વર્ગ ૩ અને ૪ના કર્મચારીઓ તેમની વિવિધ માંગણીઓના સંદર્ભે તારીખ ૮મી જુલાઇ ૧૯૯૮થી અચોક્કસ મુદતની હડતાલ ઉપર ગયેલ છે. તેમજ સેન્ટ્રલ ગવર્નમેન્ટના રેવન્યુ ખાતાના ઈન્કમટેક્ષ તથા કસ્ટમ સેન્ટ્રલ એકસાઈઝના ગ્રુપ બી. સી.ની તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૮થી અચોક્કસ મુદતની હડતાલ તથા તાલુકા ફુડ કોર્પોરેશનના કર્મચારીઓએ પણ હડતાલનાં એલાન આપેલ હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂં તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩)થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતા ખેડૂતોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 160

REGISTERED No. G-BA.-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, JULY 28, 1998 / SRAVANA 6, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું / ૨૯૦૮/૧૯૯૮.–વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહશાંતી જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. એન. શર્મા (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) મુજબથી મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓએ ભેગા થવું નહિ, અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.–વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.–રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.–આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્ન વરઘોડા કે સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમની ૧૯૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 161 REGISTERED No. G-BA-14-I

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JULY 30, 1998 / SRAVANA 8, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર સપ/એન્ફો/બી/ડીટીએન/પીબીએમ/૯/૯૮/વશી/૨૫૪૪/૯૮.-વડોદરા જિલ્લાના વડોદરા શહેરમાં રહી અને કેરોસીન જેવી આવશ્યક ચીજવસ્તુના કાળાબજારની પ્રવૃતિ આચરતા શ્રી કમલેશકુમાર મણીલાલ શાહ, રે. ૧૨, સંપતરાવ કોલોની, અલકાપુરી, વડોદરા શહેરની આવશ્યક ચીજવસ્તુઓનો કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ ૧૯૮૦ની જોગવાઇ મુજબ ઉકત અધિનિયમની કલમ ૩(૨) અન્વયેથી અમોને મળેલ સત્તાની રુએ સદરહુ ઇસમ શ્રી કમલેશકુમાર મણીલાલ શાહની નિવારક અટકાયત કરવા માટેનો હુકમ ક્રમાંક ડીટીએન/પીબીએમ/એસ.આર./૯/૯૮, તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૮ થી જારી કરવામાં આવેલ છે. સદરહુ અટકાયત હુકમને ગુજરાત સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના હુકમ નં. ડીટીએન/૧૧૯૮/૬૦૧ (૧) સ્પેશીયલ તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૮થી મંજુર રાખેલ છે. સદરહુ અટકાયતી હુકમની બજવણી માટે સતત પ્રયત્ન કરતાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના અહેવાલ તથા અમારી જાત માહિતી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે, જે વ્યકિતના સબંધામાં સદરહુ અટકાયત હુકમ કરવામાં આવેલ છે તે શ્રી કમલેશકુમાર મણીલાલ શાહ ફરાર થઇ ગયેલ છે. અથવા તેઓ એવી રીતે છૂપાતા ફરે છે કે, જેથી તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહુ અટકાયતી હુકમની અમલ બજવણી કરી શકાતી નથી. જેથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ, ૧૯૮૦ની કલમ ૭(૧) નીચે અમોને મળેલ અધિકારો અન્વયે સદરહુ ફરારી (ભાગેડું) વ્યકિત શ્રી કમલેશકુમાર મણીલાલ શાહને મારા તારીખ ૨૪મી મે, ૧૯૯૮ના જાહેરનામા નં. ડીટીએન/પીબીએમ/એસ.આર./૯/૯૮/એન્ફો/બી/વશી/૧૭૨૪/૯૮ થી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૫ની મુદતની અંદર પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવેલ. સદરહુ જાહેરનામાની કાયદાની પ્રસ્થાપિત પધ્ધતિ મુજબ પ્રસિધ્ધી કરવામાં આવેલ તેમ છતાં સદરહુ ફરારી (ભાગેડું) વ્યકિતશ્રી કમલેશકુમાર મણીલાલ શાહ જાહેરનામાંથી નિર્દિષ્ટ થયેલ સમય-મર્યાદામાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર થયેલ નથી.

અત્રેના ઉકત હુકમ સામે જાસુદબેન શાહ નામે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે. સી. એ. ૪૪૦૨/ ૯૮ દાખલ કરેલ જેમાં નામદાર કોર્ટે તારીખ ૯મી જુલાઇ, ૧૯૯૮ના હુકમથી મનાઇહુકમ બે અઠવાડીયા સુધી વધારી આપેલ. ત્યારબાદ અટકાયતીના માતૃશ્રી જાસુદબેન તથા ભાઇશ્રી પ્રકાશભાઇ નાએ ૧૪મી જુલાઇ, ૧૯૯૮ એ સીવીલ જજ (સી.ડી.) વડોદરાની કોર્ટમાં રે. મુ. ૯૧૨/૯૮ દાખલ કરી અને પ્ર. વાદીમાં સરકારશ્રી તથા અન્યને દર્શાવી અને સરકારી રેકર્ડમાં શ્રી કમલેશકુમાર શાહના સ્વતંત્ર નામે ચાલતી સી. સ. નં. ૧૮૨૩/૩ માં

INDEX

આવેલ " આરામ એપાર્ટમેન્ટ " ના ફ્લેટ નં. ૭ની મિલકતમાં તેઓનો હક્ક હિસ્સો સમાયેલ હોઈ સરકારશ્રી તરફથી જપ્તીની કાર્યવાહી ના થાય તે મુજબની દાદ માંગી મનાઇહુકમની માંગણી કરેલ. જેમાં નામદાર કોર્ટે તારીખ ૨૨મી જુલાઇ, ૧૯૯૮ એ વાદીની આંક-૫ ની મનાઇહુકમ મળવાની અરજી રદ્દ કરવા તથા વાદીએ સદરહુ અરજીનો ખર્ચ પ્રતિવાદીને આપવા હુકમ કરેલ છે.

આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ કલમ ૭(૧) તથા અમોને ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૮૨, ૮૩, ૮૪ અને ૮૫ હેઠળ મળેલ અધિકારો અન્વયે શ્રી કમલેશકુમાર મણીલાલ શાહ, રે. ૧૨-સંપતરાવ કોલોની, અલકાપુરી, વડોદરાને ફરારી (ભાગેડું) જાહેર કરું છું. અને તેમની માલીકીની નીચે મુજબની તમામ સ્થાવર / જંગમ મિલ્કત જપ્ત કરવા હુકમ કરું છું.

મિલકતનું વર્ણન

વડોદરા શહેર અલકાપુરી વિસ્તારમાં આવેલ સંપતરાવ કોલોનીના પ્લોટ નં. ૧૨ જેનો સીટી સર્વે નંબર ૧૮૨૩/૩ છે. તેમાં બંધાયેલ " આરામ એપાર્ટમેન્ટ " ના પ્રથમ માળે આવેલ ફ્લેટ નં. ૭ તથા ઉક્ત ફ્લેટમાંની તમામ જંગમ મિલકતો.

સદરહુ હુકમ અન્વયે ઉક્ત સ્થાવર/જંગમ મિલકતો તાત્કાલીક અસરથી ટાંચમાં લેવાની કાર્યવાહી કરવા મામલતદારશ્રી, વડોદરા શહેરને અધિકૃત કરું છું. આ હુકમની તારીખથી દિન-૩૦માં સદરહુ ઇસમ શ્રી કમલેશકુમાર મણીલાલ શાહ તેમના અટકાયત હુકમ અંગે અમારી સમક્ષ અથવા પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર નહીં થાય તો સદરહુ જપ્ત કરેલ સ્થાવર/જંગમ મિલકત સરકાર દાખલ કરીને તેની જાહેર હરાજી કરી વેચાણ કરવાની કાયદાનુસાર કાર્યવાહી કરવા પણ હુકમ કરું છું.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઇ, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, વડોદરા.

INDEX

Extra No. 162 REGISTERED No. GB-A-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, AUGUST 3, 1998 / SRAVANA 12, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે બહાર પાડેલ.

નં. એમએજી/પોલ/જાહેરનામું/વશી / ૫૭૧૦ થી ૫૭૯૦/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ-૨૨મો) અધિનિયમની કલમ-૩૭(૧)(ક) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું સી. આર. પરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આગામી દિવસોમાં કોંગ્રેસ તરફથી રેલી ધરણાં તથા પુતળા દહનનો કાર્યક્રમ યોજનાર હોઈ તથા રક્ષાબંધન, જન્માષ્ટમી જેવા તહેવારો આવતા હોઈ તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષીને આ સમય દરમ્યાન જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૮ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૮ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ,

(ક) શસ્ત્રો, દંડ, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાધનો, લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બનાવવી નહી તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતા કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત,

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક (૧) વર્ષ કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કર્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નં. એમએજી/પોલ/જાહેરનામું/વશી / ૫૭૯૧ થી ૫૮૭૧/૯૮.—આગામી દિવસોમાં કોંગ્રેસ તરફથી રેલી ધરણા તથા પુતળા દહનનો કાર્યક્રમ યોજનાર હોઈ તથા રક્ષાબંધન, જન્માષ્ટમી જેવા તહેવારો આવતા હોઈ તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષીને આ સમય દરમ્યાન જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા (શહેર) ના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતી જાળવવાનું અત્યંત જરૂરી હોઈ વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું સી. આર. ખરસાણ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૮ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૮ના કલાકના ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
(૨) સભા ભરવી નહીં કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ.
(૨) કોઈ લગ્નના વરઘોડાને.
(૩) ફરજ પર હોય તેવા ગ્રામ રક્ષક દળની વ્યકિતઓને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીના તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર, સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 163

REGISTERED No. G–BA-14E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, AUGUST 3, 1998/SRAVANA 12, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો.

નંબર પીઓએલ (૧)/વર્શી-૨૧૫૫.—તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ ડાકોર રણછોડરાય મંદિર ખાતે શ્રાવણ સુદ-૧૫નો મેળો ભરાનાર છે. આ તહેવાર દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂઈએ ડાકોર નગરપાલિકાના વિસ્તારમાં તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૯૮ અને તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૮ના દિવસોએ નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું:—

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્યો અથવા શબ, તેમજ પુતળા દેખાડવાનું;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું તથા અશ્લીલ ગીતો ગાવાનું;

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર. :—ડાકોર નગરપાલિકાનો હદ વિસ્તાર.

અપવાદ.:—આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.:—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ

જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયેનો.

નંબર પી.ઓ.એલ.(૧)/વશી-૨૧૬૫.—તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ રણછોડજી મંદિર ખાતે શ્રાવણ સુદ-૧૫ નો મેળો ભરાનાર છે. આ મેળામાં મોટી સંખ્યામાં લોકો વાહનો લઈને આવતા હોય છે. જેના પરિણામે યાત્રિકોને ચાલવામાં હાલાકી ભોગવવી પડે છે. આથી ટ્રાફિકનું નિયમન થાય અને યાત્રિકો સરળતાથી ચાલી શકે તે માટે ઉકત કાયદાની કલમ-૩૩ (૧) નું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૯૮ અને તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૮ એમ બન્ને દિવસો સુધ્ધાંત ડાકોર નગર-પાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ.:—"સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન, એસ. ટી. બસ તથા હાઈવે ઉપરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહીં."

શિક્ષા.:—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 164 REGISTERED No. G—BA—14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, AUGUST 4, 1998 / SRAVANA 13, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનું

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/૯૮ .—હાલમાં પવિત્ર શ્રાવણ માસ ચાલુ હોઇ તેમજ વિવિધ સ્થળોએ મેળાઓ યોજાનાર હોઇ તથા વિવિધ ધાર્મિક કાર્યક્રમો તહેવારો આવતા હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે તથા કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ તકેદારીનાં પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨૯મી જુલાઇ ૧૯૯૮ ના રોજ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઇ ફરમાવું છું.

૧ શસ્ત્રો. દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદૂક ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરીક ઇજા કરી શકાય તે સાથે ફરવાનું;

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાંખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું;

(૪) કોઇ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઇ જવાનું;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતાળ દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો પત્રીકાઓ પ્લેકાર્ડો. અથવા ફેલાવો કરવાનું.

અપવાદ

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઇપણ અધિકારીશ્રીએ જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ;

INDEX

૨. સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતએ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

૩. કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ શ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ;

૪. ખેતીના ઓજારો કામે લઇ જતાં ખેડૂતો.

૫ આ જારનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઇ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૭મી જુલાઇ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

જાહેરનામું.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/૯૮.—હાલમાં પવિત્ર શ્રાવણ માસ ચાલુ હોઇ તેમજ વિવિધ સ્થળોએ મેળાઓ યોજાનાર હોઇ તથા વિવિધ ધાર્મિક તહેવારો આવતા હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩ (૩૭) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૪મી જુલાઇ ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં તેમ સરઘસ કાઢવું નહી.

ખુલાસો :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતા ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૭મી જુલાઇ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 165

REGISTERED No.G-BA-14 E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol, XXXIX] WEDNESDAY, AUGUST 5, 1998 /SRAVANA 14, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી. / ઉગપક / જાહેરનામું / ૨૯૯૯/૧૯૯૮.— મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, કે. એન. શર્મા, (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતીને લક્ષમાં રાખી જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમાં સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી ઓગસ્ટ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.

(૧) કોઈપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક કે લાકડી જેવા સાધનો કે જે ચીજ થી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં.

(૨) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં.

(૩) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(૪) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં.

(૫) કોઈપણ આકૃતિ કે પુતળા દેખાડવા નહીં.

(૬) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં.

(૭) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો કે પ્લેકાર્ડ કે પત્રિકા અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં. અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ તેમજ હોય પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરીક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 166 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] WEDNESDAY, AUGUST 5, 1998 / SRAVANA 14, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

Order

No. SUP / ENF/ B / DTN/PBM/9/98/WS/2544/98.- Shri Kamleshkumar Manilal Shah, resident of 12, Sampatrao Colony, Alkapuri, Vadodara was found indulged in activities of black marketing of essential commodities such as Kerosene. Therefore, I had issued a preventive detention order for aforesaid Shri Kamleshkumar Manilal Shah *vide* in order No. DTN/PBM/SR/9/98, dated 7th April 1998 under the powers vested in me by provisions of section 3(2) of Prevention of Black Marketing of Essential Commodities and Maintenance of Supplies Act, 1980. The above mentioned detention order was ratified by Food, Civil Supplies and Consumer Affairs Dept. of Government of Gujarat *vide* order No. DTN/1198/601(1) Special dated 17th April, 1998. I have enough reasons to believe from informations available with me and from the reports received from Police Commissioner, Vadodara City that Shri Kamleshkumar Manilal Shah, for whom the aforesaid prevention order is issued is absconding or hiding himself in such a manner that inspite of several efforts, concerned order cannot be served on him. Therefore, I had ordered concerned absconding person Shri Kamleshkumar Manilal Shah to present himself within the time limit of 35 days from the date of issuance of notification, before Police Commissioner, Vadodara City by a notification No. DTN/PBM/SR/2/98/Enfo/B/ws/1724/98, dated 24th May, 1998 published as per provision of section 7*(1)* of prevention of black marketing of Essential Commodities and Maintenance of Supplies, Act, 1980 and powers vested in me by above Act, con- cerned notification was published as per prescribed legal procedure. Inspite of that, concerned absconding person Shri Kamleshkumar Manilal Shah has not presented himself before Police Commissioner Vadodara City, within the stipulated time limit.

Smt. Jasudben Shah admitted a Special Civil Application No. 4402/98 before Hon. Gujarat High Court against aforesaid order in which a stay order was extended for two weeks by an order, dated 9th July, 1998 of Gujarat High Court. Thereafter, Smt. Jasudben, the mother of

absconding detainee and his brother Shri Prakashbhai admitted a revenue appeal No. 912/98, dated 14th July, 1998 before a Civil Judge (C. D.), Vadodara in which Government of Gujarat and others were treated as respondents. It has pleaded that though an immovable asset situated at flat No. 7, Aram Apt., is shown as independent property of Shri Kamleshkumar Manilal Shah by an entry in city Survey No. 1823/3, they are having their own interests, rights and share in concerned property. Therefore, confiscation procedure in respect of that property should be stopped and asked for a stay order. Hon. court has dismissed this demand of plaintiff (Annx. 5) *vide* order dated 22nd July, 1998 and directed the plaintiff to pay the expenditure of concerned application.

Therefore, I hereby declare concerned person Shri Kamleshkumar Manilal Shah, resident of 12, Sampatrao Colony, Alkapuri, Vadodara as an absconder using the powers entrusted to me under the provisions of section 7(1) of prevention of black marketing of Essential Commodities and Maintenance of Supplies Act, 1980 and section 82, 83, 84, 85 of Criminal Procedure Code and order to confiscate all the movable and immovable properties/assets belonging to the aforesaid person.

Description of assets :

Flat No. 7 on first floor of Aram Apartment built on plot No. 12 which bears a city survey No. 1823/3 in Sampatrao Colony, situated in Alkapuri area of Vadodara City and all the immovable property contained in that flat.

I also authorise Mamlatdar, Vadodara City, to immediately undertake procedure to attach above mentioned properties/assets. If concerned absconding person Shri Kamleshkumar Manilal Shah fails present himself before me or Police Commissioner, Vadodara City, within the time limit of 30 days from the date of this order. Confiscated assets will be forfeited in favour of Government and procedure for their disposal by public auction will be initiated.

Vadodara, 30th July, 1998.

A. G. MUKIM,
District, Magistrate,
Vadodara.

PRINTED AT THE GOVT. PRESS, VADODARA.

INDEX

Extra No. 167

REGISTERED No. G-BA.-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, AUGUST 10, 1998 / SRAVANA 19, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું.

ક્રિમિનલ પ્રોસીજર કોડની ૧૯૭૩ની કલમ-૮૨ સાથે વાંચતાં આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ ૧૯૮૦ની કલમ-૭ (બી) મુજબ

નંબર ઈ/પુરવઠા/ડીટેએન/૧૯૬૦/૭૫.—શ્રી ભરતભાઈ નારણભાઈ પટેલ, કેશીયર અને વહીવટકર્તા આરાસુરી પેટ્રોલીયમ કીડોતર, તાલુકા અમીરગઢ રે. કીડોતર, તા. અમીરગઢ મૂળ રહેવાસી બાલીસણા તાલુકા પાટણની ગેરકાયદેસરની પ્રવૃત્તિના કારણે આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ ૧૯૮૦ની કલમ-૩ (૨) અન્વયે અટકાયત કરવા હુકમ કરેલ છે અને તે ઉપરથી કાઢેલ વોરંટ ઉપર એવો શેરો થઈને આવેલ છે કે, સદરહું શ્રી ભરતભાઈ નારણભાઈ પટેલ કેશીયર અને વહીવટકર્તા આરાસુરી પેટ્રોલીયમ કીડોતર, તાલુક, અમીરગઢ રે. કીડોતર, તાલુકા અમીરગઢ, મૂળ રહે. બાલીસણા, તાલુકા પાટણ જેઓ મળી આવતા નથી અને જેની ખાતરી કરવવામાં આવેલ છે કે સદરહુ શ્રીભરતભાઈ નારણભાઈ પટેલ સદરહુ વોરંટ પોતાના ઉપર બજે નહીં એટલા માટે સંતાતો ફરે છે અને ફરાર થયેલ છે.

આથી હું, પી. ડી. વાઘેલા, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા, આથી જાહેરનામું કાઢીને ફરમાવું છું કે સદર શ્રી ભરતભાઈ નારણભાઈ પટેલ, કેશીયર અને વહીવટકર્તા "આરાસુરી પેટ્રોલીયમ" કીડોતર, તાલુકા અમીરગઢ, રહે. કીડોતર, તા. અમીરગઢ મુળ રહેવાસી બાલીસણા, તાલુકા પાટણને સદરહુ જાહેરનામાં અનુસંધાને સને ૧૯૯૮ના સપ્ટેમ્બર મહીનાની ૧લી (પહેલી) તારીખ સવારના ૧૧-૦૦ કલાકે અથવા તે પહેલાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી, બનાસકાંઠા સમક્ષ હાજર થવું.

જાહેરનામામાં દર્શાવેલ ઉકત સમય સુધીમાં હાજર થવામાં કસુર કરવામાં આવશે તો ક્રીમીનલ પ્રોસીજર કોડની ૧૯૭૩ની કલમ ૮૩ નીચે સ્થાવર/જંગમ મિલ્કત જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા. પાલનપુર.

Supple. C. G. I.-Extra— 167/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 168 REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, AUGUST 10, 1998 / SRAVANA 19, 1920

Separate paging is given to each part of the Supplement to the CentralGazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માની કલમ-૩૭(૧) મુજબ.

નં. એમ. એ. જી./૨થી/૨૫૮/૯૮.—આગામી રક્ષાબંધન તેમજ જન્માષ્ટમીના તહેવારો તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાન્તિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારુ સાવચેતીના પગલાંની આવશ્યકતા રહે છે. વાસ્તે હું એમ. આર. વરસાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રુએ પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮ના ૦.-૦૦ કલાકથી તારીખ ૩૧માં ઓગસ્ટ ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબ કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથીયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાની કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથીયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) ઝુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવાનું કે, અસભ્યતા અગર નીતીનાં ભંગ કરે, તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નિતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથીયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ, સબ ડીવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાટણ, રાધનપુર, જિલ્લા પોલીસ અધિકારીશ્રી પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રી એ જેને શારીરીક અશકિત ના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

એમ. આર. વરસાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 169

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, AUGUST 10, 1998 / SRAVANA 19, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયેનો હુકમ.

નંબર પી. ઓ. એલ(૪)/આર્મ્સ/વશી.—જિલ્લા પોલીસ વડાશ્રી ખેડાએ વીરપુરમાં દરિયાઈ પીર દરગાહે ઉર્સ યોજાનાર હોઈ તથા ગળતેશ્વ મુકામે પુનમ નિમિત્ત મેળો ભરાનાર છે. આ પ્રસંગોએ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ભેગા થનાર છે. જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા ઉક્ત કાયદાની કલમ ૩૭(૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા તારીખ ૨૮મી જૂલાઈ ૧૯૯૮ના પત્રથી દરખાસ્ત કરેલ છે. સદરહુ પત્ર આ કચેરીને તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ ટપાલ દ્વારા મળેલ છે. જિલ્લા પોલીસ વડાશ્રીની દરખાસ્તને ધ્યાને લેતાં આ મેળાના પ્રસંગે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) મુજબનું જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે. હું. ડી. એચ. શાહ, જી.એ.એસ. અધિક, જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ વીરપુર તાલુકાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગળતેશ્વર મેળાનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૮થી તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૯૮ સુધીના દિવસોએ નીચેના કૃત્યોના કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચી અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈ-પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—વીરપુર તાલુકાનો સમગ્ર મહેસુલી વિસ્તાર, ગળતેશ્વર મેળાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકર કે કામ કરતો કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 170 REGISTERED No. G BA-14-

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, AUGUST 10, 1998 / SRAVANA 19, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

વંચાણમાં લીધા :

(૧) અત્રેની કચેરીના હુકમ નં. ઈ. પુરવઠા કસન. ભાવ. વશી.-૩૨૭-૩૬૫, તારીખ પમી ફેબ્રુઆરી, ૧૯૯૮.

(૨) સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક કસન / ૧૧૯૭ / ૨૩૫૪ / બ, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૮.

(૩) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર--૧૯૯૩.

હુકમ

નંબર ઈ. પુરવઠા / કેરોસીન/ભાવ. વશી./૨૦૫૮/૯૮.—આમુખ-૧ માં જણાવેલ હુકમથી જિલ્લાના જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટ તથા છુટક વિકેતા ફેરીયાઓને સિધ્ધપુર ટર્મિનલ ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના ભાવો આ અગાઉ ઠરાવવામાં આવેલ હતા.

આમુખ-૨ના પત્રથી સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગર હાલ કેરોસીન છુટક વિક્રેતાઓને એક કીલોલીટરે રૂા. ૬૯ કમીશન આપવામાં આવે છે. તેમાં સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે કેરોસીન છુટક વિક્રેતાના કમીશનમાં પ્રતિ-કીલોલીટરે રૂા. ૪૪ નો વધારો કરેલ છે. ગ્રાહકોને વેચવામાં આવતા હાલના કેરોસીનના વેચાણ ભાવમાં પ્રતિ લીટરે રૂા. ૦--૦૫ પૈસા મુજબ વધારો થાય તે જોવા સરકારશ્રીએ જણાવેલ છે.

ઉપરોકત વિગતે કેરોસીન છુટક વિક્રેતા / ફેરીયા કમીશન ૬૯--૦૦ ના બદલે ૧૧૩--૦૦ કરવા હુકમ કરવામાં આવે છે. આમુખ--૩ માં દર્શાવેલ જોગવાઈઓમાંથી મળેલ સત્તાની રૂએ હું, પી. ડી. વાઘેલા, આઈ. એ. એસ., કલેકટર બનાસકાંઠા, કેરોસીનના કેન્દ્રવાર વેચાણ ભાવો નીચે મુજબ ઠરાવું છું:—

અનુ. નંબર	સ્થળનું નામ	એજન્ટે છુટક વિક્રેતા/ફેરીયાને ધંધાના સ્થળે ડીલીવરી આપવાના ભાવ એક કીલો લીટરના	છુટક વિક્રેતા/ ફેરીયાએ વાપરનાર વર્ગને (ગ્રાહક) ને વેચાણ કરવાનો ૧(એક) લીટરનો ભાવ
૧	૨	૩	૪
૧	પાલનપુર	૨૭૦૭-૪૫	૨.૮૫
૨	ડીસા	૨૭૦૭૪૫	૨.૮૫
૩	ભીલડી	૨૭૦૭-૪૫	૨.૮૫
૪	ધાનેરા	૨૭૩૧-૩૫	૨.૯૦
૫	દિયોદર	૨૭૫૮-૪૦	૨.૯૦
૬	ભાભર	૨૮૦૦-૦૦	૨.૯૫
૭	શિહોરી	૨૭૪૩-૮૫	૨.૯૦
૮	થરા	૨૭૭૨-૯૫	૨.૯૫
૯	થરાદ	૨૭૭૯-૨૦	૨.૯૫
૧૦	દાંતા	૨૭૦૭-૪૫	૨.૮૫
૧૧	વડગામ	૨૭૦૭-૪૫	૨.૮૫
૧૨	વાવ	૨૮૦૪-૧૫	૨.૯૫

આ ભાવો નીચેની શી શરતોને આધીન રહેશે.—

શરતો :

(૧) આ ભાવોનો અમલ તારીખ ૧લી ઓગસ્ટ, ૧૯૯૮ થી કરવાનો રહેશે. આ ભાવો અમલમાં આવતાં અગાઉના ભાવો રદ ગણાશે.

(૨) આ ભાવોમાં ટ્રાન્સપોર્ટ ચાર્જ ૧--૦૪ પૈસા પ્રતિ કી. લી. એ ગણવામાં આવેલ છે. ઈતર ખર્ચ એજન્ટ કક્ષાએ ૪૦--૩૦ તથા કમીશન રૂા. ૧૨૬ ગણવામાં આવેલ છે. જ્યારે છુટક વિતરણકર્તા ફેરીયાઓ કક્ષાએ ઈતરખર્ચ ૩૪/- તથા કમીશન ૧૧૩/-- પ્રતિ કી. લી. એ ગણવામાં આવેલ છે.

(૩) એજન્ટે કેરોસીનનો જથ્થો છુટક વિક્રેતા / ફેરીયાના ધંધાના સ્થળે ઉતારવાનો રહેશે.

(૪) ઉપર મુજબના ભાવોમાં તમામ સ્ટેજે આવતા કમીશનનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) ઉપરોક્ત ઠરાવેલ ભાવથી ડીલર / છુટક વિક્રેતા / ફેરીયાઓ વધારે ભાવો લઈ શકશે નહીં.

(૬) કેરોસીનનો વેપાર કરતા ડીલર / છુટક વિક્રેતાઓ ધંધાના સ્થળે ભાવો પ્રદર્શિત કરવાના રહેશે.

(૭) ઉપરના ભાવો સિધ્ધપુર ટર્મિનલ પોઈન્ટ ઉપરથી સપ્લાય થતાં કેરોસીનને લાગુ પડશે.

(૮) તમામ કેરોસીન એજન્ટોના ટેન્કર સિધ્ધપુર વાયા પાલનપુર થી પસાર કરવાના રહેશે.

(૯) ડીલરે રીટેલર / ફેરીયાના ધંધાના સ્થળે કેરોસીનનો જથ્થો ઉતારવા પેટે ૧ લીટરના ૦.૦૫ પૈસા ટ્રાન્સપોર્ટ ચાર્જની ગણતરી આ ભાવોમાં કરવામાં આવેલ છે.

(૧૦) આ ભાવોમાં સેલટેક્ષ તથા સિધ્ધપુરની ઓકટ્રોયનો સમાવેશ કરવાનો નથી.

(૧૧) આ ભાવોમાં સ્થાનિક ઓકટ્રોયનો સમાવેશ થયેલ નથી. સ્થાનિક ઓકટ્રોય અલગ ગણવાની રહેશે અને તેના કારણે છુટક વેચાણ ભાવોમાં ફેરફાર થઈ શકશે. આ ફેરફાર જે તે મામ. શ્રી પાસે મંજુર કરાવવાનો રહેશે.

પત્રક ૧

કેરોસીન એજન્ટોને છુટક વિક્રેતાઓના ધંધાના સ્થળે કેરોસીનની ડીલીવરી આપવા એક કીલોમીટરે વેચાણ ભાવ તથા ઘરગથ્થું વપરાશ માહીતી :

અનુ. નંબર	ડીલરનું ધંધાનું સ્થળ.	ઓઈલ ડેપો સિધ્ધપુરના એક કી.લી. નો ભાવ.	ડીલરનું કમીશન ઈતર ખર્ચ સહીત કમીશન ૧૨૬-૦૦ ઈતરખર્ચ ૪૦-૩૦ ———— ૧૬૬-૩૦	સિધ્ધપુર ટર્મીનલ ડીલરના ધંધાના સ્થળના કી.મી.	૧ કીલો મીટર ૧ કી લો લીટરના ૧-૦૪ પૈસા મુજબ ટ્રાન્સપોર્ટ ચાર્જ ટુંકા અંતરના ૧૭૧-૬૦ પૈ.	ડીલરે રીટેલરના-- ધંધાના સ્થળે- કેરોસીનના જથ્થા ઉતારવા પેટે ૧ લીટરના ૦-૦૫ પૈસા	એજન્ટે છુટક વિક્રેતાના ધંધાના- સ્થળ વેચાણ કરવાનો ૧ કી.લી. નો વેચાણ ભાવ.
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	પાલનપુર	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૬૦	૧૭૧-૬૦	૫૦-૦૦	૨૭૦૭-૪૫
૨	ડીસા	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૧૨૦	૧૭૧-૬૦	૫૦-૦૦	૨૭૦૭-૪૫
૩	ભીલડી	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૧૫૪	૧૭૧-૬૦	૫૦-૦૦	૨૭૦૭-૪૫
૪	ધાનેરા	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૧૮૮	૧૯૫-૫૦	૫૦-૦૦	૨૭૩૧-૩૫
૫	દિયોદર	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૨૪૪	૨૨૨-૫૫	૫૦-૦૦	૨૭૫૮-૪૦
૬	ભામર	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૨૫૪	૨૬૪-૧૫	૫૦-૦૦	૨૮૦૦-૦૦
૭	શિહોરી	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૨૦૦	૨૦૮-૦૦	૫૦-૦૦	૨૭૪૩-૮૫
૮	થરા	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૨૨૮	૨૩૭-૧૦	૫૦-૦૦	૨૭૭૨-૯૫
૯	થરાદ	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૨૩૪	૨૪૩-૩૪	૫૦-૦૦	૨૭૭૪-૨૦
૧૦	દાંતા	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૧૩૪	૧૭૧-૬૦	૫૦-૦૦	૨૭૦૭-૪૫
૧૧	વડગામ	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૩૩	૧૭૧-૬૦	૫૦-૦૦	૨૭૦૭-૪૫
૧૨	વાવ	૨૩૧૯-૫૫	૧૬૬-૩૦	૨૫૯	૨૬૮-૩૦	૫૦-૦૦	૨૮૦૪-૧૫

INDEX

પત્રક ૨

કેરોસીન છુટક વિક્રેતાએ ઘરગથ્થું વાપરનાર ગ્રાહકોને વહેંચણી કરવાના લીટરના ભાવ :

અનુ. નંબર	જથ્થાનું વિક્રેતાનું ધંધાનું સ્થળ.	૧ કીલો લીટરના કેરોસીનની છુટક-વિક્રેતા/ફેરીયાની-ખરીદ કિંમત	છુટક વિક્રેતા ફેરીયા કમીશન ઈતરખર્ચ સહીત-- કમીશન ૧૧૩-૦૦ ઈતરખર્ચ ૩૪-૦૦ ૧૪૭-૦૦	કોલમ નં. ૩ અને ૪નો સરવાળો.	છુટક વિક્રેતા પરવાનેદાર શ્રી-પડતર કીંમત સાથે-૧ લીટરના ભાવ રૂા. પૈ.	છુટક વિક્રેતાઓ/ફેરીયાએ ગ્રાહ-કો (વાપરનાર) ને વેચાણ કરવાનો ૧ લીટરનો ભાવ રાઉન્ડ ફીગરમાં--
૧	૨	૩	૪	૫	૬	૭
૧	પાલનપુર	૨૭૦૭-૪૫	૧૪૭-૦૦	૨૮૫૪-૪૫	૨.૮૫	૨-૮૫
૨	ડીસા	૨૭૦૭-૪૫	૧૪૭-૦૦	૨૮૫૪-૪૫	૨.૮૫	૨.૮૫
૩	ભીલડી	૨૭૦૭-૪૫	૧૪૭-૦૦	૨૮૫૪-૪૫	૨.૮૫	૨.૮૫
૪	ધાનેરા	૨૭૩૧-૩૫	૧૪૭-૦૦	૨૮૭૮-૩૫	૨.૯૦	૨.૯૦
૫	દિયોદર	૨૭૫૮-૪૦	૧૪૭-૦૦	૨૯૦૫-૪૦	૨.૯૦	૨.૯૦
૬	ભાભર	૨૮૦૦-૦૦	૧૪૭-૦૦	૨૯૪૭-૦૦	૨.૯૫	૨.૯૫
૭	શિહોરી	૨૭૪૩-૮૫	૧૪૭-૦૦	૨૮૯૦-૮૫	૨.૯૦	૨.૯૦
૮	થરા	૨૭૭૨-૯૫	૧૪૭-૦૦	૨૯૧૯-૯૫	૨.૯૫	૨.૯૫
૯	થરાદ	૨૭૭૯-૨૦	૧૪૭-૦૦	૨૯૨૬-૨૦	૨.૯૫	૨.૯૫
૧૦	દાંતા	૨૭૦૭-૪૫	૧૪૭-૦૦	૨૮૫૪-૪૫	૨.૮૫	૨.૮૫
૧૧	વડગામ	૨૭૦૭-૪૫	૧૪૭-૦૦	૨૮૫૪-૪૫	૨.૮૫	૨.૮૫
૧૨	વાવ	૨૮૦૪-૧૫	૧૪૭-૦૦	૨૯૫૧-૧૫	૨.૯૫	૨.૯૫

પાલનપુર, તારીખ ૩જી ઓગસ્ટ, ૧૯૯૮.

પી. ડી. વાઘેલા,
કલેક્ટર, બનાસકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 171

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] MONDAY, AUGUST 17, 1998 / SRAVANA 26, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કોઢેલ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૩૧૮૮/૧૯૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું. કે. એન. શર્મા, (આઇ. પી. એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતી અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમાં સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશ્નર વિસ્તારમાં તારીખ ૧૬મી ઓગસ્ટ ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂક કે લાકડી જેવા સાધનો કે જે ચીજ થી હીંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં.

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં.

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહી.

(ઘ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં.

(ચ) કોઈપણ આકૃતિ કે પુતળા દેખાડવા નહીં.

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં.

(જ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી તેવા ચિત્રો કે પ્લેકાર્ડ કે પત્રિકા અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથીયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરીક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર.
વડોદરા શહેર.

Supple. C. G-I—Extra—171/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 172

REGISTERED No. GJ-A-14-B

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX TUESDAY, AUGUST 18, 1998 / SRAVANA 27, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ (૧) વશી/૨૩૨૨.—તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ જન્માષ્ટમીનો તહેવાર હોવાથી જિલ્લા પોલીસ વડાશ્રી ખેડાએ તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૮ ના પત્ર ક્રમાંક એલ આઈબી/ જન્માષ્ટમી /૧૫૧૪/૯૮ થી આ તહેવાર શાંતિમય વાતાવરણમાં ઉજવાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ઉક્ત કાયદાની કલમ ૩૭ (૧) નું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્તને ધ્યાને લેતાં આ તહેવાર દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા અને ૧૯૫૧ ના મું. પો. અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રુઈએ સમગ્ર ખેડા જિલ્લાનાં તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સૂરુચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો,

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં. :—

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 173

REGISTERED No. GD-A 14E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, AUGUST 20, 1998/ SRAVANA 29, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)-વશી-૨૩૪૦.—તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ રણછોડજી મંદિર ખાતે જન્માષ્ટમીના તહેવારની ઉજવણી થનાર છે. આ દરમ્યાન સમગ્ર ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં લોકો વાહનો લઈને આવતા હોય છે. જેના પરિણામે યાત્રિકોને ચાલવામાં હાલાકી ભોગવવી પડે છે. આથી ટ્રાફિકનું નિયત થાય અને યાત્રિકો સરળતાથી ચાલી શકે તે માટે ઉકત કાયદાની કલમ-૩૩ (૧) નું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હુ, ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૮ અને તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ એમ બન્ને દવસો સુધ્ધાંત ડાકોર નગરપાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ.—સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન, એસ. ટી. બસ તથા હાઈવે ઉપરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહીં.

શિક્ષા.—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 174

REGISTERED No. G-BA -14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, AUGUST 20, 1998 / SRAVANA 29, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર પી.ઓ.એલ./જાહેરનામું / ૩૭ (૧)/૯૮.—હાલમાં પવિત્ર શ્રાવણ માસ ચાલુ હોઈ તેમજ જન્માષ્ટમી તથા ગણેશ ચતુર્થીના તહેવારો આવતાં હોઈ તેમજ વિવિધ સ્થળોએ મેળાઓ યોજાનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ તકેદારીનાં પગલાંરૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાંખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળાં દેખાડવાનું, સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ :

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જે શારિરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

INDEX

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો ધાર્મિક રિવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીએ અગાઉથી લેખીતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના ઓજારો કામે લઈ જતાં ખેડુતો.

(૫) આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

જાહેરનામું

પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પી.ઓ.એલ./જાહેરનામું/૩૭(૩)/૯૮.—હાલમાં પવિત્ર શ્રાવણ માસ ચાલુ હોઈ તેમજ જન્માષ્ટમી તથા ગણેશ ચતુર્થીના તહેવારો આવતાં હોઈ તેમજ વિવિધ સ્થળોએ મેળાઓ યોજનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારુ તકેદારીનાં પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિમતનગર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો.—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતાં ખેડુતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 175

REGISTERED No. G-BA14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, AUGUST 24, 1998 / BHADRA 2, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર પોલ/રોપએજી/વર્શ/૬૧૨૮ થી ૬૨૦૭/૧૯.— હાલમાં કોલેજના પ્રાધ્યાપકોનું પગાર બાબતે અસંતોષ હોઇ આંદોલન ચાલુ હોઇ તેમજ કેન્દ્રના આબકારી અને જકાત ખાતાના (કસ્ટમ)ના કર્મચારીઓનું પણ પગાર બાબતે આંદોલન ચાલુ હોઇ તેમજ મોંઘવારી વિરૂધ્ધમાં કોંગ્રેસ પક્ષ તથા બીજા પક્ષો તરફથી આંદોલનો ચાલુ હોઇ તેમજ રક્ષાબંધન તથા જન્માષ્ટમીના તહેવાર આવતા હોઇ આ સમય દરમ્યાન જિલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેરના) હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાનો સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવાનું અત્યંત જરૂરી હોઇ વ્યકિતઓની મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ઉપરોકત વિસ્તારમાં તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૮ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮ ના૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.—

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહિ.
(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહી.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ.
(૨) કોઇ લગ્નના વરઘોડાને.
(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષક દળની વ્યકિતઓને.
(૪) કોઇપણ સ્મશાનયાત્રાને.
(૫) કોઇપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભાઓની પરવાનગી સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

Supple. C. G. I—Extra—175/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODRRA

INDEX

Extra No. 176 REGISTERED No. GB-A-14

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, AUGUST 27, 1998 / BHADRA 5, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એસ.બી./ઉગપક / જાહેરનામું/૩૨૪૩/૯૮.— આગામી ગણેશોત્સવના તહેવારની ઉંજવાણી દરમ્યાન જાહેર જગ્યાઓએ એટલે કે ગણેશજીની સ્થાપનાના સ્થળોએ તેમજ વિસર્જનના દિવસે ગણેશજીના સરઘસના સમયે જતાં આવતાં રાહદારીઓ તથા વાહનોમાં તથા વાહનો ઉપર જતા આવતા શખ્સો ઉપર તેમજ મકાન કે મિલ્કત ઉપર દર્શનાર્થે ઉભેલ જનતા ઉપર સફેદ પાવડર, કોરો, પાણી કે અન્ય તૈલી પદાર્થોમાં મિશ્રીત કરી પ્લાસ્ટીકની નાની થેલીઓ ભરી છુટો ફેંકવામાં તથા લગાડવામાં આવે છે.

ગણેશ ઉત્સવના સમયે વપરાતો પાવડર જાહેર જનતા ઉપર ફેંકવાના, લગાડવાના કૃત્યથી જાહેર જનતાને ત્રાસ અથવા ઈજા થવાની તથા બખેડો કે હુલ્લડો થવાની પુરતી શકયતાઓ છે.

તેથી હું કે. એન. શર્મા (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વડોદરા શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ વ્યકિતઓએ ગણેશ સ્થાપના સ્થળોએ તેમજ ગણપતી વિસર્જનના સરઘસ સમયે જાહેર જગ્યાએ અવાતા જતા રાહદારીઓ ઉપર તથા વાહનોમાં તથા વાહનો ઉપર જતા આવતા શખ્સો ઉપર કે મકાનો તથા મિલ્કત ઉપર હાજર રહેલા શખ્સો ઉપર સફેદ પાવડર, છુટો, પ્રવાહી કે અન્ય તૈલી પદાર્થો સાથે ભેળવી છુટો કે પ્લાસ્ટીકની થેલીમાં ફેંકવો કે ફેંકવાનું નહી. તેમજ હાથમાં લઈ વ્યકિતઓને રોકી લગાડવો નહીં.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની સને (સને ૧૯૬૦ના અધિનિયમની કલમ ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ (૧) (આર) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૩૨૬૬/૧૯૯૮.—તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૮ થી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધી ગણપતિ ઉત્સવનો તહેવાર હોય ગણપતિ સ્થાપનાના સ્થળે સાર્વજનિક આનંદ પ્રમોદની જગ્યામાં પ્રવેશ કરવાની / દાખલ થવાની ગમે તે નામે ઓળખાતી ટીકીટ અથવા તેના પાસના પૈસા મેળવી વેચાણનું નિયમન કરવા મનાઈ ફરમાવવી જરૂરી છે. જેથી

હું કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ગણપતિ સ્થાપનાના સાર્વજનિક આનંદપ્રમોદની જગ્યામાં દાખલ થવાની ગમે તે નામે ઓળખાતી કે કોઈપણ બેનર નીચે છપાયેલી ટીકીટ અથવા તેના પાસ અગર ટીકીટના ભાગનું વેચાણ પૈસા મેળવી કરવું નહીં જે નિયમન કરવા સારૂ આ મનાઈ ફરમાવવામાં આવે છે.

જે કોઈ ગણપતિ આયોજક અગર સંસ્થા કે મંડળ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી/કરાવશે તો મુંબઈ પોલીસ ધારા કલમ-૧૩૧ (ક) મુજબ સજાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 177 REGISTERED No G—BA- 1 E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, AUGUST 27, 1998 / BHADRA 5, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Centre Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETT

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ માંની કલમ ૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/૫૮૦/૬૨૦.—તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૯૮ થી ૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ જિલ્લામાં ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર હોઈ તે દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ જિલ્લા પોલીસ વડાશ્રી આણંદે તેમના તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮ના પત્રથી કલમ-૩૭ (૩) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે. જેથી જિલ્લાંમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ પ્રત્યાઘાતો ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, કે. એન. ભટ્ટ, જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૯૮થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફૂટપાથો, ગલીઓ અને પેટા-ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના, મુંબઈ અધિનિયમ ની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી માહે ઓગસ્ટ ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. એન. ભટ્ટ
જિલ્લા મેજિસ્ટ્રેટ
આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 178 REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, AUGUST 27, 1998 / BHADRA 5, 1920

Separate paging is given to each part of the Supplement to the CentralGazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

આદેશ

નંબર પીઓએલ/વશી/૬૨૧/૬૬૧.—તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૯૮ થી તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ દરમ્યાન જિલ્લામાં ગણેશ મહોત્સવની ઉજવણી થનાર હોઇ અને તે દરમ્યાન જિલ્લામાં શાંતિ જળવાઇ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે જિલ્લાનાં પોલીસ વડાશ્રી આણંદ (દક્ષિણ) નાઓએ તેમના પત્ર ક્રમાંક એલ. આઇ. બી./ગણેશમહોત્સવ (જાહેરનામું / ૧૯૯૮ તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮ના પત્રથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, આઇ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૯૮થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઇ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું.

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો

અપવાદ : આ કામનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઇપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથયિાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી, કે તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારી જેને શારીરીક અશકિતને કારણે લાકડી, કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭ માહે ઓગસ્ટ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

આઇ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 179 REGISTERED No. G-BA-14E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, AUGUST 28, 1998/BHADRA 6, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પી.ઓ.એલ (૧) ૨૪૬૩/૯૮.—તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજથી જિલ્લાનાં જુદા જુદા સ્થળોએ ગણપતિ સ્થાપના થનાર છે. અને તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ દરમ્યાન "ગણેશ ચતુર્થી વિસર્જન" નો કાર્યક્રમ યોજાનાર છે. તથા તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૮ થી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના સમય દરમ્યાન જિલ્લામાં કેટલાક સ્થળોએ લોકમેળો ભરાનાર છે. આથી આ સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તથા તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી ખેડાએ તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૮ ના વાયરલેસ મેસેજથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)નું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું. ડી. એચ. શાહ, જી.એ.એસ.અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૮ થી ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું

વિસ્તાર :— સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિઆદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 180

REGISTERED No.GB-A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, AUGUST 31, 1998 / BHADRA 9, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and General Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સોલા (હાઈકોર્ટ) પોલીસ સ્ટેશન શરૂ કરવા આ અગાઉ બહાર પાડેલ જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૩૮૭/'૯૮, આથી રદ કરવામાં આવે છે.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક ઉ/ગપક/૭૦૩/'૯૮.—ગૃહ વિભાગના તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ના ઠરાવ ક્રમાંક પસથ/૧૦૯૭/૧૫૪૩/વ થી અમદાવાદ શહેરમાં સોલા/હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખોલવાનો ઠરાવ થતાં, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ(સને-૧૯૫૧ ના ૨૨માં)ની કલમ ૧૨થી અપાયેલ સત્તાની રુએ, હું હીરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામા ક્રમાંક ઉ/ગપક/૫૩૯/૧૯૯૧થી ઘાટલોડીયા સેટેલાઈટ ઉપ વિભાગની નક્કી કરવામાં આવેલી હદ, વિસ્તારમાં ફેરફાર કરી નીચે જણાવ્યા મુજબના ઘાટલોડીયા, સેટેલાઈટ, સોલા (હાઈકોર્ટ) પોલીસ સ્ટેશન તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૮થી અસ્તિત્વમાં આવે તે રીતે હદ વિસ્તાર નક્કી કરું છું.

(૧) નવું સૂચિત સોલા પોલીસ સ્ટેશન ઉપ-વિભાગ, અમદાવાદ શહેર.

પૂર્વ :— દુરદર્શન કેન્દ્ર ચાર રસ્તા થઈ, ગોયલ ઈન્ટરસીટી ચાર રસ્તા થઈ, સન-એન-સ્ટેપ કલબ થઈ, સત્તાધાર ચાર રસ્તા થઈ, દેવગીરી-સોસાયટી, ઉમેદ પાર્ક, જનતા નગર, લક્ષ્મણ ગઢનો ટેકરો ચાર રસ્તા થઈ, નંદ બંગલો થઈ, સાવન કોમ્પ્લેક્ષ થઈ, ભાગ્યોદય સોસાયટી વિભાગ-૩ થઈ, ડાબી બાજુ ચાણકયપુરી રેલ્વે ફાટક સુધીનો રોડ સહિતનો સમગ્ર વિસ્તાર.

ઉત્તર:— ચાણકયપુરી ફાટકથી ચાંદલોડીયા ફાટક થઈ, અર્જુન આશ્રમ, ધોળકા રેલ્વે ક્રોસ લાઈનથી ઉત્તરે ચાંદલોડીયા ગામની સીમના સર્વે નંબર સુધીનો સમગ્ર વિસ્તાર.

દક્ષિણ.— દુરદર્શન કેન્દ્ર ચાર રસ્તાથી સીધા રોડે થલતેજ ચાર રસ્તા થઈ, સમગ્ર થલતેજ ગામ સહિત તેની સીમના સમગ્ર સર્વે નંબર.

પશ્ચિમ:— થલતેજ ગામના પશ્ચિમના સમગ્ર સર્વે નંબરો તથા સોલા અને ભાડજ તેમજ ચાંદલોડીયા ગામની સીમના સર્વે નંબરો છેક ધોળકા રેલ્વે લાઈન સુધીનો સમગ્ર વિસ્તાર.

(૨) સેટેલાઈટ પોલીસ સ્ટેશન ઉપ-વિભાગ, અમદાવાદ શહેર.

પૂર્વ:— ડ્રાઈવઈન રોડ ૧૩૨ ફુટનો રીંગ રોડ મળે છે. ત્યાંથી દક્ષિણે સીધા ગુજરાત યુનીવર્સીટીની પશ્ચિમે થઈ, અંધજન મંડળ થઈ, વસ્ત્રાપુર રોડ, આઈ.આઈ.એમ. થઈ, પાંજરા પોળ સહજાનંદ કોલેજ થઈ, નહેરુનગર ચાર રસ્તા થઈ, આયોજન નગર (શ્રેયસ) ક્રોસીંગ સુધીનો રોડ સિવાયનો વિસ્તાર.

પશ્ચિમ :—થલતેજ ગામની સીમ સિવાય આંબલી રોડ રેલ્વે સ્ટેશન થઈ, દક્ષિણનો વિસ્તાર થઈ, બોડકદેવ ગામની સીમ થઈ,

INDEX

રાજપથ ક્લબની પાછળના ભાગે થઈ, જોધપુર ગામના સર્વે નંબરો થઈ, મહંમદપુરાના પાટીયા સુધીનો વિસ્તાર.

દક્ષિણ:— શ્રેયસ ક્રોસીંગથી રેલ્વે લાઈનથી વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન થઈ, જોધપુર વસ્ત્રાપુરની સીમ થઈ મહંમદપુરા પાટીયા સુધીનો ઉત્તર તરફનો વિસ્તાર.

ઉત્તર:— ૧૩૨ ફુટનો રીંગ રોડ ડ્રાઈવ-ઈન રોડને ગુજરાત યુનિવર્સીટીની પાછળ મળે છે ત્યાંથી સીધા રોડે ગુરુકુળ ત્રણ રસ્તા સુધી રોડ સહિતનો તથા ગુરુકુળ ત્રણ રસ્તાથી સુભાષચંદ્ર બોઝના પૂતળા સુધી રોડ સહિતનો, સુભાષચંદ્ર બોઝના પુતળાથી ગોયલ ઈન્ટરસીટી ચાર રસ્તા સુધી રોડ સહિતનો, ત્યાંથી દુરદર્શન કેન્દ્ર ચાર રસ્તા થઈ ડ્રાઈવ-ઈન રોડે સીધા થલતેજ ચાર રસ્તા થઈ સરખેજ ગામની સીમના સર્વે નંબર સિવાય આંબલી રોડ સુધીનો સમગ્ર રોડ સહિતનો વિસ્તાર.

(૩) ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ઉપ વિભાગ, અમદાવાદ શહેર.

પૂર્વ:— પૂર્વ અર્જુન આશ્રમ થઈ, નિર્ણયનગર ગ્રામ પંચાયતની હદથી રેલ્વે લાઈન સહિત ચાંદલોડીયા વિરમગામ રેલ્વે લાઈન ધોળકા રેલ્વે લાઈન ધોળકા રેલ્વે લાઈનના ક્રોસીંગ થઈ રેલ્વે લાઈન (ટ્રેક) ને સમાંતર સારશ્વત હાઈસ્કુલ મ્યુનિસિપલ હદમાં લકી એપાર્ટમેન્ટ, ત્યાંથી અંકુર સોસાયટી તરફ આવતા વિસ્તારનો પશ્ચિમ તરફનો ભાગ તેમજ ૧૩૨ ફુટના રોડને મળે છે ત્યાં સુધીના ભાગનો પશ્ચિમ તરફનો ભાગ જે અમદાવાદ ઈલેકટ્રીસીટી કંપની થઈ, ત્યાંથી ૧૩૨ ફુટના રોડે સીધા મેમનગર જુના ટોલનાકા થઈ છેક ગુરુકુળવાળા ડ્રાઈવ-ઈન રોડને મળે છે ત્યાં સુધી રોડ સિવાયનો પશ્ચિમ તરફનો ભાગ.

દક્ષિણ:— ડ્રાઈવ-ઈન રોડને ૧૩૨ ફુટનો રોડ મળે છે ત્યાંથી ડ્રાઈવ-ઈન રોડે રોડે પશ્ચિમ તરફ સીધા ગુરુકુળ ત્રણ રસ્તા સુધી રોડ સિવાયનો સમગ્ર ઉત્તરનો ભાગ તથા ગુરુકુળ ત્રણ રસ્તાથી ઉત્તરે સુભાષચંદ્ર બોઝ ના પુતળા સુધીનો રોડ સિવાયનો વિસ્તાર, સુભાષચંદ્ર બોઝના પુતળાની પશ્ચિમ તરફ એ-વન સ્કુલ થઈ ગોયલ ઈન્ટરસીટી ચાર રસ્તા સુધી રોડ સિવાયનો દક્ષિણનો વિસ્તાર.

પશ્ચિમ:— ગોયલ ઈન્ટરસીટી ચાર રસ્તાથી સન એન સ્ટેપ ક્લબ ચાર રસ્તા થઈ, સતાધાર સોસાયટી ચારરસ્તા થઈ, દેવગીરી સોસાયટી, ઉમેદપાર્ક, જનતાનગર, લક્ષ્મણગઢનો ટેકરો, ચાર રસ્તા થઈ, નંદ બંગલો થઈ, સાવન કોમ્પ્લેક્ષ થઈ, સંભવી કોમ્પલેક્ષ થઈ, ભાગ્યોદય-સોસાયટી વિભાગ-૩ થી ડાબી બાજુ ચાણકયપુરી રેલ્વે ફાટક સુધી રોડ સિવાયનો સમગ્ર વિસ્તાર.

ઉત્તર:— ચાણકયપુરી ફાટકથી ચાંદલોડીયા રેલ્વેસ્ટેશન થઈ ચાંદલોડીયા ફાટક થઈ અર્જુન આશ્રમ પાસે, ધોળકા રેલ્વે લાઈન ક્રોસ થાય ત્યાં સુધી રેલ્વે લાઈન સિવાય લાઈનથી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

અમદાવાદ, તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૮.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 181

REGISTERED No. GB-A-14—E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, SEPTEMBER 1, 1998 / BHADRA 10, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર એમએજી-વશી-પોલ/જાહેરનામું/૬૪૩૨ થી ૬૫૧૦/૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઇ ૨૨મો) અધિનિયમની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આગામી તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૯૮ થી ગણપતિનો ઉત્સવનો તહેવાર આવતો હોઇ તેમજ હાલનાં ભાવ-વધારા વિરોધમાં તેમજ વિવિધ માંગણીઓ અનુસંધાને તથા શિક્ષકોની હડતાલ અન્વયે રેલીઓ, ધરણાં તથા આવેદનપત્રો આપવા વિગેરેના કાર્યક્રમો યોજાતાં હોઇ તેમજ હાલની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ ૦૦-૦૦ કલાકથી ૭મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી જોઇએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું કોઇપણ સાધન લઇ જવું નહીં

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઇપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાના યંત્રો સાધનો લઇ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેર કરવાના બિભત્સ સૂત્રો પોકારવા નહી. અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહી.

(છ) જેનાથી સુરૂચિ નીતિનો ભય થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહી. અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા કોઇપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતાં કોઇ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, તેમણે અધિકૃત કરેલ કોઇ પોલીસ અધિકારી જેને શારીરીક અશકિતના કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ચાર માસ અને વધુમાં વધુ એક (૧) વર્ષ કેદની સજા થશે. અને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ મારી સહી સિકકો કર્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલુ.

નંબર પોલ. એમ.એ.જી. વશી. ૬૫૧૧ થી ૬૫૯૦-૯૮.—હાલમાં મોંઘવારી તથા ભાવવધારા વિરૂધ્ધમાં તેમજ વિવિધ માંગણીઓ સંબંધમાં તથા શિક્ષકોની હડતાલ અન્વયે રેલીઓ ઘરણાં તથા આવેદનપત્રોના યોજવાં વિવિધ કાર્યક્રમ તેમજ આગામી ગણેશોત્સવનો તહેવાર આવતો હોઇ આ સમય દરમ્યાન જિલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર)ના હકુમત સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાનો સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવાનું અત્યંત જરૂરી હોઇ વ્યકિતઓની મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી, હવે, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ ૨૨માંની) કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું. સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૯૮ ૦૦-૦૦ કલાકથી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૮ના ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ,

(૨) કોઇ લગ્નના વરઘોડાને

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષક દળની વ્યકિતઓને

(૪) કોઇપણ સ્મશાનયાત્રાને

(૫) કોઇપણ રાષ્ટ્રીય કાર્યક્રમને

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના મુખ્ય મથકનાં વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભાઓની પરવાનગી સ્થાનિક પરિસ્થિત તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 182 REGISTERED No. GB-A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, SEPTEMBER 5, 1998 / BHADRA 14, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)-વશી-૨૫૬૮.—તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ ભાદરવી સુદ-૧૫નો મેળો ડાકોર રણછોડરાયજી મંદિર ખાતે ભરાનાર છે. આ મેળામાં સમગ્ર ગુજરાત ભરમાંથી મોટી સંખ્યામાં લોકો વાહનો લઈને આવતા હોય છે. જેના પરિણામે યાત્રિકોને ચાલવામાં હાલાકી ભોગવવી પડે છે. આથી ટ્રાફિકનું નિયમન થાય અને યાત્રિકો સરળતાથી ચાલી શકે તે માટે ઉકત કાયદાની કલમ-૩૩ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ અને તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૮ એમ બન્ને દિવસો સુધ્ધાંત ડાકોર નગરપાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ.—સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન, એસ. ટી. બસ તથા હાઈવે ઉપરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહીં.

શિક્ષા.—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 183 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, SEPTEMBER 5, 1998 / BHADRA 14, 1920

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક કમકપ-જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૩૪/૯૮ :—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/ક્યુએલ/૧૯૫૭ ૨૭૫૭થી ૬૧ તારીખ ૨જી જુલાઈ ૧૯૯૬ના જે અન્વયે શ્રી સુભાષચંદ્ર નટવરલાલ સોની,ને મોજે ભમરા તાલુકો લુણાવાડાના સર્વે નંબર ૯૦,૪૯ ને લાગુ મહી નદી પટ્ટ પૈકી ૦-૯૯-૦૦ હેકટર વિસ્તારમાંથી રેતી/ગ્રેવેલ ખનિજ કાઢવા એક વર્ષની મુદતથી ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો-૧૯૬૬ મુજબ તારીખ ૨જી જુલાઈ ૧૯૯૬ થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ······ની અસરથી······વર્ષની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ·········· ના રોજ પુરી થયેલ છે.

(કરારખત થયેલ નથી)

"અરજદાર મંજુરી હુકમ તારીખ ૨જી જુલાઈ ૧૯૯૬થી ૯૦ દિવસની અંદર કરારખતના આધારે રજુ કરી કરારખત કરાવી જવામા નિષ્ફળ ગયેલ હોઈ".

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટ હોય નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
ભમરા	લુણાવાડા	પંચમહાલ	૯૦,૪૯ ને લાગુ મહી નદી પટ્ટ પૈકી	૦ ૯૯ ૦૦

નોંધ.—આ જાહેરનામાનો હેતુ ફકત નવી અરજીની અપરિપકવતા દુર કરવાનો છે જાહેરનામાને આધારે લીઝ મળવા હકક દાવો થઈ શકશે નહિ.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮.

એ. કે. રાકેશ,
આઈ. એ. એસ,
કલેકટર, પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક કમકપ/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ/૨૯/૯૮.—જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/ક્યુએલ/૩૮૦૬, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪ જે અન્વયે શ્રી ગીરીશકુમાર નટવરલાલ શાહ ને મોજે અલાલીસગનપુરા તાલુકો કાલોલના સર્વે નંબર ૩૧૭/૨, ૩૨૨/૧,૨ ૩૨૪,ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી ૪-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સા. રેતી ખનીજ કાઢવા ત્રણ વરસ ની મુદતથી ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪ થી મંજુર કરી આપવામાં આવેલ હતું જેનું કરારખત તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૪ ની અસર થી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૯મી એપ્રિલ, ૧૯૯૭ના રોજ પુરી થયેલ છે.

"પટેદારની ક્વોરી લીઝ રીન્યુઅલ અંગેની અરજી અત્રેની કચેરીનાં હુકમ તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૯૪ થી નામંજર થયેલ હોઇ."

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઇ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો ની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જીલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
અલાલી સગનપુરા	કાલોલ	પંચમહાલ	૩૧૭/૨, ૩૨૨/૧,૨,૩૨૪ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી	૪-૦૦-૦૦ હેકટર

નોધ. આ જાહેરનામાનો હેતુ ફકત નવી અરજીની અપરિપકવતા દુર કરવાનો છે જાહેરનામાને આધારે લીઝ મળવા હકક દાવો થશે નહિ.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮.

એ. કે. રાકેશ,
(આઇ. એ. એસ.)
કલેકટર, પંચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 184

REGISTERED No. G-BA-14-2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] TUESDAY, SEPTEMBER 8, 1998 / BHADRA 17, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક કમકપ/જીજી-ક્યુએલ/રીગ્રાન્ટ/૩૦/૯૮.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નંબર જીજી/ક્યુએલ/૧૫૯૩/૪૮૦૨ થી ૪૮૦૬, તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૬, જે અન્વયે શ્રી હિરાભાઈ ભૂરાભાઈ પટેલ, ને મોજે લીંબોદ્રા, તાલુકો લુણાવાડાના સર્વે નંબર ૧૯૫, ૧૯૮ ને લાગુ મહી નદી પટ પૈકી ૦ ૮૦ ૦૦ હેકટર વિસ્તારમાંથી ગ્રેવેલ ખનિજ કાઢવા બે વરસની મુદતથી ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૬થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ.....................ની અસરથી..........વરસની મુદત માટે કરવામાં આવેલ હતું જેની મુદત તારીખ..............................ના રોજ પુરી થયેલ છે.

(કરારખત થયેલ નથી.)

"અરજદાર મંજુરી હુકમની તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૬થી નેવું દિવસની અંદર કરારખતનાં આધારો રજૂ કરી કરારખત કરાવી જવામાં નિષ્ફળ ગયેલ હોઈ".

જેથી હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ ૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલી વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

INDEX

પરિશિષ્ટ

ગામ ૧	તાલુકો ૨	જિલ્લો ૩	સર્વે નંબર ૪	વિસ્તાર (હેક્ટરમાં) ૫
લી બોદ્રા	લુણાવાડા	પંચમહાલ	૧૯૫, ૧૯૮ને લાગુ મહી નદી પટ પૈકી.	૦ ૮૦ ૦૦

નોધ.—આ જાહેરનામાનો હેતુ ફકત નવી અરજીની અપરિપકવતા દુર કરવાનો છે જાહેરનામાને આધારે લીઝ મળવા હકક દાવો કરી શકાશે નહિ.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮.

એ. કે. રાકેશ,
(આઈ. એ. એસ.)
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક કમકપ-જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ ૩૧/૯૮.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નંબર જીજી/ક્યુએલ/૧૫૯૦/૪૭૯૭ થી ૪૮૦૧, તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૬ જે અન્વયે શ્રી વણઝારા મોહનભાઇ લક્ષ્મણભાઈને મોજે લીંબોદ્રા, તાલુકો લુણાવાડાના સર્વે નંબર ૧૯૨, ૧૯૫ ને લાગુ મહી નદી પટ પૈકી ૦ ૮૦ ૦૦ હેકટર વિસ્તારમાંથી ગ્રેવેલ ખનિજ કાઢવા બે વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૬થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ........................... ની અસરથી.........વરસ ની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ.............. ના રોજ પુરી થયેલ છે.

(કરારખત થયેલ નથી.)

"અરજદાર મંજુરી હુકમ તારીખ ૧લી નવેમ્બર. ૧૯૯૬થી નેવું દિવસની અંદર કરારખતનાં આધારો રજુ કરી કરારખત કરાવી જવામાં નિષ્ફળ ગયેલ હોઈ".

જેથી હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાનાં તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ ૧	તાલુકો ૨	જિલ્લો ૩	સર્વે નંબર ૪	વિસ્તાર(હેક્ટરમાં) ૫
લીંબોદ્રા	લુણાવાડા	પંચમહાલ	૧૯૨, ૧૯૫ ને લાગુ મહી નદી પટ પૈકી	૦ ૮૦ ૦૦

નોધ. જાહેરનામાનો હેતુ ફકત નવી અરજીની અપરિપકવતા દુર કરવાનો છે. જાહેરનામાને આધારે લીઝ મળવા હકક દાવો કરી શકશે નહિ.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮.

એ. કે. રાકેશ,
(આઈ. એ. એસ.)
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No· 185

REGISTERED No. G-BA.-14E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, SEPTEMBER 9, 1998 / BHADRA 18, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

Notification

No. DTN/PBM/SR/16/98/WS/3708 to 3710/98.—An order was issued by this office for the detention of Shri Bhupatsinh Naharsinh Mangrola, resident of 16/A, Shriji Baug Society, Manjalpur, Vadodara *vide* order No. DTN/PBM/SR/16/98, dated 25th July 1998 under the provisions of Section 3 (*2*) of Essential Commodities Prevention of Black Marketing and Maintenance of Supplies Act, 1980.

The responsibility to serve the order to detainee was entrusted to Police Commissioner, Vadodara City. As mentioned in their letter dated 23rd August, 1998 No. PCB / DM / 140/98, the concerned person has gone to some unknown place with his family. A search to locate this person is going on and in order to trace him enquiries were made to his relatives and friends and at all possible places where he can be found. Inspite of wide spread searches, concerned person is not available and it appears that he is absconding or hiding himself to prevent the detention.

I have reasons to believe from above facts that concerned person for whom a detention order is issued, is absconding to prevent the detention or hiding himself in such a manner so that concerned order cannot be served on him.

Therefore as per powers given to me under provisions of Section 7 (*1*) of Essential Commodities Prevention of Black Marketing and Maintenance of Supplies Act, I hereby issue a notice to Shri Bhupatsinh Naharsinh Mangrola resident of A/16, Shrijibaug Society, Manjalpur, Vadodara to present himself before Commissioner of Police, Vadodara City within the time limit of 35 days from the date of publication of this notification.

Vadodara, 9th September, 1998.

A. G. MUKIM,
District Magistrate, Vadodara.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડીટીએન / પીબીએમ / એસઆર/ ૧૬/૯૮ વશી/ ૩૭૦૮ થી ૧૦/૯૮.— આ કચેરીના હુકમ નં. ડીટીએન / પીબીએમ/ એસ.આર / ૧૬/૯૮, તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૮ થી આવશ્યક

ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ ૧૯૮૦ ની કલમ-૩ (૨) હેઠળ શ્રી ભુપતસિંહ ન્હારસિંહ માંગરોલા રે-૧૬-એ શ્રીજીબાગ સોસાયટી માંજલપુરને અટકાયતમાં લેવા હુકમ કરવામાં આવેલ છે.

પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના પત્રાંક પીસીબી / પીબી-એમ 1 ૧૫/૧૪૦૬/૯૮, તારીખ ૨૩મી ઓગસ્ટ, ૧૯૯૮ અન્વયે જણાવેલ છે કે સદર હું કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યાં છે. તે વ્યકિત પોતાના કુટુંબ સાથે કયાંક બહાર જતાં રહેલ છે. અને તેઓના સગા સંબંધી મિત્રો તથા મળી શકે તેવા સંભવિત સ્થળોએ તપાસ કરવા છતાં મળી આવેલા નથી. અને પોતાની અટકાયત ટાળવા નાસતો ફરતો હોઈ તેમ જણાય છે.

આથી મને એમ માનવાને કારણ છે કે, આ વ્યકિત કે જેના સબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે તે વ્યકિત ફરાર થઈ ગઈ છે. અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે. જેથી હુકમની અમલ બજવણી કરી શકાય તેમ નથી.

આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ ની કલમ ૭(૧) નીચે મને મળેલ સત્તાની રુએ શ્રી ભુપતસિંહ ન્હારસિંહ--માંગરોલા રે-એ-૧૬, શ્રીજીબાગ સોસાયટી માંજલપુર, વડોદરાને આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ થી ૩૫ દિવસની મુદત અંદર પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર સમક્ષ હાજર થવા ફરમાવવામાં આવે છે.

વડોદરા, તારીખ ૯નો સપ્ટેમ્બર, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

Notification

No. DTN/PBM/SR/17/98/WS/3711 to 3713/98.—An order was issued by this office for the detention of Shri Manubhai Kashibhai Patel, a resident of village Timbarava, Taluka Sinor, District Vadodara *vide* order No. DTN/PBM/SR/17/98, dated 25th July, 1998 under the provisions of Section 3 (2) of Essential Commiodities Prevention of Black Marketing and Maintenance of Supplies Act, 1980.

District Superintendent of Police, Vadodara Rural entrusted the responsibility to serve this order to detainee to L. C. B. Police Inspector. As mentioned in their letter No. LCB/332/1998, dated 3rd September, 1998 serveral raids was carried out at the residence of detainee and inspite of wide spread searches concerned person is not available and efforts are going on to trace him.

I have reasons to believe from above facts that concerned person for whom the detention order is issued, he is absconding to prevent the detention or hiding himself in such a manner so that detention order connot be served on him.

Therefore as per powers available to me under provisions of section 7 (*1*) of Essential Commodities Prevention of Black Marketing and Mintenance of Supplies Act, I hereby issue a notice to Shri Manubhai Kashibhai Patel, resident of village Timbarva, Tal. Sinor, Dist. Vadodara to present himself before D. S. P. Vadodara within the time limit of 35 days from the date of pblication of this notification.

Vadodara, 9th September, 1998.

A. G. MUKIM,
District Magistrate, Vadodara.

જાહેરનામું

નંબર ડીટીએન/પીબીએમ/એસઆર/૧૭/૯૮.—વશી/૩૭૧૧ થી ૧૩/૯૮.—આ કચેરીના હુકમ નંબર ડી.ટીએન/પીબીએમ / એસ-આર-૧૭/૯૮, તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૮થી આવશ્યક ચીજવસ્તુ--ઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતનાં અધિનિયમ ૧૯૮૦ ની કલમ ૩(૨) હેઠળશ્રી મનુભાઈ કાશીભાઈ પટેલ, રે. ટીમ્બરવા, તાલુકા શિનોર, જિલ્લો વડોદરાંને અટકાયતમાં લેવા હુકમ કરવામાં આવેલ છે.

જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વડોદરા ગ્રામ્યનાએ તેઓના પત્રાંક તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૮ના પત્ર એલ.સી.બી. / ૩૩૨/૧૯૯૮ થી જણાવેલ છે કે સદરહું હુકમની બજવણી પોલીસ ઈન્સ્પેકટરશ્રી એલ.સી.બી. ને સોંપતાં તેઓએ સદર ઈસમના રહેઠાણનાં સ્થળે પકડવા ઓચીંતા છાપા મારેલ પરંતુ તેઓ મળી આવેલ નથી. પકડવાના સઘન પ્રયત્નો ચાલુ છે. મળી આવ્યેથી ડીટેઈન કરી જે તે જેલમાં મોકલવા નોંધ લીધી છે.

આથી મને એમ માનવાને કારણ છે કે આ વ્યકિત કે જેનાં સબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે. તે વ્યકિત ફરાર થઈ ગઈ છે. અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે. જેથી હુકમની અમલ બજવણી કરી શકાય તેમ નથી.

આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતનાં અધિનિયમ, ૧૯૮૦ ની કલમ ૭(૧) નીચે મને મળેલ સત્તાની રૂએ શ્રી મનુભાઈ પટેલ કાશીભાઈ પટેલ, રે. ટીમ્બરવા, તા. શિનોર, જિ. વડોદરાને આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ૩૫ (પાંત્રીસ) દિવસની મુદતની અંદર જિલ્લા પોલીસ અધિકારીશ્રી વડોદરા ગ્રામ્ય સમક્ષ હાજર થવા ફરમાવવામાં આવે છે.

વડોદરા, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 186

REGISTERED No. G-BA—14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, SEPTEMBER 10, 1998 / BHADRA 19, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક કમકપ-જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૨૭-૯૮.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૧૫૪૭-૪૫૩૪ થી ૩૭, જે અન્વયે શ્રીમતિ કમુબેન નંગાજી વણઝારાને મોજે કોલવણ તાલુકા લુણાવાડાના સર્વે નંબર ૪,૩,૨ ને લાગુ મહી નદી પટ્ટ પૈકી ૩-૦૦-૦૦ હેક્ટર વિસ્તારમાંથી ગ્રોવેલ ખનિજ કાઢવા ત્રણ વરસની મુદત થી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો-૧૯૬૬ મુજબ તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૪થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખાત તારીખ ની અસરથી વરસની મુદત માટે કરવામાં આવેલ હતું જેની મુદત તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૪ના રોજ પુરી થયેલ છે.

(કરાર ખત થયેલ નથી)

"હુકમની તારીખથી દિવસની અંદર કરારખતના આધારે રજુ કરી કરારખત કરાવવામાં નિષ્ફળ ગયેલ હોઈ".

જેથી હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગત નો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો વિસ્તાર જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર હેકટરમાં
કોલવણ	લુણાવાડા	પંચમહાલ	૪, ૩, ૨ ને લાગુ મહીનદી પટ્ટ પૈકી	૩-૦૦-૦૦

નોંધ : આ જાહેરનામાંનો હેતુ ફકત નવી અરજીની અપરિપકવતા દુર કરવાનો છે. જાહેરનામાને આધારે લીઝ મળવા હકક દાવો થઈ શકશે નહિ.

ગોધરા, તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૮.

એ. કે. રાકેશ,
આઈ. એ. એસ.,
કલેકટર, પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી-કયુએલ-રીગ્રાન્ટ-૩૨.૯૮.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/કયુએલ/૪૪૧૫ થી ૧૮ તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૯૪, જે અન્વયે શ્રી મગનભાઈ નાથાભાઈ પટેલને રહે મોતીઘોડા મોજે મોતીઘોડા, તાલુકો લુણાવાડાના સર્વે નંબર ૧૮ને, લાગુ પાનમ નદી પટ્ટ પૈકી ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સ્વ. રેતી ખનિજ કાઢવા ત્રણ વરસની મુદત થી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૪ થી મંજુર કરી આપવામાં આવેલ હતું જેનું કરારખત તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૪થી અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું જેની મુદત તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૭ના રોજ પુરી થયેલ છે.

"લીઝ.ની મુદત પૂર્ણ થયા બાદ રીન્યુ થયેલ ન હોઈ"

જેથી, હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો ૧૯૬૬ના નિયમ-૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલી વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે, જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
મોતીઘોડા	લુણાવાડા	પંચમહાલ	૧૮ ને લાગુ પાનમ નદી પટ્ટ પૈકી	૧—૦૦—૦૦

નોંધ : — આ જાહેરનામાનો હેતુ ફકત નવી અરજીની અપરિપકવતા દુર કરવાનો છે. જાહેરનામાને આધારે લીઝ મળવા હકક દાવો થશે નહી.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૮.

એ. કે. રાકેશ,
આઈ. એ. એસ,
કલેકટર, પંચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 187

REGISTERED N . G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, SEPTEMBER 10, 1998 / BHADRA 19, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર પી. ઓ. એલ./ જાહેરનામું /૩૭ (૧) / ૯૮. —હાલમાં ગણેશચતુર્થીનો તહેવાર ચાલુ હોઈ તેમજ અંબાજી પદયાત્રીઓ જતા હોઈ તેમજ વિવિધ સ્થળોએ મેળાઓ યોજનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારું તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, વિરાટ એમ. વોરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું ;

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું;

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ :—

આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

INDEX

(૩) કોઇ ધાર્મિક તહેવારોની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલિસ અધિકારીશ્રીએ અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીએ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના ઓજારો કામે લઇ જતા ખેડૂતો.

(૫) આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

વિરાટ એમ. વોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પી. ઓ. એલ/જાહેરનામું / ૩૭(૩)/૯૮.—જિલ્લામાં હાલમાં ગણેશચતુર્થીનો તહેવાર ચાલુ હોઈ તેમજ અંબાજી પદયાત્રીઓ જતા હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, વિરાટ. એમ. વોરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લા હિમતનગર, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ, આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગાં થવું નહી. અથવા સભા બોલાવવી નહી, તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામ-ગીરીમાં હોય અથવા હોમગાર્ડ કે જેઓ ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિ-નિયમની કલમ-૩૭ (૩) હેઠળ ભારતના ફોજદારી આધનિયમ, (૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વિરાટ. એમ. વોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 188

REGISTERED No.G-BA-14-E

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, SEPTEMBER 11, 1998 / BHADRA 20, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૩૮૧૮/૧૯૯૮.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહ શાંતી જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. એન. શર્મા, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૨મી સપ્ટેંબર ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું કાઢવું નહીં.

વિસ્તાર : વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો : રસ્તાની ફુટપાથોનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મીક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્ન વરઘોડા કે સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમની ૧૯૬૦ ની કલમ-૧૮૮ શિક્ષાને પાત્ર થશે.

મેં **આજ તારીખ** ૭મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો **મારેલ છે.**

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદર શહેર

Supple. C. G. I.—Extra—188/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 190 REGISTERED No. G-BA-14-E.

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, SEPTEMBER 16, 1998 / BHADRA 25, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩ (૧) (આર) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૩૯૧૮/૧૯૯૮.—તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૮ સુધી નવરાત્રી/દશેરા મહોત્સવનો તહેવાર હોય નવરાત્રી ગરબા સ્થાપનાના સ્થળે સાર્વજનિક આનંદ પ્રમોદની જગ્યામાં પ્રવેશ કરવાની દાખલ થવાની ગમે તે નામે ઓળખાતી ટીકીટ અથવા તેના પાસના પૈસા મેળવી વેચાણનું નિયમન કરવા મનાઇ ફરમાવવી જરૂરી છે. જેથી,

હું. કે. એન. શર્મા, આઇ. પી એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૩ ૧ (આર) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી નવરાત્રી ગરબા સ્થાપનાના સાર્વજનિક આનંદ પ્રમોદની જગ્યામાં દાખલ થવાની ગમે તે નામે ઓળખાતી કે કોઈપણ બેનર નીચે છપાયેલી ટીકીટ અથવા તેના પાસ અગર ટીકીટના ભાગનું વેચાણ પૈસા મેળવી કરવું નહીં જે નિયમન કરવા સારૂ આ મનાઈ ફરમાવવામાં આવે છે.

જે કોઇ ગરબા આયોજક અગર સંસ્થા કે મંડળ આવી ગેર કાયદેસર પ્રવૃત્તિ કરી / કરાવશે તો મુંબઇ પોલીસ ધારા કલમ-૧૩૧ (ક) મુજબ સજાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમીશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 193

REGISTERED No. GB—A—14—E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX FRIDAY, SEPTEMBER 18, 1998 / BHADRA 27, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેની.

નંબર પી.ઓ.એલ./(૧)/વશી/૨૬૭૧/૯૮.—તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ કેટલાક રાજકીય સંગઠનોએ આવશ્યક ચીજવસ્તુઓ ભાવ વધારા સામે વિરોધ પ્રદર્શિત કરવા ગુજરાત બંધનુ એલાન આપેલ છે. તેમજ જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઉક્ત કાયદાની કલમ ૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ચોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું ;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું ;

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું ;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

(૫) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું ;

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

INDEX

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 195 REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, SEPTEMBER 19, 1998 / BHADRA 28, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૧) મુજબ.

નંબર એમએજી/વશી/૪૦૪૯થી ૪૦૮૩/૯૮.—આગામી દિવસોમાં નવરાત્રી તેમજ દશેરાના તહેવારો આવતા હોઈ તેમજ વર્તમાન સરકાર સામે ભાવ વધારા અંગેનાં વિરોધમાં વિવિધ પક્ષો તરફથી વિવિધ કાર્યક્રમો જિલ્લા તથા તાલુકા કક્ષાએ ચાલુ હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના સવારના ૬-૦૦ કલાકથી તારીખ ૧૭મી ઓક્ટોબર, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહી કરવાનું ફરમાવું છું :—

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું એકઠાં કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો સાથે લઈ જવાનું ;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે, ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદુ, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું,

(૮) નીતિનો ભંગ કરે તેવુ ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ :—

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા / અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/ સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા/ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

ઉપરોકત (૨) સિવાય અન્ય કિસ્સાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ હોય તેવી વ્યકિતને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 198

REGISTERED No. SD-A-14-F

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX | MONDAY, SEPTEMBER 21, 1998 / BHADRA 30, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and General Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/૩૩૫/૩૮૫.— તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ રાજકીય પક્ષો દ્વારા ગુજરાત બંધનું એલાન અપાયેલ છે. તેમજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮થી ૧લી ઓક્ટોબર ૧૯૯૮ના સમય દરમ્યાન જિલ્લામાં નવરાત્રી તથા દશેરાના ઉત્સવો ઉજવનાર છે. આ સમય દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી, આણંદનાએ તેમના તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૮ના બે પત્રોથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, આઈ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮થી તારીખ ૧લી ઓક્ટોબર ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. હથીયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, છરા, સળગતી મસાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

૨. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

૩. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અસ્લીલ ગીતો ગાવાનું;

૪. જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવાનું અથવા ફેલાવો કરવાનું.

અપવાદઃ આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવુ કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે, તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિ-કારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત;

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

આઈ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 204

REGISTERED No. G-BA—14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, SEPTEMBER 24, 1998 / ASVINA 2, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર પી. ઓ. એલ./ જાહેરનામું/૩૭ (૧) / ૯૮.—ચાલુ માસમાં નવરાત્રી તથા દશેરાનો તહેવાર આવતો હોઈ તેમજ વિવિધ રાજકીય પક્ષો તરફથી ગુજરાત બંધનું એલાન તથા રસ્તા રોકો વિગેરે કાર્યક્રમો યોજનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારું તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, આર. કે. પરમાર, જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું ;

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું ;

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું ;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા ચિત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ :—

આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

INDEX

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી-ઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

(૩) કોઈ ધાર્મિક તહેવારોની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલિસ અધિકારીશ્રીએ અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીએ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના ઓજારો કામે લઈ જતા ખેડૂતો.

(૫) આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

આર. કે. પરમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પી. ઓ. એલ/જાહેરનામું/૩૭(૩)/૯૮.—ચાલુ માસમા નવ-રાત્રીનો તથા દશેરાનો તહેવાર આવતો હોઈ તેમજ વિવિધ રાજકિય પક્ષો તરફથી ગુજરાત બંધનું એલાન, તથા રસ્તા રોકો વિગેરે કાર્યક્રમ યોજાનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સા.કાં જિલ્લો, હિમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ, આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગાં થવું નહી. અથવા સભા બોલાવવી નહી, તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામ-ગીરીમાં હોય અથવા હોમગાર્ડ કે જેઓ ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિ-નિયમની કલમ-૩૭ (૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ, (૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. કે. પરમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 212 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, OCTOBER 5, 1998 / ASVINA 13, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયેના

હુકમ

નંબર પીઓએલ/વશી/૨૯૧૫.—તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ ના રોજ આસો સુદ (શદરપુણિમાં) પુનમના રોજ રણછોડજી મંદિર ડાકોર ખાતે શરદપુણિમાનો મેળો ભરાનાર છે. આ મેળામાં સમગ્ર ગુજરાત ભરમાંથી લોકો આવતા હોય છે. જેમાં વાહનો લઇ આવનાર લોકો વાહનો આડેધડ પાર્ક કરતા હોવાથી આમજનતા તથા યાંત્રિકોને હાલાકી ભોગવવી પડે છે. જેથી ટ્રાફીકના નિયંત્રણ માટે ઉકત કાયદાની કલમ-૩૩ (૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. એચ. શાહ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ખેડા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૮ અને તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ એમ બંને દિવસોમાં ડાકોર નગરપાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશ બંધી ફરમાવું છું.

અપવાદ :—સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન, એસ. ટી. બસ તથા હાઇવે ઉપરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહીં.

શિક્ષા :—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા.

Supple. C. G. I—Extra 212/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 213 REGISTERED No. G-BA-1 4-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, OCTOBER 6, 1998 / ASVINA 14, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નં. એમએજી/પોલ/જાહેરનામું/વશી / ૭૧૪૨ થી ૭૨૨૬ /૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ-૨૨મો) અધિનિયમની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આગામી તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી નવરાત્રી/દશેરાનો તહેવાર આવતો હોઈ તેમજ હાલમાં ભાવ વધારા વિરોધમાં આંદોલન ચાલતુ હોઈ તથા રેલીઓ ધરણા તથા આવેદનપત્ર આપવા વગેરે કાર્યક્રમો યોજાતા હોઈ વિગેરે હાલની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છુ કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૮ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહી તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતા કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક (૧) વર્ષ કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિષમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કર્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ. ૩૭(૩) અન્વયે બહાર પાડેલ.

નં. પોલ/ એમએજી/ વશી. ૭૨૨૭ થી ૭૩૧૧/૯૮.—અગામી તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી નવરાત્રી/દશેરાના તહેવાર આવતો હોઈ તેમજ હાલમાં ભાવ વધારા વિરોધમાં આંદોલન ચાલતુ હોઈ રેલીઓ, ધરણાં તથા આવેદનપત્ર આપવા વગેરેના કાર્યક્રમો યોજાતા હોઈ આ સમય દરમ્યાન જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી વડોદરા (શહેર) હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવાનુ અત્યંત જરૂરી હોઈ, વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ.૩૭ ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, સી.આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૮ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૮ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.
(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહી.

વધુમાં હું એવો આદેશ કરું છું કે આ હુકમ નીચેની વ્યકિત-ઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ;
(૨) કોઈ લગ્નના વરઘોડાને
(૩) ફરજ પર હોય તેવી ગ્રામરક્ષકદળની વ્યકિતઓને;
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને;
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક ના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભાઓની પરવાનગી સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 214

ERGISTERED No. G-BA.-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, OCTOBER 6, 1998 /ASVINA 14, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

નંબર ઉમક-સા. કાં. એજીએચ/ક્યુએલ/૨૭૩૬.—શ્રીમતિ આબેદાબેન મકસુદ એહમદ મનસુરી મુ. પો. દેરોલ તાલુકો હિંમતનગરને સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે બેન્ટોનાઈટ ખનીજની ક્વોરીલીઝ તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૬ થી દસ વર્ષ માટે મંજુર કરવામાં આવેલ.

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
સાબરકાંઠા	હિંમતનગર	દેરોલ	૭૧૪ પૈકી	૧ ૫૯ ૦૦

ઉકત ક્વોરીલીઝ લેવામાં અરજદારશ્રીને રસ ન હોવાના કારણે સવાલવાળી ક્વોરીલીઝ અત્રેની કચેરીના હુકમ તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૭થી રીવોક કરવામાં આવેલ છે.

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ ૧૮ (૧) સી અન્વયે મળેલ સત્તાની રૂએ કલેક્ટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા અને પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ પછીની અસરથી ફરીથી ખાણકામ કરવા માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

સાબરકાંઠા, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વિરાટ એમ. વોરા,
કલેક્ટર, સાબરકાંઠા,
હિંમતનગર.

Supple. C. G. J.-Extra— 214/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 215 REGISTERED No. G-BA- I4--E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, OCTOBER 6, 1998 / ASVINA 14, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

આદેશ

નંબર પીઓએલ (૧) વશી /૨૯૨૬.—તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮ સુધી ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ની પરીક્ષાઓ જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્ર ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને એખલાસભર્યા વાતાવરણમાં નિભર્યતાથી ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે બન્ને પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નડિઆદે તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના પત્રથી વિનંતી કરી છે.

સબબ હું ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ આ સાથેની અનુસૂચિત મુજબના પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો, અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલા અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બીનઅધિકૃત વ્યકિતના પ્રવેશ માટે તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮ના (બન્ને દિવસો સુધ્ધાંત) સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૬-૩૦ કલાક દરમ્યાન પ્રતિબંધ ફરમાવું છું.

અનુસૂચિ

અ. નં.	કેન્દ્ર	કેન્દ્રનું સ્થળ
૧	બાલાસિનોર	ઓરછવલાલ શેઠ હાઈસ્કુલ બાલા સિનોર.
૨	ડાકોર	સંસ્થાન હાઈસ્કુલ, ડાકોર.
૩	કપડવંજ	એમ. પી. મ્યુનિ. હાઈ. કપડવંજ.
૪	ખેડા	એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કુલ, ખેડા.
૫	નડીઆદ	સંતરામ ગર્લ્સ હાઈસ્કુલ, નડીઆદ.
		બાસુદીવાલા પબ્લીક હાઈસ્કુલ, નડીઆદ.
		મ્યુનિ. હાઈ. મીશન રોડ, નડીઆદ.
		જીવન વિકાસ હાઈ. નડીઆદ.
		ડી. ડી. ટેકનીકલ હાઈ. નડીઆદ.
		ન્યુ ઈંગ્લીશ હાઈ. નડીઆદ.
		સેંટ મેરીસ હાઈસ્કુલ, નડીઆદ.
		સંત અન્ના હાઈસ્કુલ, નડીઆદ.
		ડી. પી. દેસાઈ હાઈસ્કુલ, નડીયાદ.

આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીઆદ.

Supple C G. I—Extra-215/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Ex ra No- 216

REGISTERED No. G-BA-14—E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, OCTOBER 9, 1998 / ASVINA 17, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની, કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નં. એમ.એ.જી./પરીક્ષા/વશી/૩૯૯૨/૯૮.—પાટણ જિલ્લામાં પાટણ સબ ડીવીઝનમાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપરથી ગુજરાત માધ્યમીક શિક્ષણબોર્ડ ગાંધીનગર દ્વારા તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ થી તારીખ ૧૭મી આકટોબર ૧૯૯૮ સુધી માધ્યમીક પ્રમાણપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચતર માધ્યમીક પ્રમાણપત્ર પરીક્ષા થનાર છે.

આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપર લેવાના એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા (ઓકટોબર-૯૮)નું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી, એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડના નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારુ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસ્સો) મીટરના વિસ્તારમાં કોઈ અસામાજીક તત્વો કે અન-અધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહી તે સારુ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મુજબ પગલાં લેવા પુરતુ કારણ છે. અને તેમ થતુ અટકાવવાનું તાત્કાલીક ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું, એમ.એમ. પિયજા (જી.એ.એસ.), સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ- ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુએ આથી જણાવુ છું કે તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ ના શૂન્ય કલાકથી તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક (બંન્ને દિવસો સુધી) એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા માટેના આ સાથે પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રો અને તેની સામે દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦(બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિતઓએ દાખલ થવું નહી અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહીં.

વધુમાં આદેશ કરું છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) એસ.એસ.સી. / એચ.એસ.સી. પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં માધ્યમીક શિક્ષણ બોર્ડ તરફથી રોકાયેલ અધિકારી / કર્મચારીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારીઓ/કર્મચારીઓને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર સખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ

એસ.એસ.સી. પરીક્ષા ઓક્ટોબર-૯૮.

અ.નં.	કેન્દ્ર	બિલ્ડીંગનું નામ
(૧)	પાટણ	(૧) આદર્શ વિદ્યાલય, પાટણ (૨) બી.એમ. હાઈસ્કુલ, પાટણ
(૨)	ઉંઝા	(૧) જી. મ. કન્યા વિદ્યાલય, ઉંઝા.

એચ.એસ.સી. પરીક્ષા-ઓક્ટોબર-૧૯૯૮.

અ.નં.	કેન્દ્ર	બિલ્ડીંગનું નામ
(૧)	પાટણ	(૧) એકસપરીમેન્ટલ હાઈસ્કુલ, પાટણ.

પાટણ, તારીખ ૩જી ઓક્ટોબર, ૧૯૯૮.

એમ. એમ. પિયજા,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
પાટણ.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નંબર એમ.એ.જી. /કા. વ્ય./પરીક્ષા/૩૯૯૩/૯૮.—પાટણ જિલ્લાના પાટણ સબ-ડીવીઝનમાં ગુજરાત માધ્યમીક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા તારીખ ૫મી ઓક્ટોબર ૧૯૯૮થી તારીખ ૧૭મી ઓક્ટોબર ૧૯૯૮ સુધી એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરીક્ષા લેવાનાર છે. જિલ્લામાં આવેલ પાટણ, ઉંઝા, કેન્દ્રો ઉપર લેવાનાર એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરીક્ષાનું સંચાલન શાંતિ અને સરળતાથી થાય તે જરુરી છે. ઝેરોક્ષના દુકાનો ઉપર પરીક્ષાલક્ષી સાહીત્યની નકલ થવાથી અને તે સાહીત્ય પરીક્ષા કેન્દ્રમાં મોકલવાની પ્રવૃતિથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે વિકટ પ્રશ્ન ઉપસ્થિત થતો હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરે પરીક્ષા સમય દરમ્યાન ઝેરોક્ષ દુકાનો ઉપર થતા પરીક્ષાલક્ષી સાહીત્યના નકલો કઢાવવાના અનઅધિકૃત કૃત્યને અટકાવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ છે અને પરીક્ષા સમય દરમ્યાન જિલ્લામાં આવેલ પાટણ ઉંઝામાં આવેલ તમામ ઝેરોક્ષ દુકાનોમાં એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષામાં મદદરૂપ થાય તેવુ કોઈપણ સાહીત્યની ઝેરોક્ષ નકલ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું, એમ. એમ. પિયજા (જી.એ.એસ.), સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુએ આથી જણાવું છું કે તારીખ ૫મી ઓક્ટોબર ૧૯૯૮ના શુન્ય કલાકથી તારીખ ૧૭મી ઓક્ટોબર ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા માટે પાટણ જિલ્લાના પાટણ અને ઉંઝા શહેરો માંના તમામ વિસ્તારમાં નીચે મુજબ પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પાટણ-ઉંઝામાં આવેલ ઝેરોક્ષ સેન્ટર ઉપર પરીક્ષામાં મદદરૂપ થાય તેવું કોઈપણ સાહીત્યના ઝેરોક્ષ નકલ કાઢવા તેમજ કઢાવવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) પરીક્ષામાં ગેરરીતી માટે મદદરુપ થાય તેવુ તેમજ પરીક્ષાલક્ષી સાહીત્ય પરીક્ષા ખંડમાંથી તેમજ કેન્દ્રમાંથી બહાર લઈ જવા તેમજ બહારથી પરીક્ષા કેન્દ્રમાં ખંડમાં લાવવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

સદરહુ હુકમના ખંડનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર છે.

પાટણ, તારીખ ૩જી ઓક્ટોબર ૧૯૯૮.

એમ. એમ. પીયજા,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
પાટણ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 217 REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, OCTOBER 9, 1998 / ASVINA 17, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમએજી/રશી/૪૪૫૮ થી ૪૪૮૫/૯૮.—મહેસાણા જિલ્લામાં નીચે દર્શાવેલ કેન્દ્રો ઉપરથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓક્ટોબર, ૧૯૯૮ સુધી માધ્યમિક પ્રમાપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષા લેવાનાર છે.

અનુ. નંબર કેન્દ્ર	પરીક્ષા બીલ્ડીંગનું નામ
એસ.એસ.સી.ની. પરીક્ષા	
(૧) કડી	(૧) ટેકનીકલ હાઈસ્કુલ, કડી
	(૨) સર્વ વિદ્યાલય હાઈસ્કુલ, કડી
(૨) કલોલ	(૧) વખારીયા પી.જે.હાઈસ્કુલ, કલોલ.
	(૨) શાંતિનિકેતન વિદ્યા વિહાર, કલોલ.
(૩) મહેસાણા	(૧) સાર્વજનિક ઉચ્ચતર માધ્યમિક શાળા, મહેસાણા.
	(૨) એમ.એમ.વી. કન્યા વિદ્યાલય, મહેસાણા.
	(૩) વર્ધમાન વિદ્યાલય, મહેસાણા.
	(૪) ધી ન્યુ પ્રોગ્રેસીવ ગર્લ્સ હાઈસ્કુલ, મહેસાણા.
(૪) વિસનગર	(૧) નૂતન સર્વ વિદ્યાલય, વિસનગર યુનિટ-
	(૨) નૂતન સર્વ વિદ્યાલય, વિસનગર યુનિટ-૨
	(૩) જી. ડી. હાઈસ્કુલ, વિસનગર
એચ. એસ. સી. ની પરીક્ષા.	
(૧) કલોલ	(૧) શેઠ કે. જી. એમ. ગર્લ્સ હાઈસ્કુલ, કલોલ.
(૨) મહેસાણા	(૧) ધી ન્યુ પ્રોગ્રેસીવ હાઈસ્કુલ, મહેસાણા.
(૩) વિસનગર	(૧) પરીખ ડી. ડી. કન્યા વિદ્યાલય, વિસનગર.

ધોરણ-૧૦ (એસ.એસ.સી.) પરીક્ષાનો સમય ૧૦-૩૦ થી ૧૩-૩૦
ધોરણ-૧૨ (એચ.એસ.સી.) પરીક્ષાનો સમય ૧૦-૩૦ થી ૧૩-૩૦
૧૫-૦૦ થી ૧૮-૦૦

ઉપરોકત કેન્દ્રો ઉપર લેવાનાર એસ. એસ. સી. તથા એચ. એસ. સી. પરીક્ષા નું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડના નીરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારૂ ઉપરોકત પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો મીટરના વિસ્તારમાં કોઈ અસામાજીક તત્વો કે અનધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહીં તે સારૂ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે, તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું આર. પી. ગુપ્તા, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ના શુન્ય કલાકથી તારીખ ૧૭મી આકટોબર, ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધાંત) સુધી એસ. એસ. સી. તથા એચ.એસ. સી. પરીક્ષા માટે ઉપર ફકરા-(૧) માં જણાવેલ પરીક્ષા કેન્દ્રો અને તેની સામે દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેની કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહી અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહીં.

વધુમાં આદેશ કરૂ છું કે :—આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) એસ. એસ. સી./એચ. એસ. સી. પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને.

(૨) સદરહું પરીક્ષાની કામગીરીમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીઓને.

(૩) સદરહું પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરેલ આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.

(૪) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહુ જાહેરનામાના કાઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મહેસાણા તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

આર. પી. ગુપ્તા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 218

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, OCTOBER 12, 1998 / ASVINA 20, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૪ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નંબર એમ.એ.જી.-કા.વ્ય./પરીક્ષા / ૧૦-૯૮.— રાધનપુર સબ-ડીવીઝનમાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપરથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮ સુધી માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા લેવાનાર છે.

આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપર લેવાનાર એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા આકટોબર, ૧૯૯૮ નું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતિ કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષાખંડનાં નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારૂ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ અસામાજિક તત્ત્વો કે અનઅધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહીં તે સારૂ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પૂરતું કારણ છે. અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે. તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું, જી. સી. બ્રહ્મભટ્ટ (જી.એ.એસ.) સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાધનપુર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે, તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ના શુન્ય કલાકથં તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮ના રોજ ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત) સુધી એસ.એસ.સી. તથા ઉચ્ચતર માધ્યામિક પ્રમાણપત્ર પરીક્ષા માટેના આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રો અને તેની સામે દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજ-બાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિત કે, વ્યકિતઓએ દાખલ થવું નહીં. અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી કરવી નહીં.

વધુમાં આદેશ કરું છું કે :—આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) એસ. એસ. સી. / એચ. એસ. સી. પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહું પરીક્ષાની કામગીરીમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી રોકાયેલ અધિકારી કર્મચારીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી / કર્મચારીને.

(૪) સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાધનપુર / જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ

એસ. એસ. સી. તથા એચ.એસ.સી. પરીક્ષા ઓકટોબર—૧૯૯૮:

રાધનપુર સબ-ડીવીઝનલ. જિલ્લો : પાટણ.

અનુ. નંબર	કેન્દ્ર	બિલ્ડીંગનું નામ
૧	૨	૩
૧	રાધનપુર	શેઠ કે. બી. વકીલ વિવિધલક્ષી વિદ્યાલય, રાધનપુર.

રાધનપુર, તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૮.

જી. સી. બ્રહ્મભટ્ટ,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાધનપુર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નંબર એમ.એ.જી./કા. વ્ય./પરીક્ષા/૧૦-૯૮. —રાધનપુર સબ-ડિવીઝનમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તારીખ ૫મી ઓકટોબર. ૧૯૯૮ થી તારીખ ૧૭માં ઓકટોબર. ૧૯૯૮ સુધી માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા લેવાનાર છે. રાધનપુર સબ- ડીવીઝનમાં આવેલ કેન્દ્રો ઉપર લેવાનાર એસ. એસી. સી. તથા એચ. એસ. સી. પરીક્ષાનું સંચાલન શાંતિ અને સરળતાથી થાય તે જરૂરી છે. ઝેરોક્ષની દુકાનો ઉપર પરીક્ષાલક્ષી સાહિત્યોના નકલ થવાથી અને તે સાહિત્ય પરીક્ષા કેન્દ્રમાં મોકલવાની પ્રવૃત્તિથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે વિકટ પ્રશ્ન ઉપસ્થિત થતો હોઈ જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની નજરે પરીક્ષા સમય દરમ્યાન ઝેરોક્ષ દુકાનો ઉપર થતી પરીક્ષાલક્ષી સાહિત્યની નકલો કઢાવવાની અનઅધિકૃત્ય અટકાવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પૂરતું કારણ છે. અને પરીક્ષા સમય દરમ્યાન રાધનપુર સબ ડીવીઝનમાં આવેલ તમામ ઝેરોક્ષ દુકાનોમાં એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષામાં મદદરૂપ થાય તેવું કોઈપણ સાહિત્યનું ઝેરોક્ષ નકલ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ (જી.એ.એસ.) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ રાધનપુર. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે, તારીખ ૫મી ઓકટોબર. ૧૯૯૮ ના શૂન્ય કલાકથી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક(બંને દિવસો સુધ્ધાત) સુધી એસ.એસ.સી. તથા એચ. એસ. સી. પરીક્ષા માટે રાધનપુર સબ ડીવીઝનમાં આવેલ પરીક્ષા કેન્દ્રવાળા તમામ વિસ્તારમાં નીચે મુજબ પ્રતિબંધ ફરમાવું છું.

(૧) રાધનપુર સબ ડીવીઝનમાં આવેલ તમામ એસ.એસ.સી. એચ.એસ.સી. કેન્દ્રોવાળા ગ્રામ્ય / શહેરી વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટર ઉપર પરીક્ષામાં મદદરૂપ થાય તેવું કોઈપણે સાહિત્યની ઝેરોક્ષ નકલ કાઢવા તેમજ કઢાવવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) પરીક્ષામાં ગેરરીતિ માટે મદદરૂપ થાય તેવું તેમજ પરીક્ષા-લક્ષી સાહિત્ય પરીક્ષા ખંડમાંથી તેમજ કેન્દ્રમાંથી બહાર લઈ જવા તેમજ બહારથી પરીક્ષા કેન્દ્રમાં તે ખંડમાં લાવવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

સદરહુ હુકમના ખંડના ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

રાધનપુર, તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૮.

જી. સી. બ્રહ્મભટ્ટ,
સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટ,
રાધનપુર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 219

REGISTERED No. GB—A—14—E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, OCTOBER 14, 1998 / ASVINA 22, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૩(૧)(યુ) અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસબી/ઉગપક/જાહેરનામું/૪૨૫૧/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ પેટા કલમ (૧) (યુ) નીચે મળેલ અધિકારની રૂએ હું કે. એન. શર્મા આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર આથી નીચે પ્રમાણે હુકમ કરુ છું.

(૧) વડોદરા શહેરમાં મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડ આવી જે જે જાહેર જગ્યાએ ફટાકડા, દારૂખાનું વેચવાની દુકાનો નાંખવા માટેની પરવાનગી આપેલ હોય તેવા વિસ્તારની ચારેય બાજુ ૧૦૦ મીટર વિસ્તાર.

(૨) જાહેર માર્ગો ઉપર વાહન વ્યવહારને અડચણ ન થાય અથવા તો દારૂખાનું ફોડવાથી રાહદારીઓને ઈજા કે નુકશાન ન પહોંચે તેવા વિસ્તારમાં.

(૩) કોઈ ધાર્મિક સ્થાનો નજીકના ૧૦૦ મીટર વિસ્તારમાં.

(૪) પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવા પદાર્થોથી રસાયણિક કારખાનાઓ આવેલ હોય તેવા વિસ્તારના ૧૦૦ મીટર વિસ્તારમાં.

(૫) હોસ્પીટલ, શાળા, કોલેજ કે શૈક્ષણિક કાર્ય કરતી સંસ્થાઓની આસપાસના ૧૦૦ મીટર વિસ્તારમાં.

ઉપરોક્ત તમામ વિસ્તારોમાં કોઈપણ ઈસમે કોઈપણ જાતનું દારૂખાનું ફોડવું નહીં કે તેવું નિર્દેશણ કરવું નહીં.

છાણી, જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગુજરાત રીફાયનરી નજીક આવેલ કરચીયાગામ તથા આઈ.પી.સી.એલ નજીક આવેલ ધનોરા ગામ અને જી.એસ.એફ.સી. કંપનીના કમ્પાઉન્ડ-વોલની અંદર ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઈપણ ઈસમે હવાઈ રોકેટ અથવા આકાશ તરફ ઉડે તેવા દારૂખાના કે ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હરણી એરોડ્રોમની ફરતી ફેન્સીંગ તારની વાડથી ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઈપણ ઈસમે હવાઈ રોકેટ કે જે આકાશ તરફ ઉડે તેવા ફટાકડા કે દારૂખાનું ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ બોમ્બે પોલીસ એક્ટની જોગવાઈનુસાર શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

આ હુકમનો અમલ તારીખ ૭મી ઓક્ટોબર, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી ઓક્ટોબર, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાલુ રહેશે.

મેં આજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન શર્મા,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

———

હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમનાં કલમ-૩૬ (ક) મુજબનો.

ક્રમાંક : એસ.બી./ઉગપક/જાહેરનામું/૪૩૧૭/ ૧૯૯૮.— વડોદરા શહેરમાં મહાનગર પાલીકાની વોર્ડ નં. ૧૦ ની પેટા ચુંટણી તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૮ ના રોજ થવાની છે. અને તે અંગે મતદાન તથા મત નોંધણી કરવા વિવિધ મતદાન મથકો ખોલવામાં આવેલ છે.

મોટાભાગના મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા સારૂં મોટી સંખ્યામાં મતદાન કરવા મતદાન મથકો ઉપર એકઠા થશે. જેથી મતદાન મથકો ઉપર ભીડ રહેવા સંભવ છે. જેથી મતદાન મથકો અને તેની આજુબાજુના વિસ્તારમાં વ્યવસ્થા જાળવવાની જરૂરીયાત છે.

વાસ્તે હું, કે. એન. શર્મા (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ ધારાની પેટા કલમ ૩૬ (ક) મુજબ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સદરહું ચુંટણીમાં સઘળા મતદારો.

તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી ૨૦-૦૦ સુધી :–

(૧) દરેક મતદાર મતદાન મથકમાં પ્રવેશ દ્વારા પાસે હારમાં ઉભા રહેશે.

(૨) દરેક મતદાન મથકમાં પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થશે.

(૩) મતદાન કર્યા પછી તાત્કાલિક મતદાન મથક છોડી જશે.

(૪) કોઈપણ વાહન પોલીસ બુથના ૧૦૦ મીટર વારની અંદર પ્રવેશ કરશે નહીં. સિવાય કે ફરજ પરના અધિકારીના વાહન.

મેં આજ તારાખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 220 REGISTERED No. GBA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, OCTOBER 14, 1998 / ASVINA 22, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ--૩૭ (૧) અન્વયેના.

નંબર પી.ઓ.એલ. (૧) / ૩૦૨૧ / ૯૮.— તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૮ દરમ્યાન કાળી ચૌદસ અને નૂતન વર્ષ નિમિત્તે જીલ્લામાં ખેડા, ફાગવેલ, ડાકોર મેળાઓ યોજનાર છે. તથા અન્ય સ્થળોએ માંડવીયો યોજનાર છે. જેથી આ મેળાઓ અને તહેવાર દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઉકત-કાયદાની કલમ--૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા જિલ્લા પોલીસ વડાશ્રીએ તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૮ના પત્રથી દરખાસ્ત કરેલ છે. સદરહુ દરખાસ્ત ધ્યાને લેતાં ઉકત કાયદાની કલમ ૩૭(૧) નું જાહેરનામું મને બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. એચ. શાહ, જી. એ. એસ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૮ (બન્ને દિવસો સુધ્ધાંત) દરમ્યાન નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો, અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :— સમગ્ર ખેડા જિલ્લો,

અપવાદ:— આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ - ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈ પણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા,-નડીઆદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 222

REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, OCTOBER 15, 1998 / ASVINA 23, 1920

Separate paging is given to each part of the Supplement to the CentralGazette and Content Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર એમએજી-વશી-પોલ/જાહેરનામું/૭૫૬૮ થી ૭૬૯૧/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨મો) અધિનિયમની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આગામી તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૮ સુધી એસ.એસ.સી / એચ.એસ.સી પરીક્ષાઓ ચાલુ થનાર હોઈ તથા તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૮ ના રોજ દિવાળીના તહેવાર આવતો હોઈ તેમજ હાલની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૮ના રોજ ૦૦-૦૦ કલાકથી ૨૩મી ઓકટોબર ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સૂત્રો પોકારવા નહીં. અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા મેળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભય થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં. અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહી તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતાં કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી જેને શારીરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ચાર માસ અને વધુ માં વધુ એક (૧) વર્ષ કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૮ના રોજ મારી સહી સિકકો કર્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલુ.

નંબર પોલ./એમ.એ.જી./વશી./૭૬૯૨ થી ૭૮૭૧/૯૮.—આગામી તારીખ ૫મી ઓકોબર ૧૯૯૮ થી એસ. એસ. સી. /એચ એસ. સી. પરીક્ષા શરૂ થનાર હોઈ તેમજ તારીખ ૧૯મી ઓકટોબરથી દિવાળીનો તહેવાર આવતો હોઇ તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને ધ્યાને લેતા આ સમય દરમ્યાન જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર)ના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાનો સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવાનું અત્યંત જરૂરી હોઈ વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માંની) કલમ-૩૭ ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૮ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૪મી ઓકટોબર ૧૯૯૮ના ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી. :—

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ,
(૨) કોઈ લગ્નના વરઘોડાને
(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષક દળની વ્યકિતઓને
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના મુખ્ય મથકનાં વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે એટલે કે સરઘસ તથા સભાઓની પરવાનગી સ્થાનિક પરિસ્થિત તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 223

REGISTERED No. G-BA.-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, OCTOBER 15, 1998 /ASVINA 23, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર પી.ઓ.એલ./ જાહેરનામું/૩૭ (૧)/૯૮.—જિલ્લામાં નવરાત્રીનો તહેવાર ચાલુ હોઈ તથા દશેરાનો તહેવાર આવતો હોઈ તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૮ ના રોજ જિલ્લામાં રાવણદહન તથા શોભાયાત્રાઓ નીકળનાર હોઈ તથા તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૮ સુધી સંઘર્ષ સપ્તાહનું આયોજન કરેલ હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ તકેદારીનાં પગલાંરૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫ મી ઓકટોબર ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લાનાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાંખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૪) કોઈ સળગતાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યક્તિઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળાં દેખાડવાનું, સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, જેનાથી સૂરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ :

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં:—

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો ધાર્મિક રિવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીએ અગાઉથી લેખીતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના ઓજારો કામે લઈ જતાં ખેડુતો.

(૫) આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦ી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

જાહેરનામું

પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પી.ઓ.ઓલ./જાહેરનામું/૩૭(૩)/૯૮.—જિલ્લામાં નવરાત્રિનો તહેવાર ચાલુ હોઈ તથા દશેરાના તહેવાર આવતો હોઈ તારીખ ૧લા ઓકટોબર ૧૯૯૮ના રોજ જિલ્લામાં રાવણદહન તથા શોભાયાત્રાઓ નીકળનાર હોઈ તથા તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૨જી ઓક્ટોબર ૧૯૯૮ સુધી સંઘર્ષ સપ્તાહનું આયોજન કરેલ હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારુ તકેદારીનાં પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૦ી ઓકટોબર, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો:—
આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના અજારો વિગેરે લઈ જતાં ખેડુતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 224 REGISTERED No. G-BA-14-E

Ⓒ

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, OCTOBER 16, 1998 / ASVINA 24, 1920

Separate paging is given to each part of the Supplement to the CentralGazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અનુસાર. કાઢેલ હુકમ.

નંબર એમએજી/પરક્ષ / અલએઓ / વ-૧૭૫૮/૯૮.—આગામી તારાખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૮ સુધીના સમયગાળા દરમ્યાન સરકારી પોલીટેકનીક, હિમતનગર ખાતે ડીપ્લોમાં અભ્યાસક્રમની પરીક્ષાઓ લેવાનાર છે. આ પરીક્ષામાં મોટા સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર છે.

સરકારી પોલીટેકનીક કોલેજ હિમતનગર ખાતે ડીપ્લોમાં અભ્યાસક્રમના પરીક્ષાઓ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૮ સુધીના સમય માટે લેવાનાર છે. આ સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્ર ખાતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર હોઈ પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં એકઠા થાય તેમ છે. આથી પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવા તેમજ અડચણ ત્રાસ આપવા અથવા ઈજાઓ થવાનો સંભવ છે. જેથી દૂષણ અટકાવવા માટે અને પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય અને કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ પરીક્ષા સંચાલકો સરળતાથી પોતાની કાર્યવાહી બજાવી શકે તે માટે ફોજદારી કાર્યરાતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અનુસાર પગલાં લેવાના પુરતા અને વ્યાજબી કારણો છે, જે મારો અભિપ્રાય છે.

વાસ્તે હું સી. બી. પંચીવાલા, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, હિમતનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું ફરમાવું છું કે :—

સરકારી પોલાટેકનિક કોલેજ, હિમતનગરના પરીક્ષા કેન્દ્ર ઉપર ૨૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં પરીક્ષાર્થીઓ સિવાયના વિદ્યાર્થીઓએ પ્રવેશ ન કરવા કે તે વિસ્તારમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહિ / ઉભા રહેવું નહિ / સભાઓ ભરવી નહિ. પરીક્ષા કેન્દ્રથી ૨૦૦ મીટરની વિસ્તારમાં સરઘસ કાઢવું નહીં કે સુત્રો પોકારવા નહિ.

અપવાદ :

આ હુકમ ફરજ ઉપરના અધિકારીઓ / કર્મચારીઓ અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓ તથા પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓને લાગુ પડશે નહિ.

આ હુકમ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૮ ના સવારના ૧૦-૦૦ કલાકેથી પરીક્ષાઓ પુરી થાય ત્યાં સુધીના સમય દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમ આજ તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી બહાર પાડયો.

સી. બી. પંચીવાલા,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
હિમતનગર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અનુસાર કાઢેલો હુકમ.

નંબર એમએજી/એસ.એસ.સી./પરક્ષ / ૫-૧૦ / ૯૮.—આગામી તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮ ના સમયગાળા દરમ્યાન અત્રેના હિંમતનગર શહેરમાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ની પરીક્ષાઓ લેવાનાર છે.

અત્રેના હિંમતનગર શહેરમાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮ સુધીના સમય માટે લેવાનાર છે. આ સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ઉપર મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર હોઈ પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓની વાલીઓ, મોટી સંખ્યામાં એકઠા થાય તેમ છે. આથી આ પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવા તેમજ અડચણ, ત્રાસ આપવા અથવા વાલીઓ, અસામાજિક તત્વો દ્વારા ચોરીઓ કરાવવાના બનાવો ન બને તથા પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય અને કાયદો અને વ્યવસ્થાના પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ પરીક્ષા સંચાલકો સરળતાથી પોતાના કાર્યવાહી બજાવી શકે તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ના કલમ ૧૪૪ અનુસાર પગલાં લેવાના પુરતા અને વ્યાજબી કારણો છે, જે મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું સી. બી. પંચીવાલા, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર ફોજદારા કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું ફરમાવું છું કે,

અત્રેના હિંમતનગર શહેરમાં આવેલ પરીક્ષા કેન્દ્રો શ્રી હિંમત હાઈસ્કુલ, શ્રી માયઓન હાઈસ્કલ તથા, મદ્રેસા હાઈસ્કુલ, હિંમતનગર. પરીક્ષા કેન્દ્રો ઉપર ૨૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં પરીક્ષાર્થીઓ સિવાયની વ્યકિતઓએ પ્રવેશ ન કરવા કે તે વિસ્તારોમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહિ, ઉભા રહેવું નહિ, સભાઓ ભરવા નહિ. પરીક્ષા કેન્દ્રથી ૨૦૦ મીટરના વિસ્તારમાં સરઘસ કાઢવું નહિ કે સૂત્રો પોકારવા નહિ તથા પરાશા કેન્દ્ર વિસ્તારના ઝેરોક્ષ સેન્ટર સવારે ૧૦-૦૦ થી સાંજ ૫-૦૦ કલાક સુધી બંધ રાખવાના રહેશે.

અપવાદ :

આ હુકમ ફરજ ઉપરના અધિકારી/કર્મચારીઓ અને પરીક્ષાના કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓ તથા પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓનો લાગુ પડશે નહિ.

આ હુકમ તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૮ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે થી તારીખ ૧૭મી ઓકટોબર, સુધી પરીક્ષાઓ પુરા થાય ત્યાં સુધીના દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમ આજ તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી બહાર પાડયો.

સી. બી. પંચીવાલા,
એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 231 REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, OCTOBER 29, 1998 / KARTIKA 7, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)વશી/૩૦૪૫.—તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૮ના રોજ કારતક સુદ પુનમના રોજ રણછોડજી મંદિર ડાકોર ખાતે મેળો ભરાનાર છે. આ મેળામાં સમગ્ર ગુજરાત ભરમાથી લોકો આવતા હોય છે. જેમાં વાહનો લઇ આવનાર લોકો વાહનો આડેધડ પાર્ક કરતા હોવાથી આમ જનતા તથા યાત્રિકોને હાલાકી ભોગવવી પડે છે. જેથી ટ્રાફીકના નિયંત્રણ માટે ઉકત કાયદાની કલમ-૩૩ (૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી. એ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ખેડા મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૮ અને તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૮ (એમ બંને દિવસોમાં) ડાકોર નગરપાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ : સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન એસ. ટી. બસ તથા હાઇવે ઉપરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહી.

શિક્ષા :—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)-૩૦૮૫.—તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૮થી તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૮ સુધી કારતક સુદ-૧૧થી કારતક સુદ-૧૫ સુધી મોજે પાલ્લા, તા. માતર મુકામે સાબરમતી નદીના સપ્ત સંગમ ઉપર નિલકંઠ મહાદેવ પાસે ધાર્મિક યાત્રાળુ મેળો ભરાનાર છે. તેમજ કારતક સુદ-૧૫ના દિવસે ડાકોર મુકામે પણ રણછોડરાયજી મંદિર પાસે મેળો ભરાનાર છે. જેથી આ મેળાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઉકત કાયદાની કલમ ૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું મને જરુરી જણાય છે.

Extra No. 232 REGISTERED No. G-BA-14-E

Ⓒ

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, OCTOBER 30, 1998 / KARTIKA 8, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ નિયમ, ૧૯૬૬.

નંબર ઉ-મકવ એજીવી/ક્યુએલ/ખાણક/જાહેરનામું/૬૪૯૫.—આથી ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૧ અન્વયે નીચેની પરીશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં કવોરીલીઝ કેન્સલ કરેલ, સરન્ડર કરાયેલ અને લીઝની મુદત પુરી થયેલ હોય તેવી નીચે જણાવેલ લીઝોના લીઝ વિસ્તાર ખનીજ નિયમ-૧૯૬૬ ના નિયમ-૧ (૧) (સી) મુજબ ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું રહેતું હોઈ હું કલેકટર અને સક્ષમ અધિકારી, વડોદરાને મળેલી સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર ફરીથી ઉપલબ્ધ વિસ્તાર તરીકે આ જાહેરનામા પ્રસિધ્ધ થયા તારીખ પછીંના ૩૦ દિવસ બાદના સરકારી કામકાજના દિવસની અસરથી જાહેર કરું છું. નિયત સમય પહેલા આવેલ અરજી અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

અ. નં.	નામ	ગામ અને તાલુકો		સર્વે નંબર અને વિસ્તાર
૧	શ્રી અતુલકુમાર આર. પટેલ	ઈટવાડ	સાવલી	મહી નદી પટ્ટ પૈકી ૫ ૦૦ ૦૦ હે. વિ.
૨	,, હસમુખભાઈ વી. કટારીયા	મોઘલા	નસવાડી	૩૯૮ પૈકી
			દમોલ	૨ પૈકી
૩	,, અલ્લારખાં એસ. પઠાણ	નસવાડી		૨ ૦૦ ૦૦ હે. વિ.
૪	,, શીવ સ્ટોન ઈન્ડસ્ટ્રી	અમરાપુરા	સાવલી	મહી નદી પટ્ટ પૈકી ૨૦ ૦૦ ૦૦ હે. વિ.

INDEX

૧	૨	૩	૪	૫
૫	શ્રી અશોકભાઈ આર. શાહ	વડદલી	નસવાડી	મેણ નદી પટ્ટ ૩ ૦૦ ૦૦ હે. વિ.
૬	„ જશવંતભાઈ એસ. સોલંકી	જાંબુગોરલ	સાવલી	૪૦૯,-૪૧૧ પૈકી ૫ ૦૦ ૦૦ હે. વિ.
૭	„ કમલકાંત જી. દેસાઈ	અમરાપુરા	સાવલી	મહી નદી પટ્ટ પૈકી ૨૦ ૦૦ ૦૦ હે. વિ.
૮	„ અબ્દુલ રજાક ઈસ્માઈલ	બોરવાણી નસવાલી		૭૯/૧ પૈકી ૨ ૦૦ ૦૦ હે. વિ.
૯	„ વિઠ્ઠલભાઈ કે. પટેલ	ગુલાલપુરા	સાવલી	કરડ નદી પટ્ટ પૈકી ૫૮ પૈકી
૧૦	„ એમ. એમ. મનીરલ્સ	અજબપુરા	સાવલી	૨ ૦૦ ૦૦ હે. વિ.
૧૧	મે. શુભમ ગ્રેનાઈટ	પાટીયા	જેતપુર-પાવી	૪૮પૈકી ૧ ૬૦ ૮૬ હે. વિ.
૧૨	શ્રી જગદિશભાઈ સી. પટેલ	અજબપુરા	સાવલી	મહી નદી પટ્ટ પૈકી ૩ ૦૦ ૦૦ હે. વિ.
૧૩	શ્રીમતિ ગીતાબેન પી. રાયલા	ખડકલા	જેતપુર પાવી	ઓરસંગ નદી પટ્ટ ૪ ૮૦ ૦૦ હે. વિ.
૧૪	શ્રી મે. બાલાજી કવોરી વર્કસ	જાંબુગોરલ	સાવલી	મહી નદી પટ્ટ પૈકી ૭ ૦૦ ૦૦ હે. વિ.
૧૫	„ મે. બી. એમ. પટેલ	એડાબ	વાઘોડીયા	૩૯ પૈકી ૧ ૦૦ ૦૦ હે. વિ.
૧૬	„ અલ્લારખાં એસ. પઠાણ	પોથલીપુરા	તા. નસવાડી	૩૫ પૈકી ૧ ૦૦ ૦૦ હે. વિ.
૧૭	„ રાજેન્દ્રસિંહ પ્રભાતસિંહ રાઉલજી	અમરાપુરા		કરડ નદી પટ્ટ પૈકી ૯ ૦૦ ૦૦ હે. વિ.
૧૮	„ મુળજીભાઈ એમ. પટેલ	ગણેશપુરા ગોકળપુરા	સાવલી	કરડ નદી પ પૈકી ૩ ૦૦ ૦૦ હે વિ.
૧૯	„ જીતેન્દ્રકમાર જી. ઠાકોર	સૈડીવાસણા	તા. છોટાઉદેપુર	૬૪૫ પૈકી ૨ ૦૦ ૦૦ હે. વિ.
૨૦	„ ખત્રી અબ્દુલ રજાક હાજી મુરાદજી	મોધલા	નસવાડી	૩૫૬ (નવો ૪૦૪૦) ૨ ૫૦ ૦૦ હે. વિ.
૨૧	„ ખત્રી ડીસ્ટ્રીબ્યુટર્સ	મોધલા	નસવાડી	૩૫૬ પૈકી ૧ ૦૦ ૦૦ હે. વિ.

વડોદરા, તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
(આઈ.એ.એસ.) કલેકટર, વડોદરા.
જિલ્લો વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 233

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, NOVEMBER 2, 1998 / KARTIKA 11, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં)ની કલમ-૪૩ (૧) મુજબ.

ક્રમાંક પીઓએલ/કાર્તીકી પુનમ/મેળો/વશી/૧૯૮/૧૯૯૮.—મહેસાણા જિલ્લાના સિધ્ધપુર મુકામે કાર્તીકી પુનમનો મેળો તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૮ થી તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૮ સુધી ભરાનાર છે. આ મેળામાં આજુ બાજના વિસ્તાર ઉપરાંત ઘણે દૂર દૂરથી મોટી સંખ્યામાં લોકો એકઠા થાય છે. જેથી જાહેર જનતાની તંદૂરસ્તી અને જાહેર આરોગ્ય જળવાય તે સારૂ સાવચેતીના પગલાં લેવાની ખાસ આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું એચ. પી. શેઠ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ સિધ્ધપુર મુકામે સુધરાઇ વિસ્તારમાં અને મેળામાં આવતા જતા તમામ ઇસમોનો તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૮ થી તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૮ સુધી (બંને દિવસો સહીત) નીચેના નિયમોનું પાલન કરવા હુકમ કરૂ છું.

(૧) કોઇપણ વ્યકિતએ નદીના પાણીનો ઉપયોગ પીવા માટે કરવો નહી;

(૨) કોઇપણ વ્યકિતએ કુવામાંથી પાણી ખેચવા માટે ફરજ ઉપર હાજર હોય તે માણસ આપે અગર કુવા ઉપર પુરૂ પાડવામાં આવે તે વાસણ સિવાય પોતાની પાસેનું કોઇપણ વાસણ પાણીમાં બોળવું નહી અથવા વાસણથી પાણી ખેચવું નહી;

(૩) કોઇ પણ વ્યકિત જે સ્થળે મેળો ભરાવવાનો હોય તે સ્થળે નિયત કરેલી જગ્યા સિવાય, ઝાડા, પેશાબ કરવા નહી.

(૪) ગંધાતા વાસી, ઉતરી ગયેલા અથવા માનવ ખાદ્ય માટે ઉપયોગમાં ન આવે તેવા ફળ ફળાદી, પીણા, ખોરાક કોઇએ વેચવા સારૂ રાખવા નહી અથવા રાખેલ હશે તો તે જપ્ત કરવાને પાત્ર થશે અને ફરજ ઉપરના સેનેટરી ઇન્સ્પેકટર શ્રી તથા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી એ અધિકૃત કરેલ કર્મચારીઓ જપ્ત કરી શકશે;

(૫) ખાસ પાનની દુકાનની, હોટલો રેસ્ટોરન્ટ તથા ફળફળાદી વગેરેની દુકાનો તથા મનોરંજનના સ્થળોએ ફરજ પરના સેનેટરી ઇન્સ્પેકટર જાહેર તંદુરસ્તી અથવા સ્વચ્છતા જળવાઇ રહે તે જે સુચનાઓ આપે તેનો અમલ કરવો.

INDEX

(૬) ફરજ પરના વૈદ્યકીય અધિકારીશ્રી તેમજ આરોગ્ય તપાસણી અધિકારીશ્રી, અથવા કોઇપણ અધિકારી જાહેર સ્વચ્છતાની દ્રષ્ટિએ જરૂર જણાય તો મેળામાં આવનાર કોઇપણ યાત્રીઓની તપાસ કરી શકશે અને કોઇપણ વ્યકિત જો પ્લેગ, શીતળા, કોલેરા અથવા સ્વાસ્થની ખાતર જરૂર જણાય તો આવા ઇસમોને મેળામાંથી ઇલાયદા રાખવામાં આવશે.

જો કોઇપણ વ્યકિત ઉપરના નિયમોનો કોઇપણ ખંડનો ભંગ કરે અથવા તેમ કરવામાં કોઇપણ મદદ કરશે તો તે મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૯ પ્રમાણે શિક્ષાને પાત્ર થશે.

આજે તારીખ ૨૭મી ઓકટોબર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કર્યો.

એચ. પી. શેઠ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ. (ઉ. ગુ.).

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 234

REGISTERED No. GBA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, NOVEMBER 2, 1998 / KARTIKA 11, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૧) મુજબ.

નંબર એમ.એ.જી./વશી/૨૦૭ થી ૨૧૫/૯૮.—પાટણ જીલ્લાના સિધ્ધપુર મુકામે કાર્તકી પુનમનો મેળો તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૮થી ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૮ સુધી ભરાનાર છે. જેને અનુલક્ષીને જીલ્લાનો હાલનો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાન્તિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાની આવશ્યકતા રહે છે.

વાસ્તે હું, એમ. આર. વસાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રુએ પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૮ ના ૦-૦૦ કલાકથી તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબ કૃત્યો કોઈપણ ઈસમને નહી કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી, અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથીયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું,

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથીયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું,

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવાનું કે, અસભ્યતા પ્રેરે અગર નીતીના ભંગ કરે, તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું,

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સૂત્રો પોકારવાનું,

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું,

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું,

(૮) નિતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું. વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાવ તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે, ઉપયોગ કરવાનું

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથીયાર રાખવા પડતા હોય એવા સરકારી કર્મચારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, સબ-ડીવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, વિભાગી પોલીસ અધિકારીશ્રી, પાટણ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ તેમજ પોલીસ સબ ઈન્સપેકટરશ્રી, સિધ્ધપુર એ શારિરીક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષા ને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. આર. વરસાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 235

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, NOVEMBER 3, 1998 / KARTIKA 12, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૮૨ સાથે વાંચતાં આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ ૧૯૮૦ની કલમ ૭(બી) મુજબ .

નંબર ઈ. પુરવઠા ડીટીએન. ૩/૯૮.— શ્રી મહેન્દ્રસીંગ લઘુસીંગ ચૌહાણ, સસ્તા અનાજની દુકાન સંચાલક, ઝાલરા (કરઝા) તાલુકા અમીરગઢ રહેઠાણ ઝાલરા (કરઝા) તાલુકા અમીરગઢની ગેરકાયદેસરની પ્રવૃત્તિના કારણે આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ, ૧૯૮૦ની કલમ ૩ (૨) અન્વયે અટકાયત કરવા હુકમ કરેલ છે. અને તે ઉપરથી કાઢેલ વોરંટ ઉપર એવો શેરો થઈને આવેલ છે કે, સદરહુ શ્રી મહેન્દ્રસીંગ લઘુસીંગ ચૌહાણ, સંચાલક સસ્તા અનાજની દુકાન ઝાલરા (કરઝા) રે. ઝાલરા (કરઝા) તાલુકા અમીરગઢ જેઓ મળી આવતા નથી અને જેની ખાતરી કરાવવામાં આવેલ છે કે, સદરહું શ્રી મહેન્દ્રસીંગ લઘુસીંગ ચૌહાણ, સદરહુ વોરંટ પોતાના ઉપર બજે નહીં એટલા માટે સંતાતો ફરે છે અને ફરાર થયેલ છે.

આથી હું, પી. ડી. વાઘેલા, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા આથી જાહેરનામું કાઢીને ફરમાવું છું કે, સદરહુ શ્રી મહેન્દ્ર-સીંગ ચૌહાણ, સંચાલક સસ્તા અનાજની દુકાન ઝાલરા (કરઝા), તાલુકા અમીરગઢ રહેઠાણ ઝાલરા (કરઝા) તાલુકા અમીરગઢને સદરહુ જાહેરનામા અનુસંધાને સને ૧૯૯૮ના નવેમ્બર મહીનાની ૩૦ મી તારીખે સવારના ૧૧--૦૦ કલાકે અથવા તે પહેલાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી બનાસકાંઠા સમક્ષ હાજર થવું.

જાહેરનામામાં દર્શાવેલ ઉકત સમય સુધીમાં હાજર થવામાં કસૂર કરવામાં આવશે તો ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૮૩ નીચે સ્થાવર / જંગલ મિલ્કત કોર્ટ મારફતે જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખ ૩૦ મી ઓકટોબર સને ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

Extra No. 236 REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, NOVEMBER 3, 1998 / KARTIKA 12, 1920

Separate paging is given to each part of the Supplement to the CentralGazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમ.એ.જી. / કા.વ્ય. / પરીક્ષા / ૨૨૦/૯૮.— પાટણ જિલ્લામાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપરથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા માહે ઓકટોબર થી નવેમ્બર, ૧૯૯૮ ના માસ દરમ્યાન યુનિવર્સિટી ફેકલ્ટીની વિવિધ પરીક્ષાઓ લેવાનાર છે.

આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપર લેવાનાર ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ દ્વારા લેવાનાર પરીક્ષાનું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસ ભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડના નિરિક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહીં તે સારું પરિશિષ્ઠમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કમ્પાઉન્ડના આજુ-બાજુના ૨૦૦(બસો) મીટરના વિસ્તારમાં કોઈ અસામાજિક તત્ત્વો કે અનધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહીં તે સારું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું એચ. પી. શેઠ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુએ આથી જણાવું છું કે તારીખ ૨૯ મી ઓકટોબર, ૧૯૯૮ ના શુન્ય કલાકથી તારીખ ૧૦ મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ ૨૪–૦૦ કલાક (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી અથવા ઉકત પરીક્ષાઓ પુર્ણ થાય ત્યાં સુધી આ પરીક્ષા માટેના આ સાથેના પરિશિષ્ઠમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રો અને તેના સામે દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કમ્પાઉન્ડના આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહીં અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહીં.

વધુમાં આદેશ કરું છું કે :—આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહું પરીક્ષાની કામગીરીમાં યુનિવર્સિટી તરફથી રોકાયેલ અધિકારી / કર્મચારીઓને.

(૩) સદરહું પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામ-ગીરીમાં રોકાયેલ / સરકારી અધિકારી / કર્મચારીને.

(૪) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ પાટણ / જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ઠ

અનું. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા બિલ્ડીંગનું નામ
૧	૨	૩
(૧)	પાટણ	શ્રી અને શ્રીમતિ પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ.
(૨)	,,	શ્રીમતિ ટી. એસ. આર. કોમર્સ કોલેજ
(૩)	પાટણ	શેઠ એમ. એન. સાયન્સ કોલેજ
(૪)	,,	નંદલાલ કીલાચંદ કોલેજ ઓફ એજ્યુકેશન.

પાટણ, તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૮.

એચ. પી. શેઠ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ (ઉ. ગુ.).

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 237

REGISTERED No. GB—A—14—E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, NOVEMBER 5, 1998 / KARTIKA 14, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

ઈનચાર્જ પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ.બી./ઉગપક/ જાહેરનામું/ ૪૪૬૬/૧૯૯૮.—વડોદરા શહેરમાં પોલીસ કમીશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહશાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ. કે. ટંડન (આઈ.પી.એસ.), ઈન્ચાર્જ પોલીસ કમીશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૧) (૩) મુજબ મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યક્તિઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમીશનર હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથોનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડા ની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્ન-વરઘોડો કે સ્મશાન યાત્રાને લાગું પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમની ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

એમ. કે. ટંડન,
ઈન્ચાર્જ પોલીસ કમીશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No- 238

REGISTERD No.-G-A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, NOVEMBER 5, 1998 / KARTIKA 14, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૪૫૦૨/૧૯૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું. કે. એન. શર્મા, (આઇ. પી. એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતી અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમાં સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશ્નર વિસ્તારમાં તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઇપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂક કે લાકડી જેવા સાધનો કે જે ચીજ થી હીંસા થઇ શકે તેવી કોઇ વસ્તુ લઇ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઇ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઇ જવો નહીં;

(ઘ) સરઘસમાં સળગતી મશાલ લઇ જવી નહીં;

(ચ) કોઇપણ આકૃતિ કે પુતળા દેખાડવા નહીં,

(છ) અપમાન કરવાના ઇરાદાથી કે બદનામ કરવાના ઇરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં;

(જ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકા અથવા કોઇ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી. અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઇ હથીયાર લઇ જવા ફરમાવ્યું હોય અગર હથીયાર લઇ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઇ અધિકારીએ જેની શારીરીક અશકિતને કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 239

REGISTERED No. GB-A-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, NOVEMBER 5, 1998 / KARTIKA 14, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and General Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર ૨૨) ની કલમ-૩૩-૧ (ભ) અન્વયેનું.

નંબર આમ્સ/વશી/૮૦૯૭/૧૮૭/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૩ ૧ (ભ) અન્વયે મળેલી સત્તાની રૂઈએ હું, સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા દિવાળીના તહેવારો ધ્યાનમાં રાખી પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના સમગ્ર વિસ્તારના તાત્કાલિક અસરથી તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૮ સુધી નીચે મુજબ બંધી ફરમાવવા હુકમ કરું છું.

(૧) ફટાકડાના સંગ્રહ તથા વેચાણ માટે જે વિસ્તારમાં દુકાનો માટે પરવાના આપવામાં આવ્યા છે તે વિસ્તારમાં દારૂખાનાના કોઈપણ પરવાનેદારો પોતે જે કોઈ જાતનું દારૂખાનું વેચાણ કરતા હોય તે દારૂખાનું ગ્રાહકોને ફોડી બતાવવું કે નિદેશન કરવું નહીં.

(૨) દારૂખાનું ખરીદનાર ગ્રાહકે દારૂખાનું ખરીદ કર્યા બાદ આવા દારૂખાનાની દુકાનવાળા વિસ્તારમાં ફોડવું નહીં કે તેનું નિદેશન કરવું નહી. તેમજ જાહેર રસ્તા ઉપર વાહન વ્યવહારને અડચણ થાય તે રીતે હોસ્પીટલ, શાળા, કોલેજ વગેરે શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના વિસ્તારમાં દારૂખાનું ફોડવું નહી.

(૩) ઠરાવેલા નિયમો અનુસરીને હોય તે સિવાય કોઈ વિસ્તારમાં અથવા ઈમારતમાં અથવા તે ઉપર પચાસ ફૂટની અંદર કોઈપણ ઘાસ અથવા બીજી વસ્તુમાં દેવતા મુકવાની અથવા તે બાળવાની અથવા અગ્નિ સળગાવવાની અથવા આતશબાજી સળગાવીને નાખવાની અથવા આતશબાજીનું બલુન અથવા રોકેટ અગર અન્ય નામે ધંધાદારી સંજ્ઞાથી ઓળખાતા દારૂખાનું ઉડાવવાની અથવા રોશની સારૂ ફાનસો અથવા બીજી કોઈ યુક્તિની કરેલી વસ્તુ થાંભલામાં અથવા બીજી ચીજમાં બાંધીને તે થાંભલા અથવા ચીજ કોઈ રસ્તાની બાજુએ અથવા આડા દોરીને ઉભા કરવા નહી.

(૪) કોઈપણ શખ્સે પોતાના વિસ્તાર ઉપર હકુમત ધરાવતા પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રીની પુર્વમંજુરી સિવાય મોટા ફટાકડા અને પાવડર ભરેલા અગર અન્ય આકાર ધરાવતા અગર ધંધાદારી સંજ્ઞાથી બીજા નામે ઓળખાતા ફટાકડા કોઈ સાર્વજનિક કે ખાનગી ઈમારત ઉપર અથવા તેમાંથી ૨૦ ફૂટ અંદર ફોડવા કે ફેકવા નહી.

(૫) સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ સામે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ અન્વયે કાયદેસર પગલા લેવા માટે કાર્યક્ષેત્ર ધરાવતાં પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી તેમના કાર્યક્ષેત્ર પુરતાં અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

Extra No. 240 REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, NOVEMBER 6, 1998 / KARTIKA 15, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામુ

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

નં.:ઉમક/સા. કા./એજીએચ/કયુએલ/૧૮૪૬.—શ્રી લખાભાઈ પુંજાભાઈ પટેલ, રહે. સજાપુર તાલુકો:મોડાસાને સાબરકાંઠા જિલ્લામાં ચેની વિગતે કવાર્ટઝાઈટ ખનિજની કવોરાલીઝ બે વર્ષના પટ્ટે મંજુર કરવામાં આવેલ જેનું કરારખત તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ કરવામાં આવેલ :

જિલ્લો	તાલુકો	ગામ	સ. નં.	વિસ્તાર
સાબરકાંઠા	મોડાસા	સજાપુર	૧૭માં	૧ ૫૮ ૮૪ હેકટર

ઉપરોકત કવોરીલીઝના મુદત તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના રોજ પુરા થયેલ છે. પટ્ટેદારે કવોરીલીઝ રીન્યુઅલ કરાવવા માટે અરજી કરેલ નથી. પટ્ટેદાર શ્રી તારીખ ૧૦મી જુન, ૧૯૯૬ ના રોજ મૃત્યુ પામેલ છે.

ગુજરાત ગૌણ ખનિજ ધારા-૧૯૬૬ના નિયમ ૧૮(૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા અને પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ પછીના અસરથી ફરી ખાણકામ કરવા માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

સાબરકાંઠા, હિમતનગર, તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮.

વિરાટ એમ. વોરા,
કલેકટર, સાબરકાંઠા.

Supple. C. G. I. Extra— 240/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

xtra No. 241 REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, NOVEMBER 6, 1998 / KARTIKA 15, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો—૧૯૬૬.

નંબર ઉમક/સા.કાં./એજીએચ/ક્યુએલ/૮૯૭.—શ્રી અબ્દુલ સમદ અબ્દુલ લતીફ ચૌહાણ મુ. પો. ધનસુરા, તાલુકો મોડાસાને સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે ક્વાર્ટઝાઈટ ખનિજની ક્વોરીલીઝ દસ વર્ષના પટ્ટે મંજૂર કરવામાં આવેલ જેનું કરારખત તારીખ ૬ઠ્ઠી જુન, ૧૯૮૩ના રોજ કરવામાં આવેલ.

જિલ્લો	તાલુકો	ગામ	સ. નં.	વિસ્તાર
સાબરકાંઠા	મોડાસા	શંકા	૪૪૧/૧ પૈકી	૧ ૦૦ ૦૦ હેક્ટર

ઉપરોક્ત ક્વોરીલીઝની મુદત તારીખ ૫મી જુન, ૧૯૯૩ના રોજ પૂરી થયેલ છે. પટ્ટેદારે ક્વોરીલીઝ રીન્યુઅલ કરાવવા માટે અરજી કરેલ નથી.

ગુજરાત ગૌણ ખનિજ ધારો ૧૯૬૬ ના નિયમ ૧૮ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેક્ટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા અને પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

સાબરકાંઠા, હિંમતનગર તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮.

વિરાટ એમ. વોરા,
કલેક્ટર, સાબરકાંઠા.

Supple. C. G. I.—Extra—241/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 242

REGISTERED No. G-BA-14E

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, NOVEMBER 7, 1998 / KARTIKA 16, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

Order

No. SB / Tapasni / FC / PP/ATK/Reg. No. 6/98.—Order requiring the presence of detenue under section 3 (2) and 7 (*1*) (b) of prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act 1980 No. SB/TAPASANI/FC/PP /ATK/Reg No 6/98 whereas a Detention Order No. : SB/TAPASANI/FC/PP / ATK Reg. No. 6/98. has been made by me in respect of Smt. Rajniben Manharlal Bhagat Resident of 23, Cantonment, Shahibaug Camp., Ahmedabad and 38, Pali hil, Bandra, Bombay, on 9th August, 1998 Whereas it ia reported that the said Smt. Rajniben Manharlal Bhagat Resident of 23, Cantonment, Shahibaug Camp., Ahmedabad and 38, Pali hil, Bandra, Bombay. is absconding or is concealing herself to avoid the service of the above said detention Order.

Now, therefore, under the power vested in me under section 3 (2) and 7 (1) (b) of prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980 I, V. S. Gadhavi, District Magistrate, Ahmedabad, hereby require the said Smt. Rajniben Manharlal Bhagat who stated to be belonging to 23, Cantonment, Shahibaug Camp, Ahmedabad and 38, Pali hi, Bandra, Bombay. to appear before Police Commissioner, Ahmedabad within a week (7 days) of the date of publication of this Order in the Official Gazette.

Given under my hand and Seal this 5th day of November, 1998.

V. S. GADHAVI,
District Magistrate,
Ahmedabad.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર એસબી/તપાસણી/એફપી/પીસી / એટક / રજિ. નં.૬/૯૮.—આવશ્યક ચીજ વસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ના કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) હેઠળ અટકાયતાને હાજર થવાનો હુકમ નં. એસબી/તપાસણી/એફસી/પીપી/અટક/રજિ. નં. ૬/૯૮.

INDEX

અત્રેના હુકમ નં. એસબી/તપાસણી / એફસી / પીપી/અટક / રજિ. નં. ૬/૯૮ તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૯૮ અન્વયે શ્રીમતી રજનીબેન મન હરલાલ ભગત, રહેવાસી ૨૩ કેન્ટોમેન્ટ, શાહીબાગ કેમ્પ, અમદાવાદ તેમજ ૩૮, પાલીહીલ બ્રાન્દ્રા, મુંબઈને અટકાયતનો હુકમ કરવામાં આવેલ છે. અને ઉપરોકત હુકમના અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે શ્રીમતી રજનીબેન મનહરલાલ ભગત, રહેવાસી ૨૩, કેન્ટોમેન્ટ, શાહીબાગ, કેમ્પ, અમદાવાદ તેમજ ૩૮ પાલીહીલ, બ્રાન્દ્રા, મુંબઈના ભાગી ગયા છે. અથવા તેમના ઉપર ઉપરોકત હુકમનો અમલ ન થઈ શકે તે માટે પોતે નાસતા સંતાતા ફરે છે.

જેથી હું, વી. એસ. ગઢવી, જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, મને આવશ્યક ચીજ વસ્તુના કાળાબજાર અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ ની કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરું છું કે ઉપરોકત શ્રીમતી રજનીબેન મનહરલાલ ભગત, રહેવાસી ૨૩ કેન્ટોમેન્ટ, શાહીબાગ કેમ્પ, અમદાવાદ તેમજ ૩૮-પાલીહીલ, બ્રાન્દ્રા, મુંબઈના છે તેમણે પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ રૂબરૂમાં આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭માં હાજર થવું.

મારી સહી તથા સિક્કો તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ના રોજ કરવામાં આવેલ છે.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

Orber

No. SB / TAPASANI / F/PP/AT /Reg. No. 9/98.—Order Requiring the persence of detenue under section 3 (2) and 7 (1) (b) of prevention Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980 No. SB/TAPASANI/FC/PP/ATK/Reg. No. 9/98 whereas a Detention Order No. SB/TAPASANI / FC/PP/ATK/ Reg. No. 9/98 has been made by me in respect of Shri Prabhakar Kashainath Shete Resident of /L/1, Ratan Apartment Keshava Nagar, Subhashbridge Corner, Ahmedabad On 9th August, 1998 Whereas it is reported that the said Shri Prabhakar Kashinath Shete Resident of L/1, Ratan Apartment, Keshava Nagar, Subhashbridge Corner, Ahmedabad is absconding or is concealing himself to avoid the service of the above said detention Order

Now, therefore, under the power vasted in me, under section 3 (2) and 7 (1) (b) of prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act., 1980 I V. S. Gadhavi, District Magistrate, Ahmedabad hereby require the said Shri Prabhakar Kashinath Shete, who stated to be belonging to L/1, Ratan Apartment, Keshava Nagar, Subhashbridge Corner, Ahmedabad to appear before Police Commissioner, Ahmedabad with in a Week (7 Days) of the date of publication of this Order in the Official Gazette.

Given under my hand and Seal this 5th day of November, 1998.

V. S. GADHAVI,
District Maistrate,
Ahmedabad.

હુકમ

નંબર એસબી / તપાસણી / એ ફસી/પીપી/અટક/રજિ.નં. ૯/૯૮.—આવશ્યક ચીજ વસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ની કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) હેઠળ અટકાયતીને હાજર થવાનો હુકમ નં. : એસબી/તપાસણી/એફસી/પીપી/અટક/રજી.નં.-૯/૯૮.

અત્રેના હુકમ નં. : એસબી/તપાસણી / એફસી/પીપી/અટક-રજિ. નં. ૯/૯૮ તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૯૮ અન્વયે શ્રી પ્રભાકરભાઈ કાશીનાથ શેટે રહેવાસી એલ/૧, રતન એપાર્ટમેન્ટ, કેશવનગર, સુભાષબ્રીજ કોર્નર, અમદાવાદને અટકાયતનો હુકમ કરવામાં આવેલ છે. અને ઉપરોકત હુકમના અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે શ્રી પ્રભાકરભાઈ કાશીનાથ શેટે રહેવાસી એલ/૧ રતન એપાર્ટમેન્ટ, કેશવનગર, સુભાષબ્રીજ કોર્નર, અમદાવાદના ભાગી ગયા છે. અથવા તેમના ઉપર ઉપરોકત હુકમનો અમલ થઈ શકે તે માટે પોતે નાસતા સંતાતા ફરે છે.

જેથી હું, વી. એસ. ગઢવી, જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ મને આવશ્યક ચીજ વસ્તુના કાળા બજાર અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ના કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરું છું કે ઉપરોકત શ્રી પ્રભાકરભાઈ કાશીનાથ શેટે રહેવાસી એલ/૧, રતન એપાર્ટમેન્ટ, કેશવનગર, સુભાષબ્રીજ કોર્નર, અમદાવાદના છે તેમણે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ રૂબરૂ આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭માં હાજર થવું.

મારી સહી તથા સિક્કો તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ કરવામાં આવેલ છે.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

Orber

No. SB / TAPASANI / FC/PP/ATK/Reg. No. 10/98.—Order Requiring the persence of detenue under section 3 (2) and 7 (1) (b) of prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act., 1980 No. : SB/TAPASANI / FC / PP /ATK/ Reg. No. 10/98 whereas a Detention Order No. : SB/TAPASANI / FC/PP / ATK/Reg. No. 10/98 was been made by me in respect of Shri William Lanslot Lorance Resident of I. F. C. L. Banglows, Odhav Road, Opp Chambers of Commerce, Odhav, Ahmedabad and Native Rauna Pilliyar Covil Road, Camp Bazar, Kunnur-1, Kerala. On 9th August, 1998. Whereas it is reported that the said Shri William Lanslot Lorance Resident of I.F.C.L. Banglows, Odhav Road, Opp. Chambers of Commerce, Odhav, Ahmedabad and Native Rauna, Pilliyar Covil Road Camp Bazar, Kunnur-1, Kerala. is absconding or is concealing himself to avoid the service of the above said detention Order.

Now, therefore under the power vested in me, under section 3 (2) and 7 (1)(b) of prevention of

Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980 I V. S. Gadhavi, District Magistrate, Ahmedabad hereby require the said Shri William Lanslot Lorance who stated to be belonging to I. F. C. L. Banglowa, Odhav Road, Opp. Chambers of Commece, Odhav, Ahmedabad and Native Rauna, Pilliyar Covil Road, Camp Bazar, Kunnur-1, Kerala. to appear before Police Commissioner, Ahmedabad with in a week (7 Days) of the date of publication of this Order in the Official Gazette.

Given under my hand and Seal this 5th Day of November, 1998.

V. S. GADHAVI,
District Magistrate,
Ahmedabad.

હુકમ

નંબર એસબી / તપાસણી/એફસી/પીપી/અટક/રજિ. નં.-૧૦/૯૮.—આવશ્યક ચીજ વસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ની કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) હેઠળ અટકાયતીને હાજર થવાનો હુકમ નં. એસબી/તપાસણી/એફસી/પીપી/અટક/રજિ .નં.-૧૦/૯૮.

અત્રેના હુકમ નં. એસબી/તપાસણી / એફસી / પીપી/અટક/રજિ. નં. ૧૦/૯૮ તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૯૮ અન્વયે શ્રી વિલીયમ લાન્સલોટ લોરેન્સ, રહેવાસી, આઈ.ઈ.સી.એલ. બંગ્લોઝ, ઓઢવ રોડ, ઓઢવ વેપારી મહામંડળ સામે, અમદાવાદ વતની રોના પિલ્લઈયાર, કોવીલ રોડ, કેમ્પ બજાર, કેન્નુર-૪૦૦૦૧, કેરાલા ને અટકાયતનો હુકમ કરવામાં આવેલ છે. અને ઉપરોકત હુકમના અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે શ્રી વિલીયમ લાન્સલોટ લોરેન્સ, રહેવાસી આઈ.ઈ.સી.એલ. બંગ્લોઝ, ઓઢવરોડ, ઓઢવ વેપારી મહામંડળ સામે, અમદાવાદ વતની રોના પિલ્લઈયાર, કોવીલ રોડ, કેમ્પ બજાર, કેન્નુર-૪૦૦૦૧, કેરેલાના ભાગી ગયા છે, અથવા તેમના ઉપર ઉપરોકત હુકમનો અમલ ન થઈ શકે તે માટે પોતે નાસતા સંતાતા ફરે છે.

જેથી હું વી. એસ. ગઢવી, જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ મને આવશ્યક ચીજ વસ્તુના કાળા બજાર અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ ની કલમ-૩ (૨) અને ૭(૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરું છું કે ઉપરોકત શ્રી વિલીયમ લાન્સલોટ લોરેન્સ, રહેવાસી આઈ.ઈ.સી.એલ. બંગ્લોઝ, ઓઢવ રોડ, ઓઢવ વેપારી મહા મંડળ સામે, અમદાવાદ વતની રોના પિલ્લઈયાર, કોવીલ રોડ, કેમ્પ બજાર, કેન્નુર-૪૦૦૦૧, કેરાલાના છે. તેમણે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ રૂબરૂ આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭માં હાજર થવું.

મારી સહી તથા સિક્કો તારાખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ના રોજ કરવામાં આવેલ છે.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

Extra No. 243

REGISTERED No. G-BA.-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, NOVEMBER 7, 1998 /KARTIKA 16, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આદેશ

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે નો હુકમ.

નંબર પીઓએલ/જાહેરનામું/શામળાજી/૪૩(૧)/૯૮ .—ચાલુ સાલે સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના શામળાજી મુકામે કારતક સુદ એકમથી મેળો ભરાય છે. જેમાં કારતક સુદ તેરસથી કારતક વદ-૧ સુધી આ મેળામાં ઘણો મોટો માનવ સમુદાય ભેગો થવા સંભવ છે. તેથી કરીને રોગચાળો ફાટી નીકળવાનો ભય રહે છે. તેમજ નાગધરોના સ્થળે અંધશ્રધ્ધા પ્રેરીત અને પ્રણાલીગત રીતે સ્ત્રીઓની જે તેમની મરજી વિરૂધ્ધ બેથી ત્રણ કલાક સુધી ઠંડા પાણીમાં સ્નાનની વિધિ કરાવવામાં આવે છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ જે તેમના આરોગ્ય માટે હાનિકારક છે, જે જાહેર હિતમાં તે અટકાવવા સાવચેતીના પગલાં ભરવા જરૂરી છે. તેમજ સ્વચ્છ પાણી અને ખોરાકની સગવડ માટે અને ચેપી રોગચાળાવાળા માણસોથી બચવા તથા રોગ ન થવા દેવા અથવા તેનો ફેલાવો અટકાવવાના પગલા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે હું વિરાટ એમ. વોરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) થી મળેલ સત્તાની રૂએ શામળાજી મુકામે શામળાજી ગામના રહીશો અને મેળામાં આવનાર દરેક વ્યકિતઓને મેળો પુર્ણ થાય ત્યાં સુધી નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

૧. મેસ્વો નદી બે ભાગમા વહેચવામાં આવશે. ઉપલા ભાગમાં એટલે કે શામળાજી મંદિર તરફનું પાણી વૈકલ્પિક વ્યવસ્થા ન હોય તો પીવા માટે ઉપયોગમાં લેવું અને નીચેના ભાગનું પાણી ન્હાવા/ધોવા વિગેરેના ઉપયોગમાં લેવું.

૨. કોઈપણ વ્યકિતને પીવાના પાણીના કુવા અગર નદી માટે નકકી કરેલ જગ્યાઓ ઉપર પોતાના વાસણથી પાણી ભરવું નહીં. પરંતુ મજકુર જગાએ ડોલ બાલદી મુકવામાં આવેલ હશે તેનાથી પાણી ભરવું.

૩. મેસ્વો રાશેવરના કાંઠેથી ઉતરી સદરહું સરોવરમાં ન્હાવા/ધોવા કે અન્ય રીતે પાણીનો ઉપયોગ કરવા નહી.

૪. મંદિરના કુવામાં તેમજ પાણી ભરવાના બીજા કુવામાં ગ્રામ પંચાયતે જરૂરી દવા નાખવી તથા કાદવ કીચડવાળી જગ્યાઓએ દવા છાંટવી.

૫. મેળામાં જે સ્થળ નકકી કરવામાં આવેલ છે અને મેળો જે જગ્યાએ ભરાય છે તે જગ્યામાં કે તેની નજીક કોઈપણ વ્યકિત કુદરતી હાજતે જઈ શકશે નહી પરંતુ તે માટે નિયત કરેલ જગ્યાએ જવું.

૬. સડી ગયેલા ફળો તેમજ મનુષ્યોને ઉપયોગમાં લેવા માટે લાયક ન હોય તેવા ખોરાક તેમજ પીણાં વેચવા નહીં અને આ પ્રકારના સડી ગયેલા ફળો, ખોરાક, તથા પીણા હાજર રહેલા સેનેટરી ઈન્સ્પેકટરો તેમજ ફરજ બજાવતા પોલીસો નાશ કરી શકશે.

૭. ફરજ ઉપર હાજર રહેલા સેનેટરી ઇન્સ્પેકટરને હોટલ લોજના માલીકોને તથા બીજા દુકાનદારોને ચોખ્ખાઇ તંદુરસ્તીને લગતી બધી સૂચનાઓ આપવા અધિકાર સોંપેલ છે અને તેઓની સૂચનાઓનો ઉપર દર્શાવેલ માલીકોએ તાત્કાલીક અમલ કરવો.

૮. ફરજ ઉપર હાજર રહેલા સેનેટરી ઇન્સ્પેકટર મેળામાં આવેલી બધી હોટલો, લોજો તથા વીશીઓ તેમજ મીઠાઇની દુકાનો તપાસી શકશે.

૯. મેળામાં આવનાર દરેક વ્યકિત શારીરિક તપાસને પાત્ર રહેશે અને કોઇ વ્યકિતને પ્લેગ, બળીયા, કોલેરા, અગર બીજા કોઇ ચેપી રોગો થયેલા માલુમ પડશે તો તેને તુર્તજ ત્યાંથી જુદા રાખવામાં આવશે. અથવા મેળાનું સ્થળ તાત્કાલીક છોડી દેવું પડશે.

૧૦. કોઇપણ વ્યકિતએ વાવમાંથી પાણી ભરવા માટે વાવમાં ઉતરવું નહી.

૧૧ મેળામાં નાગધરોના સ્થળે બહેનો સ્નાન વિધિ સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી કરી શકશે. આ સિવાયના સમયે બહેનો સ્નાન કરી શકશે નહીં.

૧૨. ઉપરોકત સ્નાનની વિધિમાં પુરૂષો તથા સ્ત્રીઓએ અલગ અલગ નકકી કરાયેલ સ્થળોએ સ્નાન વિધિ કરવાની રહેશે, જેમાં સ્ત્રીઓ માટે નકકી કરેલા વિભાગમાં કોઇ પુરૂષ પ્રવેશી શકશે નહી. બહેનો સાથે તેમના નાની ઉંમરના બાળકોને લઇ જઇ શકશે.

૧૩. કોઇપણ સ્ત્રીને કોઇ પુરૂષ અથવા સ્ત્રી સ્નાન કરવા દબાણ કરશે નહીં અને તે માટે મૌખિક અથવા શારીરિક રીતે બળનો ઉપયોગ કરી શકશે નહી. સ્ત્રી પોતાની મરજીથીજ સ્નાન કરશે.

ઉપરોકત બતાવેલ નિયમોનો કોઇપણ વ્યકિત ભંગ કરશે તો તે મુંબઇના પોલીસ ધારાની કલમ-૧૩૯ મુજબ ત્રણ માસની સજા અગર રૂા. ૨૦૦ (બસો) સુધીના દંડ અગર બંને પ્રકારની સજાને પાત્ર થશે. આ આદેશ તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

મેં આજ તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

વિરાટ એમ વોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 244 REGISTERED No. G-BA-14-E

Ⓒ

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, NOVEMBER 7, 1998 / KARTIKA 16, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ./જાહેરનામું/૩૭ (૧)/૯૮.— ચાલુ મારામાં સાબરકાંઠા જિલ્લાના શામળાજી અને ખેડબ્રહ્મા મુકામે આવેલ મંદિરોએ મેળા ભરાનારા હોઈ તથા કારતક સુદ પુનમે દર્શનાર્થે પગપાળા સંઘો જતાં હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારું તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૮ના કલાક ૦૦-૦૦થી તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદૂક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા ભેગા કરવાનું;

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, કે જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું;

અપવાદ : આ હુકમનો ખંડ-(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.—

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ;

INDEX

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના ઓજારો કામે લઈ જતા ખેડૂતો.

(૫) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ / જાહેરનામું/૩૭ (૩)/૯૮. —ચાલુ માસમાં સાબરકાંઠા જિલ્લાના શામળાજી અને ખેડબ્રહ્મા મુકામે આવેલ મંદિરોના સ્થળોએ મેળાઓ ભરાનાર હોઈ તથા કારતક સુદ પુનમે દર્શનાર્થીઓ પગપાળા સંઘો જતા હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩)થી મને મળેલ અધિકારની રૂએ, આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 245 REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, NOVEMBER 10, 1998 / KARTIKA 19, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અનુસાર કાઢેલો હુકમ.

નંબર એમ. એ.જી. /પરક્ષ / એલ. એ. ઓ. /વશી-૧૧/૯૮.—આગામી તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૧૦મી નવેમ્બર ૧૯૯૮ સુધીના સમયગાળા દરમ્યાન શ્રી એચ. એચ. મહેતા આર્ટસ એન્ડ એમ. એમ. પટેલ કોમર્સ કોલજ, હિમતનગર ખાતે પરીક્ષાઓ લેવાનાર છે આ પરીક્ષામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર છે.

શ્રી એચ. એચ. મહેતા, આર્ટસ એન્ડ એમ. એમ. પટેલ કોમર્સ-કોલેજ, હિમતનગર ખાતે ડીપ્લોમાં અભ્યાસક્રમની પરીક્ષાઓ તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૧૦ મી નવેમ્બર, ૧૯૯૮--સુધીના સમય માટે લેવાનાર છે. આ સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્ર ખાતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર હોઈ પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં એકઠા થાય તેમ છે. આથી પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવા તેમજ અડચણ ત્રાસ આપવા-અથવા ઈજાઓ થવાનો સંભવ છે. જેથી દુષણ અટકાવવા માટે અને પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય અને કાયદો તથા પરિસ્થિતી જળવાઈ રહે તેમજ પરીક્ષા સંચાલકો સરળતાથી પોતાની કાર્યવાહી બજાવી શકે તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અનુસાર પગલાં લેવાના પુરતા અને વ્યાજબી કારણો છે જે મારો અભિપ્રાય છે.

વાસ્તે હું સી. બી. પંચીવાલા, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, હિમતનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, આથી હું ફરમાવું છું કે.........

શ્રી એચ. એચ. મહેતા આર્ટસ એન્ડ એમ. એમ. પટેલ કોમર્સ-કોલેજ હિમતનગરના પરીક્ષા કેન્દ્ર ઉંપર ૨૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં પરીક્ષાર્થીઓ સિવાયના વિદ્યાર્થીઓએ પ્રવેશન કરવા કે તે વિસ્તારમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહિ / ઉંભા રહેવું નહી / સભાઓ ભરવી નહીં. પરીક્ષા કેન્દ્રથી ૨૦૦ મીટરના વિસ્તારમાં સરઘસ કાઢવું નહી કે સુત્રો પોકારવા નહીં.

અપવાદ :

આ હુકમ ફરજ ઉંપરના અધિકારીઓ /કર્મચારીઓ અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓ તથા પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓને લાગુ પડશે નહીં.

આ હુકમ તારીખ ૨૯ મી ઓક્ટોબર-૧૯૯૮ ની સવારના ૧૦-૦૦ કલાકેથી પરીક્ષાઓ પુરી થાય ત્યાં સુધીના સમય દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમ આજ તારીખ ૩ જી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી બહાર પાડયો.

સી. બી. પંચીવાલા,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, હિમતનગર.

Supple. C. G. I.—Extra—245/1

PRINTED AT GOVERNMENT PRESS VADODARA.

Extra No. 246 REGISTERED No. G—BA—14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, NOVEMBER 12, 1998 / KARTIKA 21, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર સપ / એન્ફો / બી / ડીટીએન / પીબીએમ / ૧૭ / ૯૮. વશી/ ૪૬૭૬ થી ૮૩/૯૮.—વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મહુવડ ગામે આવેલ શુભમ પેટ્રોલીયમ ઉપર નોકરી કરતાં અને પેટ્રોલ જેવી આવશ્યક ચીજવસ્તુમાં સોલવન્ટની ભેળસેળની પ્રવૃત્તિ આચરતા રંગે હાથે ઝડપાયેલા શ્રી મનુભાઈ કાશીભાઈ પટેલ રે. ટીંબરવા, તાલુકો શિનોર, જિલ્લો વડોદરાની આવશ્યક ચીજ-વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ની જોગવાઈ મુજબ ઉકત અધિનિયમની કલમ-૩ (૨) અન્વયેથી અમોને મળેલ સત્તાની રૂએ સદરહું ઈસમ શ્રી મનુભાઈ કાશીભાઈ પટેલની નિવારક અટકાયત કરવા માટેનો હુકમ ડીટીએન/પીબીએમ/એસ. આર./૧૭/૯૮ તારીખ ૨૫મી જુલાઈ ૧૯૯૮ થી જારી કરવામાં આવેલ છે. સદરહું અટકાયતી હુકમને ગુજરાત સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના હુકમ નં. ડીટીએન/૧૧૯૮/૧૭૨૫ (૨) -એસ.પી. એલ તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૮ થી મંજુર રાખેલ છે. સદરહું અટકાયતી હુકમો બજવણી માટે સતત પ્રયત્ન કરાતાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વડોદરા ગ્રામ્યના અહેવાલ તથા અમારી જાત માહિતી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે, જે વ્યકિતના સંબંધમાં સદરહું અટકાયત હુકમ કરવામાં આવેલ છે તે વ્યકિત શ્રી મનુભાઈ કાશીભાઈ પટેલ ફરાર થઈ ગયેલ છે. અથવા એવી રીતે છૂપાતા ફરે છે કે જેથી તેમની નિવારક અટકાયત માટે કરવામાં આવેલ સદરહું અટકાયતી હુકમની અમલ બજવણી કરી શકાતી નથી. જેથી આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને તેને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ની કલમ-૭ (૧) નીચે અમોને મળેલ અધિકારો અન્વયે સદરહું ફરારી (ભાગેડું) વ્યકિત શ્રી મનુભાઈ કાશીભાઈ પટેલને મારા તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના જાહેરનામા નં. ડીટીએન/પીબીએમ/એસ.આર./૧૭/૯૮-વશી/૩૭૧૧ થી ૧૩/૯૮ થી જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૫ ની મુદતની અંદર જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વડોદરા ગ્રામ્ય સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવેલ. સદરહું જાહેર-નામાની કાયદાથી પ્રસ્થાપિત પધ્ધતિ મુજબ પ્રસિધ્ધિ કરવામાં આવેલ તેમ છતાં સદરહું ફરારી (ભાગેડું) વ્યકિત શ્રી મનુભાઈ કાશીભાઈ પટેલ જાહેરનામાથી નિર્દિષ્ટ થયેલ સમય મર્યાદામાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વડોદરા ગ્રામ્ય સમક્ષ હાજર થયેલ નથી. આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ની કલમ-૭ (૧) તથા અમોને ક્રીમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૮૨, ૮૩, ૮૪, ૮૫ હેઠળ મળેલ અધિકારો અન્વયે શ્રી મનુભાઈ કાશીભાઈ પટેલ રે. ટીંબરવા, તાલુકો : શિનોર, ને ફરારી (ભાગેડું) જાહેર કરું છું અને તેમની નીચે મુજબની તમામ સ્થાવર / જંગમ મિલકત જપ્ત કરવા હુકમ કરું છું.

મિલકતનું વર્ણન :—

મોજે વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના ટીંબરવા ગામે આવેલ.

(અ) ખેતીની જમીનો :

	સ. નં.	ક્ષેત્રફળ હે. આ. પ્ર.	આકાર રૂા. પૈ.
(૧)	૮૧૦	૦ ૫૧ ૧૩	૭.૩૧
(૨)	૯૫૭/૨/અ	૧ ૦૦ ૦૭	૯.૩૨
(૩)	૮૦૮	૧ ૬૦ ૫૪	૨૦.૬૨
	પૈકી	૦ ૮૦ ૯૪ પૈ.	૧૦.૩૧

(બ) મોજે ટીંબરવા, તાલુકો શિનોર ગામે ગામ રેકર્ડમાં અનુ. નં. ૪૩૨ થી નોંધાયેલ બજારમાં સરીયામ રસ્તા ઉપર આવેલ મિલકત નંબર ૪૩૨ પૈ. ઈંટોડી ઘરનો વચ્ચેનો ભાગ જેનો વાર્ષિક કર રૂા. ૭.૦૦ નોંધાયેલ છે. તથા તેમાંની તમામ જંગમ મિલકતો.

સદરહું હુકમ અન્વયે ઉકત સ્થાવર / જંગમ મિલકતો તાત્કાલિક અસરથી ટાંચમાં લેવાની કાર્યવાહી કરવા મામલતદારશ્રી, શિનોરને અધિકૃત કરું છું. આ હુકમની તારીખથી દિન-૩૦ માં સદરહું ઈસમ શ્રી મનુભાઈ કાશીભાઈ પટેલ તેમના અટકાયત હુકમ અંગે અમારી સમક્ષ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વડોદરા ગ્રામ્ય સમક્ષ હાજર નહિ થાય તો સદરહું જપ્ત કરેલ સ્થાવર/જંગમ મિલકત સરકાર દાખલ કરીને તેની જાહેર હરાજી કરી વેચાણ કરવાની કાયદાનુસાર કાર્યવાહી કરવા પણ હુકમ કરું છું.

વડોદરા, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

હુકમ

નંબર સપ/એન્ફો/બી / ડીટીએન / પીબીએમ/૧૬/૯૮/વશી/૪૬૮૪ થી ૯૩/૯૮.—વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મહુવડ ગામે શુભમ પેટ્રોલીયમ ઉપર પેટ્રોલ જેવી આવશ્યક ચીજવસ્તુમાં સોલવન્ટની ભેળસેળની પ્રવૃત્તિ આચરતા રંગેહાથ ઝડપાયેલા શ્રી ભૂપતસિહ ન્હારસિહ માંગરોલા, રે. ૧૬/એ શ્રીજી બાગ સોસાયટી, માંજલપુર, વડોદરાની આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ની જોગવાઈઓ મુજબ ઉકત અધિનિયમની કલમ-૩(૨) અન્વયેથી અમોને મળેલ સત્તાની રૂએ સદરહું ઈસમ શ્રી ભૂપતસિહ ન્હારસિંહ માંગરોલાની નિવારક અટકાયત માટેનો હુકમ ડીટીએન/પીબીએમ/એસ. આર./ ૧૬/૯૮, તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૮થી જારી કરવામાં આવેલ છે. સદરહું અટકાયતી હુકમને ગુજરાત સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગના હુકમ ડીટીએન/૧૧૯૮/ ૧૭૨૫(૧) એસ.પી.એલ. તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૮ થી મંજુર રાખેલ છે. સદરહું અટકાયતી હુકમની બજવણી માટે સતત પ્રયત્ન કરતાં પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરનો અહેવાલ તથા અમારી જાત માહિતી ઉપરથી અમોને એમ માનવાને કારણ છેકેજે વ્યકિતના સંબંધમાં સદરહું અટકાયત હુકમ કરવામાં આવેલ છે તે વ્યકિત શ્રી ભૂપતસિહ ન્હારસિહ માંગરોલા ફરાર થઈ ગયેલ છે. અથવા એવી રીતે છૂપાતા ફરે છે કે જેથી તેમની નિવારક અટકાયત માટે કરવામાં આવેલ સદરહું અટકાયતી હુકમની અમલ બજવણી કરી શકાતી નથી. જેથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ ની કલમ-૭(૧) નીચે અમોને મળેલ અધિકારો અન્વયે સદરહું ફરારી (ભાગેડું) વ્યકિત શ્રી ભૂપતસિહ ન્હારસિહ માંગરોલાને મારા તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના જાહેરનામા નં. ડીટીએન / પીબીએમ/એસ.આર/૧૬/૯૮/વશી/૩૭૦૮ થી ૧૦/૯૮ થી જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૫ ની મુદતની અંદર પોલીસ કમિશનર શ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવેલ. સદરહું જાહેરનામાની કાયદાથી પ્રસ્થાપિત પધ્ધતિ મુજબ પ્રસિધ્ધિ કરવામાં આવેલ તેમ છતાં સદરહું ફરારી (ભાગેડું) વ્યકિતશ્રી ભૂપતસિહ ન્હારસિહ માંગરોલા જાહેરનામાથી નિર્દિષ્ટ થયેલ સમય-મર્યાદામાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર થયેલ નથી. આથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ની કલમ-૭(૧) તથા અમોને ક્રીમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૮૨, ૮૩, ૮૪, ૮૫ હેઠળ મળેલ અધિકારો અન્વયે શ્રી ભૂપતસિહ ન્હારસિહ માંગરોલા રે. ૧૬/એ, શ્રી જી બાગ સોસાયટી, માંજલપુર, વડોદરાને ફરારી (ભાગેડું) જાહેર કરું છું. અને તેમની નીચે મુજબની તમામ સ્થાવર / જંગમ મિલકત જપ્ત કરવા હુકમ કરું છું.

મિલકતનું વર્ણન :—

(૧) મોજે લીમેટ, તાલુકો ઝગડીયા, જિલ્લો ભરૂચ ગામે આવેલ નીચેની વિગતની જમીનો :

ખાતા નંબર	બ્લોક નંબર	ક્ષેત્રફળ હે.આ. પ્ર.	આકાર રૂા. પૈ.
૨૦૫	૩૩૧	૨ ૨૩ ૪૦	૧૬.૫૨

સદરહું હુકમ અન્વયે ઉકત સ્થાવર/જંગમ મિલકત તાત્કાલિક અસરથી ટાંચમાં લઈ રેવન્યુ રીકવરી એકટ અન્વયે જપ્તીની કાર્યવાહી હાથ ધરવા કલેકટરશ્રી, ભરૂચને અધિકૃત કરું છું. આ હુકમની તારીખથી દિન-૩૦ માં સદરહું ઈસમ શ્રી ભૂપતસિહ ન્હારસિહ માંગરોલા તેમના અટકાયત હુકમ અંગે અમારી સમક્ષ અથવા વડોદરા પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર નહિ થાય તો સદરહું જપ્ત કરેલ સ્થાવર / જંગમ મિલકત સરકાર દાખલ કરીને તેની જાહેર હરાજી કરી વેચાણ કરવાની કાયદાનુસાર કાર્યવાહી કરવા પણ હુકમ કરું છું.

વડોદરા, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૮.

એ. જી. મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 247

REGISTERED No.-GB-A-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, NOVEMBER 13, 1998 / KARTIKA 22, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે

નંબર એમ.એ.જી/કા. વ્ય./પરીક્ષા/૩૪૮/૧૯૯૮ :—પાટણ જિલ્લામાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપરથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, દ્વારા માહે નવેમ્બર ૧૯૯૮થી ડીસેમ્બર ૧૯૯૮ના માસ દરમ્યાન યુનિવર્સિટી ફેકલ્ટીની વિવિધ પરીક્ષાઓ લેવાનાર છે.

આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપર લેવાનાર ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા લેવાનાર પરીક્ષાનું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડના નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારૂ પરિશિષ્ઠમાં જાણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ અસામાજીક તત્વો કે અનધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહીં તે સારૂ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલીક ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું એચ. પી. શેઠ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૮ ના શુન્ય કલાકથી તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત) તેમજ તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૮ના શુન્ય કલાકથી તારીખ ૭મી ડીસેમ્બર ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત) સુધી અથવા ઉકત પરીક્ષાઓ પુર્ણ થાય ત્યાં સુધી આ પરીક્ષા માટેના આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રો અને તેની સામે દર્શાવેલ પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહી. અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહીં.

વધુમાં આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને

(૨) સદરહું પરીક્ષાની કામગીરીમાં યુનિવર્સિટી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીઓને.

INDEX

(૩) સદરહું પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી / કર્મચારીને

(૪) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા બીલ્ડીંગનું નામ
૧	૨	૩
૧	પાટણ	શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા. આર્ટસ કોલેજ.
૨	પાટણ	શ્રીમતી ટી. એસ. આર. કોમર્સ કોલેજ.
૩	પાટણ	શ્રી એસ. યુ. પટેલ, ગ્રંથાલય ભવન, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ.
૪	પાટણ	શેઠ એમ. એન. લો કોલેજ.
૫	ઊંઝા	શેઠ વી. એસ. લો કોલેજ.

પાટણ, તારીખ ૯મી નવેમ્બર ૧૯૯૮.

એચ. પી. શેઠ,
જિલ્લા મેજિસ્ટ્રેટ.
પાટણ. (ઉ. ગુ.)

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 248 REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, NOVEMBER 16, 1998 / KARTIKA 25, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અનુસાર.

નંબર એમએજી/પરક્ષ/એલઓ/વશી-૧૧/૯૮ .—આગામી તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૮ થી તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૮ સુધીના સમયગાળા દરમ્યાન લૉ કોલેજ હિમતનગર ખાતે પરીક્ષાઓ લેવાનાર છે આ પરીક્ષામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર છે.

લૉ કોલેજ હિમતનગર ખાતે વિવિધ પરીક્ષાઓ તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૮ થી તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૮ સુધીના સમય માટે લેવાનાર છે. આ સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્ર ખાતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર હોઈ પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં એકઠા થાય તેમ છે. આથી પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવા તેમજ અડચણ ત્રાસ આપવા અથવા ઈજાઓ થવાનો સંભવ છે. જેથી દુષણ અટકાવવા માટે અને પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય અને કાયદો તથા પરિસ્થિતીં જળવાઈ રહે તેમજ પરીક્ષા સંચાલકો સરળતાથી પોતાની કાર્યવાહી બજાવી શકે તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અનુસાર પગલા લેવાના પુરતા અને વ્યાજબી કારણો છે જે મારો અભિપ્રાય છે.

વાસ્તે હું સી. બી. પંચીવાલા, એક્ઝીક્યુટીવ મેજસ્ટ્રેટ, હિમતનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું ફરમાવું છું કે :–

લૉ કોલેજ હિમતનગરના પરીક્ષા કેન્દ્ર ઉપર ૨૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં પરીક્ષાર્થીઓ સિવાયના વિદ્યાર્થીઓએ પ્રવેશ ન કરવા કે તે વિસ્તારમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહી / ઉભા રહેવું નહી / સભાઓ ભરવી નહી પરીક્ષા કેન્દ્રથી ૨૦૦ મીટરના વિસ્તારમાં સરઘસ કાઢવું નહી કે સુત્રા પોકારવા નહી.

અપવાદ :

આ હુકમ ફરજ ઉપરના અધિકારીઓ, કર્મચારીઓ અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓ તથા પીરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓને લાગુ પડશે નહીં.

આ હુકમ તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૮ ની સવારના ૧૦-૦૦ કલાકથી પરીક્ષાઓ પુરી થાય ત્યાં સુધીના સમય દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમ આજ તારીખ ૧૩મી નવેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી બહાર પાડયો.

સી. બી. પંચીવાલા,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
હિમતનગર.

Supple. C. G. I—Extra—248/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 249 REGISTERED No. GB—A—14—E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, NOVEMBER 17, 1998 / KARTIKA 26, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

Order

No. Sup/Enfo/B/DTN/PBM/16/98/WS/4684 to 93/98.— Shri Bhupatsinh Nahrsinh Managrola, a resident of 16-A Shreejibaug, Society, Manjalpur Vadodara who was employed at Suhbham Petroleum situated at village Mahuved of Tal. Padra, was found indulged in activities of adulteration by mixing a solvent in essential commodities like Petrol, a preventive detention order was issued by me for aforesaid Shri Bhupatsinh Naharsinh Mangrola *vise* Order No. DTN/PBM/SR/16/98, dated 25th June, 1998 under the powers vested in me by provisions of section 3 (*2*) of prevention of black marketing of essential commodities and maintenance of supplies Act, 1980. Ratification to above referred preventive detention order is accorded by Food, Civil Supplies and Consumers affairs Department of Government of Gujarat *vide* Order No. DTN/1198/1725(1)/Spl. /dated 4th August, 1998. I have reasons to believe from informations available to me and from the reports received from Police Commissioner, Vadodara that Shri Bhupatsinh Naharsinh Mangrola, in respect of whom the aforesaid prevention order is issued, is absoconding or hiding himself in such a manner that inspite of several efforts, concerned order cannot be served to him. Therefore, I had ordered concerned absconding person Shri Bhupatsinh Naharsinh Mangrola to persent himself with the time limit of 35 days from the date of issue of a notification before Police Commissioner, Vadodara by issung a notification No. DTN/PBM/SR/16/98/WS/3708 to 10/98, dated 9th September, 1998 as per provisions of section 7 (*1*) of prevention of black marketing of essential commodities and maintanance of supplies Act, 1980 and powers vested in me by above Act. Concerned notification was widely published as per legal procedure. Inspite of publication, concerned absconding person Shri Bhupatsinh Naharsinh Mangrola has not presented himself before Police Commissioner, Vadodara within the prescribed time limit. Therefore I hereby declare concerned person Shri Bhupatsinh Naharsinh Mangrola, a resident of 16-*A* Shreeji baug Society, Manjalpur, Vadodara as an absconder using the powers given to me under the provisions of section 7 (*1*) of prevention of black marketing of essential commodities and maintenance of supplies Act and sections 82 to 85 of Criminal procedure code and order to confiscate all the movable and immovable properties / assets belonging to aforesaid person as mentioned below :

INDEX

Description of assets :

(1) Land situated at village limet, Taluka-Jhagadia, District Bharuch as shown below :

Amount No.	Block No.	Area	Land revenue.
		H. A. Sq.m.	
205	331	2 23 40	Rs. 16.52

I also authorise, as per revenue recovery Act Collector, Bharuch to immediately undertake actions to attach above mentioned properties / Assets as per aforesaid order. I also order to forfeit attached properties in favour of Government and to initiate procedure for their Public Auction and sale if concerned absconding person Shri Bhupatsinh Naharsinh Mangrola fails to present himself before me or police commissioner vadodara within the time limit of 35 days from the date of this order.

Vadodara, 10th November, 1998.

A. G. MUKIM,
District Magistrate, Vadodara.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 250

REGISTERED No. GBA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, NOVEMBER 21, 1998 / KARTIKA 30, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ,

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું/૪૬૫૪/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું કે. એન. શર્મા આઈ.પી. એસ. પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૮ ના કલાટ ૦૦-૦૦ થી તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ,

(ક) કોઈપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂક કે લાકડી જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં.

(ખ) પથ્થરો અથવા ફેકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં.

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(ઘ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં.

(ચ) કોઈપણ આકૃતિ કે પુતળા દેખાડવા નહીં.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રોચ્ચાર પોકારવા નહી.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકા અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવુ કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉંપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યુ હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારીએ જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મે આજ તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામુ / ૪૬૫૫ / ૧૯૯૮.—વડોદરા શહેરમાં પોલીસ કમિશ્નર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહશાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફટપાથોનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્ન વરઘોડો કે સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમની ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 251

REGISTERED No. GB-A-14-E

Ⓒ

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX | WEDNESDAY, NOVEMBER 25, 1998 / AGRAHAYANA 4, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (એમ) અન્વયેનું.

ક્રમાંક પી.ઓ.એલ. (૧)/૩૧૮૮/૯૮.—ખેડા જિલ્લાના ડાકોર મુકામે ભગવાન શ્રી રણછોડરાયજીનું મંદિર આવેલ છે. તથા ભારત (ગુજરાત) નું પવિત્ર સુપ્રસિધ્ધ યાત્રા ધામ છે. આ સ્થળે લાખોની સંખ્યામાં ભાવિક ભકતો દર્શનાર્થે આવે છે. ડાકોર મુકામે ગોમતી તળાવ, મંદિરની બાજુમાં જ આવેલ છે. જેમાંથી માછલાં પકડવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવામાં આવતી હોવાની વિગતો અત્રે પ્રાપ્ત થયેલ છે. આમ થવાથી લોકોની લાગણી દુભાય છે. અગાઉ આ તળાવમાંથી માછલા પકડવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું સને ૧૯૨૬ માં પ્રસિધ્ધ થયેલ હતું. પરંતુ કાયદાકીય જોગવાઈઓમાં ફેરફાર થતાં, ઉપરની હકીકતે માછલા પકડવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું નવેસરથી બહાર પાડવું ઈચ્છનીય છે.

વાસ્તે હું ભાગ્યેશ જહા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, જિલ્લો નડીઆદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (એમ) થી મને મળેલ સત્તાની રૂઈએ ખેડા જિલ્લાના "ડાકોર મુકામે આવેલ ગોમતી તળાવમાંથી માછલા કે બીજા અન્ય કોઈ જાનવરો પકડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું."

"આ ગોમતી તળાવના તમામ ઓવારા તથા તેના બીજા કોઈ સ્થળેથી પણ માછલા કે બીજા કોઈ જાનવર પકડી શકાશે નહીં."

આ હુકમનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાની જાહેર નોટીસ જે તે સ્થળોએ મુકવાની કાર્યવાહી જિલ્લા પોલીસ વડાશ્રી, ખેડાએ કરવાની રહેશે. તથા આ કામગીરી દિન-૧૦ માં પુરી કરવાની રહેશે.

આજ તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ભાગ્યેશ જહા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીઆદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

Extra No. 252

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, NOVEMBER 27, 1998 / AGRAHAYANA 6, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો :

નંબર પી.ઓ.એલ (૧) ૩૨૮૫/૯૮.— અગાઉ રામ મંદિર અયોધ્યા ખાતે બનેલ બનાવને તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ ૬ વર્ષ પુરા થનાર હોવાથી જુદા જુદા સંગઠનો દ્વારા કાર્યક્રમો યોજાનાર છે. તથા તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ માગસર સુદ પુનમ નિમિત્તે ડાકોર રણછોડ-રાયજી મંદિરે તથા વડતાલ સ્વામી--નારાયણ મંદિર અને નડીઆદ સંતરામ મંદિર ખાતે ધાર્મિક મેળા--યોજનાર છે. આથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા બાબરી મસ્જીદ ધ્વંસના બનેલ બનાવ બાબતે તેના અનુ-સંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાતો ન પડે તે માટે જિલ્લા પોલીસ વડાશ્રી ખેડાએ સમગ્ર ખેડા જિલ્લામાં ઉક્ત કાયદાની કલમ-૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૮ના પત્રથી દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત ધ્યાને લેતાં સદરહું જાહેરનામું બહાર પાડવું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુ. પો. અધિ. ની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૮ (બન્ને દિવસો સુધ્ધાંત) દરમ્યાન નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :— સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ :

આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમને અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા, નડીઆદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No.253

REGISTERED No. [illegible]

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, NOVEMBER 30, 1998 / AGRAHAYANA 9, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ (ચ) (૨) મુજબનું.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું / ૪૭૧૧ / ૯૮.—વડોદરા શહેરમાં આનંદ પ્રમોદ અને સહેલગાહ માટે સુરસાગર તળાવમાં નાગરિકો નૌકાવિહાર કરે છે. પરંતુ તાજેતરમાં નૌકાવિહાર દરમ્યાન થયેલ હોડી હોનારતના બનાવના કારણે નૌકાવિહાર માનવજીવનની સલામતી માટે ભયરૂપ અને જોખમી બનેલ છે.

જેથી જાહેર જનતાની સલામતી અંગે સુરસાગર તળાવમાં નાગરિકો કે અન્ય સંસ્થાઓ દ્વારા થતા નૌકાવિહારના તથા અન્ય કાર્યક્રમો ઉપર નિયંત્રણ મુકવું ખુબજ જરૂરી હોય વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં મુંબઈ પોલીસ અધિનિયમ, સને-૧૯૫૧ની કલમ-૩૩ (ચ) (૨) મુજબ મને મળેલ અધિકારની રૂએ હું, કે. એન. શર્મા (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા, શહેરના જાહેર જનતાના જાનમાલની સલામતી અંગે સુરસાગર તળાવની ચતુઃસીમા વિસ્તારમાં કોઈપણ ઈસમો, સંસ્થા કે વ્યકિતઓના જુથે નૌકા, બોટ, મોટરબોટ કે પાણી ઉપર ચાલતા વાહન ઉપર તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી એટલે કે ત્રણ માસ સુધી પ્રતિબંધ ફરમાવેલ જે, હુકમમાંથી નીચે મુજબ મુકિત ફરમાવું છું.

વડોદરા મોન્ટર્સ સંસ્થા, બોટીંગની તેમજ બચાવ કામગીરીની તાલીમને લક્ષમાં રાખી આ સંસ્થાના સભ્યોને સુરસાગર તળાવમાં બોટીંગ તેમજ તેના બચાવની કામગીરી પ્રેકટીસ કરવા ટ્રેનીંગ દરમ્યાન સાવચેતીના પગલાં લેવાની ખાત્રીસહ સુરસાગર તળાવમાં નૌકા, બોટ, મોટરબોટ ચલાવવા આ હુકમમાંથી મુકિત આપવામાં આવે છે.

મેં આજ તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

Supple. C. G. I—Extra—253/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 254 REGISTERED No. G-BA-14—E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, NOVEMBER 30, 1998 / AGRAHAYANA 9, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૧)/૯૮.—ચાલુ માસમાં તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૮થી સાબરકાંઠા, જિલ્લા શિક્ષણ વર્ગ-૩ના કર્મચાંરીઓની અચોકકસ મુદતની હડતાલ ચાલુ હોઇ તથા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કોલેજની પરીક્ષાઓ ચાલુ હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિમતનગર, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૮ના ક્લાક ૦૦-૦૦ થી તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૮ના ક્લાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઇ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી, કે જેનાથી શારીરીક ઇજા કરી શકાય તે સાથે ફરવાનું;

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાનું ફરવાનું, કે એકકા કરવાનું તથા તેમ કરવાનું;

(૪) કોઇ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઇ જવાનું;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર, અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો (ખંડ) ૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઇપણ અધિકારીશ્રીએ જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

INDEX

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથિયાર ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય ;

(૩) કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ;

(૪) ખેતીના કામે ઓજારો વિગેરે લઇ જતા ખેડૂતો;

(૫) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઇ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/૯૮.—ચાલુ માસમાં તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૮થી સાંબરકાંઠા જિલ્લા શિક્ષણ વર્ગ-૩ના કર્મચારીઓની અચોકકસ મુદતની હડતાલ ચાલુ હોઇ તથા ઉત્તર ગુજરાત યુનિવસિટી કોલેજની પરીક્ષાઓ ચાલુ હોઈ સમગ્ર જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવાઇ રહે તથા કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલા રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાઠાં જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહી.

ખુલાસો.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતા ખેડૂતોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમની કલમ- હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 255

REGISTERED No. G-BA-1 4-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, DECEMBER 1, 1998 / AGRAHAYANA 10, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)વશી/૩૩૦૫.—તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ માગસર સુદ પુનમનો ડાકોર મુકામે રણછોડરાયજી મંદિર ખાતે મેળો ભરાનાર છે. આ મેળામાં સમગ્ર ગુજરાત ભરમાંથી લોકો આવતા હોય છે. જે ં વાહનો લઈ આવનાર લોકો વાહનો આડેધડ પાર્ક કરતા હોવાથી આમ જનતા તથા યાત્રિકોને હાલાકી ભોગવવી પડે છે. જેથી ટ્રાફીકના નિયંત્રણ માટે ઉક્ત કાયદાની કલમ-૩૩ (૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી. એ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૮ અને તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૮ (એમ બંને દિવસોમાં) ડાકોર નગરપાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ : સરકારી વાહનો, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન એસ. ટી. બસ તથા હાઈવે ઉપરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહી.

શિક્ષા :—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 258

REGISTERED No. GBA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, DECEMBER 7, 1993 / AGRAHAYANA 16, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું/૪૮૬૨/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુ કે. એન. શર્મા આઈ.પી.એસ. પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૫મી ડીસેમ્બર, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ,

(ક) કોઈપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક કે લાકડી જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં.

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં.

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(ઘ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં.

(ચ) કોઈપણ આકૃતિ કે પુતળા દેખાડવા નહીં.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રોચ્ચાર પોકારવા નહી.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકા અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવુ કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યુ હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારીએ જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧)(૩) મુજબનો.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૪૮૬૩/૧૯૯૮.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહશાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧)(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથોનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્ન વરઘોડો કે સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમની ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOERNMENT PRESS, VADODARA.

Extra No. 259

REGISTERED No.GB-A-14-E

Ⓒ

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, DECEMBER 8, 1998 / AGRAHAYANA 17, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭-(૩) અન્વયે.

નંબર પીઓએલ-વશી-૯૪૬ થી ૯૮૮.—તારીખ ૪થી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ યુનાઈટેડ ક્રિશ્ચયન ફોરમ ફોર હયુમન રાઈટ્સ તરફથી રેલી તથા જુદા જુદા કાર્યક્રમો રાખે તેવી શકયતા હોઈ તેમજ તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ લોકોમાં એકતા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૭મી ડીસેમ્બર ૧૯૯૮ (બંને દિવસો સહિત) મુ. પો. અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) નું જાહેરનામું બહાર પાડવા માટે જિલ્લા પોલીસ વડાશ્રી આણંદે તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ અત્રે દરખાસ્ત કરેલ છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારમાં તેના અનુસંધાને કોઈ પ્રત્યાઘાતો ન પડે તે માટે મુ. પો. અધિ. ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું કે. એન. ભટ્ટ, જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૭મી ડીસેમ્બર ૧૯૯૮ સુધી (બંને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધારે માણસો એકત્ર થવું નહી. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરતી કે બોલાવવી નહી, અથવા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો :—આ વિસ્તારમાં, રસ્તાઓ, રસ્તાની ફૂટપાથો ગલીઓ અને પેટા ગલીઓ તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારત ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. એન. ભટ્ટ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

Extra No. 260

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, DECEMBER 10, 1998 / AGRAHAYANA 19, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (ફ) ની અન્વયેનો.

નંબર પીઓએલ(૧)-૩૪૬૮.—જિલ્લા પોલીસ વડાશ્રી ખેડાનાએ તેમના તારીખ ૨જી ડીસેમ્બર ૧૯૯૮ ના પત્ર ક્રમાંક સીબી-૩-વા. ગો. પે./જાહેરનામું/૨૩૨૮૫/૯૮ થી જિલ્લાના પોલીસ અધિકારીઓ તથા ફર્સ્ટ ગ્રેડ હેડ કોન્સ્ટેબલોની સને ૧૯૯૮ના વર્ષની વાર્ષિક રીવોલ્વર પ્રેકટીસ ખેડા હેડ કવાર્ટર ખાતેના ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૮ સુધીમાં લેવામાં આવનાર છે. આ ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટેનું જાહેરનામું ઉકત કાયદાની કલમ ૩૩ (૧) (ફ) હેઠળ બહાર પાડવા વિનંતી કરી છે.

વાસ્તે હું ભાગ્યેશ જહા, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીઆદ મુ. પો. અધિ. ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ફ) થી મળેલ સત્તાની રૂએ ખેડા કેમ્પ ખાતેના ફાયરીંગ બટ ખાતે ફાયરીંગ કેમ્પ દરમ્યાન મનુષ્યો, જાનવરો વિગેરેને જાનહાની ન થાય તે માટે ઉકત સ્થળ તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૮ (બન્ને દિવસો સુધ્ધાંત) અવર જવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરૂ છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટમાં ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહીં તથા પોતાના આશ્રિત પશુઓને સ્થળથી દુર રાખવા તથા સદરહું જગ્યાના પશુઓ અવર જવર ન કરે તેની તકેદારી રાખવી તથા ગોળીબારના પ્રેકટીસ સમય દરમ્યાન બહારના કોઇપણ માણસો, પશુ વિગેરે પ્રવેશે નહીં તેની તકેદારી રૂપે પોલીસ ગાર્ડની વ્યવસ્થા ફાયરીંગ કેમ્પ આજુબાજુના વિસ્તારમાં રાખવાની રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

ભાગ્યેશ જહા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા, નડીઆદ.

INDEX

Extra No. 261

REGISTERED No. GB—A—14—E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, DECEMBER 14, 1998 / AGRAHAYANA 23, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર એમએજી/વશી/પોલ/જાહેરનામું/૧૦૧૫૫ થી ૧૦૨૩૭/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ-૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, સી. આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આગામી તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ બાબરી મસ્જીદ ધ્વંશદિન ઉજવવામાં આવનાર હોઈ તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છુ કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૮મી ડિસેમ્બ, ૧૯૯૮ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં કે એકઠાં કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા ઉશ્કેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા મેળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહી તેનો ફેલાવો કરવો નહી :—

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતા કોઈ પણ વ્યકિત ના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, તેમણે અધિકૃત કરેલ હોઈ પોલીસ અધિકારી જેને શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક (૧) વર્ષ કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નો કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કર્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ. ૩૭(૩) અન્વયે બહાર પાડેલું.

નંબર એમએજી/વશી./પોલ/૧૦૨૩૮ થી ૧૦૩૨૦/૯૮.—આગામી તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૮ના રોજ બાબરી ધ્વંસ દિન ઉજવવામાં આવનાર હોઈ તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને ધ્યાને લેતાં આ સમય દરમ્યાન જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર) ના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાનો સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવાનુ અત્યંત જરૂરી હોઈ, વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ ૩૭ ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, સી.આર. ખરસાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ઉપરોકત વિસ્તારમાં તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
(૨) સભા ભરવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

વધુમાં હું એવો આદેશ કરું છું કે આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ;
(૨) કોઈ લગ્નના વરઘોડાને
(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને;
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભાઓની પરવાનગી સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી/સિક્કો કરી આપ્યો.

સી. આર. ખરસાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 263

28 JAN 1999

REGISTERED No. G-BA-14

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] FRIDAY, DECEMBER 18, 1998 / AGRAHAYANA 27, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયેનો :

ક્રમાંક પીઓએલ/(૧)/૩૪૯૯.—માતર તાલુકાના ઉંઢેલા ગામે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૮ ના હુકમથી બહાર પાડવામાં આવેલ જિલ્લા પોલીસ વડાશ્રી ખેડાએ તારીખ ૧૬મી ડિસેમ્બર ૧૯૯૮ના વાયરલેસ મેસજથી હાલમાં ઉંઢેલા ગામની સ્થાનિક પરિસ્થિતિ જોતાં તેમજ વિવાદાસ્પદ જમીનનો ઉકેલ આવેલ ન હોઈ બન્ને કોમ વચ્ચે મન:દુખ હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા ઉંકત કાયદાની કલમ-૩૭(૩)નું આ જાહેરનામું લંબાવવા દરખાસ્ત કરેલ છે. જિ. પો. વડાશ્રીની દરખાસ્ત જોતાં આ જાહેરનામ વધુ સમય લંબાવવું જરી જણાય છે.

વાસ્તે હું ભાગ્યેશ જહા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ મુ.પો. અધિનિયમન, કલમ-૩૭ (૩) થી મને મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર ઉંઢેલા ગ્રામ પંચાયતના મહેસૂલી વિસ્તારમાં તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮ (બન્ને દિવસો સિધ્ધાંત) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય ૪ કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહી કે કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર ઉંઢેલા ગ્રામ પંચાયતનો મહેસુલી વિસ્તાર.

હવાલો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથો તથા ગલીઓ અને પેટા ગલીઓ તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત અને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ મળવા ભારતના ફોજદારી અધિનિયમ (૧૮૬૦ના ૪૫માં) કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ભાગ્યેશ જહા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીઆદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 264

REGISTERED No. G-BA-1-4-E

(C)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, DECEMBER 19, 1998 / AGRAHAYANA 28, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭ (૪) મુજબ.

નંબર એમએજી/વશી/૫૧૮૭/૯૮ .—આ જિલ્લાના પોલીસ હેડ-ક્વાર્ટસ મહેસાણા ખાતે ફાયરીંગ બટના નિયત સ્થળે જિલ્લાના પોલીસ અધિકારીઓની વાર્ષિક રીવોલ્વર પ્રેકટીસ તારીખ ૧૨મી ડિસેમ્બર ૧૯૯૮ તથા તારીખ ૧૩મી ડીસેમ્બર ૧૯૯૮ના દિન-૨(બે) દરમ્યાન યોજવાનું નકકી થયેલ છે. લોકોની તથા ઢોર ઢાંખરની સલામતી માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું, જે. ડી. દેસાઇ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા, મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે મને મળેલી સત્તાની રૂએ મહેસાણા ખાતે પોલીસ હેડકવાટર્સના ફાયરીંગ બટના નિયત સ્થળ વિસ્તાર તથા તેની આજુબાજુના ૧૫૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૧૨મી ડિસેમ્બર ૧૯૯૮ ના સવારના ૭-૦૦ કલાકથી તારીખ ૧૩મી ડિસેમ્બર ૧૯૯૮ ના ૧૯-૦૦ કલાક સુધી સાવચેતીના પગલાં રૂપે માણસો તથા ઢોર ઢાંખરની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

જે. ડી. દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

SUPPLE. C. G. I-Extra—264/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 265

REGISTERED No. G—BA—14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] MONDAY, DECEMBER 21, 1998 / AGRAHAYANA 30, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની ૨૨મી કલમ-૩૭ (૪) મુજબ.

નંબર એમએજી/વશી/૫૨૪૬/૯૮.—આ જિલ્લાના પોલીસ હેડકવાર્ટર મહેસાણા ખાતે ફાયરીંગ બટના નિયત સ્થળે જિલ્લાના પોલીસ અધિકારીઓની વાર્ષિક પ્રેક્ટીસ તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૮ તથા તારીખ ૨૦મી ડિસેમ્બર ૧૯૯૮ દિન-૨ દરમ્યાન યોજવાનું નકકી થયેલ છે. જેથી લોકોની તથા ઢોર ઢાંખરની સલામતી માટે સાવચેતીનાં પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વા તે, હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ મહેસાણા ખાતે પોલીસ હેડ કવાર્ટરના ફાયરીંગ બટના નિયત સ્થળ વિસ્તાર તથા તેની આજુબાજુના ૧૫૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૮ ના સવારના ૭-૦૦ કલાકથી તારીખ ૨૦મી ડિસેમ્બર ૧૯૯૮ ના સાંજના ૧૯-૦૦ કલાક સુધી સાવચેતીના પગલા રૂપે માણસો તથા ઢોર ઢાંખરની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા, મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 266

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] WEDNESDAY, DECEMBER 23, 1998 / PAUSA 2, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./ઉગપક / જાહેરનામું / ૫૧૦૬ / ૧૯૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું જે. મહાપાત્ર (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતી અને સલામતી જાળવવા આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ,

(ક) કોઈપણ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક કે લાકડી જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં.

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં.

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(ઘ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં.

(ચ) કોઈપણ આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં.

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રોચ્ચાર પોકારવા નહીં.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકા અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં. અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારીએ જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

જે. મહાપાત્ર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના (૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબ.

ક્રમાંક એસ.બી/ઉ-૧૫ક/જાહેરનામું/૫૧૦૭/૧૯૯૮.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના નીચેના વિસ્તારોમાં સુલેહ શાંતી જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે.મહાપાત્ર (આઇ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૩મી ડીસેમ્બર ૧૯૯૯ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો :—રસ્તાની ફુટપાથોનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડો કે સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૨મી ડીસેમ્બરે, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

જે. મહાપાત્ર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 267

REGISTERED No. G—BA—14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] SATURDAY, DECEMBER 24, 1998 / PAUSA 3, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬

નંબર ઉ-મકવ-એજીક્યુએલ-ખાણક-જાહેરનામું.—આથી ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬ ના નિયમો ૧૧ના અન્વયે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં ક્વોરીલીઝ કેન્સલ કરેલ, કરાયેલ અને લીઝની મુદત પુરી થયેલ હોય, તેવી નીચે જણાવેલ લીઝોના લીઝ વિસ્તાર ખનિજ નિયમ ૧૯૬૬ના નિયમ-(૧) (સી) મુજબ ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું રહેતું હોઈ હું, કલેક્ટર અને સક્ષમ અધિકારી, વડોદરાને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર ફરીથી ઉપલબ્ધ વિસ્તાર તરીકે આ જાહેરનામાં પ્રસિધ્ધ થયા તારીખ પછીના ૩૦ દિવસ બાદના સરકારી કામકાજના દિવસની અસરથી જાહેર કરું છું, કે નિયત સમય પહેલાં આવેલ અરજી અપરિપક્વ ગણવામાં આવશે.

પરિશિષ્ટ.

અનુ. નંબર.	નામ	ગામ	તાલુકો	સ. નં. અને વિસ્તાર	નોંધ
૧	શ્રી રમેશભાઈ મહીજીભાઈ ઓડ	સાયર	કરજાણ	૩૩૫-૩૯૨-સામેનર્ગદા નદી હેક્ટર ૪-૦૦-૦૦	સન ૧ થી ૫ના કુલ વિસ્તાર હેક્ટર ૧૪ના પ્રત્યેક એક એક હેક્ટરના બ્લોક લીઝ મંજુર કરવા પાત્ર રહેશે.
૨	શ્રી નટુબાઈ ખુશાલભાઈ ઓડ	સાયર	કરજાણ	૬૪૧-૬૪૨ સામે નર્મદા નદી હેક્ટર ૧-૦૦-૦૦	
૩	શ્રી જે. શ્રી નિવાસ રેડી.	સાયર	કરજાણ	૩૩૫-૩૯૨ સામે નર્મદા નદી પટ હેક્ટર ૫-૦૦-૦૦	
૪	શ્રી ઓડ ચંદુભાઈ ચીમનલાલ	સાયર	કરજાણ	૪૬૦-૪૬૧ સામે નર્મદા નદી પટ હેક્ટર ૨-૦૦-૦૦	
૫	શ્રી ઓડ ઠાકોરભાઈ નરસિહભાઈ	સાયર	કરજાણ	સ. ન. ૪૬૦-૪૬૧ સામે નર્મદા નદી હેક્ટર ૨-૦૦	

વડોદરા, તારીખ ૨૧મી ડિસેમ્બર ૧૯૯૮.

અનીલ મુકીમ,
વડોદરા જિલ્લો, કલેક્ટર,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 268 REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] TUESDAY, DECEMBER 29, 1998 / PAUSA 8, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પી. ઓ. એલ./જાહેરનામું-વશી-૧૦૭૧/૧૧૧૧.— તારીખ ૨૦મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજથી મુસ્લિમ બિરાદરોનો પવિત્ર રમઝાન માસ શરૂ થયેલ છે. અને તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૯ નારોજ રમઝાન ઈદનો તહેવાર ઉજવવામાં આવનાર છે. તેમજ ખિસ્ત્રી સમાજનો નાતાલનો તહેવાર પણ તારીખ ૨૫મી ડિસેમ્બર ૧૯૯૯ નારોજ ખ્રીસ્તી ભાઈઓ તરફથી ઉજવવામાં આવનાર છે. તેમજ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ મકર સક્રાંતિનો તહેવાર પણ ઉજવનારમાં આવનાર છે. આ તહેવારો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું જિલ્લા પોલીસ વડાશ્રી આણંદે તેમના તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૯૮ના ફેક્સ મેસેજથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરુરી જણાય છે.

વાસ્તે હું, કે. એન. ભટ્ટ, જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રુએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૩મી ડિસેમ્બર ૧૯૯૮થી તારીખ ૨૨મી જાન્યુઆરી. ૧૯૯૯ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં, અથવા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—સમગ્ર આણંદ જિલ્લો

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથો, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૩મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. એન. ભટ્ટ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 269

REGISTERED No. G-BA.-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIX] THURSDAY, DECEMBER 31, 1998 /PAUSA 10, 1920

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામુ/૩૭(૧)/૯૮.—ચાલુ માસમાં તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ શૌર્યદિનની ઉજવણી, મહાઆરતી, કાર-સેવકોનું સન્માન તથા મિટીંગોનું આયોજન કરવામાં આવેલ છે. વળી આજ સમયે ભાવનગર ખાતે યોજાયેલ ધાર્મિક મિલન સમારંભ ઈજતેમામાંથી પાછા ફરનાર મુસ્લીમો પણ આ જિલ્લામાં પાછા ફરશે તે કારણોસર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રુપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૦મી ડિસેમ્બર ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું. :—

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદૂક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

૨. પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું;

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

૫. વ્યક્તિઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું,

અપવાદ:—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ,

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું આવશ્યક હોય,

(૩) કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ, અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ,

(૪) ખેતીના ઓજારો કામે લઇ જતા ખેડૂતો,

(૫) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિમતનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું-૩૭(૩)-૯૮.—જિલ્લામાં ચાલુ માસમાં તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૮ના રોજ શૌર્યદિનની ઉજવણી, મહાઆરતી, કારસેવકોનું સન્માન તથા મિટીંગોનું આયોજન કરવામાં આવેલ છે. વળી આજ તારીખે ભાવનગર ખાતે યોજાયેલ ધાર્મિક સમારંભ ઈજતેમામાંથી પાછા ફરનાર મુસ્લીમો પણ આ જિલ્લામાં પાછા ફરશે, તે કારણોસર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૮ના કલાક ૦૦-૦૦થી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં, અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં, તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય અથવા હોમગાર્ડ કે જેઓ ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના જપમાં અધિનિયમની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX